ચોથી શ્રેણી

પુસ્તક ૪૫

તા. ૨૪મી માર્ચ, ૨૦૧૭
ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## દસમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા



## ૨૪મી માર્ચ, ૨૦૧૭ ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | 1 | 11 |
| અતારાંકિત પ્રશ્નો | 12 | 66 |
| જસ્ટિસ એમ.બી. શાહ કમિશનનો રિપોર્ટ ગૃહમાં રજૂ કરવા અંગે | 67 | 70 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 71 | 334 |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | 335 | 335 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | 336 | 345 |
| કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ | 346 | 347 |

## ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે
## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
શુક્રવાર, ૨૪મી માર્ચ, ૨૦૧૭
ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે
સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું
અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

### તારાંકિત પ્રશ્નો
### રાજકોટ મેડિકલ કોલેજમાં હોસ્ટેલનું નવું બિલ્ડીંગ

* ૩૩૮૪૫ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરૂ (રાજકોટ–પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ ખાતે મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ માટે નવું બિલ્ડીંગ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત બિલ્ડીંગનું કામ ક્યારે પૂર્ણ થયેલ છે અને કેટલા વિદ્યાર્થીઓ રહી શકે તે માટેની સુવિધા ઉપલબ્ધ થશે, અને | (૨) ઉક્ત બિલ્ડીંગનું કામ ડીસેમ્બર–૨૦૧૫માં પૂર્ણ થયેલ છે, જેમાં અંદાજીત ૬૭૨ વિદ્યાર્થીઓ રહી શકે તે માટેની સુવિધા ઉપલબ્ધ થશે. |
| (૩) ઉક્ત બિલ્ડીંગનું કામ પૂર્ણ થયેલ હોય તો ઉક્ત સ્થિતિએ ક્યારથી વિદ્યાર્થીઓ દ્વારા ઉક્ત હોસ્ટેલનો ઉપયોગ કરવામાં આવે છે ? | (૩) ઉક્ત બિલ્ડીંગનું કામકાજ પુર્ણ થયેલ છે. પરંતુ હોસ્ટેલના ફર્નીચર તેમજ જરૂરી સાધનસામગ્રીની સુવિધા અંગેની કામગીરી પુર્ણ થયે હોસ્ટેલનો ઉપયોગ કરવામાં આવશે. |

શ્રી ઈન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : માનનીય અધ્યક્ષશ્રી, આ સૌરાષ્ટ્રની રાજકોટની હોસ્પિટલ સૌરાષ્ટ્ર માટે ખૂબ અગત્યની છે અને સરકારમાંથી કહેવામાં આવ્યું કે ખૂબ વધારે દર્દીઓને ત્યાં ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. હોસ્પિટલ ખૂબ સારી છે. રાજકોટ માટે તો મા પીરસનાર હોય, ત્યારે આ ગાંધીનગર અને દિલ્હીમાં પીરસતી સરકારના નેતાઓ બેઠા છે. એઇમ્સનું સ્વપ્નું રાજકોટને દેખાડ્યું છે, તો એ પૂર્ણ થાય તેવી આ સરકાર પાસેથી અપેક્ષા રાખું છું. મારો પ્રશ્ન બિલ્ડિંગ માટેનો છે. આ હોસ્ટેલમાં રહેવા માટે સોંપણી કરી દેવી એવો લગભગ ૮ મહિનાથી પ્રશ્ન સંકલનમાં ચાલે છે. બિલ્ડિંગ તૈયાર છે. તેમાં ફર્નિચરનું કામ કે તેવો કોઇ પ્રશ્ન નથી. ત્યાંની નર્સીંગ હોસ્ટેલના વહીવટકર્તાઓ, અધિકારીઓ અને ડાક્ટરો હું વિરોધ પક્ષનો છું, છતાંય મારી પાસે આવ્યા કે તમે રસ લેશો તો થશે. ફરિયાદ સંકલનમાં પ્રશ્ન મૂક્યો, છતા હજુ આજના દિવસે એ ખાલી સરકારની કાર્યવાહીને લઇને અટક્યું છે. નર્સીંગનું બિલ્ડિંગ છે. તમારે બીજે ઉપયોગ કરવો હોય, જે કરવો હોય, પણ નિર્ણય આવવો જોઇએ જે આવતો નથી, આ સરકાર નિર્ણાયકતા અને પારદર્શકતા ઉપર ચાલે છે. આ પ્રકારની નિર્ણાયકતા અને પારદર્શકતા એ જ્યાં સત્તા પક્ષના લોકો બેઠા હોય છતા વિરોધ પક્ષના લોકોએ પ્રશ્ન ઉઠાવવો પડે છતા ૮–૮ મહિનાથી ન પતે. બિલ્ડિંગ તૈયાર હોય છતા પણ ન પતે તમારી આવી નિર્ણાયકતા અને પારદર્શિતા છે. સી.એમ.નું ગામ છે. જુગારના અડ્ડાઓના એડ્રેસ આપવા પડે પછી બંધ થાય. આ સી.એમ.નું ગામ છે. તો ત્યાં કમસેકમ સરખું તંત્ર ચલાવો. ત્યારે મારો પ્રશ્ન એ છે કે તમારી નિર્ણાયકતા લોકોને એની અસરકારતા દેખાય. લોકોને એમ થાય કે આ સી.એમ. નું ગામ છે અને ફરિયાદ કરીએ તો પતી જશે. કામ થઇ જશે. મારી પરમીટ ઉપર જીતવાને, નીકળવાને બદલે તમારી પારદર્શકતા અને નિર્ણાયકતા દેખાડી જીતવાનો પ્રયત્ન કરો. તાત્કાલિક બિલ્ડિંગ કેટલા સમયમાં સોંપશો તેની માહિતી આપો?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : હું બાકીના વિષયમાં નહિ પડું. જ્યાં સુધી હોસ્ટેલનો સવાલ છે. એક ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલ બંને વિદ્યાર્થીઓ માટેની રાજકોટની અંદર જે જૂની ચાલતી હતી, તેની જગ્યાએ આ રાજ્ય સરકારે નવી, આધુનિક હોસ્ટેલ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ માટે બનાવવાનો નિર્ણય કર્યો એ થઇ ગયો છે. બન્યા પછી બી.યુ. પરમીશન અને બાકી ટેકનિકલ વિષયો હતા, જેના લીધે વિલંબ થયો. એનો ઉકેલ આવી ગયો છે. બંને ડીને ચાર્જ પણ સંભાળી લીધા છે. બીજું સભ્યશ્રી ગોળ ફેરવીને વાતને લાવી રહ્યા છે. પહેલા નર્સીંગની હોસ્ટેલ હતી. તેના ૪ માળ બનેલ હતા. તેના ઉપર બાકીના માળ વધારે બનીને, નર્સીંગ હોસ્ટેલ શીફ્ટ કરીને બીજી જગ્યાએ લઇ જવાની હતી. ત્યાં મેડિકલ સ્ટુડન્ટની દીકરીઓ માટે હોસ્ટેલ કરવાની હતી. તો તેની પણ વ્યવસ્થા કરી છે. સ્ટાફ ક્વાર્ટર વધારે અને મોટા પ્રમાણમાં હતા. ત્યાં સ્ટુડન્ટ રહેતા હતા. અતિ આધુનિક મેડિકલના સ્ટુડન્ટ માટેની રાજકોટમાં હોસ્ટેલ બની ગઇ છે અને તેની પરમીશન અને કબજો પણ સંભાળી લીધો છે. સ્ટુડન્ટ તાત્કાલિક ત્યાં આગળ રહેવાની વ્યવસ્થા કરી રહ્યા છે. મારે સભ્યશ્રીનું ધ્યાન દોરવાનું કે કોઇપણ ડિપાર્ટમેન્ટનો પ્રશ્ન હોય દારૂ શબ્દ તેમના વ્યકતવ્યમાં આવી જતો હોય છે. મારે આ બાબતમાં કહેવું નથી. આરોગ્યને અને દારૂને કંઇ લેવાદેવા નથી. આમાં તે ન આવે. કેટલાક લોકોને અલગ અલગ પ્રકારના નશા હોય છે. દારૂને અને માનનીય

ઇન્દ્રનીલભાઇને શું સંબંધ હશે તે મને ખબર નથી. પરંતુ વારંવાર તેમના મોઢે દારૂ, દારૂ, એવો શબ્દ આવે છે એટલે બીજું કંઇ કહેવું નથી.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે ગર્વ સાથે કહેવું પડશે કે, રાજકોટ સિવિલ હોસ્પિટલ અનેક પ્રકારની અનેકવિધ સુવિધાઓથી સભર છે. ૫૭૦ જેટલી દવાઓ આજે આ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે. અનેક નવી સુવિધાઓ આ હોસ્પિટલમાં હોવાના કારણે હજારો દર્દીઓ તેનો લાભ લે છે. જે પ્રકારની અહીં હોસ્ટેલ બનાવી છે તેમાં ટોટલ કેટલો ખર્ચ થયો છે અને તેમાં કેટલી સગવડતાઓ ઉપલબ્ધ છે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રાઇમરી થોડીક માહિતી અગાઉ આપી હતી. માનનીય ગોવિંદભાઇનો હું આભાર માનીશ કે તેમણે ડીટેઇલમાં જવાબ આપવા માટેનો પ્રશ્ન પૂછ્યો છે. રાજકોટ મેડિકલ કૉલેજની અંદર અભ્યાસ કરતા તાલીમી તબીબો માટે બાર માળના એક હોસ્ટેલ બિલ્ડિંગનું બાંધકામ કરવામાં આવ્યું છે. તે માટે ૧૭ કરોડ ૧૭ લાખનો ખર્ચ થયો છે. દરેક માળ ઉપર સિંગલ બેડની ક્ષમતાવાળા ૨૨ રૂમ પ્રમાણે કુલ ૨૬૪ રૂમ છે, એટલે એક વિદ્યાર્થી એક એક રૂમની અંદર રહી શકે તેવી અતિ આધુનિક સુવિદ્યાવાળું આ બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે. દરેક રૂમમાં એક પલંગ, એક ટેબલ, એક ખુરશી અને દિવાલમાં જડેલ કબાટ સહિતની વ્યવસ્થા છે. ફાયર સેફ્ટીની સુવિદ્યા ત્યાં આગળ કરવામાં આવી છે. વેલ પ્લાન સાથે આ બિલ્ડીંગનું કામ પૂરું થઇ ગયું છે. તેનો ચાર્જ પણ સોંપી દેવામાં આવ્યો છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજકોટ મેડિકલ કૉલેજ માટે યુ.જી.નો અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે હોસ્ટેલમાં શું શું સુવિદ્યા છે, સાથે સાથે આ બંને નવી હોસ્ટેલો મળીને તેમાં કુલ કેટલા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવામાં આવશે અને આ હોસ્ટેલમાં વોર્ડનની નિમણૂકો થયેલ છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, યુ.જી.ના વિદ્યાર્થીઓ જે અભ્યાસ કરે છે તેમાં દીકરીઓ માટેની હોસ્ટેલ છે તેમાં નર્સિંગનું બિલ્ડીંગ હતું ત્યાં આગળ ઉપરના ભાગે ગ્રાઉન્ડ પ્લસ થ્રીનું બાંધકામ હતું. તેમાં ચોથા માળથી કરીને નવ માળ સુધીનું બિલ્ડીંગ યુ.જી.ની વિદ્યાર્થિનીઓ માટે બનાવવામાં આવ્યું છે. મેં કહ્યું તે પ્રમાણે સંપૂર્ણ સુવિદ્યાવાળી વ્યવસ્થા છે. છેલ્લે વાત કરી કે વોર્ડનની નિમણૂક કરી છે કે કેમ? તો સાહેબ હા તેમાં વોર્ડનની નિમણૂક થઇ ગઇ છે. રાજકોટ મેડિકલ કૉલેજની અંદર યુ.જી.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ ૨૪૬ છે. બાકી વિદ્યાર્થીઓ માટેની વાત કરી તો તે પ્રમાણે આ બંનેની હોસ્ટેલ અહીં આગળ બનાવવામાં આવી છે. સંપૂર્ણ સુવિદ્યા બધા વિદ્યાર્થીઓને મળી રહેશે.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે આ બિલ્ડીંગનું કામ ૨૦૧૫માં પૂર્ણ થયેલ છે. આ ગતિશીલ ગુજરાતમાં સાધન સામગ્રી માટે એક વર્ષ કરતાં વધુ સમય ગયો છે તો આ સમય જવાના કારણો શું છે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે બી.યુ. પરમીશનનો એક પ્રશ્ન હતો. તેની કામગીરી તૈયાર થયા પછી આજુબાજુની લેન્ડના કેટલાક પ્રોબ્લેમ હતા તેના કારણે થોડો વિલંબ થયો છે.

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રીસરફેશ વગરના રસ્તાઓ

* ૩૩૮૩૧ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા રસ્તાઓ છેલ્લા સાત વર્ષથી રીસરફેશ કરવાનાં બાકી છે, અને

**જવાબ**

(૧)

| જીલ્લો | તાલુકો | રસ્તાની સંખ્યા |
|---|---|---|
| | મોડાસા | ૪૫ |
| | ધનસુરા | ૨૮ |
| અરવલ્લી | બાયડ | ૬૨ |
| | માલપુર | ૩૦ |
| | ભિલોડા | ૩૩ |
| | મેઘરજ | ૨૫ |
| | હિંમતનગર | ૫૮ |
| | ઈડર | ૬૯ |
| | વડાલી | ૨૯ |
| | પ્રાંતિજ | ૧૪ |
| સાબરકાંઠા | તલોદ | ૨૩ |
| | વિજયનગર | ૧૪ |
| | ખેડબ્રહ્મા | ૧૪ |
| | પોશીના | ૧૫ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી બાયડ, માલપુર, મોડાસા અને મેઘરજ તાલુકાના કેટલા અને કયા (પ્લાન તથા નોનપ્લાન) રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં રીસરફેશીંગ કરવામાં આવ્યા ?

(૨) ૩૯, *(પરિશિષ્ટ મુજબ)

પરિશિષ્ટ

| તાલુકો | પ્લાન–રસ્તાનું નામ |
|---|---|
| બાયડ | ઈંદ્રાણા–હિંડોડા–ડુમિયાની મુવાડી |
| બાયડ | ચોઈલા શણગાલ રોડ |
| બાયડ | અલાણાપાટો વાત્રકગઢ રોડ |
| બાયડ | વાત્રક ભુખેલ રોડ |
| બાયડ | ઈન્દ્રાણા–હિંડોળા–ડુમચાની મુવાડી રોડ |
| બાયડ | અમરાપુર એપ્રોચ રોડ |
| બાયડ | લાલપુર–રૂગનાથપુર રોડ |
| બાયડ | સાઠંબા ઈન્દ્રાણ અમોદરા દેરોલી કાવઠ પાટિયા રોડ |
| બાયડ | ડાભા ઝાંઝરી રોડ |
| બાયડ | ગઉં મહુડી એપ્રોચ રોડ |
| માલપુર | માલપુર–રૂઘનાથપુરા રોડ |
| માલપુર | ટીસ્કી–ગોપાલપુરા રોડ |
| માલપુર | ગલીયાદાંતી–મંગલપુર–પનાવાડા રોડ |
| મોડાસા | માથાસુલીયા એપ્રોચ રોડ |
| મોડાસા | ગણેશપુર બાજકોટ હફસાબાદ રોડ |
| મોડાસા | મરડીયા–જીતપુર–વાઘોડીયા રોડ |
| મોડાસા | વણિયાદ–મોદરસુંબા રોડ |
| મોડાસા | શિણાવાડ–રામપુર–મુલોજ–વણિયાદ રોડ |
| મોડાસા | કુડોલ જીતપુર જંબુસર રોડ |
| મોડાસા | દધાલીયા હઠીપુરા રોડ |
| મોડાસા | ઉમેદપુરા એપ્રોચ રોડ |
| મોડાસા | બામણવાડા એપ્રોચ રોડ |
| મોડાસા | દધાલીયા–હાથીપુરા રોડ |
| મોડાસા | મોડાસા–ગલસુદ્રા પહાડપુર ઓપડા રોડ |
| મોડાસા | ઝાલોદર સરૂરપુર રોડ |
| મોડાસા | હફસાબાદ છાપરા રોડ |
| મોડાસા | અમલાઈ ટાંડા રોડ |
| મોડાસા | નાપા ગામ એપ્રોચ રોડ |
| મોડાસા | મોડાસા ડુંગરવાડા બોરડી કઉ રોડ |
| મોડાસા | બોરડી ભેરુંડા રોડ (નાની બોરડી મોટી બોરડી રોડ) |
| મેઘરજ | મેઘરજ સિસોદરા રોડ |
| મેઘરજ | વલુણા તરકવાડીયા રાજેડી રોડ |
| મેઘરજ | નારણપુર એપ્રોચ રોડ |
| | નોન–પ્લાન–રસ્તાનું નામ |
| બાયડ | એસ.એચ.ટુ રૂપનગર ઘરમડીવાંટા રોડ |
| બાયડ | એમ.ડી.આર. ગાબટ પુંસરી ગોતાપુર રોડ |
| માલપુર | પટેલીયાના મુવાડા એપ્રોચરોડ |
| મોડાસા | ટાંડા–કઉ રોડ |
| મોડાસા | પુનઃવસવાટ (કંડોલ) એપ્રોચ રોડ |
| મોડાસા | મેઢાસણ બોડી અમૃતપુરા રોડ (મેઢાસણથી અડપોદરા રોડ) |

## ૨૪મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા બજેટમાં અને બીજે બધે બહુ મોટી જાહેરાતો કરવામાં આવે છે કે રોડ રસ્તા માટે ઘણી મોટી રકમ અમે ફાળવીએ છીએ. બીજી બાજુ આપ એવી જાહેરાત કરતા હો છો કે, સમગ્ર ભારતમાં ગુજરાતમાં સારામાં સારા રસ્તા છે. પરંતુ જુનો સાબરકાંઠા જિલ્લો ગુજરાતમાં જ આવેલો છે. આપના વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સાબરકાંઠા જિલ્લામાં સાત વર્ષ કરતા જુના રસ્તા ૫૦૦ થી વધારે બાકી છે. બંને જિલ્લાઓમાં મળી ૫૦૦ કરતાં વધારે રસ્તા બાકી છે. આ સરકાર ૨૦ વર્ષથી આપની છે. કેમ આપની પાસે માહિતી ન હોય? આ રસ્તાઓ ક્યારે બનાવવા માગો છો? વહેલામાં વહેલી તકે એવું નહીં પરંતુ ચોકકસ સમયની મર્યાદામાં ક્યારે બનાવવા માગો છો તે જાણવું છે. બીજું કે આપ એજન્સીને કામ આપતા હોવ છો તેના માટે ટેન્ડર બહાર પડતા હોય છે. તેમાં અમૂક શરતો હોય છે કે અમૂક સમય મર્યાદા કરતાં વહેલો તૂટી જાય તો તેની જવાબદારી એજન્સીની હોય છે.
પરંતુ ઘણા રસ્તાઓ આજે એવા છે કે, સમય મર્યાદા કરતા પણ પહેલા વહેલા તૂટી જતા હોય છે તો એ એજન્સી સામે કોઇ પગલાં ભરવા માગો છો કે કેમ? કારણ કે, અત્યારની પરિસ્થિતિ સાબરકાંઠા જિલ્લાની વાત કરીએ તો રસ્તા ઉપર ખાડો કે ખાડામાં રસ્તો છે એજ ખબર પડતી નથી તો વહેલી તકે આ કરવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપણા આ પ્રગતિશીલ ગુજરાતની વાત કરું તો સમગ્ર દેશમાં ગુજરાત કનેક્ટિવિટીમાં સૌથી આગળ છે. આ દેશમાં સારામાં સારા રસ્તાઓ આપણી રાજય સરકારના છે અને એમણે જે વાત કરી કે, ૭ વરસથી ઉપરના રસ્તા, હું એમને કહેવા માગુ છું કે, એવો કોઇ નિયમ નથી કે ૭ વરસ પૂરા થાય એટલે રસ્તા કરી કાઢવા. જે રસ્તાની ઉપર સરફેઇસ સારી હોય, રસ્તા પર જઇ આવી શકાય એવું હોય એ રસ્તા ચોક્કસ અમે એ પ્રમાણે રાખીએ પણ જે રસ્તા ઉપર ખાડા હોય કે જ્યાં રસ્તા નબળા હોય એ રસ્તા અમે તુરત રીપેર કરીએ છીએ. એમણે કહ્યું અને ચોક્કસ અમે જવાબ આપ્યો છે કે, ૫૦૦ ઉપર રસ્તા અમારા બાકી છે પણ હું માનનીય સભ્યશ્રીને કહેવા માગુ છું કે, એમણે જે માહિતી માગી એ માહિતી ૩૧.૧.૨૦૧૭ને ધ્યાનમાં રાખીને આપી છે. માનનીય સભ્યશ્રી, હું આપના ધ્યાને મૂકવા માગુ છું, આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું કે, તે વખતે આ રસ્તાઓ જે હતા એ લગભગ ૪૪૯ જેટલા હતા એમાંથી આજની તારીખે ૨૪૯ રસ્તાઓ સરકારે મંજૂર કરી દીધા છે અને બાકી છે એ ફકત ૨૧૦ રસ્તાઓ બાકી છે અને એના માટે પણ આ સન્માનનીય સભાગૃહને જણાવતા મને આનંદ થાય છે કે આ બે જિલ્લાના કુલ રસ્તાઓ ૨૭૪૪ છે એમાંથી બાકી રસ્તાઓ ૨૧૦ એટલે તમે એની ટકાવારી કરો તો ૭.૬૫ ટકા રસ્તા બંને જિલ્લામાં બાકી છે. આ જે રસ્તાઓ ૭.૬૫ ટકા બાકી છે એની સરફેઇસ સારી છે એની સરફેઇસ ખરાબ થયેલી નથી એ જયારે પણ રસ્તાના રીપેરીંગની જરૂર પડે ત્યારે અમારું ડિપાર્ટમેન્ટ રસ્તા રીપેરીંગ કરે છે અને એ અમારી ચાલતી પ્રક્રીયા છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે, એમના ચાર તાલુકામાં ૩૭ રસ્તા, માનનીય સભ્યશ્રી, આપનો જવાબ આપ્યો છે ૩૧.૧.૨૦૧૭ની સ્થિતિએ આજની સ્થિતિએ આપના વિસ્તારમાં ૯૦ રસ્તાઓ મંજૂર થયા છે એમાંથી ૩૯ રસ્તાઓ તો પૂર્ણ થઇ ગયા છે અને ૩૮ રસ્તાઓ પ્રગતિમાં છે અને ૧૩ રસ્તાનું કામ શરૂ થનાર છે. અમારી સરકારના રસ્તા છે એ ખાડામાં રસ્તા નથી, અમારી સરકારમાં જે રસ્તા બનાવ્યા છે એ ગાડી ટોપેટોપ જાયા અને તમારા પેટનું પાણી ના હલે એવા રસ્તા બનાવ્યા છે. એમના નેતાઓ આવે એટલે હવાઇ ઉડાન કરે એટલે એમને ખબર ના પડે કે જમીન ઉપર શું પરિસ્થિત છે? એટલે એ વાત કરે છે. ચોક્કસ આટલી સારી કામગીરી કરી છે ત્યારે આપે સરકારનો આભાર માનવો જોઇએ. પણ મને ખબર છે કે, નજીકના દિવસોમાં ચૂંટણી આવે છે અને પેપરમાં પણ હતું કે એમના હાઇકમાન્ડે એમનો હિસાબ માગ્યો છે કોણ કયા, કેવી કામગીરી કરે છે? એટલે એમણે બોલવું પડે, મને વાંધો નથી તમે બોલો પણ સરકારનો આભાર માનો એવી મારી આપને વિનંતી છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રી પાસેથી જાણવા માગુ છું કે, હાલમાં જ માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે, આ બે જિલ્લામાં ૨૪૯ જેટલા રસ્તાઓની મંજૂરી મળી છે. મારે આપના માધ્યમથી જાણવું છે કે, તો તે ૨૪૯ જેટલા રસ્તાઓ મંજૂર થયા છે તે રસ્તાઓ કયા કયા તાલુકાના મંજૂર થયા છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી કે બન્ને જિલ્લામાં થઇને ૨૪૯ રસ્તાઓ આદરણીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં માર્ગ અને મકાન વિભાગ છે એમણે મંજૂર કર્યા છે. અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં ૨૩, ધનસુરા તાલુકામાં ૭, બાયડ તાલુકામાં ૨૮, માલપુર તાલુકામાં ૧૮, ભીલોડા તાલુકામાં ૧૩, મેઘરજ તાલુકામાં ૧૧, આમ કરીને અરવલ્લીમાં કુલ ૧૦૦ રસ્તાઓ મંજૂર કર્યા છે, સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકામાં ૩૭, ઇડર તાલુકામાં ૩૩, વડાલી તાલુકામાં ૧૬, પ્રાંતિજ તાલુકામાં ૨૦, તલોદ તાલુકામાં ૨૮, વિજયનગર તાલુકામાં ૬, ખેડબ્રહ્મા તાલુકામાં ૬, પોસીના તાલુકામાં ૩, આમ ૧૪૯ રસ્તાઓ સાબરકાંઠા જિલ્લામાં મંજૂર કર્યા છે. મને આ સન્માનનીય સભાગૃહને જણાવતાં આનંદ થાય છે, માનનીય સભ્યશ્રીને પણ હું વિનંતી કરું તો ભૂતકાળનો રેકર્ડ પણ તમે ખોલીને જોઇ જોજો કે આટલા બધા રસ્તાઓ ક્યારેય કોઇ સરકારે એકસાથે તમારા જિલ્લામાં આપ્યા નહિ હોય એટલા રસ્તા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે મંજૂર કર્યા છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : સાહેબે વાત કરી કે તમારે હિસાબ આપવો પડે છે પણ મારે કહેવું છે કે, અમારી કોંગ્રેસ પાર્ટીમાં સંપૂર્ણ લોકશાહી છે ક્યારેય કોઇ પૂછતું નથી, તમારે પુછવું પડે છે અને કોઇ પ્રશ્ન પુછવો હોય તો પણ કહેવું પડે છે કે, આ પ્રશ્ન પૂછાય કે નહિ એવી લોકશાહી છે તમારી. આ સંજોગોમાં આભાર ચોક્કસ માનત માનનીય મંત્રીશ્રીનો, પરંતુ અમે આંદોલન કરીએ, કામિનીબહેન આંદોલન કરે ત્યારે તમે મંજૂર કરો અમે આંદોલન કરીએ અને મંજૂર ના કરો અને તમે આવ્યા

પછી મંજૂર કરો છો. આ પબ્લિકને ચાલવાના રસ્તા હોય છે, આટલો મોટો દહેગામ–બાયડનો રસ્તો આપ જાણો છો માનનીય મંત્રીશ્રી આપ આવી પણ ગયા છો ત્યારે આપે મંજૂર કર્યો છે, પરંતુ આ રસ્તા આપના ધ્યાન પર આવે ને તરત જ મંજૂર કરો તે જરૂરી છે. બીજો મારો મહત્વનો પ્રશ્ન એટલો જ છે કે, અમને જાણ કરવામાં નથી આવતી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આટલા મોટા રસ્તા મંજૂર કર્યા છે, સંખ્યા ગણાવી, પણ કમસેકમ અમને જાણ તો કરો. ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓને જાણ થાય છે, એમ.પી.શ્રીને જાણ થાય છે પરંતુ છેલ્લે અમને ખબર પડે છે કે, આ રસ્તાઓ મંજૂર થયા છે અને બહારથી લિસ્ટ ફરતું ફરતું અમારી પાસે આવે છે એ પછી અમને જાણ થતી હોય છે, મંત્રીશ્રીને મારી એટલી વિનંતી છે કે, એક ધારાસભ્ય તરીકે કમસેકમ અમને જાણ તો કરો.

અધ્યક્ષશ્રી : ધારાસભ્યશ્રીઓને પણ સમયસર જાણ કરો એવી એમની માગણી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે બાબતની સ્પષ્ટતા કરવી છે, એક તો અમારા સાથી મંત્રીશ્રી જયદ્રથસિંહજીએ કહ્યું કે સાત વરસે રસ્તા કરી જ દેવા એવો કોઇ નીતિ નિયમ આખા ભારતમાં ક્યાંય નથી. પણ અમારી સરકારની કામની ક્વોલિટી, પ્રજાને સેવા આપવાની અને વાહન વ્યવહારમાં સરળતા રહે તેવું કરવાની જે પદ્ધતિ છે, મારી જાણકારી પ્રમાણે અગાઉ એવો નિયમ હતો કે, ચૌદ વરસ પછી એ રસ્તો રિ–સરફેસ કરવા માટે હાથ ઉપર લેવાતો હતો. તબક્કાવાર અમારી સરકારમાં એ સમયમર્યાદા ઘટાડી, કારણ કે પહેલાં રસ્તા ઉપરથી ૫૦૦ વાહનો નીકળતા હોય દરરોજના, પણ હવે વાહનો વધ્યા રાજ્યની સમૃદ્ધિ વધી, ખેડૂતોના ટ્રેકટરો વધ્યા, બધું વધ્યું, તો ૫૦૦ના બદલે દરરોજના ૧૦૦૦ વાહન નીકળતા હોય, એટલે રસ્તા વધુ સારા રાખવા અને રસ્તા પર ઘસારો વધુ થાય તો એને મેઇન્ટેઇન કરવાની અમારી જવાબદારી છે એટલે સ્વયંભૂ રીતે સાત વરસની મર્યાદા અમારી સરકારે પોતે નક્કી કરી છે, બીજું આપણે બધા જ જાણીએ છીએ કે જમીનની ભૌગોલિક સ્થિતિના આધારે રસ્તાની મજબૂતાઇ રહેતી હોય છે, કાંપવાળી, કાચી, કાળી, ચીકણી જમીન હોય તો રસ્તા વહેલા તૂટી જાય છે અને રેતાળ વિસ્તારની જમીન હોય તો રસ્તા મોડા તૂટે છે, માનનીય મહેન્દ્રસિંહજીની એ વાત ચોક્કસ સાચી છે. બીજું સાબરકાંઠા જિલ્લામાં જે ક્વોરીઓ છે એમાં દરરોજ સેંકડો, હજારો ડમ્પરો ત્યાંથી કપચી વગેરે ભરી પસાર થતા હોય છે તેથી અને આ ભારે વાહનો હોવાથી એ રોડને ઘસારો પણ વધુ લાગે છે. એટલે આપણે નક્કી કર્યું કે રોડ આપણે વહેલી તકે કરવા અને કામિનીબહેનના વિસ્તારનો રસ્તો આપણે પહેલાં લીધો હતો અને પછી મહેન્દ્રસિંહજીના વિસ્તારનો રસ્તો લીધો અને પચાસ કરોડ રૂપિયા એ બન્નેના એક જ રોડ માટે આપ્યા છે એનો આભાર માને તેઓ એવી હું આશા રાખું છું.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે અમારી ગાડી ટોપે ટોપ જાય એવી છે પરંતુ મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, આપણે સાથે જઇએ અમારા વીરપુર–ભીલોડાનો રસ્તો અને કોલવ–ધાંધીયાનો રસ્તો અને પાડીઆના રસ્તા ઉપર તમે ટોપેટોપ જઇ શકો તો સાચું, પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે પાંચ કિલોમીટરથી વધારે સ્પીડની એવરેજથી ગાડી જતી નથી. તમે તપાસ કરો અમારા ટ્રાયેબલ વિભાગનું અલગ બજેટ હોય છે, એ હોવા છતાં અમારા રસ્તાઓ મંજૂર કરાતા નથી, ખૂબ જ મહેનત કર્યા પછી નીતિનભાઇએ મારા વિસ્તારમાં ૭ કિલોમીટરનો રસ્તો ભીલોડા–વીરપુરનો આપ્યો છે પણ એની આગળનો રસ્તો, છ કિલોમીટરના રસ્તામાં ડામર તો નથી પણ એનો કાંકરો પણ જતો રહ્યો છે. આવા જે રસ્તાઓ છે તેનું ટેન્ડર નીચે આવ્યું છે તો જે બચત રકમ છે તો થોડુંક તો તમે કરી આપો અને તેના સિવાય અમુક રસ્તાઓ એવા છે કે ચોમાસામાં બાળકો સ્કૂલે જઇ શકતાં નથી. તેમાં ઓઢા ગામ તે નદી વચ્ચે આવે છે એટલે સ્કૂલે જવાતું નથી, રાજગોરમાં પણ આવી જ પરિસ્થિત છે સ્કૂલે નથી જવાનું અને તમારા સદસ્યશ્રી મને એક રજૂઆત કરવા માટે આવ્યાં હતા કે ૨૦ વર્ષથી હું પરણીને આવી ત્યારથી આ રસ્તો થયો નથી તો હવે તો કંઇક સરકારમાં રજૂઆત કરો. એટલે વીસ વીસ વર્ષ સુધી રસ્તાઓ થતાં નથી અને અલગ બજેટ હોવા છતાં ટ્રાયબલ વિસ્તારના રસ્તાઓ ઓછાં છે અને તેમાંય રસ્તાઓ ડામરના રસ્તા ના થાય તો એ વાજબી નથી. એટલે મારી વિનંતી છે કે, જે રસ્તાઓ ભિલોડા વિરપુરનો બાકી રસ્તો અને જે રાજગોરનો અને ધાંધીયાનો રસ્તો એ જલ્દી થાય તે માટે હું મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રેકોર્ડ ઉપર ખોટી માહિતી ના જાય માટે માનનીય મહેન્દ્રસિંહે જે વાત કરી તેની થોડી આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકવા માગુ છું. એમને એમ કહ્યું કે અમે આંદોલન કરીએ પછી રસ્તા મંજૂર થાય છે. આ સરકારની અંદર કયારેય એવુ નથી કે કોઇ કામ માટે તમારે આંદોલન કરવુ પડે અને પછી મંજુર થાય. આખા રાજયની અંદર આ સરકાર પક્ષાપક્ષીથી ઉપર ઉઠી આ બાજુના સભ્ય હોય કે આ બાજુના સભ્ય હોય બધે આ સરકારે કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે જે સભ્યશ્રીએ વાત કરી તો હું તેમના ધ્યાને મૂકવા માગુ છું કે તમે તમારા વિસ્તારની વાત કરો છો ગુજરાતના બીજા અન્ય વિસ્તારોમાં તમે મારી સાથે ચાલો હું તમને લઇ જાઉં જો ટોપે ટોપમાં ગાડી જાય એવુ છે કે નહીં તે તમે જુઓ તો તમને ખબર પડશે કે રસ્તાઓ કેવા છે. માનનીય સભ્યશ્રીને બીજી વાત કરું (અંતરાય ) અનિલભાઇ આપની વાત કરું છું તમે બેસો.

માનનીય અધ્યક્ષશ્રી, તેમના ધ્યાને મૂકવા માગુ છું કે તેમણે જે રસ્તાઓની વાત કરી તે રસ્તાઓ કાચા રસ્તાઓ છે. આપણી સરકારનું આ વખતનું જુઓ જે બજેટમાં જોગવાઇ કરી છે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય નાણાંમંત્રીશ્રી પાસે જ માર્ગ અને મકાન વિભાગ છે એમણે જે આયોજન કર્યુ છે તે પ્રમાણે આપણાં જે આ પ્લાનના રસ્તા છે તેની અંદર પણ

રિકાર્પેટીંગ કરવામાં દરેક વિસ્તારને સમકક્ષ રીતે રિકાર્પેટીંગ કરવા માટેની ગ્રાન્ટ આપવામાં આવે છે. બીજું આ સન્માનનીય સભાગૃહના ધ્યાને એક વાત મૂકવા માગુ છું કે, આપણાં રાજયની અંદર મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના પણ આપણી સરકારે અમલમાં મૂકી છે કે જેની અંદર આખા દેશની અંદર મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના બનાવી ગ્રામ્ય વિસ્તારની કનેક્ટીવીટી વધે તેના માટે આપણી રાજય સરકારના બજેટમાં કરોડો રૂપિયાની જોગવાઇ આપણી સરકારે કરી છે અને લગભગ ૪૩૦૦ કરોડ રૂપિયાની રકમના ખર્ચે રસ્તાઓની મંજૂરી આપણી સરકારે આપી છે. આખા દેશની અંદર નોન પ્લાનના રસ્તામાં આટલી મોટી ગ્રાન્ટ કોઇ રાજય સરકારે આપી નથી. અને તેઓએ વાત કરી તો એમની સરકારો વર્ષો સુધી હતી. કેમ નોન પ્લાનના રસ્તા એમણે ના કર્યા ? આ રસ્તાઓની ચિંતા કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને ગામના છેવાડાના ગામ સુધી પાકો રસ્તો મળે તે ચિંતા આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે. માનનીય સભ્યશ્રી આપની જે રજૂઆત છે તે ચોક્કસ લેખિત આપજો અમે તેની અંદર જોવડાવી લઇશું માનનીય નાયબ મુખ્યમંત્રી મંત્રીશ્રી પણ તેની અંદર જોવડાવી લેશે અને તેનો રિપોર્ટ આવ્યા પછી જે કંઇ કાર્યવાહી કરવાની છે તે કરીશું.

બગોદરા–વટામણ–તારાપુર હાઈવેનું બંધ કામ

* ૩૩૫૭૨ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૫–૨–૨૦૧૭ની સ્થિતિએ બગોદરા–વટામણ–તારાપુર આણંદ અને બોરસદ હાઈવે અને એક્સપ્રેસ રોડનું કામ કેટલા સમયથી બંધ છે અને ઉક્ત કામ બંધ રહેવાના કારણો શા છે, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રોડના બાંધકામ સત્વરે શરૂ થાય તે માટે સરકારે શા પગલાં લીધા છે ? | (૧) અને (૨) : તા. ૧૫–૨–૨૦૧૭ની સ્થિતિએ બી.ઓ.ટી. હેઠળ હાથ ધરેલ આ કામ હાલમાં રોકાણકારની નાણાંકીય સધ્ધરતા નબળી પડતા તેમણે કામ બંધ કરેલ છે જે શરૂ કરવા માટે Harmonious Substitution ની પ્રક્રિયા હેઠળ નવા રોકાણકારને નિયુક્તિ કરી, આ કામ શક્ય તેટલું વહેલું પૂર્ણ કરવા સરકારશ્રી પ્રયત્નશીલ છે. |

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રશ્ન પૂછયો છે તે બહુ અગત્યનો છે કારણ કે આ રોડ છે તે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સુધી જોડતો રસ્તો છે. આ બાજુ સૌરાષ્ટ્ર , કચ્છ અને રાજસ્થાનને જોડતો રસ્તો છે. આ રસ્તો કેટલાંય વર્ષોથી થતો નથી તો ડિપાર્ટમેન્ટથી કરાવો બહુ એકસીડન્ટ થાય છે અને કેટલાંય લોકો મરી ગયા અને ચોમાસામાં તો ગાડી સીધી ગટરમાં જ જતી રહે છે તો આ કયારે કરવા માગો છો ? તમે તાત્કાલિક ડિપાર્ટમેન્ટ તરફથી કરવા માગો છો કે આ રસ્તાનું શું કરવા માગો છો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એની સાથે અમે પણ સંમત છીએ. રસ્તો ખૂબ અગત્યનો છે. મધ્ય ગુજરાતથી લઇ સૌરાષ્ટ્ર વિસ્તારને જોડતો આ ખૂબ અગત્યનો રસ્તો છે અને જ્યાં વાહન–વ્યવહાર પણ ખૂબ રહે છે. સૌ સભ્યશ્રીને હું વિનંતી કરું કે, આની અંદર Political Observation ના કરતા. તમે સીધે-સીધો પ્રશ્ન પૂછશો તો સીધે-સીધો જવાબ તમને આપીશું. આ રસ્તો બનાવવા માટે સરકાર પણ ચિંતિત છે. બગોદરા, તારાપુર, વાસદનો જે રસ્તો છે એ રસ્તાની કામગીરી ૧૦૨ કિ.મી. જેટલી લાંબી છે અને આટલા લાંબા રસ્તાને Six Lane કરવાનો છે. આખા રાજ્યની અંદર આ પહેલો રસ્તો છે. આ રસ્તો બનાવવો એ સરકાર માટે પણ ખૂબ અગત્યનો છે અને આ રસ્તો જો કોઇએ મંજૂર કર્યો હોય તો એ આ રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા એમણે આ રસ્તો Three Laneમાંથી Six Lane મંજૂર કર્યો હતો અને એ રસ્તાનું કામ ખાનગીકરણની પદ્ધતિથી બનાવવાનું હાથ ધરવામાં આવ્યું છે. આ કામ જે એજન્સીને આપ્યું હતું એ એજન્સીને પણ ફોર્માલીટી પૂરી કરીને આપ્યું હતું એ પણ સારામાં સારી નામાંકિત એજન્સી હતી. એણે ભૂતકાળમાં અનેક મોટા મોટા પ્રોજેક્ટો હાથ ધર્યા હતા અને એ ફોર્માલીટી પૂરી કરી અને આ સરકારે એને ઇક્વીટીની રકમ પણ આપવાનું નક્કી કર્યું હતું અને એની અંદર બેંકમાંથી ધિરાણ લઇ આ રસ્તો બનાવવાનો હતો. આ રોકાણકાર બેંક તથા જી.એસ.આર.ડી.સી. વચ્ચે એના એગ્રીમેન્ટ પણ થયા હતા પણ રોકાણકારની નાણાકીય સ્થિતિ કથળતા આ પ્રોજેક્ટમાં એ રોકાણ કરી શક્યા નહિ અને નાણાકીય સ્થિતિ નબળી હોવાના કારણે બેંકમાંથી પણ ધિરાણ મળે નહિ અને જેના લીધે જુલાઇ – ૨૦૧૫ થી આ કામગીરી હાથ ધરી શકાઇ નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી મને રક્ષણ આપો. વિરોધ પક્ષના સભ્યો બેઠા – બેઠા બોલે છે. શક્તિસિંહ તો નામાંકિત advocate છે અને હાઇકોર્ટમાં પ્રેક્ટીસ કરે છે અને ખૂબ જાણકાર પણ છે. મેં પહેલા જ કહ્યું કે Political Observation ના કરતા. સરકાર પણ એ રસ્તા માટે ચિંતિત છે અને એના માટેની જે કામગીરી કરવાની છે એ કામગીરી આ સરકારે કરી છે. એના માટે એગ્રીમેન્ટની જોગવાઇ કરી હતી એ પ્રમાણે આ સરકાર આગળ વધી રહી છે અને એ પ્રમાણે વહેલામાં વહેલી તકે જેમ બને તેમ જલદી એ રસ્તાની કામગીરી હાથ ધરાય એ ચિંતા આ સરકાર કરે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ વાસદ–બગોદરા એ મારા મતવિસ્તારમાંથી પસાર થયા છે. ૨૦૦૯માં એનું ખાતમૂહુર્ત થયું હતું. ૨૦૧૨માં એને પૂરું કરવાનું હતું. એનું જે સ્ટ્રક્ચર બન્યું એમાં સેંકડો અકસ્માતો થયા છે અને સળિયા ઊભા છે. મારી માનનીય નીતિનભાઇને વિનંતી છે કે જે તે વખતે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને આનંદી બહેન માર્ગ અને મકાન મંત્રી હતા તેનું મોટું Cutout ત્યાં લગાવ્યું છે તો એ દૂર કરીને માનનીય વિજયભાઇ રૂપાણી અને માનનીય નીતિનભાઇ પટેલનું લગાવો. જેથી કરીને કહેવાય કે ચાલુ સરકાર આ કામ કરી રહી છે. ૨૦૧૨માં કામ પૂરું કરવાનું

હતું. ૨૦૦૯થી આજે આઠ વર્ષ થયા હજી લગભગ ૨૫ ટકા કામ પૂરું થયું નથી. Six Lane ની વાત કરો છો પણ કામ ક્યારે પૂરું કરશો? એજન્સીની સદ્ધરતા નથી તો જ્યારે કામ આપ્યું ત્યારે એની સદ્ધરતા નક્કી નહોતી કરી. ખાસ કરીને આ રસ્તો ખૂબ અગત્યનો છે. આખા સૌરાષ્ટ્રથી માંડીને મહારાષ્ટ્ર સુધીનો આ વાહન વ્યવહાર છે તો ઝડપથી આ કામ સોંપીને કરવામાં આવશે કે કેમ?

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મંત્રીશ્રી જયદ્રથસિંહજીએ જે પ્રમાણે માહિતી આપી એમ આપણે બધા જાણીએ છીએ કે, બી.ઓ.ટી પદ્ધતિથી આ રસ્તાનું ટેન્ડર કરીને આપણે આપેલ છે. જ્યારે કંપની એમાં આવી ત્યારે એની નાણાકીય સદ્ધરતા સારી હતી. એણે જુદી જુદી બેંકો પાસેથી લોન લઇ, પોતાનું મૂડી રોકાણ કરીને અને સરકારની પણ ઇક્વીટી સાથે આ પ્રોજેક્ટ હાથ ધરેલો અને જે માહિતી આપી એ પ્રમાણે લગભગ ૩૦૦ કરોડ રૂપિયાનું કામ થઇ ચૂક્યું છે, ૩૪ ટકા કામ પૂર્ણ થઇ ચૂક્યું છે. જુદા જુદા સંજોગોના કારણે એ કંપની, જયારે કામ રાખ્યું છે બીઓટીથી એની આર્થિક સ્થિતિ નબળી થવાના કારણે શરૂઆતમાં કામ ધીમુ થયું. સરકાર તરફથી, અમારા તરફથી સતત એને દબાણ કરવામાં આવે, ફોલોઅપ કરવામાં આવે અને અમારા સાથી મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી, જેમ આપે કહ્યું રાજેન્દ્રભાઇ કે તમારા વિસ્તારમાંથી, એમ એનો છેડો અમારા ભુપેન્દ્રસિંહજીના વિસ્તારમાં આવે છે એટલે તમે જેટલી ઉઘરાણી કરો એના કરતાં વધુ ઉઘરાણી તો ભૂપેન્દ્રસિંહજીએ અમારી પાસે કરી છે. અમે પણ એ કંપનીને દબાણ કરીએ છીએ. જે પ્રગતિ થઇ સાહેબ, મારે સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકવું છે કે, એ કંપનીએ રાજય સરકારની મંજૂરી માગી કે હું બીજી કોઇ એન્જીનીયરીંગ કન્સ્ટ્રકશન કંપનીને આ રસ્તો વેચવા માગું છું. સરકારે એની બધી પરામર્શ કરી મંજૂરીઓ આપી હવે આ જીવીકે કંપની છે એણે આ રસ્તો એક્સેલ કંપની કે જે ભારતની એક મોટી ઇન્વેસ્ટર અને કન્સ્ટ્રકશન કંપની છે. એ એક્સેલ કંપનીને ટ્રાન્સફર કરવા માટે આ જે સ્થિતિમાં અને બેંકોના દેવા સહિત એ મંજૂરી માટે ચાલે છે. પ્રશ્ન એ છે કે જુદી જુદી બેંકોને અત્યાર સુધી જે રકમ લેવાની એના ઉપર બાકી છે એ કેવી રીતે ચૂકવવી, કોણ ચૂકવે એના માટે બધી એની લોન આપનાર બેંકોનું કન્સોર્ટિયમ જે હોય છે એ કન્સોર્ટિયમ દ્વારા કંપની સાથે પરામર્શ ચાલે છે. મુખ્ય સચિવશ્રી, અમારા માર્ગ અને મકાન વિભાગના સચિવ અને અમારા એમ.ડી., એ ત્રણ જણને જવાબદારી સોંપી છે અને એ કંપની સાથે પરામર્શ કરી વહેલી તકે જીવીકેમાંથી એક્સેલ કંપનીને આ રોડ ટ્રાન્સફર થાય અને એક્સેલ કંપની રોડનું કામ કરે એ માટે અમે સતત ફોલોઅપ કરીએ છીએ. આમાં બધી જ પ્રકારની આપણી વગ વાપરવાનો પ્રયત્ન અમે કર્યો છે અને મને વિશ્વાસ છે કે જે બેંકોએ ધિરાણ આપ્યું છે એ બેંકોનું કન્સોર્ટિયમ વહેલી તકે એ નિર્ણય કરે એટલે આપણે કામ ચાલુ કરી શકીશું.

આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થય વીમા યોજના કાર્ડ

* ૩૨૨૨૦ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થય વીમા યોજના અન્વયે તાલુકાવાર કેટલા લાભાર્થીઓને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા કાર્ડ અપાયા અને કેટલી સહાય ચુકવાઈ ?

જવાબ

| તાલુકાનું નામ | ૩૧–૧–૧૬ની સ્થિતિ | | ૩૧–૧–૧૭ની સ્થિતિ | |
|---|---|---|---|---|
| | લાભાર્થીને આપેલ કાર્ડ | ચુકવેલ પ્રીમીયમ રૂ. | લાભાર્થીને આપેલ કાર્ડ | ચુકવેલ પ્રીમીયમ રૂ. |
| આણંદ | ૯,૧૭૭ | ૩૧,૪૭,૭૧૧ | ૧૪,૨૪૫ | ૨૬,૯૫,૧૫૮ |
| આંકલાવ | ૮,૨૪૭ | ૨૮,૨૮,૭૪૧ | ૧૦,૯૮૪ | ૨૦,૮૬,૫૭૮ |
| બોરસદ | ૧૭,૩૫૮ | ૫૯,૫૩,૯૦૬ | ૨૩,૬૦૯ | ૪૪,૮૨,૨૯૦ |
| ખંભાત | ૧૦,૫૯૬ | ૩૬,૩૪,૩૮૧ | ૧૩,૮૩૪ | ૨૬,૨૯,૪૩૮ |
| પેટલાદ | ૧૦,૦૪૬ | ૩૪,૪૫,૯૪૦ | ૧૩,૮૬૪ | ૨૬,૩૧,૧૫૦ |
| સોજીત્રા | ૩,૭૦૧ | ૧૨,૬૯,૩૩૪ | ૬,૧૦૧ | ૧૧,૫૨,૬૦૬ |
| તારાપુર | ૪,૫૦૯ | ૧૫,૪૬,૭૦૩ | ૬,૪૮૮ | ૧૨,૨૯,૯૫૬ |
| ઉમરેઠ | ૬,૧૮૦ | ૨૧,૧૯,૭૯૧ | ૯,૭૯૮ | ૧૮,૫૨,૮૬૬ |

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ તાલુકવાર તો આંકડો આપ્યો છે. આની કોઇ સમય મર્યાદા હોવી જોઇએ. એક વર્ષ માટે જ આ કાર્ડ ચાલે છે તો એને પાંચ વર્ષ માટે કાર્ડ કરવા માગો છો કે કેમ અને બીજું, આ જે કાર્ડ કાઢવામાં આવે છે એ પી.એચ.સી.માથી નથી કાઢવામાં આવતા, તાલુકામાંથી એ કાઢવામાં આવે છે તો સરકારને મારી વિનંતી છે કે, તાલુકા મથકને બદલે પી.એચ.સી.માંથી કાઢો અને એનો ચોક્કસ સમય આપો એનું કેલેન્ડર બનાવો કે આ મહિનામાં આટલા દિવસમાં આ કાર્ડ કાઢવામાં આવશે એવું આપ કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો પ્રશ્ન એમનો જે પાંચ વર્ષ માટેનો છે તો આ એટલા માટે કે બીપીએલની અંદર હોય તેવા લોકો માટે ખાસ કરીને છે તો પાંચ વર્ષમાં બીપીએલમાંથી જો અપ થયા હોય તો આવી એક વિસંવાદિતા રહે છે એટલા માટે દર વર્ષે કાર્ડ કાઢવાની એની પ્રક્રિયા કરવી પડતી હોય છે એટલે એ બાબતમાં પાંચ વર્ષનું નથી

થઇ શકે એવું, પરંતુ સભ્યશ્રીએ બીજી બે બાબતો કહી એક કે તાલુકા સેન્ટરથી નીચે કરી શકાય? હા, હું કહું છું એ પણ કરી શકાય અને માત્ર તાલુકાથી નીચે પીએચસી નહીં પણ દરેક ગામમાં જઇ એના કાર્ડ કાઢવા માટેની પણ વ્યવસ્થા આપણે કરીશું અને ત્રીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીનો હતો તો ફરીથી આપ કહેશો.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજો મારો પ્રશ્ન એ હતો કે, પીએચસી સેન્ટરમાં એનું વર્ષવાર કેલેન્ડર બનાવે કે આ દિવસમાં આ તારીખે આ મહિનામાં આટલાં કાર્ડ કાઢવામાં આવશે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જી, અમે એનું એક મહિનાનું એક અભિયાન કરીને આ કાર્ડ કાઢવા માટેની વ્યવસ્થા કરીશું. એટલે બન્ને પ્રશ્નોના પોઝીટીવ જવાબ આપું છું કે દરેક ગામની અંદર જઇને એના માટેની પ્રક્રિયા અને સાથે એક મહિનાની અંદર રહીને કાર્ડ કાઢવા માટેની આખી ઝૂંબેશ જ ચાલે છે અને દરેક ગામમાં જઇને એનું કામ કરવા માટેની વ્યવસ્થા થાય છે એટલે લોકોને તાલુકા સુધી ન આવવું પડે અને દરેક ગામની અંદર જ એની વ્યવસ્થા મળી રહે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રમાં યુપીએ સરકાર હતી કોંગ્રેસની ત્યારે આ યોજના શરૂ કરવામાં આવી હતી. આ સારી યોજના છે. ૩૦૦૦૦ સુધીની મેડિકલ સહાય આપણને મળી શકે ત્યારે સરકારને મારી વિનંતી છે કે, ખાસ કરીને જે એજન્સી છે એને આપણે પ્રિમિયમ ચૂકવીએ છીએ. વર્ષનો અર્ધો સમય પૂરો થઇ જાય ત્યારે એ ઝૂંબેશ શરૂ થયાની શરૂઆત કરે છે. એટલે નવેમ્બર, ડિસેમ્બર મહિનામાં કાર્ડ મળે અને ફરી માર્ચ મહિનામાં એકસપાયરી પૂરી થઇ જાય એટલે આપણે ખોટા પૈસા ચૂકવવાના થાય છે. તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે પહેલી એપ્રિલથી પહેલી એપ્રિલ એ રીતે ઝૂંબેશ કરો તો એ જ મહિનામાં બધા લોકોને કાર્ડ મળી જાય અને જયારે જોઇએ ત્યારે કાર્ડ નીકળે તેવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : બંને ધારાસભ્યશ્રીઓની અલગ અલગ વાત છે. એક ધારાસભ્યએ એમ કહ્યું કે ઝૂંબેશ તરીકે લો અને બીજા ધારાસભ્યશ્રી એમ કહે છે કે જયારે જોઇએ ત્યારે કરો. પરંતુ આપણે એક જ મહિનામાં ઝૂંબેશ તરીકે કરીએ છીએ એ પ્રમાણે કરીશું. બીજી વાત કરી એમાં જણાવ્યું કે મોડું થવાના કારણ લોકોને ઓછો ફાયદો મળે છે. એની હું સ્પષ્ટતા કરું તો આણંદ જિલ્લાની અંદર ટોટલ પ્રિમિયમ ૧ કરોડ ૯૨ લાખ રૂપિયા ચાલુ વર્ષે ભર્યું અને એ જ વર્ષમાં ૧ કરોડ અને ૨૨ લાખ રૂપિયાના દાવા તો ચૂકવાઇ ગયા છે. એટલે પ્રિમિયમની સામે દાવાઓ પૂરતા પ્રમાણમાં ચૂકવાય છે.

શ્રી અમિત અ. ચાવડા : સરકાર જયારે આટલું મોટુ પ્રિમિયમ ચૂકવતી હોય અને એના કાર્ડ મોડા મળે તો એજન્સીને ફાયદો થાય છે અને લોકોને ઓછો ફાયદો થાય છે એવો મારો પ્રશ્ન હતો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : સમયસર કાર્ડ કાઢવા માટેની પ્રક્રિયા છે અને ટાઇમસર નીકળે છે અને પ્રિમિયમ ચૂકવાય છે એની સામે વળતર પણ પૂરતા પ્રમાણમાં મળે છે. શરૂઆતના મહિનામાં સ્ટાર્ટ થાય છે ત્યારે એ જ મહિનામાં કાર્ડ કાઢવા માટેની વ્યવસ્થા છે. યુપીએની સરકારમાં પાંચ તાલુકામાં પાંચ જિલ્લા માટે ટ્રાયલ બેઇઝ ઉપર ચાલુ કર્યા હતું અને એ પણ કેટલાક ડીસીસની અંદર હતું અત્યારે ભારત સરકારે ગુજરાતના તમામ જિલ્લાઓની અંદર આ વ્યવસ્થા ઉભી કરી છે અને બીમારીની અંદર પણ જેટલી કહેવાય એ મોટા ભાગની બીમારીને ઇન્કેસ કોઇ એવા ડીસીસ હોય કે જે નવી બીમારી હોય અથવા તો અલગ પ્રકારની હોય તો તેની માગણી મૂકીને તાત્કાલિક સારવાર ગરીબ માણસ બી.પી.એલ.વાળા અને ખાસ કરીને જેને નોધારાનો આધાર કહેવાય એવા લોકોને ૩૦હજાર રૂપિયા સુધીની કોઇપણ પ્રકારની બીમારી હોય તો એવા ગરીબ માણસ માટે આ યોજના આશિર્વાદરૂપ છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે અમિતભાઇએ કહ્યું એમ યુપીએ સરકાર દ્વારા ૩૦ હજાર રૂપિયાની મેડીકલ સહાય મળે છે એ માટેની કેન્દ્ર સરકારે યોજના કરી હતી. અને આ ગુજરાત સરકારને અભિનંદન આપવા છે કે ગુજરાતના બી.પી.એલ. ધરાવતા જ નહિ પરંતુ ૧ લાખ ૫૦ હજારથી ઓછી આવક ધરાવનાર તમામ લોકોને બે લાખ રૂપિયા સુધીની સારવાર દર વર્ષે મળે એ પ્રકારની મુખ્યમંત્રી મા અમૃતમ યોજના જાહેર કરી છે અને એના નીચે સહાય મળે છે. તો આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે હોસ્પિટલો મા અમૃતમ કાર્ડની અંદર જે છે એ જ આ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ પણ એ જ હોસ્પિટલો ચાલે છે કેમ, અને ધારો કે નથી ચાલતી તો એને સમાવવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : મા અમૃતમ યોજનાની વાત માનનીય ધારાસભ્યશ્રી કરી તો એ અસાધ્ય રોગો હોય તેની અંદર ખાસ કરીને કીડની, કેન્સર અને હૃદયરોગ જેવી બીમારીની અંદર એનો સમાવેશ કરેલ છે. આ જે યોજના છે જેમાં સામાન્ય બીમારીઓ હોય દા.ત. કોઇને ડીલીવરીનો પ્રસંગ હોય, તાવ આવ્યો હોય, નાની મોટી સર્જરી કરવાની હોય એ ગરીબ માણસને પ્રાઇવેટની અંદર અથવા સરકારી હોસ્પિટલમાં જેની સાથે સંલગ્ન હોસ્પિટલો છે એની અંદર સારવાર લે તો ૩૦ હજાર રૂપિયા સુધીની જે સામાન્ય બીમારીઓ કહેવાય તેને કેશ લેશ આપવાની આ યોજના છે. અને એની અંદર અમે ઓન લાઇન નોંધણી માટે પણ નવી નવી હોસ્પિટલો દસ બેડની હોસ્પિટલ હોય તો એને પણ આની અંદર આવરી લઇએ છીએ. એટલે તાલુકા કક્ષાએ કોઇ હોસ્પિટલ હોય તો એનો પણ આની અંદર સમાવેશ કરવામાં આવે છે. મા યોજના માટે સ્પેશ્યાલિટીવાળી હોસ્પિટલ હશે અને અહીંયા આગળ સામાન્ય બીમારી કે બાકી કોઇ હશે તો એના માટેની જોગવાઇ છે.

## ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

સિદ્ધપુર નગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ રકમ

* ૩૨૧૩૧ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પાટણ જીલ્લાની સિદ્ધપુર નગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ કેટલી ગ્રાંટ મંજુર કરેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પાટણ જીલ્લાની સિદ્ધપુર નગરપાલિકાને છેલ્લા એક વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપકર યોજના હેઠળ રૂ. ૧૨,૮૬,૫૭૩/-ની ગ્રાંટ મંજુર કરેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ગ્રાંટ ચુકવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ રૂ. ૧૨,૮૬,૫૭૩/-ની ગ્રાંટ સિદ્ધપુર નગરપાલિકાને ચુકવેલ છે. |

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે સિદ્ધપુર નગરપાલિકા હસ્તક કેટલી પ્રાથમિક શાળાઓ છે, એમાં કેટલા બાળકો અભ્યાસ કરે છે અને સરકારે છેલ્લા પાંચ વર્ષમાં શૈક્ષિણક હેતુ માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ નગરપાલિકાને કેટલી ગ્રાન્ટ ફાળવેલી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓ દ્વારા શિક્ષણ ઉપકર લેવામાં આવે છે તેનો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે. સિદ્ધપુર નગરપાલિકાની અંદર કુલ ૧૨ પ્રાથમિક શાળાઓ આવેલી છે. તેમાં ૩,૪૬૧ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને છેલ્લા પાંચ વર્ષમાં ફાળવેલ જે રકમ છે એ ૪૯,૯૧,૦૦૦ની ગ્રાન્ટ સિદ્ધપુર નગરપાલિકામાં ફાળવેલી છે. સિદ્ધપુર નગરપાલિકામાં તે સિવાયનું સ્વભંડોળ અને બાકીની સરકારની યોજનાઓ છે, કુલ મળીને ૫૭,૧૭,૦૦૦ ઉમેરી નગર શિક્ષણ સમિતિને ટોટલી જે એજ્યુકેશનના કામ માટે આપવામાં આવે એ રકમ ૧,૦૭,૦૦,૦૦૦ શૈક્ષણિક હેતુ માટે ફાળવવામાં આવી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ શિક્ષણ કર છે એ લોકો પાસેથી ઉઘરાવીને આપણે સરકારને જમા કરાવીએ છીએ. જમા કરાવ્યા પછી આપ નગરપાલિકાને આપો છો. ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે એક તો લોકો પૈસા સરકારમાં આપે. નગરપાલિકા એ પૈસા પાછા શિક્ષણમાં આપે. ખરેખર પહેલાં ત્રણ માસે મળતા હતા. હવે કેટલાય સમયથી સરકારે બારમાસે કર્યા છે. સરકાર પાસે જો આટલું મોટું બજેટ અને પૈસાનું ભંડોળ હોય તો આ ત્રણ માસથી બાર માસ માટે કરવાનો હેતુ શું? હવે સરકાર જે બાર માસે પૈસા મોડા આપે છે તો ત્રણ માસે આપવા માગે છે કે કેમ? બીજું, આ પૈસા જયારે નગરપાલિકામાં પહોંચે ત્યારે ખરેખર નગરપાલિકામાં તેનું મોનીટરીંગ થવું જોઇએ કે આ શિક્ષણ માટે અપાય છે કે નહીં? સરકાર આ મોનીટરીંગ કરવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મિલકત વેરો જે હોય છે તેના ઉપરથી શિક્ષણ ઉપકર લેવામાં આવતો હોય છે. તેના સ્લેબ પણ અલગ અલગ હોય છે. ૩૦૦થી ૧૦૦૦ સુધીનો મિલકત વેરો હોય તો તેની સામે ૩ ટકા જેટલો શિક્ષણ ઉપકર લેવામાં આવતો હોય છે રેસિડેન્શિયલ એરિયામાં અને વાણિજ્યનો હેતુ હોય તો ૭ ટકા જેટલો થતો હોય છે. આની રીકવરી ઉપર એને ચૂકવવામાં આવતું હોય છે. એટલે ત્રણ મહિનાની અંદર જ બધી રીકવરી થઇ જશે તેવું નથી હોતું. રીકવરી માટેની ઝૂંબેશ પણ વર્ષની અંદર સતત ચાલતી હોય છે. તો એક વખત એ નાણાં જમા થયા પછી દર વર્ષે ત્યાં આગળ સમયસર પહોંચાડવાની વ્યવસ્થા પણ છે અને બીજી જે વાત કરી કે તેના માટેના નાણાં તેની અંદર જ ઉપયોગમાં આવે છે કે કેમ? તો વર્ષાન્તે ઓડિટની જે સિસ્ટમ થતી હોય છે તેમાં શિક્ષણના ઉપકરમાંથી આવેલા જે નાણાં હોય તે પ્રમાણે ત્યાં ચૂકવાયા છે કે કેમ તે પણ જોવામાં આવે છે. બીજું, નગરપાલિકાની અંદર ઉઘરાવવામાં આવતું નગરપાલિકાને સોંપવામાં આવે છે એવું નહીં, જો એ નગરપાલિકાની અંદર શિક્ષણ સમિતિ જિલ્લા પંચાયત દ્વારા જો શિક્ષણની પ્રવૃત્તિ થતી હોય તો તેના નાણાં જિલ્લા પંચાયતની અંદર જમા કરવામાં આવે છે. મહાનગરપાલિકામાં પણ આ જ પ્રમાણે છે કે જે મહાનગરપાલિકાઓ ત્યાં કામ કરતી હોય તો મહાનગરપાલિકાને અને જિલ્લા પંચાયતમાં વ્યવસ્થા હોય તો જિલ્લા પંચાયતની જવાબદારી.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે શિક્ષણ ઉપકર લેવાની જોગવાઇ શું છે? તેમાં કયા પ્રકારની મિલકત ઉપર અને કયા દરે લેવામાં આવે છે. બીજું એ પણ જાણવું છે કે જવાબમાં છેલ્લા એક વર્ષમાં ૧૨,૮૬,૫૭૩ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે તો એ પ્રમાણે છેલ્લા ત્રણ વર્ષની અંદર કેટલી રકમ ફાળવવામાં આવી અને ચૂકવવામાં આવી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ઉપકર લેવા માટેની જોગવાઇ જે કહી છે તેમાં શિક્ષણ ઉપકર અધિનિયમ, ૧૯૬૨ અનુસાર શહેરી વિસ્તારમાં જમીન, તેની મિકલત ઉપર ઉપકર ઉઘરાવીને વસૂલ કરવાનો ભાગ શિક્ષણ ઉપકરની ગ્રાન્ટ તરીકે સ્થાનિક સંસ્થાઓની અંદર લેવામાં આવે છે. આ નાણાકીય સહાય નગરપાલિકા, મહાનગરપાલિકા બન્નેને આપવામાં આવે છે. ઉપકર એ કર ઉપરનો કર છે અને ચોક્કસ હેતુ માટે લેવામાં આવે છે. આ ૧૯૬૨ના સમયથી આ કર નાખવામાં આવેલો હતો. તેના દર જે છે ૩૦૦થી ૧૦૦૦ સુધી ૩ ટકા, ૧૦૦૦થી ૨૫૦૦ સુધીની મિલકત હોય તો ૫ ટકા, ૨૫૦૧થી કરીને ૪૫૦૦ સુધી હોય તો ૬ ટકા આ પ્રમાણે કર લેવામાં આવે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારું એ કહેવાનું છે કે આ તો લોકોએ પૈસા આપેલા છે. ચાર લાખ રૂપિયા હજુ ચાર દિવસ પહેલા જ આવ્યા છે. આ બાર મહિનાનું સેટ થઇ ગયેલું છે. આપ જે પૈસા આપો

છો એ ઉઘરાણી ઉપર અને વસૂલાત ઉપર આપો છો. ૬૦ ટકા ઉઘરાવ્યા હોય તો ૬૦ ટકા આપો છો. એ બાર મહિના પછી આપો છો. ખરેખર તો નગરપાલિકાને લોકોએ ટેક્સ આપ્યો અને સરકાર પાસે આવે અને ઝડપથી પાછો નગરપાલિકાને ટેક્સ પાછો મળે તો જ નગરપાલિકામાં લોકોએ જે હેતુ માટે ટેક્સ આપ્યો છે એ વ્યવસ્થાનું માળખુ જળવાય તે પ્રમાણે વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશમાં જ નહીં પણ આખી દુનિયાભરની અંદર જે સરકારો ચાલતી હોય છે એમાં આ પ્રમાણે ટેક્સ અને એ પૈકીની આવક હોય એ ઉઘરાવવામાં આવે છે અને એના ઉપરથી સરકારની તિજોરીમાં આવે છે અને સરકારમાંથી પછી નીચે જાય છે. એવું જ નગરપાલિકાની અંદર હોય છે. સભ્યશ્રી બલવંતસિંહ અહીંયાં જે ત્રણ મહિનાની વાત કરી રહ્યા છે એમાં એટલા માટે એ શક્ય નથી કે વર્ષના અંતે કેટલી રીકવરી થઇ એ નક્કી થાય છે. કેટલી રીકવરી થાય છે એના ઉપરથી શિક્ષણનો ઉપકર એ ફાળા પેટે આપવામાં આવે છે. ૭૦ ટકાથી વધુ શિક્ષણ ઉપકરની વસૂલાત હોય તો એને ૧૦૦ ટકા આપવામાં આવે છે. ૬૦ ટકાથી ૭૦ ટકા સુધીની હોય તો ૯૫ ટકા અને જો ૭૦ ટકાથી શિક્ષણ ઉપકર ઓછો હોય તો ૯૦ ટકા પ્રમાણેનું અનુદાન આપવામાં આવે છે. એટલે એ અનુદાન વર્ષના અંતે ખબર પડે કે જે તે નગરપાલિકાએ કેટલી રિકવરી કરી એના આધાર ઉપર આ પ્રમાણેનું અનુદાન ચૂકવવામાં આવે છે. એટલે ત્રણ ત્રણ મહિના માટે આ આપવાની વ્યવસ્થા કરી શકાશે નહીં.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવા ટ્રોમા સેન્ટર

* ૩૨૧૭૨ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવા ટ્રોમા સેન્ટરને કાર્યરત કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવું ટ્રોમા સેન્ટર તા. ૨૨–૧૨–૨૦૧૫થી કાર્યરત કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત નવા ટ્રોમાં સેન્ટર પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં નવા ટ્રોમા સેન્ટર માટે કુલ ૮૯.૬૩ કરોડનો ખર્ચ થયેલ છે. |

શ્રી જીતેન્દ્રભાઇ ર. સુખડીઆ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે અમદાવાદની આ સિવિલ હોસ્પિટલની ટ્રોમા સેન્ટરની કામગીરી કેટલી પૂરી થઇ છે અને કેટલી બાકી છે તથા તેમાં ભવિષ્યના કેટલા ખર્ચનો અંદાજ છે તથા કઇ કઇ નવી સુવિધાઓ પ્રાપ્ત થશે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સમયસર જો કોઇ દર્દીને સારવાર મળી રહે તો એનો જીવ બચાવી શકાય છે, જેને ગોલ્ડન અવર કે પ્રાઇમ ટાઇમ કહેવામાં આવતો હોય છે. અકસ્માત થયેલો હોય કે હાર્ટ એટેક આવેલો હોય કે આવી બિમારીની અંદર વ્યક્તિને જીવ બચાવવાનું કામ કરી શકાય. એટલે જીવ બચાવવાનું કામ, જીંદગી બચાવવાનું કામ આ ટ્રોમા સેન્ટરની સારી કામગીરી હોય તો થઇ શકે. એવો સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે ત્યારે અમદાવાદના ટ્રોમા સેન્ટરનું વિસ્તૃતિકરણનું કામ ૩૦,૫૦૦ ચોરસ મીટરના ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ માટે રૂ.૧૨૫/– કરોડના ખર્ચનો અંદાજ હતો. તેમાં લગભગ મોટાભાગનું ૭૦થી ૮૦ ટકા ભાગનું કામ પૂર્ણ થયું છે. રૂ. ૮૯.૨૩ કરોડનો ખર્ચ થયો છે. પહેલા બે માળ છે એમનું સંપૂર્ણ રીતે કામ પૂર્ણ થયું છે અને હાલ એ કાર્યરત છે. જેમાં બે ઓ.ટી. સહિતનું કામ ચાલુ થઇ ગયું છે. હાલમાં ચાર ઓપરેશન થિયેટર સહિતનું કામ કરી દીધું છે. ટ્રોમા સેન્ટરની અંદર ભોંયતળીયાનો જે ભાગ છે તેમાં એક્સ–રે ઓપરેશન થિયેટર, માઇનોર સર્જિકલ ઓપરેશન થિયેટર, ઇમરજન્સી સર્જીકલ ડિપાર્ટમેન્ટ, ઇમરજન્સી મેડિસિન ડિપાર્ટમેન્ટ આ તૈયાર થઇ ગયા છે. પહેલો માળ છે એમાં આઇ.સી.યુ., પિડિયાટ્રીક, પિડિયાટ્રીક માટેનું આઇ.સી.યુ., ઓપરેશન થિયેટર, હોમો ડાયાલિસિસ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. બીજા માળની અંદર સર્વિસ ફ્લોર જેમ કે સેન્ટર સર્વિસીસ માટેનું અને મેડિકલ રેકર્ડ સ્ટોર અને સર્વરનું અને એક્યુબુટ સહિતની વ્યવસ્થા પૂરી થઇ ગઇ છે. ઉપરના બાકીના માળ છે તેની અંદર વધારાના કેટલાક ઓપરેશન થિયેટરો સહિતની સુવિધાઓ માટે લગભગ બાંધકામ પૂરું થઇ ગયું છે. કેટલુંક નાનું મોટું કામ બાકી છે. એ પણ તાત્કાલિક પૂરું કરીશું. અત્યારે ટ્રોમા સેન્ટર ઓલ રેડી ચાલુ કરી દીધું છે. એટલા માટે વિસ્તૃત જાણકારી આપું છું કે છઠ્ઠા માળે હેલી પેડ સહિતની વ્યવસ્થા કરીને ઇમરજન્સીમાં કોઇને હેલીકોપ્ટર ત્યાં ઉતારવું હોય તો એ ઉતારીને એને સારવાર મળી શકે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રોમા સેન્ટર કાર્યરત થયું માટે અભિનંદન. હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ વર્ષમાં રાજય સરકારે બે હજાર કરોડથી પણ વધારે રોકાણનું કર્યુ છે એ માટે હું રાજય સરકારને, ખાસ કરીને મુખ્યમંત્રીશ્રી, નાણા મંત્રીશ્રી, આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું. મારે આપની મારફત પૂછવું છે કે ટ્રોમા સેન્ટર કાર્યરત થયું છે ત્યારે સોનોગ્રાફી, એમ. આર. આઇ. અને સીટી સ્કેનની જે વ્યવસ્થા છે એ સિવિલના બીજા છેડે છે એ ટ્રોમા સેન્ટરની પાસે ક્યારે શરૂ કરવામાં આવશે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભ્યશ્રીએ જે બે હજાર કરોડની વાત કરી એ આખા સિવિલની વાત નથી, આ ટ્રોમા સેન્ટર ઇમરજન્સીમાં તાત્કાલિક જે દર્દી આવે એને ત્યાં આગળ સારવાર આપી અને વ્યવસ્થા કરવાની વાત છે. જેટલી સુવિધા ઇમીજીએટ જે જોઇએ એ બધી અહિંયા આગળ ઉપલબ્ધ થાય અને પછી એમ.આર.આઇ.ની

વ્યવસ્થા જોઇએ તો બાજુમાં એ જ કેમ્પસની અંદર બીજી પણ સુવિધા છે એટલે એમ.આર.આઇ. કે એવું કરવું હોય તો તાત્કાલિક ત્યાં આગળ કરવામાં આવતું હોય છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રોમા સેન્ટર બનાવ્યું એ બહુ સારું બનાવ્યું છે એમાં કોઇ શંકાને સ્થાન નથી પરંતુ ઘણી વખત ત્યાં જે દર્દીઓ આવતા હોય છે ગંભીર પ્રકારના દર્દીઓ તો વેન્ટીલેટરની સંખ્યા ઓછી પડે છે અને હોસ્પિટલમાં સુપ્રિટેન્ડન્ટ સાહેબ દ્વારા કહેવામાં આવે છે કે અત્યારે જગ્યા નથી આમાં અને અમારી પાસે વેન્ટીલેટર ઉપલબ્ધ નથી. માણસ જયારે ગંભીર બિમાર હોય તો સૌથી પહેલા એને વેન્ટીલેટરની જરૂર પડતી હોય છે તો યોગ્ય સંખ્યામાં આપ વેન્ટીલેટર વધારવા માગો છો કે કેમ? અને બીજું આ ટ્રોમા સેન્ટરનું કુલ ફોર્મ મને બતાવોને, મને ખબર જ નથી. ટ્રોમા સેન્ટરનું કુલ ફોર્મ મને કહો. નામ આપો.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એ તાત્કાલિક સારવાર વિભાગ છે. માનનીય સભ્યશ્રીને મારે એ કહેવું હતું કે એમણે વેન્ટીલેટર માટેની વ્યવસ્થાની વાત કરી છે તો વેન્ટીલેટર જેટલા જોઇએ એટલી વ્યવસ્થા છે. દર્દીઓ માટે જોઇએ તો પણ વેન્ટીલેટરની વ્યવસ્થા ઇમીજીએટ કરવામાં આવી છે. મારે બીજા વેન્ટીલેટરનો પ્રશ્ન નથી કરવો પરંતુ આ સારવારનો જયાં સુધી સવાલ છે ત્યાં સુધી અત્યારે જેટલા વેન્ટીલેટરની વ્યવસ્થા છે એ ૧૫૫ જેટલા દર્દીઓ ડે ટુ ડે આવતા હોય છે એમને સારવાર ટ્રોમા સેન્ટરમાં આપવામાં આવે છે પરંતુ હજી આવનારા સમયની અંદર બે માળ ઉપરના જે તૈયાર કરવા જઇ રહ્યા છીએ ત્યાં જરૂર પડે તો વધુ સુવિધા પણ ઉભી કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી ફકત બે માહિતી જ લેવી છે. આ ટ્રોમા સેન્ટર બન્યું છે ખુબ સારું બન્યું છે. અમે ઉદઘાટનમાં ગયા હતા અને મેં પોતે મારી ગ્રાંટમાંથી સ્ટીલના બાંકડા ટ્રોમા સેન્ટરમાં આપ્યા છે. આર.એમ. પટેલ સાહેબે જે વાત કરી કે ટ્રોમા સેન્ટરમાં આવ્યા પછી જે એમ.આર.આઇ., સીટી સ્કેન કે એકસ રે, ટ્રોમા સેન્ટરમાં આવ્યા પછી ઇમીજીએટ આની જરૂર પડતી હોય છે, એના માટે ટ્રોમા સેન્ટરમાં લાવ્યા પછી એ પેશન્ટને એમ.આર.આઇ. કરવા માટે કે સીટી સ્કેન કરવા માટે પાછા બીજા બિલ્ડીંગમાં લઇ જવું પડે છે એટલે આ મશીનરી છે એ તાત્કાલિક સરકાર ત્યાં એના બજેટ મુજબ વસાવવા માગે છે કે કેમ? અને બીજું જે મંત્રીશ્રીએ કીધું કે હેલિપેડ બનાવવામાં આવ્યું છે તો હેલિપેડ તૈયાર થઇ ગયું છે? અને જો તૈયાર થઇ ગયું હોય તો એક પણ વખત હેલિકોપ્ટર આવ્યું છે કે નહીં અને એના ઉપર કોઇ ટ્રાયલ લેવામાં આવી છે કે કેમ એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સુવિધા એક–બે વર્ષ માટેની નથી પણ ભવિષ્યમાં જે સુવિધા ઉભી થશે, જે જરૂરિયાતો ઉભી થશે એ માટે તેની પણ જોગવાઇ કરવામાં આવી છે એટલે ભવિષ્યમાં હેલિકોપ્ટરની જરૂર પડે તો ઇમરજન્સીમાં ઉતારી શકાય. સી.ટી. સ્કેન અને એ બધાની ત્યાં જોગવાઇ છે જ પરંતુ એમ.આર.આઇ. સહિતની સુવિધા ત્યાં આગળ આવેલા દર્દીને કોઇ મુશ્કેલી ન પડે એ માટે ભવિષ્યનું જે આયોજન છે એ પ્રમાણે એમાં પણ આગળ વધીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : હેલિપેડ બન્યા પછી ત્યાં ટ્રાયલ લીધેલો છે? કારણ કે એક રુલ્સ હોય છે, નોમ્સ હોય છે કે હેલિપેડ બન્યા પછી લેન્ડીંગ માટે ટ્રાયલ લેવાનો હોય છે તો એ લીધેલો છે કે નહીં?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, છઠ્ઠા માળે હેલિપેડ બનાવવામાં આવ્યું છે, એ માળનું હજી કેટલુંક કામ બાકી છે, મેં હમણાં જ કહ્યું કે શરૂઆતમાં ત્રણ માળ બની ગયા છે, એ જે નિયમ હશે એ પ્રમાણે કરીશું.

સોનગઢ–ઓટા રસ્તાને પહોળો કરવા બાબત

* ૩૨૧૪૧ શ્રી કાંતીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ તાપી જિલ્લાનાં સોનગઢ–ઓટા રસ્તાને પહોળો કરવા માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) ટેન્ડર તબક્કે |
| (૩) ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થશે ? | (૩) અંદાજીત રૂ. ૩૯૮૫.૦૦ લાખ |

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું પ્રગતિશીલ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા ખૂબ તેજીલા એવા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો આભાર માનીશ. એટલા માટે આભાર માનીશ કે માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીએ કહ્યું કે ટોપટીપ રસ્તાઓ છે એ સત્ય વાત છે. અમારે ત્યાં વળાંકવાળા રસ્તાઓ ટોપટીપ રસ્તા છે એને પહોળા કરવા માટે સરકારે ૩,૯૮૫ લાખ રૂપિયા આપ્યા છે એ બદલ હું સરકારનો પણ આભાર માનું છું. સાથોસાથ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સોનગઢ–ઓટા રસ્તાનું કામ ટેન્ડર તબક્કે છે એવું માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે તો હાલ આ ટેન્ડરની શું સ્થિતિ છે તથા કામના અંદાજોમાં કઇ કઇ જોગવાઇઓ કરેલ છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કાંતિભાઇની વાત સાચી છે. આ ખૂબ

અગત્યનો રસ્તો છે. માનનીય સભ્યશ્રીએ પણ ચિંતા કરી રજૂઆત કરી હતી. એને ધ્યાનમાં રાખીને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ રસ્તાને મંજૂરી આપી છે. આ સોનગઢ–ઓટા રસ્તો ૧૨.૮ થી ૫૭.૦૭૫ એટલે ૪૪.૨૭૫ કિલોમીટર લંબાઇનો છે અને રાજ્ય ધોરીમાર્ગ કક્ષાના રસ્તાને ૩.૬૬ મીટરથી પહોળો કરી ૫.૫ મીટર પહોળો કરવા માટે તા. ૨૧–૧–૨૦૧૭ના રોજ સરકારમાંથી ૩,૯૮૫ લાખની મંજૂરી આપવામાં આવેલ હતી. આ જે ટેન્ડર પ્રક્રિયામાં હતું એ ટેન્ડર પ્રક્રિયામાં જે માન્ય ટેન્ડરો આવ્યા હતા એમાં નીચા ભાવે ટેન્ડર આવ્યું હતું એ ટેન્ડરને તા. ૨૩–૩–૨૦૧૭ના રોજ મંજૂર કરવામાં આવ્યું છે. હવે એની ડિપોઝીટ ભરાઇ જાય પછી વર્ક ઓર્ડર આપીને એનું કામ વહેલામાં વહેલી તકે ચાલુ થાય એવા પ્રયત્નો છે. એમની બીજી વાત હતી કે આ કામગીરીની અંદર કઇ કઇ જોગવાઇઓ કરવામાં આવી છે. એમાં જે જોગવાઇ કરવામાં આવી છે એમાં ૩.૬૬ મીટરથી વધારી ૫.૫ મીટર રસ્તો પહોળો કરવાનો છે. જી.એસ.પી. ગ્રેડ–૫ના ૧૫૦ એમ.એમ. બન્ને બાજુ પહોળો કરવાનો છે. જી.એસ.પી. ગ્રેડ–૧ ૧૮૦ એમ.એમ. ૧.૩૦૦ મીટર બન્ને બાજુ પહોળો કરવાનો છે. ડબલ્યુ.એમ.એમ. ૨૫૦ એમ.એમ. ૧.૨૫૦ મીટર બન્ને બાજુ પહોળો કરવાનો છે. (અંતરાય) જોગવાઇ કરી છે એની માહિતી આપું છું. ૫.૫ મીટર પહોળો કરીને બન્ને બાજુ રસ્તો એવો સરસ કરવાનો છે કે એ રસ્તાની અંદર કોઇ તકલીફ ન પડે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ખૂબ અભિનંદનને પાત્ર એટલા માટે છે કે રૂપાણી સાહેબ અને નીતિનભાઇએ ૧ લાખ કિલોમીટરના નોન પ્લાનના રસ્તા પ્લાનમાં તૈયાર કરવાની શરૂઆત કરી હોય તો ભારતીય જનતા પાર્ટીએ કરી છે. સાડા પાંચ મીટરને સાડા સાત મીટર અને સાડા સાત મીટરને ૧૦ મીટર કરવાની જો કોઇએ શરૂઆત કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. મારો પ્રશ્ન એ છે કે આ સોનગઢ–ઓટા રસ્તો છે એ વિસ્તારનો હું પ્રભારી છું ત્યારે મારે જાણવું છે કે આ વિસ્તારના કેટલા ગામોને અને કેટલી વસતિને આનો લાભ મળવાનો છે? આ મારી જવાબદારી છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે ચિંતા કરી એ વિસ્તારના એ પ્રભારી છે અને એમણે પણ રજૂઆત કરી હતી. આ રસ્તો બનવાથી જે ગામોને લાભ થવાનો છે એમાં ટોકરવા, ચીમકૂઇ, ખોખસા, દોણ, જામખડી, સાદડવેલ, કાનજી, અમલપાડા, મેઢા, હિંદલા, સાવણીયા, ઓઝર, ચીમેર, ખપાટીયા, મોપાડ, ગોલવણ, મલંગદેવ, કરવંદા, લાંગડ, સાદડુણ, સીનોદ, ઓટા આ ગામોને લાભ થવાનો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### સંખેડા તાલુકામાં વિસ્થાપિત ખેડૂતોને સિંચાઈનો લાભ

* ૩૩૮૩૬ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાંથી નર્મદા યોજનાની સંખેડા, ભીલોડીયા અને મિયાગામ બ્રાન્ચ કેનાલો પસાર થાય છે ઉક્ત કેનાલમાંથી સ્થાનિક ખેડૂતો અને નર્મદા યોજનાના વિસ્થાપિત ખેડૂતોની કેટલા હેક્ટર જમીનને સિંચાઈનો લાભ આપવાનો હતો,

(૨) ઉક્ત સ્થિતિએ સ્થાનિક ખેડૂતો અને વિસ્થાપિત ખેડૂતોની કેટલા હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળે છે ,અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખેડૂતોની જમીન સિંચાઈથી વંચિત રહેવાના કારણો શું અને ઉક્ત ખેડૂતોને કેટલા સમયમાં સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સ્થાનિક ખેડૂતો–૨૦૯૫૦ હેક્ટર અને વિસ્થાપિત ખેડૂતો–૨૮૯૭ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ આપવાનો હતો તે પૈકી ઉક્ત સ્થિતિએ સ્થાનિક ખેડૂતોને–૨૦૪૪૪ હેક્ટર અને વિસ્થાપિત ખેડૂતોને–૨૮૯૭ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળે છે. જ્યારે બાકીના ૫૦૬ હેક્ટર વિસ્તારમાં ટૂંક સમયમાં સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

---------

### પંચમહાલ જિલ્લામાં સીએનજી સ્ટેશનો

* ૩૨૧૦૪ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા પંચમહાલ જિલ્લામાં કુલ ૬ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.

- હાલોલ – ૨ સીએનજી સ્ટેશનો

- કાલોલ – ૧ સીએનજી સ્ટેશન
- ગોધરા – ૩ સીએનજી સ્ટેશનો

આગામી વર્ષ ૨૦૧૭–૧૮માં પંચમહાલ જિલ્લામાં ઘોઘંબા તથા ગોધરા ખાતે વધુ નવા બે સીએનજી સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા પંચમહાલ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા હાલોલ, કાલોલ, ગોધરા, વાવડી, ગડુકપુર, કોટડા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

રાજ્યમાં આયુર્વેદિક હોમિયોપેથિક ડોક્ટરોની કરાર આધારીત નિમણૂંક

* ૩૩૫૫૨ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૫–૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં આરોગ્ય કમિશ્નરની કચેરી મારફતે ૧૧ માસના કરાર આધારીત કેટલા આયુર્વેદિક અને હોમિયોપેથિક ડોક્ટરોની ભરતી કરવામાં આવી, | (૧) કુલ–૨૩૨૦ આયુર્વેદિક અને હોમિયોપેથીક ડોક્ટરોની ભરતી કરવામાં આવી. |
| (૨) તે પૈકી અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/બક્ષીપંચ અને સામાન્ય જાતિના કેટલા ડોક્ટરોની ભરતી કરવામાં આવેલ છે, | (૨) તે પૈકી કેટેગરી પ્રમાણે ભરતી કરવામાં આવેલ નથી. |
| (૩) આ ભરતીમાં સરકારના ધારા ધોરણ મુજબ અનામતનું પ્રમાણ જાળવવામાં આવેલ છે કે કેમ, અને | (૩) ના જી. |
| (૪) જો 'ના' તો તેના કારણો શા છે ? | (૪) કરાર આધારિત જગ્યાઓમાં અનામત લાગુ પડતી નથી. |

---------

પંચમહાલ જિલ્લામાં સી.એન.જી સ્ટેશનો

* ૩૨૧૦૫ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સી.એન.જી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી ક્યાં તબક્કે છે અને, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા પંચમહાલ જિલ્લામાં કુલ ૬ સી.એન.જી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.<br>• હાલોલ – ૨ સી.એન.જી સ્ટેશનો<br>• કાલોલ – ૧ સી.એન.જી સ્ટેશન<br>• ગોધરા – ૩ સી.એન.જી સ્ટેશનો<br>આગામી વર્ષ ૨૦૧૭–૧૮માં પંચમહાલ જિલ્લામાં ઘોઘંબા તથા ગોધરા ખાતે વધુ નવા ૨ સી.એન.જી સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સી.એન.જી સ્ટેશનો દ્વારા ક્યા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે? | (૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા પંચમહાલ જિલ્લામાં સી.એન.જી સ્ટેશનો દ્વારા હાલોલ, કાલોલ, ગોધરા, વાવડી, ગડુકપુર, કોટડા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે. |

---------

ખંભાલીયા – પોરબંદર રાજ્ય ધોરીમાર્ગનું રીકાર્પેટીંગ

* ૩૩૮૩૯ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખંભાલીયા થી પોરબંદર સુધીનો રાજ્ય ધોરીમાર્ગ તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે કે કેમ, (૨) જો હા તો ઉક્ત ફરિયાદનું નિવારણ કરવા ઉક્ત સ્થિતિએ સરકારે શું આયોજન કરેલ છે, અને (૩) ઉક્ત રસ્તાનું મજબુતીકરણ કરીને ક્યાં સુધીમાં ડામર રીકાર્પેટીંગ કરવામાં આવશે ? | (૧), (૨) અને (૩) રસ્તો વાહનવ્યવહાર યોગ્ય હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

માતર તાલુકાના રસ્તાના મંજૂર કામો

* ૩૨૦૬૧ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લાના માતર તાલુકામાં છેલ્લા એક વર્ષમાં રસ્તાના કેટલા કામો મંજુર કરવામાં આવ્યા, અને | (૧) ૩૭ (સાડત્રીસ) |
| (૨) ઉક્ત કામગીરી માટે કેટલી રકમની મંજુરી મળેલ છે ? | (૨) રૂ. ૩૧૬૧.૦૫ લાખ |

---------

બગોદરા-તારાપુર-વાસદ-વડોદરા રોડનું બંધ કામ

* ૩૨૧૯૫ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ બગોદરા-તારાપુર-વાસદ-વડોદરાના બનતા રોડની કામગીરી કેટલા સમયથી બંધ છે, (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત બનતા રોડની કામગીરી બંધ રહેવાના કારણો શાં છે, અને (૩) ઉક્ત કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૧), (૨) અને (૩) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ બી.ઓ.ટી. હેઠળ હાથ ધરેલ આ કામ હાલમાં રોકાણકારની નાણાંકીય સધ્ધરતા નબળી પડતા તેમણે કામ બંધ કરેલ છે જે શરૂ કરવા માટે Harmonious Substitution ની પ્રક્રિયા હેઠળ નવા રોકાણકારને નિયુક્તિ કરી, આ કામ શક્ય તેટલું વહેલું પૂર્ણ કરવા સરકારશ્રી પ્રયત્નશીલ છે. |

---------

પંચમહાલ જિલ્લામાં સરકારી સહાય મેળવતી ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલો

* ૩૨૨૩૪ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તાલુકાવાર સરકારી સહાય મેળવતી ટ્રસ્ટ સંચાલિત કઈ હોસ્પિટલો છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તાલુકાવાર સરકારી સહાય મેળવતી ટ્રસ્ટ સંચાલિત નીચે મુજબની હોસ્પિટલો છેઃ-<br>(૧) કાલોલ તાલુકો<br>૧. શેઠ એન. એમ. જનરલ હોસ્પિટલ, કાલોલ.<br>૨. શ્રીમતિ જે.એમ.જી.મેટરનીટી હોસ્પિટલ, કાલોલ.<br>૩. જયંતિ હોસ્પિટલ, અડાદરા.<br>(૨) હાલોલ તાલુકો<br>૧. શ્રીમતિ કે.એસ.શેઠ સાર્વજનિક હોસ્પિટલ, હાલોલ.<br>૨. શ્રી પી.એમ.પરીખ જનરલ હોસ્પિટલ, હાલોલ.<br>૩. શ્રી નારાયણ આંખની હોસ્પિટલ, તાજપુરા. |
| (૨) ઉક્ત હોસ્પિટલોને રાજ્ય સહાયક ગ્રાન્ટ નિયમો અને સુધારા મુજબ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી? | (૨) આ હોસ્પિટલોને સહાયક અનુદાનના નિયમોનુસાર છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ નીચે મુજબ છે.<br>(૧) કાલોલ તાલુકો |

| ક્રમ | સંસ્થાનું નામ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ (૩૧-૧૨- |
|---|---|---|---|

| | | | ૧૬ સુધી) |
|---|---|---|---|
| ૧. | શેઠ એન. એમ. જનરલ હોસ્પિટલ, કાલોલ | ૧૬૬૮૪૫૦ | ૧૯૫૬૪૦૮ |
| ૨. | શ્રીમતિ જે.એમ.જી.મેટરનીટી હોસ્પિટલ, કાલોલ | ૩૪૫૮૪૦ | ૧૩૦૬૯૫૮ |
| ૩. | જયંતિ હોસ્પિટલ, અડાદરા | ૧૮૪૦૧૦૧ | ૮૨૮૬૨૪ |

(૨) હાલોલ તાલુકો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતિ કે.એસ.શેઠ સાર્વજનિક હોસ્પિટલ, હાલોલ | -- | -- |
| ૨. | શ્રી પી.એમ.પરીખ જનરલ હોસ્પિટલ, હાલોલ | ૨૨૦૦૦ | -- |
| ૩. | શ્રી નારાયણ આંખની હોસ્પિટલ, તાજપુરા | -- | -- |

હાલોલ તાલુકાની ઉક્ત સંસ્થાઓની છેલ્લા બે વર્ષમાં સહાય મેળવવાની દરખાસ્ત સરકારશ્રીને મળેલ નથી.

---------

સ્માર્ટ સીટી અંતર્ગત પંસદ થયેલ શહેરો

* ૩૨૧૨૦ શ્રી રાકેશ શાહ (એલિસ બ્રીજ) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત ગુજરાત રાજ્યના ક્યા શહેરોની ડિસેમ્બર ૨૦૧૬ની સ્થિતિએ પસંદગી થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના અંતર્ગત કેટલા શહેરમાં કુલ કેટલી રકમના કામોનો સમાવેશ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) અમદાવાદ, સુરત અને વડોદરા

(૨) સ્માર્ટ સીટી યોજના અંતર્ગત ત્રણેય શહેરોમાં નીચે મુજબના કામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

| શહેરનું નામ | કામોની સંખ્યા | કુલ રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| અમદાવાદ | ૧૧ | ૨૪૯૨ |
| સુરત | ૩૯ | ૨૫૯૭ |
| વડોદરા | ૪૩ | ૨૦૦૯ |
| કુલ | ૯૩ | ૭૦૯૮ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોન પ્લાન રસ્તાઓ

* ૩૩૭૯૭ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર નોન પ્લાન રસ્તાઓ કેટલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં ક્યા રસ્તાઓ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બનાવવામાં આવ્યા અને તે પેટે કેટલો ખર્ચ થયો, અને

જવાબ

(૧)

| જીલ્લો | રસ્તાની સંખ્યા |
|---|---|
| અરવલ્લી | ૮૯૪ |
| સાબરકાંઠા | ૩૯૫ |

(૨) અને (૩) મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વર્ષ ૨૦૧૬-૧૭ માં શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે સાબરકાંઠા જીલ્લાના ૨૫ રસ્તાઓ અને અરવલ્લી જીલ્લાના

(૩) ઉક્ત સ્થિતિએ બાકીના રસ્તાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

૧૭ રસ્તાઓ મળી કુલ ૪૨ રસ્તાઓ બનતી ત્વરાએ, બાકીના નાણાકીય જોગવાઈ અને તાંત્રિક અગ્રતાક્રમ અનુસાર.

---------

ઝાલોદ શહેરની પાણી પુરવઠા યોજનાને મંજૂરી

* ૩૨૦૭૯ શ્રી વિંછીયાભાઈ ભુરિયા (લીમખેડા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ના સ્થિતિએ ઝાલોદ શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે. | (૧) રૂ. ૮.૫૦ કરોડ |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મંજૂર થયેલ ઉક્ત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) કુલ ૧૦ કામો પૈકી ૬ કામો પૂર્ણ થયેલ છે અને ૪ કામો માટે ટેન્ડરીંગ કરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૭.૩૭ કરોડ |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે? | (૪) ઉક્ત સ્થિતિએ બાકી ૪ કામો માટે ટેન્ડરીંગ કરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

આણંદ અને વડોદરા જિલ્લાના નગરપાલિકાદીઠ શૌચાલયો

* ૩૩૮૨૭ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત આણંદ અને વડોદરા જિલ્લાની નગરપાલિકાવાર કેટલા શૌચાલય બનાવવામાં આવેલ છે,

(૧)

| ક્રમ | ન.પા.નું નામ | બનાવવામાં આવેલ શોચાલય |
|---|---|---|
| | આણંદ જિલ્લો | |
| ૧ | આણંદ | ૪૯૩૨ |
| ૨ | ખંભાત | ૧૯૧૮ |
| ૩ | પેટલાદ | ૨૪૪૯ |
| ૪ | બોરસદ | ૨૩૬૨ |
| ૫ | ઉમરેઠ | ૧૮૭૬ |
| ૬ | બોરિયાવી | ૨૭૨૯ |
| ૭ | ઓડ | ૨૨૬૧ |
| ૮ | આંકલાવ | ૨૦૬૫ |
| ૯ | વલ્લભ વિદ્યાનગર | ૬૧૦ |
| ૧૦ | કરમસદ | ૧૨૪૦ |
| ૧૧ | સોજીત્રા | ૬૯૭ |
| | વડોદરા જિલ્લો | |
| ૧ | ડભોઈ | ૨૫૫૪ |
| ૨ | પાદરા | ૮૦૦ |
| ૩ | કરજણ | ૧૨૩૬ |
| ૪ | સાવલી | ૧૭૩૪ |

(૨) ઉક્ત સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં કઈ નગરપાલિકાઓને ક્યારે ઓ.ડી.એફ જાહેર કરવામાં આવી, અને

(૨)

| (૨) | આણંદ જિલ્લો | |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૭–૦૯–૨૦૧૬ |
| ૨ | ખંભાત | ૨૯–૦૯–૨૦૧૬ |
| ૩ | પેટલાદ | ૦૨–૦૮–૨૦૧૬ |
| ૪ | બોરસદ | 0૩–૦૯–૨૦૧૬ |

| | | |
|---|---|---|
| ૫ | ઉમરેઠ | ૩૦-૦૯-૨૦૧૬ |
| ૬ | બોરિયાવી | ૨૯-૦૯-૨૦૧૬ |
| ૭ | ઓડ | ૨૦-૦૮-૨૦૧૬ |
| ૮ | આંકલાવ | ૨૦-૦૮-૨૦૧૬ |
| ૯ | વલ્લભ વિદ્યાનગર | ૨૬-૦૭-૨૦૧૬ |
| ૧૦ | કરમસદ | ૨૦-૦૮-૨૦૧૬ |
| ૧૧ | સોજીત્રા | ૨૬-૦૭-૨૦૧૬ |
| | વડોદરા જિલ્લો | |
| ૧ | ડભોઈ | ૧૫-૧૦-૨૦૧૬ |
| ૨ | પાદરા | ૨૦-૦૮-૨૦૧૬ |
| ૩ | કરજણ | ૧૨-૦૮-૨૦૧૬ |
| ૪ | સાવલી | ૦૩-૦૯-૨૦૧૬ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ ઉક્ત નગરપાલિકાઓને ક્યા સુધી ઓ.ડી.એફ જાહેર કરવાનું આયોજન છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ભરૂચ જિલ્લામાં સી.એન.જી સ્ટેશનો

* ૩૨૦૯૩ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-ડિસેમ્બર-૨૦૧૬ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી ક્યાં તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સી.એન.જી સ્ટેશનો દ્વારા ક્યા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે?

જવાબ

(૧) તા.૩૧-ડિસેમ્બર-૨૦૧૬ ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ જિલ્લામાં કુલ ૧૭ સી.એન.જી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.

- ભરૂચ - ૬ સીએનજી સ્ટેશનો
- અંકલેશ્વર - ૬ સીએનજી સ્ટેશનો
- જંબુસર - ૨ સીએનજી સ્ટેશનો
- વાલીયા - ૧ સીએનજી સ્ટેશન
- ઝગડીયા - ૧ સીએનજી સ્ટેશન
- વાગરા (દહેજ)- ૧ સીએનજી સ્ટેશન

તે ઉપરાંત વર્ષ ૨૦૧૬-૧૭માં ભરૂચ જિલ્લાના શેરપુરા, વાલિયા તેમજ નેત્રંગ ખાતે નવા ૩ સીએનજી સ્ટેશન બાંધકામ હેઠળ છે.

આગામી વર્ષ ૨૦૧૭-૧૮માં ભરૂચ જીલ્લાના હિંગાલા, ઉમલ્લા તેમજ ભરૂચ ખાતે વધુ નવા ૩ સીએનજી સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ વિસ્તારમાં ભરૂચ, કેલોદ, ઝાડેશ્વર, પાલેજ, અંકલેશ્વર વિસ્તારમાં અંકલેશ્વર, સજોદ, પાનોલી, જંબુસર, વાલીયા વિસ્તારમાં વટેરીયા, ઝગડીયા, વાગરા વિસ્તારમાં દહેજ શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

સાબરકાંઠા જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કાર્ડ

* ૩૨૦૭૧ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવાહડફ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા,

જવાબ

(૧) ૬૧,૮૯૫ લાભાર્થીઓને કાર્ડ આપ્યા.

| | |
|---|---|
| (૨) ઉકત જિલ્લામાં ઉકત સ્થિતિએ કેટલા દાવા મંજુર કરવામાં આવ્યા છે, અને | (૨) ૯૦૯૪ દાવાઓ મંજુર કરવામાં આવ્યા. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં દાવાઓ પેટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૧૨,૩૮,૪૮,૮૭૯/– મંજુર કરવામાં આવેલ છે. |

---------

હિંમતનગર શહેરની ભુગર્ભ ગટર યોજના માટે રકમ

* ૩૨૧૨૯ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત હિંમતનગર શહેરની ભૂગર્ભ ગટર યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ.૬૨.૯૦ કરોડ. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મંજૂર થયેલ ઉકત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) ૮૫ ટકા કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) ઉકત યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ.૬૨.૯૦ કરોડ. |
| (૪) ઉકત સ્થિતિએ ઉકત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ? | (૪) જૂન–૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

જામનગર જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કાર્ડ

* ૩૨૦૬૮ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર દક્ષિણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, | (૧) ૪૭,૧૭૨ લાભાર્થીઓને કાર્ડ આપ્યા. |
| (૨) ઉકત જિલ્લામાં ઉકત સ્થિતિએ કેટલા દાવા મંજુર કરવામાં આવ્યા છે, અને | (૨) ૧૨,૬૮૦ દાવાઓ મંજુર કરવામાં આવ્યા. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં દાવાઓ પેટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૧૨,૫૭,૬૦,૪૭૨/– મંજુર કરવામાં આવેલ છે. |

---------

જી.જી. હોસ્પિટલમાં દર્દીઓને બહારથી દવા લખી આપવા બાબત

* ૩૩૭૪૨ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગરની જી.જી.જનરલ હોસ્પિટલમાં ગરીબ અને અન્ય દર્દીઓને તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બહારથી દવાઓ લખી આપવામાં આવે છે તે ફરિયાદ સાચી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈમરજન્સી અને ગંભીર પ્રકારની બિમારીમાં ગરીબ દર્દીઓને RKS (આર.કે.એસ.) ફંડમાંથી કેટલી રકમની વર્ષવાર દવાઓ ખરીદીને આપવામાં આવી, અને | (૨) ફરિયાદને અનુલક્ષીને નહી પરંતુ છેલ્લા બે વર્ષમાં ઈમરજન્સી અને ગંભીર પ્રકારની બિમારીમાં ગરીબ દર્દીઓની સારવાર માટે રોગી કલ્યાણ સમિતિમાંથી નાણાંકીય વર્ષવાર નીચે મુજબ દવાઓ ખરીદવામાં આવેલ છે. |

| ક્રમ | નાણાંકીય વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | રૂ.૨,૩૪,૦૬,૨૬૨ |
| ૨ | ૨૦૧૫–૧૬ | રૂ.૨,૦૦,૨૭,૧૫૪ |

| | |
|---|---|
| (૩) ઉકત દર્દીઓને ઉકત હોસ્પિટલમાંથી દવા પુરી પાડવા શી વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે ? | (૩) પંડીત દિન દયાલ ઉપાધ્યાય જૈનેરીક ડ્રગ સ્ટોર તથા હોસ્પિટલ ખાતે તમામ દવાઓ પુરતા પ્રમાણમાં |

અતારાંકિત પ્રશ્નો

ઉપલબ્ધ રાખવામાં આવે છે.

---------

ખોરાણા–કણકોટ નોનપ્લાન રસ્તાનું રીકાર્પેટ કરવા

* ૩૨૦૫૯ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં રાજકોટ તાલુકાના ખોરાણા કણકોટ નોનપ્લાન રોડને રીકાર્પેટ કરવા બાબતે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ.૧૭૦.૦૦ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયામાં. |

---------

નર્મદા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારની લાંબી મુદતની સિંચાઈ ફંડ

* ૩૨૧૮૮ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નર્મદા યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારની લાંબી મુદતની સિંચાઈ ફંડ (LTIF) હેઠળ યોજનાને કેટલું નાણાંકિય ભંડોળ આપવામાં આવેલ છે? | નર્મદા યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારની લાંબી મુદતની સિંચાઈ ફંડ (LTIF) હેઠળ રૂ.૪૬૩ કરોડ આપવામાં આવેલ છે. |

---------

મેઘરજ–ફૂણોલ–સણઘાલ–ટીંટોઈ રોડનું સ્ટ્રેન્થનીંગ

* ૩૨૧૫૭ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ મેઘરજ–ફૂણોલ–સણઘાલ–ટીંટોઈ રોડનું સ્ટ્રેન્થનીંગના કામને ક્યારે મંજુરી મળેલ છે, અને | (૧) તા.૧૮–૧૧–૨૦૧૬ |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત કામ માટે કેટલી રકમની મંજુરી મળેલ છે ? | (૨) રૂ.૬૫૦.૦૦ લાખ. |

---------

ઈન્સ્ટીટયૂટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટરને ફાળવેલ ગ્રાન્ટ

* ૩૨૧૭૬ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્ધારા ઈન્સ્ટીટયૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદને સને ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્ધારા ઈન્સ્ટીટયૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદને સને ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

(રૂ.લાખમાં)

| વર્ષ | પ્લાન | નોન–પ્લાન | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૫–૧૬ | ૫૪૩૦ | ૮૧૮ | ૬૨૪૮ |
| ૨૦૧૬–૧૭ | ૪૮૮૬ | ૬૨૮ | ૫૫૧૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉકત સમય દરમ્યાન વર્ષવાર કુલ કેટલો ખર્ચ થયો? | (૨) ઉકત સમય દરમ્યાન વર્ષવાર નીચે મુજબનો ખર્ચ થયો. |

(રૂ.લાખમાં)

| વર્ષ | પ્લાન | નોન–પ્લાન | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૫–૧૬ | ૭૩૮૦ | ૮૧૮ | ૮૧૯૮ |
| ૨૦૧૬–૧૭ | ૫૭૭૦ | ૬૨૮ | ૬૩૯૮ |

## અતારાંકિત પ્રશ્નો

---------

### જૂનાગઢ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ

* ૩૨૨૦૭ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોવાર મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે, (૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં આવેલ બદરૂદીન એલોપેથીક ડીસ્પેન્સરી માંગરોળની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–૧ સામુહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–૨ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું *પત્રક–૩ સામેલ છે. |
| (૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે? | (૩) જે તં સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથકે વિકાસપથ

* ૩૩૮૨૩ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ક્યા તાલુકાનાં તાલુકા મથકે ૧૫ મીટરની પહોળાઈવાળા વિકાસપથ બનેલ છે, | (૧) તલોદ |
| (૨) ઉકત સ્થિતિએ તલોદ શહેરમાં ઉકત ૧૫ મીટર પહોળાઈનો અપ–ડાઉનવાળો વિકાસપથ બનેલ છે કે કેમ, | (૨) હા, જી. તલોદ નગરપાલિકામાં ''સુભાષચોક થી મઠનાકા સુધી'' ૧૨૧૦ મીટર લંબાઈનો તથા ૧૫ મીટર પહોળાઈનો વિકાસપથ બનેલ છે. |
| (૩) જો ના, તો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે, અને | (૩) કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૪) તે માટે ઉકત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ અંદાજવામાં આવેલ છે ? | (૪) રૂ.૨.૫૨ કરોડ. |

---------

### કનસાડ શહેરની ભુગર્ભ ગટર યોજના માટે રકમ

* ૩૨૦૭૮ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુવર્ણ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કનસાડ શહેરની ભુગર્ભ ગટર યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ.૨૦.૦૬ કરોડ. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મંજૂર થયેલ ઉકત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) પ્રથમ તબક્કામાં યોજનાના સ્યૂચર કલેકટીંગ સિસ્ટમ તથા આનુસાંગિક કામો પૂર્ણ થયેલ છે. બીજા તબક્કામાં STPના કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ઉકત યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ.૧૮.૫૯ કરોડ. |
| (૪) ઉકત સ્થિતિએ ઉકત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ? | (૪) સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ STPના કામો ટેંડરીંગ કરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

### કેન્સર હોસ્પિટલ અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ

* ૩૨૧૭૭ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેન્સર હોસ્પિટલ અમદાવાદને સને ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬– | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેન્સર હોસ્પિટલ અમદાવાદને સને ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં |

૧૭ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી કુલ ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ગ્રાન્ટ ફાળવેલ છે.

(રૂ.લાખમાં)

| વર્ષ | પ્લાન | નોન-પ્લાન | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૫૮૯૮.૦૫ | ૨૮૮૫.૯૮ | ૮૭૮૪.૦૩ |
| ૨૦૧૬-૧૭ (ડિસે.૨૦૧૬ સુધી) | ૪૧૭૨.૯૫ | ૨૯૧૧.૫૭ | ૭૦૮૪.૫૨ |

(૨) ઉકત સ્થિતિએ ઉકત સમય દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) ઉકત સ્થિતિએ ઉકત સમય દરમ્યાન વર્ષવાર નીચે મુજબ કુલ ખર્ચ થયેલ છે.

(રૂ.લાખમાં)

| વર્ષ | પ્લાન | નોન-પ્લાન | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૫૮૯૮.૦૫ | ૩૯૬૮.૬૧ | ૯૮૬૬.૬૬ |
| ૨૦૧૬-૧૭ (ડિસે.૨૦૧૬ સુધી) | ૪૧૭૨.૯૫ | ૩૪૭૯.૨૮ | ૭૬૫૨.૨૩ |

---------

ગાંધીનગર જિલ્લામાં જાહેર શૌચાલયના નવીનીકરણ અને સમારકામ પાછળ થયેલો કુલ ખર્ચ

* ૩૩૮૪૮ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જાહેર શૌચાલયનાં નવીનીકરણ અને સમારકામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૧)

| તાલુકાનું નામ (નગરપાલિકા વિસ્તાર) | ખર્ચ રૂ.(લાખમાં) |
|---|---|
| દહેગામ | શુન્ય |
| માણસા | ૧.૯૯ |
| પેથાપુર | શુન્ય |
| કલોલ | શુન્ય |

(૨) ઉકત સ્થિતિએ ઉકત સમયગાળામાં કલોલ શહેરમાં જાહેર શૌચાલય બનાવવા અંગેની કેટલી અરજી કે માંગણીઓ સરકારને મળેલ છે, અને

(૨) શૂન્ય.

(૩) ઉકત સ્થિતિએ મળેલ અરજીઓ કે માંગણીઓ સંદર્ભે સરકારે શા પગલાં ભર્યા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વડોદરા પ્રયોગશાળા દ્વારા ઔષધના નમૂનાઓની ચકાસણી

* ૩૨૦૮૯ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ વડોદરા પ્રયોગશાળા દ્વારા સને ૨૦૧૬ના વર્ષ દરમ્યાન ઔષધના કેટલા નમુનાઓની ચકાસણી કરવામાં આવેલ છે,

(૧) ૧૦૭૨૫ નમુનાઓ.

(૨) ઉકત સ્થિતિએ ઉકત પૈકી કેટલા નમુનાઓ પ્રમાણસર ધોરણના અને કેટલા નમુનાઓ અપ્રમાણસર ધોરણના માલુમ પડયા, અને

(૨) ૧૦૨૭૪ નમુનાઓ પ્રમાણસર ૪૫૧ નમુનાઓ અપ્રમાણસર.

(૩) ઉકત સ્થિતિએ સન ૨૦૧૬ના વર્ષમાં અપ્રમાણસર દવાના કિસ્સામાં શું પગલાં લેવામાં આવ્યા ?

(૩) સને ૨૦૧૬ના વર્ષ દરમિયાન અપ્રમાણસર જાહેર થયેલ દવાના કિસ્સામાં લેવામાં આવેલા પગલાંની વિગતો નીચે મુજબ છે.

- ૨૪ કિસ્સામાં ઉત્પાદકના પરવાના સ્થગિત

કરવામાં આવ્યા.

- ૧૩૩ કિસ્સામાં પેઢીને કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે.
- અન્ય રાજ્યના ઉત્પાદકોની અપ્રમાણસર દવાના ૨૯૪ કિસ્સાઓમાં જે તે રાજ્યના ઔષધ નિયંત્રકને પગલા લેવા માટે રીફર કરવામાં આવેલ છે.

---------

ખેડા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની ઉપલબ્ધ જગ્યાઓ

* ૩૨૦૬૯ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કુલ-૧૪ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એકપણ તબીબી અધિકારી વર્ગ-૨ ઉપલબ્ધ નથી, અને | (૨) (૧) એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત સેવા ઉપલબ્ધ કરવા શું પગલા ભરવામાં આવેલ છે ? | (૩) હાલ ખેડા જિલ્લાના તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમા તબીબી અધિકારી વર્ગ-૨ ઉપલબ્ધ છે. |

---------

રાજ્યમાં મેડીકલની પોસ્ટ ગ્રેજ્યુએટ સીટો

* ૩૨૩૦૨ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં મેડીકલની પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી) ની કેટલી સીટો છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં મેડીકલની પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી)ની કુલ-૧૫૪૯ સીટો છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સીટો વધારવામાં આવી, અને | (૨) છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં વર્ષવાર નીચે મુજબ સીટોમાં વધારો થયેલ છે.<br>વર્ષ — પીજીની વધેલ બેઠકો<br>૨૦૧૫-૧૬ — ૨૬<br>૨૦૧૬-૧૭ — ૩૮ |
| (૩) રાજ્યમાં મેડીકલની સીટો વધે તે માટે રાજ્ય સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી છે ? | (૩) એમસીઆઈના નોમ્સ મુજબની જરૂરીયાતો પરિપૂર્ણ કરી છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં પી.જી.ની ૬૪ બેઠકોમાં વધારો કરાવેલ છે. |

---------

આણંદ શહેરની ભુગર્ભ ગટર યોજના માટે રકમ

* ૩૨૧૩૦ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુવર્ણ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આણંદ શહેરની ભૂગર્ભ ગટર યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ.૧૪૮.૦૭ કરોડ. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મંજૂર થયેલ ઉકત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) યોજનાના ભાગ-૧ અંતર્ગત સ્યૂયર કલ્કટીંગ સિસ્ટમ તથા આનુસાંગિક કામો ૭૫ ટકા પૂર્ણ થયેલ છે. |
| (૩) ઉકત યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ.૬૬.૩૨ કરોડ. |
| (૪) ઉકત સ્થિતિએ ઉકત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ? | (૪) પ્રગતિ હેઠળના કામો મે-૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. તથા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) ના કામો ટેન્ડરીંગ કરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે. |

## અતારાંકિત પ્રશ્નો

---------

### કેશોદના સરોડ પાડોદર રોડને પહોળો કરવા બાબત

* ૩૨૦૬૦ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં કેશોદના સરોડ પાડોદર ચાંડીગઢ રોડને પહોળો કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ.૩૦૪.૦૦ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

### રાજ્ય સરકાર દ્વારા ખેલાડીઓને શિષ્યવૃતિ આપવાની યોજના

* ૩૨૧૫૩ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય રમત ગમત, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિનાઓના મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા ખેલાડીઓને શિષ્યવૃતિ આપવાની યોજના હેઠળ કેટલી શિષ્યવૃતિ આપવામાં આવે છે, અને | (૧) રૂ.૨૫૦૦/– વાર્ષિક. |
| (૨) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧ જાન્યુઆરી–૧૭ સુધીમાં કેટલી શિષ્યવૃતિ ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૪,૫૨,૫૦૦/– |

---------

### દાહોદ જિલ્લામાં મંજૂર થયેલ નવા પેટા આરોગ્ય કેન્દ્રો

* ૩૨૧૩૬ શ્રી રણજીત ગીલીટવાલા (સુરત–પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આરોગ્ય સેવાઓ પુરી પાડવા દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે, | (૧) એકપણ નહિં. |
| (૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે ઉકત સ્થિતિએ કેટલા પેટા કેન્દ્રો મળવાપાત્ર છે અને તેની સામે કેટલા મંજુર કરવામાં આવ્યા છે અને કેટલી ઘટ છે, અને | (૨) મળવાપાત્ર– ૬૪૫<br>મંજુર– ૬૩૭<br>ઘટ– ૦૮ |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) નવા પેટા આરોગ્ય કેન્દ્રોના સ્થળો નક્કી કરતાં સમયે આ બાબતે પણ વિચારણા કરવામાં આવશે. |

---------

### સ્માર્ટ સીટી પસંદ થયેલ શહેરો

* ૩૨૦૭૭ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્માર્ટ સીટી મિશન અંતર્ગત રાજ્યના કયા શહેરોની ડીસેમ્બર–૨૦૧૬ની સ્થિતિએ પસંદગી થયેલ છે, અને | (૧) અમદાવાદ, સુરત અને વડોદરા |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના અંતર્ગત કેટલા શહેરમાં કુલ કેટલી રકમનાં કામોનો સમાવેશ કરવામાં આવેલ છે ? | (૨) સ્માર્ટ સીટી યોજના અંતર્ગત ત્રણેય શહેરોમાં નીચે મુજબના કામોનો સમાવેશ કરવામાં આવેલ છે. |

| શહેરનું નામ | કામોની સંખ્યા | કુલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| અમદાવાદ | ૧૧ | ૨૪૯૨ |

| | | |
|---|---|---|
| વડોદરા | ૪૩ | ૨૦૦૯ |
| કુલ | ૯૩ | ૭૦૯૮ |

---------

પાલનપુર અને ડીસા શહેરોમાં ચાયનીઝ/સીન્થેટીક/કાચ પાવડર મિશ્રીત દોરી અને તુક્કલના ઉપયોગ પર પ્રતિબંધ

* ૨૮૯૭૪ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સમગ્ર રાજ્યમાં પતંગ માટે વપરાતી ચાઈનિઝ પ્રકાર/સીંન્થેટીક/કાચપાવડર મિશ્રીતદોરી અને તુક્કલના ઉત્પાદન/ખરીદવેચાણ અને ઉપયોગ કરવા પર વન અને પર્યાવરણ વિભાગે સને ૨૦૧૦ થી કાનૂની પ્રતિબંધ મુક્યો છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી.<br>વન અને પર્યાવરણ વિભાગ દ્વારા પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ની કલમ–૫ હેઠળ તા.૧૬–૧૨–૨૦૧૦, તા.૨૧–૧૦–૨૦૧૧, તા.૨૯–૧૨–૨૦૧૬ ના રોજ દરેક મ્યુનિ.કમિશ્નરશ્રીઓ અને દરેક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓને પાકકા દોરા, કે જે પ્લાસ્ટીક અથવા આ પ્રકારના સિન્થેટીક મટીરીયલમાંથી બનાવવામાં આવે છે, જેને સામાન્યતઃ ચાઈનિઝ દોરીના નામે ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ અટકાવવા માટે જરૂરી આદેશો કરવામાં આવેલ છે.<br>જયારે તુક્કલથી થતા આગ જન્ય, સ્વાસ્થય તથા પર્યાવરણ સબંધિત સમસ્યાઓને ધ્યાને લઈ તુક્કલનો ઉપયોગ અટકાવવા દરેક પોલિસ કમિશ્નરશ્રીઓ, મ્યુનિ.કમિશ્નરશ્રીઓ અને જિલ્લા કલેકટરશ્રીઓને તા.૦૨–૦૭–૨૦૧૫ ના રોજ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ની કલમ–૫ હેઠળ જરૂરી આદેશો કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તે અન્વયે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તથા ડીસા જાન્યુઆરી ૨૦૧૭ના ઉતરાયણ તહેવાર પ્રસંગે કેટલી ચાયનીઝ પ્રકાર/સીન્થેટીક/કાચપાવડર મિશ્રીતદોરી તથા તુક્કલો પકડી પાડવામાં આવ્યા અને તે અન્વયે કેટલા સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પાલનપુર શહેરમાં ૨ (બે) સ્થળે ગેરકાયદેસર તુક્કલો રાખેલ પકડી પાડવામાં આવેલ અને ૨ વ્યક્તિઓ સામે ઈ.પી.કો. કલમ ૧૮૮ મુજબ કાર્યવાહી કરી બન્ને સામે ગુનો દાખલ કરવામાં આવેલ છે. |

---------

પાટણ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૩૨૧૬૭ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન પાટણ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને | (૧) રૂ. ૮૧.૩૫ કરોડ |
| (૨) ઉક્ત સ્થિતિએ પાટણ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ? | (૨) (૧) ઓઈલ એન્ડ ઓઈલ સીડ<br>(૨) કોટન જીનીંગ<br>(૩) ઓટોમોબાઈલ<br>(૪) પેટ્રોલિયમ પ્રોડકટ<br>(૫) સર્જિકલ ગ્લોવ્ઝ |

---------

વલ્લભીપુર શહેરની ભૂગર્ભ ગટર યોજના માટે રકમ

* ૩૨૦૮૦ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુવર્ણ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વલ્લભીપુર | (૧) રૂ. ૨૪.૧૦ કરોડ. |

શહેરની ભૂગર્ભ ગટર યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે,

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ ઉક્ત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૨૪.૧૦ કરોડ. |
| (૪) ઉક્ત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બોટાદ જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ફીઝીયોથેરાપિસ્ટની ઉપલબ્ધ સારવાર

* ૩૨૦૬૩ ડૉ. ટિ. ડી. માણીયા (બોટાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બોટાદ જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં છેલ્લા એક વર્ષમાં કેટલા ફિઝીયોથેરાપિસ્ટની સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા. જી. પાંચ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઉક્ત સારવાર ઉપલબ્ધ છે ? | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બોટાદ જીલ્લાના તમામ ૫ (પાંચ) સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ફિઝીયોથેરાપિસ્ટની સારવાર ઉપલબ્ધ છે. |

---------

વડોદરા અને રાજકોટ જિલ્લામાં કાર્યરત પ્રયોગશાળાઓ

* ૩૨૦૯૧ શ્રીમતિ ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વડોદરા અને રાજકોટ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ પ્રયોગશાળાઓ કાર્યરત છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ઉક્ત પ્રયોગશાળાઓ ઉક્ત સ્થિતિએ NABL પ્રમાણપત્ર ધરાવે છે કે કેમ ? | (૨) હા |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રયોગશાળાઓ NABL પ્રમાણપત્ર ક્યારે મળેલ છે ,અને | (૩) વડોદરા પ્રયોગશાળાને વર્ષ ૨૦૦૮ થી અને રાજકોટ ખાતેની પ્રયોગશાળાને વર્ષ ૨૦૧૫ થી NABL પ્રમાણપત્ર મળેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રયોગશાળાઓને કેટલા ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે ? | (૪) વડોદરા પ્રયોગશાળાને ૯૦ (નેવુ) અને રાજકોટ ખાતેની પ્રયોગશાળાને ૮૧ (એક્યાસી) ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે. |

---------

વિજાપુરમાં નવા વિશ્રામગૃહની મંજૂરી

* ૩૨૧૯૧ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વિજાપુરમાં નવું વિશ્રામગૃહ બનાવવાની મંજૂરી છેલ્લે ક્યારે આપવામાં આવી, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યવાહી કયા તબક્કે છે અને કેટલા સમયમાં ઉક્ત બાંધકામ પૂર્ણ થશે ? | (૧) અને (૨) : જિલ્લા પંચાયત હસ્તકનાં રેસ્ટ હાઉસની જગ્યાએ રાજ્ય હસ્તકનું વિશ્રામગૃહ બાંધવા તા. ૨–૦૯–૨૦૧૫ના રોજ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ, જે અન્વયે જિલ્લા પંચાયત દ્વારા જમીનની તબદીલી થયેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

---------

મહેસાણા તાલુકાના નદાસા–મરતોલી રોડને પહોળો કરવા બાબત

* ૩૨૧૫૨ શ્રી રજનીકાંત પટેલ (બેચરાજી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સને ૨૦૧૬-૧૭ વર્ષમાં મહેસાણા તાલુકાના નદાસા મરતોલી તેજપુરા રોડને પહોળો કરવા રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ પેટે કેટલો ખર્ચ થાય તેમ છે ?

(૨) બનતી ત્વરાએ. રૂ. ૩૯૨.૦૦ લાખ.

---------

### ભાવનગર જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૩૨૦૬૭ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ (દક્ષિણ)) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ તા. ૧-૪-૨૦૧૬ થી તા. ૩૧-૧-૨૦૧૭ દરમિયાન ભાવનગર જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૫૭૬.૬૭ કરોડ |
| (૨) ભાવનગર જિલ્લાની સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટી કઈ છે ? | (૨) (૧) શીપ બ્રેકર<br>(૨) ગેસ<br>(૩) ટોબેકો<br>(૪) ઓટોમોબાઈલ<br>(૫) આયર્ન એન્ડ સ્ટીલ |

---------

### સુઈગામ-સિધાડા રસ્તાનું મજબૂતીકરણ

* ૩૨૧૪૪ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ સાંતલપુર તાલુકા સરહદી વિસ્તારના પાટણ જિલ્લા હદમાં આવેલ સુઈગામ સિધાડાના રસ્તાનું મજબુતીકરણ માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સુચિત કામગીરી માટે ઉક્ત સ્થિતિએ કેટલી અંદાજી રકમ મંજૂર કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૧૦૦.૦૦ લાખ. |

---------

### રાજ્યમાંથી આંતરરાજ્ય કક્ષાએ નકલી દવાનું રેકેટ

* ૩૨૦૮૭ શ્રી દુષ્યંત પટેલ (ભરૂચ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં રાજ્યમાંથી આંતરરાજ્ય કક્ષાએ નકલી દવા અંગેનું રેકેટ પકડી પાડવામાં આવેલ છે, તે હકિકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) છેલ્લા છ માસમાં રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મે.એસ.આર.એન્ટરપ્રાઈઝ, સરખેજ, અમદાવાદ તથા મે.શ્રધ્ધા હેલ્થ કેર, શાહીબાગ, અમદાવાદ ખાતે નકલી દવાઓ બાબતે દરોડા પાડેલ અને આ નકલી દવાઓ અન્વયે સને ૧૯૪૦ નો ઔષધ અને સૌદર્ય પ્રસાધન ધારા હેઠળ દવાઓના નમૂનાઓ લીધેલ અને અન્ય બાકી રહેલ દવાઓનો જથ્થો જપ્ત કરેલ છે. જેની અંદાજિત કિંમત આશરે રૂ.૫૧.૦૦ લાખ થાય છે. આ અંગે બન્ને પેઢીઓ સામે જે તે હદની પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. દાખલ કરવામાં આવેલ છે. |

તપાસમાં આ નકલી દવાઓની ખરીદી મે.યોગીની ફાર્મા, ગ્લાવીચર, મધ્યપ્રદેશ ખાતેથી કરેલ છે તેવું ધ્યાને આવતાં ડ્રગ કંટ્રોલર મધ્યપ્રદેશને વધુ તપાસ અર્થે જાણ કરવામાં આવેલ છે. તેમજ સમગ્ર કાર્યવાહીની જાણ ડ્રગ કંટ્રોલર જનરલ ઈન્ડિયા, નવી દિલ્હીને કરેલ છે.

---------

જામનગર મહાનગર પાલિકાને ગ્રાન્ટની ફાળવણી

* ૩૨૦૮૪ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ની તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ.૯૪.૦૦ કરોડ અને વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ.૧૧૨.૩૫ કરોડ ગ્રાન્ટની ફાળવણી તથા વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ.૯૪.૦૦ કરોડ અને ૨૦૧૬–૧૭માં રૂ.૯૭.૭૭ કરોડની ગ્રાન્ટ ચુકવણી કરવામાં આવેલ છે. |
| (૨) તે પરત્વે ઉકત સ્થિતિએ કેટલા કામો મંજૂર થયેલ છે, અને | (૨) ૭૩ કામો મંજૂર. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે ? | (૩) ૪૯ કામો પૂર્ણ. |

---------

જુનાગઢ તાલુકાના પત્રાપસર–વઘાવી નોનપ્લાન રસ્તાનું બાંધકામ

* ૩૨૧૪૮ શ્રી ગોવિંદભાઈ પરમાર (તાલાલા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં જુનાગઢ તાલુકાના પત્રાપસર–વઘાવી નોનપ્લાન રોડનું બાંધકામ સરકાર કરવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત કામ ક્યારે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) તા.૧૧–૦૮–૨૦૧૬ના રોજ રૂ.૫૭૦.૦૦ લાખનું. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કામ ક્યા તબક્કે છે ? | (૩) નકશા અંદાજો તબક્કે. |

---------

બનાસકાંઠા જિલ્લામાં રસ્તાઓ અને નાળાઓની મરામત

* ૩૨૨૨૪ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સને ૨૦૧૫માં બનાસકાંઠા જિલ્લામાં ભારે પુર અને વરસાદના કારણે રસ્તાઓ અને નાળાઓ તુટી ગયા હતા તે ઉકત સ્થિતિ સુધી મરામત કરવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત સત્વરે કામગીરી નહીં કરવાના કારણો શાં છે અને ઉકત જિલ્લામાં તાલુકાવાર ઉકત સ્થિતિએ કેટલા રસ્તા–નાળાની મરામત ક્યારે હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) ના, જી. મરામતની કામગીરી સત્વરે હાથ ધરવામાં આવેલ છે, તથા પુનઃબાંધકામ માટે મંજુર કરેલ ૫૨૬ કામો પૈકી ૨૩૭ પૂર્ણ, ૨૮૨ પ્રગતિમાં, ૭ શરૂ થનાર, જે બનતી ત્વરાએ હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે.

| તાલુકા | મરામત માટે હાથ ધરવામાં આવેલ કામો |
|---|---|
| પાલનપુર | ૩૦ |
| દાંતીવાડા | ૨૮ |
| થરાદ | ૭૬ |
| વાવ | ૪૬ |
| સુઈગામ | ૬૧ |
| વડગામ | ૧૯ |
| દાંતા | ૧૮ |
| અમીરગઢ | ૧૯ |
| ડીસા | ૫૫ |
| લાખણી | ૪૦ |

| | |
|---|---|
| ધાનેરા | ૬૪ |
| ભાભર | ૨૬ |
| કાંકરેજ | ૧૮ |
| દિયોદર | ૨૬ |

---------

અરવલ્લી જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની ઉપલબ્ધ જગ્યા

* ૩૨૦૭૨ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે,

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એકપણ તબીબી અધિકારી વર્ગ-૨ની સેવા ઉપલબ્ધ નથી, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત સેવા ઉપલબ્ધ કરવા શું પગલા ભરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કુલ-૧૦ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે. તે પૈકી સામુહિક આરોગ્ય કેન્દ્ર શામળાજીનું સંચાલન ટ્રસ્ટને સુપ્રત કરેલ છે. રાજ્ય સરકાર હસ્તક-૯ સામુહિક આરોગ્ય કેન્દ્રો છે.

(૨) ઉકત સ્થિતિએ તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કુલ-૨૮ જગ્યાઓ મંજુર થયેલ છે. હાલમાં તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કુલ-૨૭ જગ્યાઓ ઉપલબ્ધ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

નર્મદા નિગમની વડોદરા શાખા નહેર પર સોલાર વીજ મથકની ક્ષમતા

* ૩૨૧૮૪ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ નર્મદાની વડોદરા શાખા નહેર પરના સોલાર આધારીત વીજ મથકની ક્ષમતા કેટલી છે, અને

(૨) તેનાથી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વીજળી ઉત્પન્ન થઈ છે ?

જવાબ

(૧) નર્મદા યોજનાની વડોદરા શાખા નહેર પરના સોલાર આધારિત વીજ મથકની ક્ષમતા ૧૦ મેગાવોટ છે.

(૨) તેનાથી તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩,૦૬,૭૭,૨૦૨ યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે.

---------

બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો

* ૩૨૦૯૪ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી ક્યાં તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જિલ્લામાં કુલ ૫ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.

- બોટાદ-૩ સીએનજી સ્ટેશનો
- ગઢડા- ૧ સીએનજી સ્ટેશન
- બરવાળા -૧ સીએનજી સ્ટેશન

  આગામી વર્ષ ૨૦૧૭-૧૮માં બોટાદ જિલ્લામાં ઢસા ખાતે વધુ એક નવું સીએનજી સ્ટેશન ઊભું કરવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા સામઢિયાળા, બોટાદ, ગઢડા, બરવાળા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

## અતારાંકિત પ્રશ્નો

### મહેસાણા જિલ્લામાં નર્મદા માઈનોરના બાકી કામો

* ૩૩૮૧૯ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નર્મદાની માઈનોર તથા સબ માઈનોર કેનાલના કેટલી લંબાઈના કામો બાકી છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નર્મદા યોજનાની ૫૩.૨૬ કિ.મી.ની માઈનોર અને ૫૬૪.૨૯ કિ.મી. સબ માઈનોર કેનાલના કામો બાકી છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત કામો કેટલા સમયમાં અને કેટલા ખર્ચે પુરા કરવાનું આયોજન છે ? | (૨) ઉકત સ્થિતિએ માઈનોર કેનાલના બાકી કામો બોરો એરીયા, સંપાદીત જમીનમાં ખેડુત વિરોધ જેવા કારણોનું નિવારણ થયા બાદ તેમજ યુટીલીટી ક્રોસિંગની પડતર મંજૂરીઓ સંબંધિત વિભાગ પાસેથી મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે સબ માઈનોરના કામો ખેડૂતોની સંમતિ મળ્યા, ત્રિપક્ષીય કરાર કર્યા બાદના ત્રણ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ખર્ચનો અંદાજ રૂ.૬૬.૦૧ કરોડ છે. |

---------

### ધરમપુર તાલુકામાં કોર્ટ મકાનનું કામ

* ૩૦૮૧૯ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં નવા કોર્ટના મકાનનું કામકાજ ક્યા તબક્કે છે, અને | (૧) બાંધકામ પૂર્ણતાને આરે. |
| (૨) કેટલા સમયમાં કેટલી રકમના ખર્ચ સાથે પુર્ણ થશે? | (૨) તા.૦૧–૦૪–૨૦૧૭ સુધીમાં, અંદાજીત રૂ.૭૩૯.૪૩ લાખના ખર્ચે. |

---------

### સુરેન્દ્રનગર જિલ્લામાં ભૂર્ગભ પાઈપ લાઈનથી સબમાઈનોરના કામો

* ૩૨૧૮૬ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી લંબાઈમાં ભૂર્ગભ પાઈપ લાઈનથી સબમાઈનોર કેનાલના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૬૧૪.૩૭૩ કી.મી. લંબાઈમાં ભૂર્ગભ પાઈપ લાઈનથી સબમાઈનોરના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત કામ અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ.૩૮૩૯૯.૦૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

### વલસાડ જિલ્લાની સુગર ફેક્ટરી પાસેથી લેવાતો પરચેઝ ટેક્ષ

* ૩૩૧૯૭ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આવેલ સુગર મિલ પાસેથી કયા દરે પરચેઝ ટેક્ષ લેવામાં આવે છે, | (૧) ૨% ના દરે. |
| (૨) ઉક્ત સ્થિતિએ શેરડીમાંથી ઉત્પન્ન થયેલ ખાંડ ઉપર કેટલા ટકા વેટ વસુલ કરવામાં આવે છે, અને | (૨) સંપૂર્ણ વેરા મુક્તિ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ સરકાર ખેડૂત પાસે અન્ય ટેક્ષ કે વેટ વસુલ કરતી હોય તો ઉક્ત ટેક્ષ માફ કરવા માંગે છે કે કેમ ? | (૩) ખેડૂત પાસેથી ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ અન્ય ટેક્ષ કે વેટ વસુલ કરવામાં આવતો નથી. |

---------

### વલસાડ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની ઉપલબ્ધ જગ્યાઓ

## અતારાંકિત પ્રશ્નો

* ૩૨૧૫૯ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કુલ–૧૧ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક પણ તબીબી અધિકારી વર્ગ–૨ ની સેવા ઉપલબ્ધ નથી, અને | (૨) ઉક્ત સ્થિતિએ તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ ની કુલ–૪૧ જગ્યાઓ મંજુર થયેલ છે. હાલમાં તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ ની કુલ–૩૬ જગ્યા ઉપલબ્ધ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સેવા ઉપલબ્ધ કરવા શું પગલા ભરવામાં આવેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સેવા ઉપલબ્ધ કરવા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

---------

### ધારીમાં રેસ્ટ હાઉસ બનાવવા બાબત

* ૩૩૭૮૨ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ધારી ખાતે રેસ્ટ હાઉસ બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) અને (૨) : સૈધ્ધાંતિક મંજૂરી રદ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત રેસ્ટ હાઉસની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | |

---------

### મહુવા તાલુકાના સથરા નૈપ કળસાર કોટડા રોડને પહોળો કરવા બાબત

* ૩૨૧૩૫ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના સથરા નૈપ કળસાર કોટડા રોડને પહોળો કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ. ૮૫૦.૦૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ કયા તબક્કે છે ? | (૩) નકશા અંદાજો તબક્કે. |

---------

### ગાંધીનગર જિલ્લામાં દિવેલવાળા મોયેલા ઘઉંથી લકવાની અસર

* ૩૨૨૦૦ શ્રીમતિ કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધાનગર જિલ્લામાં મોયેલા ઘઉં (દિવેલ વાળા)થી ઘણાં પરીવારોને લકવાની અસરો થઈ હતી તે અન્વયે કેટલા વેપારીઓ સામે ભેળસેળની તપાસ કરી પગલા લેવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૧ પેઢીઓની તપાસ કરવામાં આવેલ અને દિવેલના ૦૪ નમુનાઓ લીધેલ. જે નમુનાઓ પ્રમાણીત જાહેર થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ભળસેળીયા દિવેલનું વેચાણ બજારમાં ન થાય તે માટે સરકાર ઉક્ત સમયગાળામાં શા પગલાં લીધા | (૨) જાહેર જનતાને જરૂરી માર્ગદર્શન અર્થે દિવેલ વાપરતી વખતે શું શું સાવચેતી રાખવી તે વિશેનો જનજાગૃતિ સંદેશો આશરે ૪૦,૦૦૦ પેમ્ફલેટ દ્વારા ઘરે ઘરે પહોંચાડવામાં આવેલ તથા પ્રદર્શન વાન, ટેસ્ટીંગ વાન દ્વારા દોઢ માસ સુધી અસરગ્રસ્ત તેમજ આજુબાજુના વિસ્તારમોમાં ઘઉં/અનાજ મોવવા બાબતે લોકોને માર્ગદર્શન પહોંચાડેલ હતું. |

મોયેલા ઘઉંનો ઉપયોગ કર્યા બાદ તા. ૦૨-૦૭-૨૦૧૫ના રોજ દર્દીઓના પગમાં પગની નસો દબાઈ, પગના તળીયા જકડાઈ જવા, ચાલવામાં તકલીફ, લકવા જેવા લક્ષણો (પોલીન્યુરોપેથી) જોવા મળેલ જેની જાણ થતા તાત્કાલિક તાલુકા આરોગ્ય કચેરી દ્વારા જે તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ મારફતે જરૂરી સર્વેલન્સ અને સઘન સારવાર ચાલુ કરાવવામાં આવેલ.

તાલુકા આરોગ્ય કચેરી દ્વારા તાલુકાના ૯૦ જેટલા ગામોમાં દિન-૩ માં રેપીડ સર્વે રાઉન્ડ દ્વારા ૪૭,૧૨૩ જેટલા ઘરોની મુલાકાત લઈ આવા શંકાસ્પદ દર્દીઓને શોધી કાઢી જરૂરીયાતમંદ દર્દીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની એમ્બ્યુલન્સ મારફતે જે તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી દ્વારા અમદાવાદ સીવીલ હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે રૂબરૂમાં લઈ જઈ ન્યુરોફીઝીશીયનને બતાવી ઈન્ડોર દર્દી તરીકેની સેવાઓ અપાવેલ તેમજ તેઓને રોટરી કલબના સહયોગથી મફતમાં ફીઝીયોથેરાપીસ્ટની સારવાર કરાવવામાં આવેલ.

જીલ્લા કક્ષાએથી કલેક્ટરશ્રી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી, એપેડેમીયોલોજીસ્ટ, તાલુકા હેલ્થ ઓફિસર વગેરે દ્વારા દહેગામ તાલુકામાં અસર પામેલ વ્યક્તઓની મુલાકાત લેવામાં આવેલ.

રાજ્ય કક્ષાએ કમિશ્નરશ્રી (આરોગ્ય)ની અધ્યક્ષતામાં, અધિક નિયામકશ્રી (આરોગ્ય), નાયબ નિયામકશ્રી (એપેડેમીક) તથા મદદનીશ નિયામકશ્રી (એપેડેમીક) સાથે વિગતે પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવેલ.

તા. ૨-૯-૨૦૧૫ના રોજ તત્કાલિન માન. આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સ્થાનિક ધારાસભ્યશ્રી સાથે સ્થાનિક અધિકારીઓની મીટીંગ કરી માર્ગદર્શક સૂચનાઓ આપેલ. ત્યાર બાદ ખોરાકી ઝેરની ઘટનાથી ભોગ બનેલ વ્યક્તિઓ પાસેથી જાત માહિતી મેળવેલ તથા નાંદોલ અને ધારીશણા ગામના અસરગ્રસ્ત પરિવારોની મુલાકાત લીધી.

તમામ ગામોમાં લોકોને દિવેલ મોયેલા ઘઉં (ભેળસેળયુક્ત દિવેલવાળા) ખાવાથી વધુ નુકસાન ન થાય તેમજ અન્ય કેસો ન બને તે માટે જરૂરી આરોગ્ય શિક્ષણ તાલુકા માહિતી પ્રસારણ અધિકારી અને તાલુકા આરોગ્ય સુપરવાઈઝર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ. જેમાં ૧૧૩ જેટલી જૂથ ચર્ચા, ૨૭ જેટલી લઘુ શિબિર અને ૮ જેટલી ગુરૂ શિબિર યોજી જે તે ગામમાં આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ.

એ.ટી.વી.ટી. બેઠક તેમજ અન્ય બેઠકમાં પણ આ બાબતે અધિકારીશ્રી કે પદાધિકારીશ્રી દ્વારા સૂચવેલ સુચના મુજબની કામગીરી કરવામાં આવેલ હતી.

આજની તારીખે તમામ કેસો સંપૂર્ણ સાજા થઈ ગયેલ છે તેમજ કોઈ મરણ નોંધાયેલ નથી.

---------

## ૨૪મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### ખેડા અને આણંદ જિલ્લામાં વેપારીઓને લાઇસન્સ

* ૩૨૭૪૨ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (અમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ–૨૦૦૬ અન્વયે ખાદ્યચીજોનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરનારે લાઇસન્સ/રજીસ્ટ્રેશન લેવાનું ફરજિયાત છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં કેટલા વેપારી, દુકાનદાર તેમજ લારી–ગલ્લાવાળાઓને ઉક્ત લાઇસન્સ આપવામાં આવ્યા, | (૨) મહેમદાવાદ તાલુકામાં ૯૩ લાઇસન્સ અને ૪૧ રજીસ્ટ્રેશન તથા ખેડા તાલુકામાં ૬૪ લાઇસન્સ અને ૩૦ રજીસ્ટ્રેશન |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વેપારીઓને નિયત જથ્થા કરતા વધારે ચીજવસ્તુના ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરતા માલૂમ પડ્યા છે, અને | (૩) એક પણ નહીં. |
| (૪) ઉક્ત સ્થિતિએ તેમની સામે સરકાર દ્વારા શી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી અને ઉક્ત પૈકી કેટલા લોકોના લાઇસન્સ રદ કરવામાં આવ્યા ? | (૪) એક પણ નહીં. |

---------

### જૂનાગઢ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

* ૩૩૭૫૧ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શ્રી શહેરી વિકાસ યોજના UDP-78 અંતર્ગત ફાળવવામાં આવેલી ગ્રાન્ટ કે જેમાં એસ.સી.એસ.પી. (SCSP) તથા ટી.એ.એસ.પી. (TASP) ની રકમનો પણ સમાવેશ થાય છે તે ગ્રાન્ટમાંથી શહેરી સ્થાનિક સંસ્થાએ એસસી/એસ.ટી.ના નાગરિકોની મહત્તમ વસ્તી ધરાવતા વિસ્તારના જ કામો હાથ ધરવાના રહે છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો જૂનાગઢ નગરપાલિકાને રાજ્યસરકારે ઉપરોક્ત વિષયે સને ૨૦૧૬–૧૭ના વર્ષમાં ફાળવેલી કેટલી ગ્રાન્ટ તા. ૩૧–૧–૨૦૧૭ સુધીમાં એસસી/એસ.ટી. નાગરિકોની મહત્તમ વસ્તી ધરાવતા વિસ્તારમાં વાપરવાની સરકારી જોગવાઈ વિરૂધ્ધ વાપરી હોવા અંગે કેટલી ફરીયાદો રાજ્ય સરકારને તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ મળી છે, અને | (૨) ૩ (ત્રણ) |
| (૩) ઉક્ત ફરિયાદ અન્વયે રાજ્ય સરકારે જૂનાગઢ મહાનગરપાલિકા સામે શી કાર્યવાહી હાથ ધરી છે ? | (૩) ફરિયાદ અન્વયે આ યોજનાની નોડલ એજન્સી જીએમએફબીને તપાસ કરી હકીકતલક્ષી અહેવાલ રજૂ કરવા જણાવેલ છે. જે મળ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે. |

---------

### ઝાલોદ શહેરની પાણી પુરવઠા યોજનાને મંજૂરી

* ૩૨૧૨૪ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઝાલોદ શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ. ૮.૫૦ કરોડ |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મંજૂર થયેલ | (૨) કુલ ૧૦ કામો પૈકી ૬ કામો પૂર્ણ થયેલ છે અને ૪ |

ઉક્ત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, — કામો માટે ટેન્ડરીંગ કરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને — (૩) રૂ. ૭.૩૭ કરોડ

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ? — (૪) ઉક્ત સ્થિતિએ બાકી ૪ કામો માટે ટેન્ડરીંગ કરી સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

વલસાડ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૩૨૦૭૩ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત મુખ્યત્વે કઈ ગંભીર બીમારીઓવાળા કેટલા વિદ્યાર્થીઓ છે, અને

(૧) સામેલ * પત્રક મુજબ

પત્રક

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત મુખ્યત્વે ગંભીર બીમારીઓવાળા વિદ્યાર્થીઓની વિગત

| ક્રમ | તાલુકાનું નામ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨ | ૧ | ૧ |
| ૨ | પારડી | ૪ | ૦ | ૦ |
| ૩ | વાપી | ૨ | ૦ | ૦ |
| ૪ | ઉમરગામ | ૬ | ૦ | ૦ |
| ૫ | ધરમપુર | ૦ | ૦ | ૦ |
| ૬ | કપરાડા | ૨ | ૦ | ૧ |
| | કુલ | ૧૬ | ૧ | ૨ |

(૨) ઉક્ત સ્થિતિએ આ બીમાર વિદ્યાર્થીઓને સરકાર દ્વારા મુખ્યત્વે શી સારવાર આપવામાં આવી ?

(૨) ઉક્ત સ્થિતિએ આ ગંભીર બીમારીવાળા વિદ્યાર્થીઓને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

વડોદરા અને રાજકોટ જિલ્લામાં કાર્યરત પ્રયોગશાળાઓ

* ૩૨૧૧૩ શ્રી હર્ષ સંઘવી (મજૂરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વડોદરા અને રાજકોટ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ પ્રયોગશાળા કાર્યરત છે તે વાત સાચી છે, — (૧) હા, જી.

(૨) ઉક્ત પ્રયોગશાળાઓ ઉક્ત સ્થિતિએ NABL પ્રમાણપત્ર ધરાવે છે કે કેમ, — (૨) હા.

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રયોગશાળાઓ NABL પ્રમાણપત્ર ક્યારે મળેલ છે, અને — (૩) વડોદરા પ્રયોગશાળાને વર્ષ ૨૦૦૮ થી અને રાજકોટ ખાતેની પ્રયોગશાળાને વર્ષ ૨૦૧૫ થી NABL પ્રમાણપત્ર મળેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રયોગશાળાઓને કેટલા ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે ? — (૪) વડોદરા પ્રયોગશાળાને ૯૦(નેવું) અને રાજકોટ ખાતેની પ્રયોગશાળાને ૮૧ (એકયાસી) ટેસ્ટ પ્રમાણપત્ર

## ૨૪મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

મળેલ છે.

---------

મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

* ૩૨૨૦૨ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજુર કરવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં નગરપાલિકાઓમાં કોઈ ભૂગર્ભ ગટર યોજના મંજુર કરેલ નથી. પરંતુ મહીસાગર જિલ્લાની ૩(ત્રણ) નગરપાલિકાઓનો ભૂગર્ભ ગટર યોજનાઓ તા.૩૧–૧૨–૨૦૧૪ પહેલા મંજૂર થયેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે પાછળ મંજૂર થયેલ રકમ પૈકી ઉકત સ્થિતિ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં રમતગમત માટે ફાળવેલ રકમ

* ૩૩૮૩૫ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર રમત ગમત પ્રવૃત્તિ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉકત ફાળવેલ રકમ અન્વયે ઉકત વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ગીર સોમનાથ

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ રકમ (લાખમાં) | | કરેલ ખર્ચ (લાખમાં) | |
|---|---|---|---|---|---|
| | | તા.૧/૨/૨૦૧૫ થી તા.૩૧/૧/૨૦૧૬ | તા.૧/૨/૨૦૧૬ થી તા.૩૧/૧/૨૦૧૭ | તા.૧/૨/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | તા.૧/૨/૨૦૧૬ થી તા.૩૧/૧/૨૦૧૭ |
| ૧ | કોડીનાર | ૩૫.૮૩ | ૪૧.૭૬ | ૨૯.૨૮ | ૨૬.૮૫ |
| ૨ | સુત્રાપાડા | ૧૮.૨૮ | ૨૫.૧૮ | ૬.૨૧ | ૨૩.૭૫ |
| ૩ | ગીરગઢડા | ૧.૦૫ | ૪.૨૩ | ૦.૧૭ | ૨.૫૭ |
| ૪ | વેરાવળ | ૨૧.૧૬ | ૨૫.૬૫ | ૧૧.૪૧ | ૨૩.૩૭ |
| ૫ | તાલાલા | ૧.૨૫ | ૫.૧૮ | ૦.૩૭ | ૩.૫૭ |
| ૬ | ઉના | ૧.૭૦ | ૨.૧૦ | ૦.૮૨ | ૧.૪૭ |
| | કુલ | ૭૯.૨૭ | ૧૦૪.૧૦ | ૪૮.૨૬ | ૮૨.૨૮ |

(૨) જુનાગઢ

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ રકમ (લાખમાં) | | કરેલ ખર્ચ (લાખમાં) | |
|---|---|---|---|---|---|
| | | તા.૧/૨/૨૦૧૫ થી તા.૩૧/૧/૨૦૧૬ | તા.૧/૨/૨૦૧૬ થી તા.૩૧/૧/૨૦૧૭ | તા.૧/૨/૨૦૧૫ થી તા.૩૧/૧/૨૦૧૬ | તા.૧/૨/૨૦૧૬ થી તા.૩૧/૧/૨૦૧૭ |
| ૧ | જુનાગઢ | ૧૭.૨૪ | ૨૫.૬૭ | ૧૧.૧૩ | ૨૦.૨૭ |
| ૨ | માણાવદર | ૦.૩૦ | ૦.૩૧ | ૦.૨૪ | ૦.૨૯ |
| ૩ | વંથલી | ૦.૩૫ | ૧.૧૨ | ૦.૨૮ | ૧.૧૨ |
| ૪ | ભેંસાણ | ૦.૨૭ | ૦.૨૫ | ૦.૧૯ | ૦.૨૪ |
| ૫ | વિસાવદર | ૫૨.૫૬ | ૧૧૯.૯૧ | ૪૮.૨૩ | ૧૧૮.૫૨ |
| ૬ | કેશોદ | ૦.૮૮ | ૩૬.૨૬ | ૦.૮૧ | ૩૩.૪૮ |
| ૭ | મેંદરડા | ૦.૩૩ | ૦.૩૧ | ૦.૨૬ | ૦.૩૦ |
| ૮ | માંગરોળ | ૮.૦૩ | ૧૦.૫૦ | ૭.૯૬ | ૧૦.૪૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | માળીયા–હાટીના | ૧૨.૨૬ | ૧૭.૬૩ | ૧૨.૧૯ | ૧૭.૬૧ |
| | કુલ | ૯૨.૨૨ | ૨૧૧.૯૬ | ૮૧.૨૯ | ૨૦૨.૨૪ |

---------

રાજ્યમાં બાળકોના આરોગ્યની તપાસ

* ૩૨૦૬૪ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલા બાળકોની તપાસ કરવામાં આવી છે, અને

(૨) ઉક્ત તપાસ દરમ્યાન હૃદય, કેન્સર અને કિડની રોગોમાં સારવારની શું વ્યવસ્થા કરવામાં આવી છે ?

જવાબ

(૧) શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કુલ–૧,૫૫,૧૪,૨૩૬ બાળકોની તપાસ કરવામાં આવી છે.

(૨) ઉક્ત તપાસ દરમ્યાન હૃદય, કેન્સર અને કિડની રોગોમાં નીચે મુજબની સંસ્થાઓ ખાતે સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ. |
| કિડની | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

ડાકોર સેવાલીયા રોડને ચાર માર્ગીય કરવા બાબત

* ૩૨૦૬૨ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૧૫–૦૧–૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ડાકોર થી સેવાલીયા તરફના રાજ્ય ધોરી માર્ગને ચાર માર્ગીય કરવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ માટે કેટલી રકમની મંજુરી મળેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૫૭૦૦.૦૦ લાખ.

---------

સરકારી કર્મચારીને/અધિકારીને ઘરભાડા ભથ્થુ ૩૦% કરવા બાબત

* ૩૨૭૬૮ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : તા.૨૯–૩–૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૫૮૦૨ (અગ્રતાક્રમઃ ૧૩૭) ના અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સરકારી કર્મચારીઓ/અધિકારીઓના ઘરભાડા ભથ્થું ૩૦ ટકા કરવા બાબતનું મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સ, ખર્ચ વિભાગ, ભારત સરકારનું ઓફીસ મેમોરેન્ડમ તા.૩૧–૭–૨૦૧૫ના સરકારને મળેલ હતું અને તે લાગુ કરવા માટે રાજ્ય સરકાર તમામ પાસાઓનો વિચાર કરી યોગ્ય સમયે નિર્ણય લેવાની હતી તો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સરકારે કોઈ પાસાઓનો વિચાર કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા પ્રકારની વિચારણા ક્યારે કરી અને શી કાર્યવાહી કરી અને ઉક્ત મેમોરેન્ડમનો ક્યારે અમલ કરવામાં આવશે ?

જવાબ

(૧) હા.

(૨) કેન્દ્રીય સાતમાં પગારપંચની ભલામણોને અનુલક્ષીને રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારીઓના ભથ્થાં તેમજ પગાર તફાવતની રકમની ચુકવણી અને પગાર વિસંગતતા વિગેરે બાબતોની વિચારણા કરવા અર્થે નાણા

| | |
|---|---|
| | વિભાગના તા.૧૦-૧૦-૨૦૧૬ના ઠરાવથી અધિકારીઓની તેમજ મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિ દ્વારા વિવિધ મુદ્દાઓ પરત્વે વિચારણા કરી સરકારને અહેવાલ રજૂ કરશે અને ત્યારબાદ સદરહુ મેમોરેન્ડમના અમલ કરવા બાબતે વિચારણા કરવામાં આવશે. |

---------

રાજ્યમાં સ્ટેટ ફુડ સેફટી એપલેટ ટ્રીબ્યુનલની સ્થાપના

* ૩૨૦૮૮ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમા ''સ્ટેટ ફુડ સેફટી એપલેટ ટ્રીબ્યુનલ'' સ્થાપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો તે ક્યા ક્યા સ્થળોએ આવેલી છે, અને | (૨) ફુડ સેફટી એપલેટ ટ્રીબ્યુનલ, બ્લોક નં.૮, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે એક જ સ્થળે આવેલી છે. |
| (૩) ઉકત સ્થિતિએ સન ૨૦૧૬માં વર્ષમાં ઉકત ટ્રીબ્યુનલમાં કેટલી અપીલો થયેલ છે ? | (૩) ૧૪૫ |

---------

બનાસકાંઠા જિલ્લાના રસ્તાઓને ડામર સપાટીથી જોડવા બાબત

* ૩૨૧૯૩ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા રસ્તાઓને ડામર સપાટીથી જોડવા માટેની દરખાસ્તો/માંગણી સરકારને મળેલ છે, | (૧) *પરિશિષ્ટ-૧ મુજબ. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા અને કયા રસ્તાઓના કામની મંજૂરી આપવામાં આવી અને ઉકત પૈકી કેટલા કામો પૂર્ણ થયા, અને | (૨) અને (૩) *પરિશિષ્ટ-૨ મુજબના રસ્તાઓને મંજુરી આપવામાં આવેલ છે તે પૈકી પ્રગતિ હેઠળના તથા ટેન્ડર પ્રક્રિયા હેઠળના કામો બનતી ત્વરાએ. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરની નગરપાલિકા તરફથી ખોટા ઉત્તરો માટે મળેલી ફરીયાદો

* ૩૩૭૨૭ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૦-૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન ધારાસભ્યશ્રીઓએ ઉઠાવેલ મુદ્દાઓના બનાસકાંઠા જિલ્લાની પાલનપુર શહેરની નગરપાલિકા તરફથી ખોટા ઉત્તરો આપવામાં આવ્યાની સરકારને કેટલી અરજીઓ/ફરીયાદો મળી છે, અને | (૧) ૧ (એક) અરજી/ફરીયાદ મળેલ છે. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ જવાબદારો સામે લીધેલ કે લેવા ધારેલ પગલાંની વિગતો શું છે ? | (૨) ૧. રાજીવ આવાસ યોજના એ કેન્દ્ર અને રાજ્ય પુરસ્કૃત યોજના હોઈ પાલનપુર શહેરના જી.ડી.સી.આર. માં એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવાની જોગવાઈ ન હોઈ સર્ટીફીકેટ મળેલ નથી.<br>૨. પાલનપુર નગરપાલિકાને વિવિધ હેતુસર જમીનો ગ્રાન્ટ કરવા બાબતમાં નગરપાલિકાની જમીનો |

ઉપર ગેરકાયદેસર કબજાઓ કરેલ નથી.

૩. ૨૦૧૪-૧૭ સુધીના સમય દરમ્યાન પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં બનાવવામાં આવેલ વ્યકિતગત શૌચાલયોની યાદી તેમજ શૌચાલયના બાંધકામના ચુકવવામાં નાણાંની વિગત દર્શાવતું પત્રક તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની નામાવલી માન.ધારાસભ્યશ્રીને મોકલી આપવામાં આવેલ છે.

આમ, નગરપાલિકા તરફથી ખોટા ઉત્તરો આપેલ ના હોઈ, જવાબદારો સામે પગલાંનો પ્રશ્ન નથી.

---------

હિંમતનગર-તલોદ-ઉજેડીયા રોડનું મંજૂર કામ

* ૩૨૧૩૮ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૦-૧-૨૦૧૭ની સ્થિતિએ હિંમતનગર જિલ્લામાં હિંમતનગર-તલોદ-ઉજેડીયા રોડ, કિ.મી. ૮-૦ થી ૩૦-૮ ને ૧૦.૦૦ મી. પહોળો કરવાનું કામ ક્યારે મંજૂર થયેલ છે, અને | (૧) તા.૧૮-૧૧-૨૦૧૬. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત કામ માટે કેટલી રકમ મંજૂર થયેલ છે ? | (૨) રૂ.૪૫૦૦.૦૦ લાખ. |

---------

વડોદરા અને રાજકોટ જિલ્લામાં કાર્યરત પ્રયોગશાળાઓ

* ૩૨૧૧૨ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વડોદરા અને રાજકોટ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ પ્રયોગશાળાઓ કાર્યરત છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ઉકત પ્રયોગશાળાઓ ઉકત સ્થિતિએ NABL પ્રમાણપત્ર ધરાવે છે કે કેમ, | (૨) હા. |
| (૩) જો હા, તો ઉકત સ્થિતિએ ઉક્ત પ્રયોગશાળાઓ NABL પ્રમાણપત્ર ક્યારે મળેલ છે, અને | (૩) વડોદરા પ્રયોગશાળાને વર્ષ ૨૦૦૮ થી અને રાજકોટ ખાતેની પ્રયોગશાળાને વર્ષ ૨૦૧૫ થી NABL પ્રમાણપત્ર મળેલ છે. |
| (૪) ઉકત સ્થિતિએ ઉકત પ્રયોગશાળાઓને કેટલા ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે ? | (૪) વડોદરા પ્રયોગશાળાને ૯૦(નેવું) અને રાજકોટ ખાતેની પ્રયોગશાળાને ૮૧ (એકયાસી) ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે. |

---------

રાજ્યમાં માલના વેચાણ પર વેટ ઉપરાંત લેવામાં આવતો ટેક્ષ

* ૩૨૭૫૩ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં માલના વેચાણ ઉપર વેટ ઉપરાંત લેવામાં આવતો ૧% વધારાનો ટેક્ષ સરકારે ક્યારે અને કયા હેતુસર નાખેલ, અને | (૧) -રાજ્યમાં માલના વેચાણ ઉપર વેટ ઉપરાંત ૧% વધારાનો વેરો સરકારે તારીખ ૧-૦૪-૨૦૦૮ થી દાખલ કરેલ છે.<br>- રાજ્યમાં માનવ સંસાધનના વિકાસને પ્રાધાન્ય આપવાનો સરકારે નિર્ણય કરેલ, રાજ્યના સમતોલ આર્થિક અને સામાજિક વિકાસ માટે, માળખાકીય વિકાસ જરૂરી છે, વિકાસની ગતિને વધારવા માટે રાજ્યના એકત્રિત ભંડોળમાં વધારે નાણાંની જરૂરીયાત હોઈ આ જરૂરીયાતને પુરી કરવા, રાજ્યમાં વસ્તુઓના વેચાણ ઉપર લાગતા વેલ્યુ એડેડ ટેક્સ |

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સરકારશ્રીને છેલ્લાં બે વર્ષમાં ઉક્ત પેટે કેટલી આવક વર્ષવાર થઈ ?

ઉપરાંત વધારાનો વેરો નાખેલ છે.

(૨) (આવક રૂ. કરોડમાં)

| | ૨૦૧૫-૨૦૧૬ | ૨૦૧૬-૧૭ (૩૧/૧૨/૨૦૧૬ સુધી) |
|---|---|---|
| ૧%ના વધારાના દર મુજબ આવક | ૨૫૦૮-૮૩ | ૧૯૮૫.૧૭ |

---------

રાજ્યમાં એન.એ.બી.એલ. સર્ટીફીકેટ ઘરાવતી પ્રયોગશાળાઓ

* ૩૨૨૦૯ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ખોરાક પ્રયોગશાળા એન.એ.બી.એલ. (N.A.B.L.) સર્ટીફીકેટ ઘરાવે છે? | ૪ (ચાર) |

---------

વડોદરા અને રાજકોટ જિલ્લામાં કાર્યરત પ્રયોગશાળાઓ

* ૩૨૧૧૪ શ્રીમતિ મનિષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વડોદરા અને રાજકોટ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ પ્રયોગશાળા કાર્યરત છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ઉક્ત પ્રયોગશાળાઓ ઉક્ત સ્થિતિએ NABL પ્રમાણપત્ર ધરાવે છે કે કેમ, | (૨) હા. |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રયોગશાળાઓને NABL પ્રમાણપત્ર ક્યારે મળેલ છે, અને | (૩) વડોદરા પ્રયોગશાળાને વર્ષ ૨૦૦૮ થી અને રાજકોટ ખાતેની પ્રયોગશાળાને વર્ષ ૨૦૧૫ થી NABL પ્રમાણપત્ર મળેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રયોગશાળાઓને કેટલા ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે ? | (૪) વડોદરા પ્રયોગશાળાને ૯૦(નેવું) અને રાજકોટ ખાતેની પ્રયોગશાળાને ૮૧ (એક્યાસી) ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે. |

---------

જામનગર જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો

* ૩૨૦૯૫ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-ડિસેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા જામનગર જીલ્લામાં કુલ ૬ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.<br>• જામનગર – ૪ સીએનજી સ્ટેશનો<br>• ધ્રોલ – ૧ સીએનજી સ્ટેશન<br>• જોડિયા – ૧ સીએનજી સ્ટેશન<br>આગામી વર્ષ ૨૦૧૭-૧૮માં જામનગર જીલ્લામાં જામનગર શહેરમાં વધુ નવા ૨ સીએનજી સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ જામનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા જામનગર જીલ્લામાં ચેલા, સાપર, હાપા, ધ્રોલ, જોડિયા શહેરો/ ગામોને આવરી લેવામાં આવેલ છે. |

## અતારાંકિત પ્રશ્નો

---------

### મહેસાણા – વિસનગર રોડ છ માર્ગીય કરવાનું આયોજન

* ૩૨૧૩૭ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મહેસાણા–વિસનગર રોડ (બિલાડી બાગથી માનવાઆશ્રમ ચોકડી સુધી) છ માર્ગીય પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામ માટે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૪૭૫.૦૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ કયા તબક્કે છે ? | (૩) વર્ક ઓર્ડર તબક્કે. |

---------

### ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રસ્તાઓ

* ૩૩૩૩૩ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ ખેડા જીલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કયા ગામે રસ્તાઓ બનાવવામાં આવ્યા ? | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત બનાવવા પાત્ર તમામ ગામો રસ્તાથી જોડાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### પોરબંદર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યાઓ

* ૩૨૦૭૦ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર થયેલ છે, અને | (૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુલ–૧૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે અને ઉક્ત પૈકી કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ઉક્ત જગ્યાઓ ખાલી છે ? | (૨) ઉક્ત સ્થિતિએ તબીબી અધિકારી વર્ગ–૨ની કુલ–૧૧ જગ્યાઓ મંજુર થયેલ છે. અને તે પૈકી ૨ (બે) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૨ (બે) તબીબી અધિકારી વર્ગ–૨ની ખાલી છે. |

---------

### જામનગર અને દ્વારકા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ

* ૩૨૨૧૪ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ ધ્વારકા જિલ્લામાં જીલ્લાવાર સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોવાર મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) અને (૨) : દેવભૂમિ ધ્વારકા જીલ્લામાં આવેલ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખંભાળીયા અને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ધ્વારકાના મહેકમની વિગત દર્શાવતું *પત્રક–૧, જામનગર અને દેવભૂમિ ધ્વારકા જિલ્લામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રોના મહેકમની વિગત દર્શાવતું *પત્રક–૨ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મહેકમની વિગત દર્શાવતું *પત્રક–૩ સામેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે, અને | (૩) ઉક્ત સ્થિતિએ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલની એક વર્ષ કરતાં વધુ સમયની ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક–૪, સામુહિક આરોગ્ય કેન્દ્રની એક વર્ષ કરતા વધુ સમયની ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક–૫ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની એક વર્ષ કરતા વધુ સમયની ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક–૬ સામેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં | (૪) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા |

| | |
|---|---|
| સુધીમાં ભરવામાં આવશે ? | યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

સાયલા તાલુકામા સુખભાદર નદી પર નાળાનું બાંધકામ

* ૩૨૧૫૦ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં સાયલા તાલુકાના ભડલા નાગડકા રોડમાં આવતી સુખભાદર નદી પરના નાળાનું બાંધકામ સરકાર કરવા માંગે છે કે, કેમ | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉક્ત કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ.૧૮૦.૦૦ લાખ. |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત કામ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયામાં. |

---------

ભરૂચ જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો

* ૩૨૦૯૨ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–ડિસેમ્બર–૨૦૧૬ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) તા.૩૧–ડિસેમ્બર–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ જિલ્લામાં કુલ ૧૭ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ મુખ્ય તાલુકાઓમાં આવેલ છે.<br>• ભરૂચ – ૬ સીએનજી સ્ટેશનો<br>• અંકલેશ્વર – ૬ સીએનજી સ્ટેશનો<br>• જંબુસર – ૨ સીએનજી સ્ટેશનો<br>• વાલીયા – ૧ સીએનજી સ્ટેશન<br>• ઝગડીયા – ૧ સીએનજી સ્ટેશન<br>• વાગરા (દહેજ) – ૧ સીએનજી સ્ટેશન<br>તે ઉપરાંત વર્ષ ૨૦૧૬–૧૭ માં ભરૂચ જિલ્લાના શેરપુરા, વાલિયા તેમજ નેત્રંગ ખાતે નવા ૩ સીએનજી સ્ટેશન બાંધકામ હેઠળ છે.<br>આગામી વર્ષ ૨૦૧૭–૧૮ માં ભરૂચ જિલ્લાના હિંગાલા, ઉમલ્લા તેમજ ભરૂચ ખાતે વધુ નવા ૩ સીએનજી સ્ટેશનો ઉભા કરવાનું આયોજન છે. |
| (૨) ઉકત સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે ? | (૨) ઉકત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ વિસ્તારમાં ભરૂચ, કેલોદ, ઝાડેશ્વર, પાલેજ, અંકલેશ્વર વિસ્તારમાં અંકલેશ્વર, સજોદ, પાનોલી, જંબુસર, વાલીયા વિસ્તારમાં વટેરીયા, ઝગડીયા, વાગરા વિસ્તારમાં દહેજ શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે. |

---------

માણસા ગામનો રીંગરોડ બનાવવા બાબત

* ૩૨૫૬૨ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે | (૧) આ અંગે કોઈ માગણીઓ સરકાર સમક્ષ થયેલ |

| | |
|---|---|
| વર્ષમાં ગાંધીનગર જિલ્લાના માણસા ગામનો રીંગરોડ બનાવવા અંગે કેટલી માંગણીઓ સરકાર સમક્ષ થઈ, અને | નથી. |
| (૨) તે અન્વયે માણસા ગામને રીંગરોડ બનાવવા અંગે સરકાર દ્વારા ઉકત સ્થિતિએ શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) કોઈ માગણીઓ કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બાબરા-જામબરવાડા નાની કુંડળ રોડને પહોળો કરવા બાબત

* ૩૨૦૮૩ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં બાબરા તાલુકાના બાબરા-જામબરવાડા નાની કુંડળ રોડ સરકાર પહોળો કરવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ.૬૦૦.૦૦ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કામ ક્યા તબક્કે છે ? | (૩) નકશા અંદાજો તબક્કે. |

---------

આહવા-નવાપુરા રોડ પહોળો કરવા બાબત

* ૩૨૧૪૨ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ મહારાષ્ટ્રને જોડતાં ડાંગ જિલ્લાના આહવા-નવાપુરા રસ્તાની કિ.મી. ૨૫/૨૦ થી કિ.મી.૪૩/૨૦ ની લંબાઈમાં રસ્તાને ૭.૫૦ મી. પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) ટેન્ડર તબક્કે. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી માટે કેટલો ખર્ચ થયો ? | (૩) અંદાજીત રૂ.૧૮૨૦.૦૦ લાખ. |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ડામર વગરના નોન પ્લાન રસ્તાઓ

* ૩૩૮૫૪ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર અગીયાર વર્ષથી ડામર કામ ન થયા હોય એવા નોન-પ્લાન કેટલા રસ્તાઓ છે, અને

જવાબ

(૧)

| જિલ્લો | તાલુકો | રસ્તાની સંખ્યા |
|---|---|---|
| અરવલ્લી | મોડાસા | ૧૦ |
| | ધનસુરા | ૯ |
| | બાયડ | ૦ |
| | માલપુર | ૦ |
| | ભિલોડા | ૩ |
| | મેઘરજ | ૨ |
| સાબરકાંઠા | હિંમતનગર | ૦ |
| | ઈડર | ૨૬ |
| | વડાલી | ૧૨ |
| | પ્રાંતિજ | ૫ |
| | તલોદ | ૩ |
| | વિજયનગર | ૫ |
| | ખેડબ્રહ્મા | ૨ |

(૨) ઉકત નોન પ્લાન રસ્તાઓને ક્યાં સુધીમાં ડામર કામ કરવામાં આવશે ?

(૨) ૩૧ રસ્તાઓ બનતી ત્વરાએ, બાકીના નાણાકીય જોગવાઈ અને તાંત્રિક અગ્રતાક્રમ અનુસાર.

---------

જુનાગઢ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓને સ્ટેટ હાઈવે બનાવવાની દરખાસ્ત

* ૩૩૮૪૨ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના ક્યા રસ્તાઓને પંચાયત હસ્તકના રસ્તાઓમાંથી સ્ટેટ હાઈવેના રસ્તાઓ બનાવવા માટેની દરખાસ્ત સરકારમાં પડતર છે,

(૧) ના, જી.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત પૈકી ક્યા રસ્તાઓ માટેની દરખાસ્ત મંજુર કરવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ પડતર દરખાસ્તોના ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમદાવાદ શહેર અને જિલ્લામાં વેટ અન્વયે એક લાખથી વધુ બાકી રકમ

* ૩૨૨૨૭ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં વેટ અન્વયે રૂપિયા એક લાખથી વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા ઔદ્યોગિક એકમો કે વ્યાપારીગૃહો છે,

(૧) હા, જી

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારીગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને

(૨)

| ઔદ્યોગિક એકમો/વ્યાપારી ગૃહો | બાકી રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૩૩૪૧ | ૭૧૧૭.૩૧ |

(૩) ઉકત એકમો વેટ ચુકવતા ના હોય તો આવા એકમો સામે શી કાર્યવાહી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી છે ?

(૩) વિવિધ સત્તાધિકારીઓ દ્વારા આપવામાં આવેલ મનાઈહુકમ સિવાયના કેસોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન યોજના હેઠળ ગ્રાન્ટની માંગણી

* ૩૧૧૪૭ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર પાસેથી વર્ષવાર કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી,

(૧) શુન્ય.

(૨) તે પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉકત રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શું ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

નાંદોદ તાલુકાના ગોપાલપુરા ગામમાં સીમેન્ટ કોંક્રીટ રસ્તા બાબત

## અતારાંકિત પ્રશ્નો

* ૩૨૧૪૬ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાંદોદ તાલુકાના ગોપાલપુરા ગામે ગામતળમાં સીમેન્ટ કોંક્રીટ રસ્તો બનાવવા વર્ષ ૨૦૧૬–૧૭માં આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૨૦૧૬–૧૭ ના વર્ષમાં તા.૩૧–૦૧–૨૦૧૭ સુધીમાં કેટલી રકમ મંજુર કરેલ છે ? | (૨) રૂ.૧૦૦.૦૦ લાખ મંજુર. |

---------

### અમરેલી સિવિલ હોસ્પિટલને નવી મેડીકલ કોલેજમાં રૂપાંતરીત કરવા બાબત

* ૩૨૫૯૯ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧ જાન્યુઆરી–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી સિવિલ હોસ્પિટલને મેડીકલ કોલેજમાં રૂપાંતરીત કરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) કેન્દ્ર સરકારની સ્કીમ ફોર એસ્ટાબ્લિશમેન્ટ ઓફ ન્યુ મેડીકલ કોલેજીસ અટેચ્ડ વિથ એકઝીસ્ટીંગ ડિસ્ટ્રીક/રેફરલ હોસ્પિટલ અંતર્ગત અમરેલી સિવિલ હોસ્પિટલને અપગ્રેડ કરી નવી મેડિકલ કોલેજ સ્થાપવા તા.૭–૧૧–૨૦૧૪ થી કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત અંગે ક્યાં પ્રકારની મંજુરીઓ પ્રાપ્ત થયેલ છે અને ક્યાં પ્રકારની મંજૂરી મેળવવાની બાકી છે ? | (૨) કેબીનેટની મંજૂરી બાદ, હવે પછીના ફેઝમાં આ દરખાસ્તની વિચારણા કરવા કેન્દ્ર સરકારે જણાવેલ છે. દરખાસ્ત કેન્દ્ર સરકારની મંજુરીની રાહમાં છે. |

---------

### કચ્છ જિલ્લાની નગરપાલિકાને ગ્રાન્ટની ફાળવણી

* ૩૨૦૮૫ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. | (૧) વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ.૨૩.૬૦ કરોડ અને વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ.૨૮.૫૮ કરોડ. |
| (૨) તે પરત્વે ઉકત સ્થિતિએ કેટલા કામો મંજૂર થયેલ છે, અને | (૨) ૬૩૮ કામો. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયેલ છે ? | (૩) ૪૩૧ કામો. |

---------

### રાજકોટ અને મોરબી જિલ્લાની ટી. પી. સ્કીમો

* ૩૩૦૪૪ શ્રી મહમદ જાવિદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી અને રાજકોટ જિલ્લાની કેટલી ટી.પી. સ્કીમ તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુર કરવામાં આવી, | (૧) |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બન્ને જિલ્લાની જિલ્લાવાર કેટલી ટી.પી. સ્કીમ મંજૂરી માટે રાજ્ય સરકાર પાસે પડતર છે, અને | (૨) |

(૧)

| જિલ્લાનું નામ | મંજુર કરેલ ટી.પી. સ્કીમની સંખ્યા |
|---|---|
| (અ) મોરબી | એકપણ નહીં. |
| (બ) રાજકોટ | ૪ |

(૨)

| જિલ્લાનું નામ | મંજુર માટે પડતર ટી.પી. સ્કીમની સંખ્યા |
|---|---|
| (અ) મોરબી | એકપણ નહીં. |
| (બ) રાજકોટ | ૯ |

(૩) ઉક્ત ટી.પી. સ્કીમ પડતર રહેવાના કારણો શા છે ?

(૩) ટી. પી. સ્કીમ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે :–

(૧) નગર રચના અધિકારીશ્રી દ્વારા લીધેલ નિર્ણયોથી નારાજ થઈ મળેલ રજુઆતો અન્વયે નગર રચના અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવવાથી

(૨) મુસદ્દારૂપ નગર રચના યોજના કરતાં, મુળખંડની કપાતની ટકાવારીમાં મહત્વનો ફેરફાર કરેલ હોય અને અંતિમખંડની ફાળવણીમાં સ્થાનફેર કરેલ હોય, રસ્તા રેષામાં ફેરફાર કરેલ હોય તે બાબતોમાં અભિપ્રાય મેળવવામાં સમય પસાર થાય છે.

(૩) ક્ષેત્રફળમાં વિસંગતતા હોય તેમાં અભિપ્રાય મેળવવા સમય પસાર થાય છે.

(૪) જમીન સંપાદનની વિગતોમાં વિસંગતતા હોઈ, પૂરતી માહિતી/રેકર્ડ ન હોઈ, સમય વ્યતિત થાય છે.

---------

ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ કુટુંબો

* ૩૩૮૧૩ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા કુટુંબને આવરી લેવામાં આવ્યા છે, અને

(૧) ૧,૨૬,૯૫૨.

(૨) ઉક્ત યોજના અન્વયે જિલ્લાના કયા દવાખાનાઓમાં સારવાર આપવામાં આવે છે ?

(૨) *પત્રક–અ મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

આણંદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૩૨૨૨૧ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસણી કરવામાં આવી, અને

(૧) સામેલ *પત્રક–અ મુજબ

તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસણી કરેલ શાળાઓની વિગત

| ક્રમ | તાલુકાનું નામ | તપાસેલ શાળા | |
|---|---|---|---|
| | | વર્ષ–૨૦૧૬ | વર્ષ–૨૦૧૭ |
| ૧ | આણંદ | ૩૬૮ | ૩૮૯ |
| ૨ | ઉમરેઠ | ૧૬૩ | ૧૫૮ |
| ૩ | આંકલાવ | ૧૨૦ | ૧૧૨ |
| ૪ | બોરસદ | ૨૮૧ | ૨૯૮ |
| ૫ | પેટલાદ | ૨૨૪ | ૨૧૬ |
| ૬ | સોજીત્રા | ૮૬ | ૭૯ |
| ૭ | ખંભાત | ૨૧૫ | ૨૦૨ |
| ૮ | તારાપુર | ૫૬ | ૭૪ |
| | કુલ | ૧૫૧૩ | ૧૫૨૮ |

પત્રક–બ

તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસણી

દરમ્યાન મુખ્યત્વે જણાયેલ બિમારીઓની વિગત

| ક્રમ | બિમારીનું નામ | વર્ષ ૨૦૧૭ | વર્ષ ૨૦૧૭ |
|---|---|---|---|
| ૧ | પાંડુરોગ | ૧૪૩૫૪ | ૧૨૫૧૬ |
| ૨ | આંત્રકૃમિ | ૧૧૧૦૬ | ૯૧૨૧ |
| ૩ | દાંતની તકલીફ | ૫૧૨૯ | ૮૩૦૦ |
| ૪ | કાન–નાક–ગળાની તકલીફ | ૨૨૩૪ | ૩૧૫૬ |
| ૫ | ચામડી રોગ | ૨૫૪૭ | ૩૫૦૦ |
| ૬ | હૃદય | ૧૨૩ | ૧૪૯ |
| ૭ | કીડની | ૧૪ | ૩૬ |
| ૮ | કેન્સર | ૪ | ૪ |
| | કુલ | ૩૫૫૧૧ | ૩૬૮૮૨ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા બાળકોમાં મુખ્યત્વે કઈ બિમારીઓ જણાઈ અને તેમને કેવી સારવાર અપાઈ ?

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ બાળકોમાં મુખ્યત્વે જણાયેલ બિમારીઓની વિગત દર્શાવતું પત્રક–બ સામેલ છે. અને આ બાળકોને નીચેની વિગતે સારવાર આપવામાં આવી.

(૧) સ્થળ પર સારવાર.

(૨) વધુ બિમારીવાળા બાળકને સામુહિક આરોગ્ય કેન્દ્ર/જિલ્લા હોસ્પીટલ ખાતે સંદર્ભ સેવા

(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ. પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

છોટા ઉદેપુર જિલ્લામાં નર્મદા યોજનાની મેઈન કેનાલમાં જમીન ગુમાવનાર ખેડુતોને વળતર

* ૩૩૮૩૭ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકાઓમાંથી પસાર થતી નર્મદા યોજનાની મેઈન કેનાલમાં જમીન ગુમાવનાર (તાલુકાવાર) ખેડૂતોને વળતરની રકમ ચૂકવવાની બાકી છે, તે વાત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને ઉક્ત વળતરની રકમ ચૂકવવાની બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત વળતર ચૂકવણીમાં વિલંબ થવાના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્ય સરકારના પેન્શનરોને જુલાઈ, ૨૦૧૬ થી ૨% મોંઘવારીની ચુકવણી

* ૩૩૫૫૩ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૧૫-૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે પેન્શનરોને જુલાઈ, ૨૦૧૬ થી ૨% મોંઘવારી ભથ્થું ચુકવેલ નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત બાબતે ઉક્ત સ્થિતિએ સરકારનું શું આયોજન છે ? | (૨) આ બાબત વિચારણા હેઠળ છે. |

---------

### પાટણ જિલ્લામાં નવા પેટા આરોગ્ય કેન્દ્રો

* ૩૨૧૩૨ શ્રી અરવિંદભાઈ પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આરોગ્ય સેવાઓ પુરી પાડવા પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે, | (૧) ૧૧૨. |
| (૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે ઉક્ત સ્થિતિએ કેટલા પેટા કેન્દ્રો મળવાપાત્ર છે તથા તેની સામે કેટલા મંજુર કરવામાં આવ્યા છે અને કેટલી ઘટ છે, અને | (૨) મળવાપાત્ર - ૩૩૮<br>મંજુર - ૩૨૨<br>ઘટ - ૧૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) નવા પેટા આરોગ્ય કેન્દ્રોના સ્થળો નક્કી કરતાં સમયે આ બાબતે પણ વિચારણા કરવામાં આવશે. |

---------

### ભાવનગર જિલ્લાના નાના આસરાણા-ઉગલવાણ રોડનું મરામત

* ૩૩૮૪૧ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલીયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના નાના આસરાણા-ઉગલવાણ-બિલા રોડનું કામ ખાસ મરામત યોજના હેઠળ વર્ષ-૨૦૧૩માં મંજુર કરી કામ શરૂ કરવા જણાવ્યું હતું તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કામમાં થયેલ કયા પ્રકારની ગેરરીતીની ફરિયાદો મળી છે, અને | (૨) નબળુ મટીરીયલ વાપરવા, ડામરનું પ્રમાણ ઓછું વાપરવા, રોડની સપાટી તુટી જવા બાબતે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગેરરીતી સબબ જવાબદારો સામે શા પગલા ભર્યા ? | (૩) જવાબદારો સામે ખાતાકીય તપાસની કાર્યવાહી ચાલુ છે. |

---------

### નડિયાદ શહેરની ભુગર્ગ ગટર યોજના માટે ફાળવેલ રકમ

* ૩૨૧૨૮ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નડિયાદ શહેરની ભૂગર્ભ ગટર યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ. ૧૧૧.૨૦ કરોડ. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મંજૂર થયેલ ઉકત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) ઉકત યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૯૪.૦૪ |
| (૪) ઉકત સ્થિતિએ ઉકત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### સાણંદ બાયપાસ રસ્તો

* ૩૨૧૯૬ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ સાણંદ ખાતે બાયપાસ રસ્તા બનાવવાની કેટલી માંગણીઓ છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, અને | (૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ સાણંદ ખાતે બાયપાસ રસ્તા બનાવવાની અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળને કુલ-૬ માંગણી મળી છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ભારે ટ્રાફીકને સરળતા રહે તે હેતુથી ઉક્ત બાયપાસ રોડ બનાવવા સરકારે ઉક્ત સમયગાળામાં શા પગલા લીધા ? | (૨) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ડી.પી. ૨૦૨૧ માં ૬૦ મીટરના બાયપાસ રસ્તાનું આયોજન કરેલ છે. જેનો ટી.પી.માં સમાવેશ કરેલ છે. આ ઉપરાંત ૩૦ મીટરના ટી.પી. રસ્તાને બાયપાસ તરીકે મુકવાનું આયોજન અને અમલીકરણ કરવામાં આવેલ છે. તથા એજન્સીને તા. ૧-૩-૨૦૧૩ નં. ૧૮૫૮ થી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. પરંતુ GETCO, IOCL, FOREST DEPT. તથા Narmada Canal નું ક્રોસીંગ કરવાના થતા હતા તથા તેઓની NOC મેળવવાની કાર્યવાહી જારીમાં છે. |

---------

ગોધરા અને શહેરા તાલુકાના રસ્તાઓને જોબ નંબરો

* ૩૨૨૩૫ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના શહેરા અને ગોધરા તાલુકામાં ક્યા રસ્તાઓને છેલ્લે બે વર્ષમાં જોબ નંબર આપવામાં આવ્યા, | (૧) * પરિશિષ્ટ મુજબ |
| (૨) ઉકત સ્થિતિએ કયા રસ્તાના જોબ નંબરો આપવાના બાકી છે, અને | (૨) એક પણ નહિં. |
| (૩) બાકી રહેલ ઉક્ત રસ્તાઓને કેટલા સમયમાં જોબ નંબર આપી કામ શરૂ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ગાંધીનગર જિલ્લામાં પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી વર્ગ-૧ ની વિરુદ્ધ થયેલી ગેરરીતિની ફરિયાદો

* ૩૩૭૯૮ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી વર્ગ-૧ તરીકે ફરજ બજાવતાં કેટલા અધિકારીઓ વિરુદ્ધ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની ગેરરીતિઓની કેટલી ફરીયાદો સરકારને મળી, | (૧) ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી વર્ગ-૧ તરીકે ફરજ બજાવતાં અધિકારીઓ સામે તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં અર્થાત તા.૦૧/૦૧/૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૬ દરમ્યાન કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી અને જવાબદારો સામે શા પગલા લીધાં, અને | (૨) ઉપર મુજબ ફરિયાદ મળેલ ના હોઇ, પગલાં લેવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. |
| (૩) ઉક્ત અધિકારીઓ એક જ જગ્યાએ ૩ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતાં હોય તો તેને ન બદલવાનાં કારણો શા છે? | (૩) ફરિયાદ મળેલ ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

દેવગઢ બારીયા શહેરની પાણી પુરવઠા યોજનાને મંજુરી

* ૩૨૧૨૫ શ્રી વિછિયાભાઇ ભુરિયા (લિમખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ દેવગઢ બારીયા શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમ માટે મંજુરી આપવા આવેલ છે, | (૧) રૂ. ૪.૨૬ કરોડ. |
| (૨) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ મંજુર થયેલ ઉક્ત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) કામો પૂર્ણ થયેલ છે. |

(૩) ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) રૂ. ૩.૮૭ કરોડ.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાના બાકી રહેતા કામો પુર્ણ કરવા માટેનું શું આયોજન છે?

(૪) કામો પૂર્ણ થયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

આણંદ જિલ્લામાં હાનિકારક રસાયણોનું ઉત્પાદન

* ૩૩૮૨૯ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને આણંદ જિલ્લામાં હાનિકારક રસાયણોનું ઉત્પાદન કરતા અને જોખમી ઘન પ્રવાહી કચરાના યોગ્ય નિકાલ સુવિધા નહિ ધરાવતા કેટલા એક્મોની તપાસ કરવામાં આવી, અને | (૧) વડોદરા જિલ્લામાં હાનિકારક રસાયણોનું ઉત્પાદન કરતા ૪૪૯ તથા આણંદ જીલ્લામાં ૯૨ એકમો આવેલ છે.આ તમામ એકમો જોખમી ઘન કચરાનો યોગ્ય નિકાલ કરવાની વ્યવસ્થા ધરાવે છે. |
| (૨) તે અન્વયે કેટલા ઔધોગિક એકમો કસુરવાર જણાયા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વ્યારા શહેરની ભુગર્ભ ગટર યોજના માટે રકમ

* ૩૨૧૨૭ શ્રી મોહનભાઇ ઢોડીયા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ સુવર્ણ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વ્યારા શહેરની ભુગર્ભ ગટર યોજનાને કેટલી રકમ માટે મંજુરી આપવામાં આવેલ છે, | (૧) રૂ. ૪૦.૯૦ કરોડ. |
| (૨) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ મંજુર થયેલ યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) પ્રથમ તબક્કામાં યોજનાના સ્યુઅર કલેક્ટીંગ સિસ્ટમ અને આનુસાંગિક કામો ૯૦% પુર્ણ થયેલ છે. બીજા તબક્કામાં STPના કામો પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૨૨.૬૯ કરોડ. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાના બાકી રહેતા કામો પુર્ણ કરવા માટેનું શું આયોજન છે? | (૪) પ્રગતિ હેઠળના કામો એપ્રિલ-૨૦૧૭ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે તથા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ(STP)ના કામો ટેન્ડરીંગ કરી પુર્ણ કરવાનું આયોજન છે. |

---------

મીઠોઇથી ખંભાળીયાના અનુભાગનું મજબુતીકરણ

* ૩૨૧૪૩ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર (દક્ષિણ)) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ જામનગર-ખંભાળીયા-દ્વારકા રસ્તાનાં મીઠોઇથી ખંભાળીયા અનુભાગના મજબુતીકરણનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા,જી |
| (૨) જો હા, તો ઉક્ત કામ ઉક્ત સ્થિતિએ ક્યાં તબક્કે છે, અને | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થશે? | (૩) અંદાજે રૂ. ૯૫૦.૦૦ લાખ. |

---------

જી.જી હોસ્પિટલમાં બોગસ ડૉક્ટર

## અતારાંકિત પ્રશ્નો

* ૩૩૭૪૩ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગરની જી.જી સરકારી હોસ્પિટલમાં તા.૧૦/૨/૨૦૧૭ ના રોજ ઓર્થોપેડીક અને ટ્રોમા સેન્ટરમાં ૧૨ ધોરણ પાસ થયેલ બોગસ ડૉક્ટર તરીકે કામ કરતાં રંગે હાથ પકડાય ગયો હતો તે હકીકત સાચી છે કે કેમ્, | (૧) ના જી, |
| (૨) જો હા, તો ઉક્ત બનાવટી ડૉક્ટર કેટલા સમયથી ઉક્ત હોસ્પિટલમાં કામ કરતો હતો તથા તેણે કેટલા દર્દીઓની સારવાર કરી હતી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત પકડાયેલા બનાવટી ડૉક્ટર સામે શાં પગલાં લેવાયા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### રાજકોટ અને કચ્છ જિલ્લામાં કાર્યરત પ્રયોગશાળાઓ

* ૩૨૦૯૦ શ્રી બાવનજીભાઇ મેતલિયા (ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ વડોદરા અને રાજકોટ જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ પ્રયોગશાળા કાર્યરત છે તે વાત સાચી છે, | (૧) હા,જી |
| (૨) ઉક્ત પ્રયોગશાળાઓ ઉક્ત સ્થિતિએ NABL પ્રમાણપત્ર ધરાવે છે કે કેમ, | (૨) હા |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રયોગશાળાઓ NABL પ્રમાણપત્ર ક્યારે મળેલ છે અને, | (૩) વડોદરા પ્રયોગશાળાને વર્ષ ૨૦૦૮ થી અને રાજકોટ ખાતેની પ્રયોગશાળાને વર્ષ ૨૦૧૫ થી NABL પ્રમાણપત્ર મળેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રયોગશાળાઓને કેટલા ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે? | (૪) વડોદરા પ્રયોગશાળાને ૯૦(નેવું) અને રાજકોટ ખાતેની પ્રયોગશાળાને ૮૧ (એક્યાસી) ટેસ્ટ પ્રમાણપત્ર મળેલ છે. |

---------

### રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પી.એન.જી અને રાસાયણિક ખાતર પર વેટ અને સેસ

* ૩૨૨૦૬ શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સીએનજી, પી.એન.જી અને રાસાયણિક ખાતર ઉપર વેટ અને સેસ વસુલવામાં આવે છે?

જવાબ

| વિગત | વેટ | સેસ |
| --- | --- | --- |
| પેટ્રોલ | ૨૪% | ૪% |
| ડીઝલ | ૨૪% | ૪% |
| સીએનજી | ૧૨.૫%+૨.૫% વધારાનો વેરો | – |
| પી.એન.જી | ૧૨.૫%+૨.૫% વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪%+૧% વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર(પુન:વેચાણ) | માફી | – |

---------

### સાબરકાંઠા જિલ્લાની પ્રાંતિજ અને તલોદ નગરપાલિકાના સ્મશાનગૃહનું આધુનિકરણ

## ૨૪મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

* ૩૩૮૨૫ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની પ્રાંતિજ અને તલોદ નગરપાલિકામાં આવેલ સ્મશાનગૃહના આધુનિકરણ માટે રાજ્ય સરકારે કોઇ રકમ મંજુર કરેલ છે કે કેમ,

(૨) જો ના, તો તેના કારણો શું?

(૩) ઉક્ત બંને શહેરોમાં આધુનિક સ્મશાન બનાવવા કોઇ વિચારણા ઉક્ત સ્થિતિએ છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં આધુનિક સ્મશાન બનાવવામાં આવશે?

જવાબ

(૧)

| નં.પા.નું નામ | રુ.લાખમાં |
|---|---|
| પ્રાંતિજ | શુન્ય |
| તલોદ | ૧૫.૦૦ |

(૨) પ્રાંતિજ નગરપાલિકા તરફથી કોઇ દરખાસ્ત મળેલ નથી

(૩) દરખાસ્ત મળ્યેથી નિયમોનુસાર વિચારણા કરવામાં આવશે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### ગાંધીનગર જિલ્લામાં રમત ગમતનાં સંકુલ બનાવવાની મળેલ દરખાસ્તો

* ૩૩૮૪૯ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર જીલ્લામાં કયા શહેરોમાં રમત ગમત સંકુલ બનાવવા માટે સરકારને દરખાસ્તો મળી, અને

(૨) ઉક્ત મળેલ દરખાસ્તો અન્વયે સરકારે ઉક્ત સમયગાળામાં શી કાર્યવાહી કરી?

જવાબ

(૧) કોઇ દરખાસ્ત મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જુનાગઢથી ખડીયા માર્ગની ડામરની નવી સપાટી બનાવવા બાબત

* ૩૨૧૪૦ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના જુનાગઢથી ખડીયા માર્ગની ડામર સપાટી નવી બનાવવાની જરૂરીયાત છે? તે વાતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાની મરામત માટે શું આયોજન છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થશે તથા ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ થશે?

જવાબ

(૧), (૨) અને (૩)

આ રસ્તાની ૧૦ કિ.મી. લંબાઇમાં મજબુતીકરણ માટે રૂ.૯૦૦.૦૦ લાખની મંજુરી મળેલ છે, જેની કામગીરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી, એજન્સી નક્કી કરી બનતી ત્વરાએ.

---------

### બનાસકાંઠા જિલ્લાની સીવીલ હોસ્પીટલોને એક્રિડીટેશન મેળવવાની કાર્યવાહી

* ૩૩૮૫૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા.૨૪–૨–૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૦૮૩૦ (અગ્રતાક્રમ:૩૮)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સરકારી સીવીલ હોસ્પીટલો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોના એન.એ.બી.એચ./એન.એ.બી.એલ મુજબ ગુણવત્તાસભર સેવાઓ પુરી પાડવા એક્રિડીટેશન મેળવવાની કાર્યવાહી ચાલુ હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કામગીરી તા.૩૧–૦૧–૨૦૧૭ની ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

જવાબ

(૧) હા જી, બનાસકાંઠા જિલ્લામાં માત્ર સરકારી સીવીલ હોસ્પીટલ પાલનપુરને એક્રિડીટેશન મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

(૨) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ એન.એ.બી.એચ./ એન.એ.બી.એલ.ની ગાઇડલાઇન મુજબ ગેપ એનાલીસીસની પૂર્તતા કરવાની કાર્યવાહી ચાલુમાં છે.

## અતારાંકિત પ્રશ્નો

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

(૩) સરકારી સીવીલ હોસ્પીટલ પાલનપુર દ્વારા ગેપ એનાલીસીસની પૂર્તતા થયા બાદ ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી દ્વારા ફાઈનલ એસેસમેન્ટ થયેથી, તેમના નિર્ણય આધારિત રહેશે.

---------

ભાવનગર જિલ્લામાં સી.એન.જી સ્ટેશનો

* ૩૨૧૦૮ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય નાયબ મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઊભા કરવાની કામગીરી ક્યાં તબક્કે છે, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જીલ્લામાં કુલ ૭ સીએનજી સ્ટેશનો કાર્યરત છે જે નીચે દર્શાવેલ તાલુકાઓમાં આવેલ છે.

- ભાવનગર – ૪ સીએનજી સ્ટેશનો
- તળાજા – ૧ સીએનજી સ્ટેશન
- ઘોઘા – ૧ સીએનજી સ્ટેશન
- શિહોર – ૧ સીએનજી સ્ટેશન

તે ઉપરાંત વર્ષ ૨૦૧૬–૧૭માં ભાવનગર જીલ્લાના પાલીતાણા ખાતે ૧ સીએનજી સ્ટેશન બાંધકામ હેઠળ છે.

આગામી વર્ષ ૨૦૧૭–૧૮માં ભાવનગર જીલ્લાના ભાવનગર શહેર, મહુવા, ગારિયાધર તેમજ ઉમરાલા ખાતે વધુ નવા ૬ સીએનજી સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જીલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા વરતેજ, ચિત્રા, તળાજા, માસ્મા, શિહોર શહેરો/ગામોને આવરી લેવામાં આવેલ છે.

---------

બોટાદ જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની ઉપલબ્ધ જગ્યા

* ૩૨૧૬૫ ડૉ. ટિ.ડી. માણીયા (બોટાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે, અને

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં કુલ–૫(પાંચ) સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે.

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાના કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એકપણ તબીબી અધિકારી વર્ગ–૨ની સેવા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની કુલ–૧૫ જગ્યાઓ મંજુર થયેલ છે. હાલમાં તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની કુલ–૧૩ જગ્યા ઉપલબ્ધ છે.

(૩) ઉકત સ્થિતિએ ઉકત સેવા ઉપલબ્ધ કરવા શું પગલા ભરવામાં આવેલ છે?

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સેવા ઉપલબ્ધ કરવા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

ખોરાણા – કણકોટ નોનપ્લાન રસ્તાનું રીકાર્પેટ કરવા

* ૩૨૧૪૯ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં રાજકોટ તાલુકાના ખોરાણા કણકોટ નોનપ્લાન રોડને રીકાર્પેટ કરવા બાબતે સરકારનું કોઇ

(૧) હા, જી.

આયોજન છે કે કેમ,અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ.૧૭૦.૦૦ લાખ.

(૩) ઉકત સ્થિતિએ ઉકત કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયામાં.

---------

હડીયાણા – વાવડી –નેસડા રોડનું રીકાર્પેટીંગ

* ૩૨૧૪૭ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં જોડીયા તાલુકાના હડીયાણા વાવડી નેસડા રોડને રીકાર્પેટ કરવા સરકારનું આયોજન છે કે કેમ,અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ.૧૫૦.૦૦ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયામાં. |

---------

અમદાવાદ સિવિલ હોસ્પિટલનું નવીનીકરણ

* ૩૨૧૭૩ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદના નવીનીકરણ/વિસ્તરણની કોઈ યોજના છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત યોજના માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ? | (૨) ઉક્ત યોજના માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

(રૂ. કરોડમાં)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૦૧–૦૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ | ૧૧૭.૦૩ |
| ૦૧–૦૧–૨૦૧૬ થી ૩૧–૧૨–૨૦૧૬ | ૮૪.૧૭ |

---------

ખેડા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૩૨૧૩૪ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત નીચે મુજબ બાળકોની તપાસ કરવામાં આવી. |

| અ.નં. | તાલુકાનું નામ | તપાસેલ બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગળતેશ્વર | ૩૫૫૨૧ |
| ૨ | કપડવંજ | ૭૨૫૦૮ |
| ૩ | કઠલાલ | ૫૩૨૮૭ |
| ૪ | ખેડા | ૩૫૦૯૩ |
| ૫ | મહેમદાવાદ | ૭૫૬૫૩ |
| ૬ | મહુધા | ૩૪૧૮૩ |
| ૭ | માતર | ૨૬૮૭૨ |
| ૮ | નડીયાદ | ૧૦૮૫૨૩ |

| | | |
|---|---|---|
| ૯ | ઠાસરા | ૫૫૫૮૪ |
| ૧૦ | વસો | ૩૩૧૨૮ |
| | કુલ | ૫૩૦૩૫૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાળકોમાં મુખ્યત્વે કઇ બિમારીઓ જોવા મળી,

(૨) આ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ, ચામડીના રોગ, હૃદય, કેન્સર અને કિડનીના રોગ હતા.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલા બાળકોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની અને હૃદય રોગની સારવાર માટે કયાં રીફર કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ નીચે મુજબની વિગતે બાળકોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની અને હૃદય રોગની સારવાર માટે રીફર કરવામાં આવ્યા.

| બિમારી | બાળકોની સંખ્યા | રીફર કરેલ હોસ્પિટલ |
|---|---|---|
| બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ | ૧ | એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |
| હૃદય રોગ | ૭૧ | યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |

(૪) ઉક્ત તપાસણી દરમ્યાન કેટલા બાળકોને ચશ્માં આપવામાં આવ્યા?

(૪) ઉક્ત તપાસણી દરમ્યાન કુલ–૧૦,૫૨૭ બાળકોને ચશ્માં આપવામાં આવ્યા.

---------

## મહેસાણા જિલ્લામાં ખાદ્યપદાર્થોનું ભેળસેળ

* ૩૩૮૨૧ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અંગેના કેટલા કેસો નોંધાયા, અને

(૧) ૪૫ કેસો.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કેસોમાં શી કાર્યવાહી થઇ?

(૨) તે પૈકી મીસબ્રાન્ડેડ/સબ સ્ટાન્ડર્ડ નમુનાઓના ૨૩ કિસ્સામાં એડજ્યુડીકેટીંગ ઓફીસર સમક્ષ કેસ દાખલ કરેલ છે તથા અનસેફ નમુનાના ૧ કિસ્સામાં નામ.કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. અન્ય ૨૧ કિસ્સામાં એડજ્યુડીકેશન/કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહી કરવમાં આવી રહેલ છે.

---------

## સ્વર્ગવાહીની નદીના કોઝવે ઉપર સ્લેબ બનાવવા બાબત

* ૩૨૨૧૭ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જીલ્લાના ધરમપુર તાલકામાં આવેલ ખારવેલથી ઓઝરપાડા તરફ રસ્તા ઉપર સ્વર્ગવાહીની નદી ઉપર ડુબાઉ કોઝવે ઉપર સ્લેબ બનાવવા માટેની કેટલી માંગણીઓ છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૧) ૪ (ચાર).

(૨) ઉક્ત મળેલ માંગણીઓ સંબંધમાં સરકારે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરી?

(૨) દરખાસ્ત તાંત્રિક ચકાસણી હેઠળ છે. હાલ આયોજન નથી.

---------

## વલસાડ જિલ્લામાં પેવર ન થયા હોય તેવા રસ્તાઓ

## ૨૭મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

* ૩૩૮૧૭ શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા ૧૪ વર્ષથી પેવર અને રીસરફેર્શીંગ ન થયા હોય તેવા નોન–પ્લાન રસ્તાઓ કેટલા છે, અને | (૧) ૧૮૦ રસ્તાઓ. |
| (૨) ઉક્ત નોન–પ્લાન રસ્તાઓ કેટલા સમયમાં પેવર અને રીસરફેર્શીંગ કરવામાં આવશે ? | (૨) ૩૫ બનતી ત્વરાએ. બાકીના રસ્તાઓનું હાલ આયોજન નથી. |

---------

ધારી ખાતે રેસ્ટ હાઉસ બનાવવાની મંજૂરી બાબત

* ૩૩૭૮૪ શ્રી નલીનભાઇ કોટડીયા (ધારી) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ ધારી મુકામે રેસ્ટ હાઉસ બનાવવા સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રેસ્ટ હાઉસ બાંધવા સરકારનું શું આયોજન છે? | (૧) અને (૨)<br>તા.૦૮–૦૫–૨૦૧૫ના રોજ સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ પરંતુ રેસ્ટ હાઉસ માટે સુચવેલ જમીન તથા તેના એપ્રોચ રસ્તા અંગે થયેલ રજૂઆત અન્વયે પ્રશ્નોનો ઉકેલ ન આવે ત્યાં સુધી કામ રદ કરેલ છે. જેથી હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્યમાં વૈદ્યપંચકર્મ વર્ગ–૧ની મંજુર જગ્યાઓ

* ૩૩૮૮૧ શ્રી ગૌતમભાઇ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ વૈદ્ય પંચ કર્મ વર્ગ–૧ની રાજ્યમાં કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૩૪. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને કેટલી જગ્યાઓ ભરેલી છે, અને | (૨) ભરેલી–૦૫.<br>ખાલી–૨૯. |
| (૩) ઉક્ત જગ્યાઓ પૈકી અમદાવાદ અને ગાંધીનગરમાં કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે? | (૩) |

| | કુલ મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| અમદાવાદ | ૦૪ | ૦૨ | ૦૨ |
| ગાંધીનગર | ૦૧ | ૦૧ | ૦ |

---------

જૂનાગઢ જિલ્લામાં કાચા રસ્તાઓ

* ૩૩૭૫૨ શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના તાલુકાવાર એક ગામથી બીજા ગામને જોડતા કયા કાચા રસ્તાઓ (ગાડા માર્ગ) પાકા બનાવવાના બાકી છે,<br>(૨) ઉક્ત રસ્તાઓને પાકા ડામરથી સપાટીના બનાવવા માટે ઉક્ત સ્થિતિએ શું આયોજન કરેલ છે, અને<br>(૩) ઉક્ત કામગીરી કયા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૧) (૨) અને (૩)<br>ચાલુ નાણાંકીય વર્ષથી એમએમજીએસવાય યોજના અમલમાં આવેલ હોઇ નોન પ્લાન રસ્તાઓની તાંત્રિક જરૂરીયાત તથા ઉપયોગીતા ધ્યાને લઇ નાણાંકીય ઉપલબ્ધતા મુજબ તબક્કાવાર. |

---------

ધરમપુર શહેરની પાણી પુરવઠા યોજનાને મંજૂરી

* ૩૨૧૨૬ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ના સ્થિતિએ સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ધરમપુર | (૧) ૩.૪૩૨.૭૮ લાખ. |

શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મંજૂર થયેલ ઉક્ત યોજનાના કામોની શું પરિસ્થિતિ છે, | (૨) કામો પૂર્ણ થયેલ છે.

(૩) ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ.૪૩૨.૭૮ લાખ.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજ્યમાં ક્લેફ્ટલિપ/ક્લેફ્ટ પેલેટ ફ્રી કાર્યક્રમ

* ૩૨૧૭૮ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ના સ્થિતિએ ક્લેફ્ટલિપ /ક્લેફ્ટ પેલેટ ફ્રી ગુજરાત કાર્યક્રમ રાજ્ય સરકારે અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કાર્યક્રમ અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત ખામીવાળા કેટલા બાળકોને સારવાર આપવામાં આવી છે? | (૨) ઉક્ત કાર્યક્રમ અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત ખામીવાળા કુલ-૧૪૫૧ બાળકોને સારવાર આપવામાં આવી છે. |

---------

લુણાવાડા હોસ્પીટલને ક્લાસ વનનો દરજ્જો આપવા

* ૩૨૨૦૪ પ્રો. હીરાભાઇ પટેલ (લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૬ના સ્થિતિએ મહીસાગર જિલ્લાનાં મથક લુણાવાડામાં આવેલ કોટેજ હોસ્પીટલને ક્લાસ વનનો દરજ્જો આપવા માટે સરકારનું શું આયોજન છે? | સરકારશ્રીએ વર્ષ - ૨૦૧૪-૧૫ માં જિલ્લા કક્ષાની હોસ્પીટલમાં અપગ્રેડ કરેલ છે. |

---------

રાજ્યમાં અટલ સ્નેહ યોજના

* ૩૨૧૮૧ શ્રી બાલકૃષ્ણભાઇ પટેલ (ડભોઇ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં અટલ સ્નેહ યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત યોજનાની વિગત શું છે? | (૨) આ યોજના અંતર્ગત શિશુ મૃત્યુદર ઘટાડવા સારૂ રાજ્યના દરેક ડીલીવરી પોઇન્ટ પર શિશુની જન્મજાત ખામીઓ માટે સ્ક્રીનીંગ કરવા અંગેની યોજના છે. |

---------

માતર તાલુકાના રસ્તાના મંજૂર કામો

* ૩૨૧૩૯ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લાના માતર તાલુકામાં છેલ્લા એક વર્ષમાં રસ્તાના કેટલા કામો મંજુર કરવામાં આવ્યા, અને | (૧) ૩૭ (સાડત્રીસ). |
| (૨) ઉક્ત કામગીરી માટે કેટલી રકમની મંજુરી મળેલ છે ? | (૨) રૂ. ૩૧૬૧.૦૫ લાખ. |

---------

બનાસકાંઠા જિલ્લામાં વેટ અન્વયે એક લાખથી વધુ બાકી રકમ

* ૩૨૧૯૨ શ્રી કાંતિભાઇ ખરાડી (દાંતા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

## ૨૪મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વેટ અન્વયે રૂપિયા એક લાખથી વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા કોઈ ઔદ્યોગિક એકમો કે વ્યાપારીગૃહો છે,

(૧)

| તાલુકાનું નામ | રકમ વસુલવાની બાકી હા કે ના |
|---|---|
| પાલનપુર, અમીરગઢ, દાંતા, વડગામ, ડીસા, ધાનેરા, ભાભર, કાંકરેજ, દિયોદર, થરાદ | હા, જી. |
| લાખણી, સુઈગામ, વાવ, દાંતીવાડા | ના, જી. |

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારીગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને

(૨)

| ઔદ્યોગિક એકમો / વ્યાપારીગૃહો | બાકી રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૧૩૯ | ૭૭.૭૨ |

(૩) ઉક્ત એકમો સમયસર વેટ ચુકવતા ના હોય તો આવા એકમો સામે શી કાર્યવાહી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કરવામાં આવી?

(૩) વિવિધ સત્તાધિકારીઓ દ્વારા આપવામાં આવેલ મનાઈહુકમ સિવાયના કેસોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલા લેવામાં આવેલ છે.

---------

### ગાંધીનગર જિલ્લામાં વેટ હેઠળ નોંધાયેલ વેપારીઓ

* ૩૨૧૭૦ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા વેપારીઓ વેટ હેઠળ નોંધાયેલ છે, અને | (૧) ૯૯૬૪ |
| (૨) ઉકત સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તા.૧-૪-૧૬ થી તા.૩૧-૧-૧૭ દરમિયાન વેટના નવા રજિસ્ટ્રેશન કેટલા થયા ? | (૨) ૧૦૮૧ |

---------

### સિધ્ધપુર જિલ્લાના સરકારી દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ

* ૩૨૭૫૫ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,<br>(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આવેલ સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ સિધ્ધપુરની મહેકમની વિગત દર્શાવતું *પત્રક-૧, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક-૨ અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક-૩ સામેલ છે. |
| (૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ? | (૩) જે તે સંવર્ગ માટેની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ઉકત ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### રાજ્યના લોકો સંસ્કૃતિથી માહિતગાર થાય તે માટેની યોજના

* ૩૨૨૧૦ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં રાજ્યની સંસ્કૃતિથી લોકો માહિતગાર તે માટે કઈ યોજના અમલમાં છે, અને | (૧) રાજ્યમાં રાજ્યની સંસ્કૃતિથી લોકોને માહિતગાર કરવા ઉતરાર્ધ ઉત્સવ, તિર્થ સ્થાનો ખાતે ઉત્સવો, માતૃવંદના ઉત્સવ, સાગર ખેડુ વિસ્તારમાં સાંસ્કૃતિક |

કાર્યક્રમ, ઉમંગ ઉત્સવ, વસંતોત્સવ વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકડાયરા, સંગીત નૃત્ય તાલીમ શિબિર, બહુરૂપી નટબજાણિયા અને ભવાઈ સમુદાયના કલાકારો માટે સંર્વાગી વિકાસ યોજના જેવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત યોજના પાછળ રૂ.૧૩.૦૩ કરોડ ખર્ચ કરવામાં આવ્યો.

---------

પાદરા તાલુકાની કણજટ માઈનોરના મરામતની કામગીરી

* ૩૨૧૬૨ શ્રીમતી મનિષા વકીલ (વડોદરા શહેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નર્મદા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાદરા તાલુકાની કણજટ માઈનોરના મરામતની કામગીરીનું શું આયોજન કરવામાં આવેલ છે ?

જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૫.૦૨ કિ.મી. લાંબી કણજટ માઈનોર નહેર તેમજ તેમાંથી ઉદભવતી કુલ ૫.૨૦ કિ.મી. લાંબી ૩ શાખા માઈનોર નહેરમાં મરામતની કામગીરી પૂર્ણ થયેલ છે.

---------

ખેડા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક/સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૩૩૩૩૫ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧–૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧ની વસ્તી મુજબ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત કરવા પ્રાપ્ત થાય છે ?

જવાબ

તા.૩૧–૧–૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૧ની વસ્તી મુજબ ખેડા જિલ્લામાં તાલુકાવાર નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત કરવા પ્રાપ્ત થાય છે તેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તી | કાર્યરત (મંજૂર) કરવા પાત્ર કેન્દ્રો | |
|---|---|---|---|---|
| | | | પ્રા.આ. કેન્દ્ર | સા.આ. કેન્દ્ર |
| ૧ | ગલતેશ્વર | ૧૨૪૭૯૫ | ૧ | ૦ |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોનપ્લાન રસ્તાઓ

* ૩૨૨૧૫ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર નોનપ્લાન રસ્તાઓ કેટલા છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી જીલ્લાવાર છેલ્લાં એક વર્ષમાં ક્યા રસ્તાઓ મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના હેઠળ બનાવવામાં આવ્યા અને તે પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત બાકીના રસ્તાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

જવાબ

(૧) જામનગર જિલ્લામાં – ૧૭૦
દેવભૂમિ દ્વારકા જિલ્લામાં–૧૦૧

(૨) મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વર્ષ ૨૦૧૬–૧૭માં શરૂ કરવામાં આવેલ છે, જે અન્વયે જામનગર જિલ્લામાં ૧૦.૭૫ કરોડની રકમના ૧૦ રસ્તાઓ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૪.૪૦ કરોડની રકમના ૧૪ રસ્તાઓ મંજુર કરવામાં આવેલ છે જે પ્રગતિ હેઠળ/શરૂ થનાર છે.

(૩) તાંત્રિક જરૂરીયાત અને નાણાંકીય જોગવાઈ અનુસાર.

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં ભૂગર્ભ પાઈપ લાઈનથી સબમાઈનોરના કામો

* ૩૨૧૮૭ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી લંબાઈમાં ભૂગર્ભ પાઈપ લાઈનથી સબમાઈનોર કેનાલના કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૬૧૪.૩૭૩ કી.મી. લંબાઈમાં ભૂગર્ભ પાઈપ લાઈનથી સબમાઈનોરના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત કામ અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ.૩૮૩૯૯.૦૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

### તુરી બારોટ જ્ઞાતિના કલાકારોની કલા જીવંત રાખવાની યોજના

* ૩૨૧૫૪ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કુતિક પ્રવૃત્તિઓ હેઠળ અનુસુચિત જાતિ પૈકી તુરી બારોટ જ્ઞાતિનાં કલાકારોની કલાને જીવંત રાખવાની કોઈ યોજના અમલમાં કે કેમ, | (૧) હા, જી. લોકકલા, લોકભવાઈ, લોકસંગીત, નૃત્ય, નાટયનાં અમુલ્ય વારસાની આ લોકકલાને જીવંત રાખવા તુરી બારોટ સમાજના કલાકારોને યોગ્ય મંચ ઉપલબ્ધ કરાવી પ્રોત્સાહીત કરવાની તુરી-બારોટ કલાકારોની યોજના અમલમાં છે. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ તેઓને શું લાભો આપવામાં આવે છે, | (૨) (૧) તેઓ માટે લોકવાધ, લોકસંગીત, વહીવંચા, ભવાઈ, લોકનાટય, લોકનૃત્ય અને બહુરૂપી તાલીમ શિબિરો યોજવામાં આવે છે.<br>(૨) શિબિરાર્થીઓને શિબિરોમાં આવવા જવાનો પ્રવાસ ખર્ચ, ભોજન ખર્ચ, નિવાસ ખર્ચ તથા પુરસ્કાર આપવામાં આવે છે.<br>(૩) વર્ષમાં એકવાર બે દિવસનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવે છે. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલા કલાકારોને ઉકત લાભ આપવામાં આવે છે, અને | (૩) ૧૧૦૦ કલાકારોને. |
| (૪) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં ઉકત સ્થિતિએ ખર્ચની વિગતો શું છે ? | (૪) વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ.૩૦.૦૦ લાખ તથા વર્ષ ૨૦૧૬-૧૭માં જાન્યુઆરી-૨૦૧૭ સુધીમાં રૂ.૨૧.૦૦ લાખ. |

---------

### પોરબંદર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની ખાલી જગ્યાઓ

* ૩૨૧૬૪ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (મોરબી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુલ-૧૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-૨ની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે અને ઉકત પૈકી કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ઉકત જગ્યાઓ ખાલી છે ? | (૨) ઉકત સ્થિતિએ તબીબી અધિકારી વર્ગ-૨ની કુલ-૧૧ જગ્યાઓ મંજૂર થયેલ છે. અને તે પૈકી ૨ (બે) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૨(બે) તબીબી અધિકારી વર્ગ-૨ની ખાલી છે. |

---------

### રાજ્યનું કુલ જાહેર દેવું

* ૩૩૮૫૫ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે, અને

જવાબ

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૮૨૦૯૮ |

| (સુ.અ.) | |
|---|---|

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે વર્ષવાર કેટલી રકમની લોન લીધી અને તે માટે વર્ષવાર કેટલી મુદ્દલ અને કેટલા વ્યાજની ચૂકવણી કરવામાં આવી ?

(૨)

| નાણાકીય વર્ષ | લીધેલ લોન | ચૂકવણી (રૂ.કરોડમાં) | |
|---|---|---|---|
| | | મુદ્દલ | વ્યાજ |
| ૨૦૧૪-૧૫ | ૧૯૪૫૪ | ૫૫૦૯ | ૧૩૦૬૧ |
| ૨૦૧૫-૧૬ | ૨૪૮૫૨ | ૬૨૦૫ | ૧૪૪૯૫ |

---------

જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રેલ્વેના ફાટક પહોળો કરવા બાબત

* ૩૩૮૪૩ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં રેલ્વેના ફાટક પહોળા કરવા અને અંડર અને ઓવર બ્રિજ બનાવવા માટે રેલ્વેમાં ભરવાની થતી રકમની કેટલી માંગણીઓ છેલ્લાં બે વર્ષમાં થયેલ છે.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ કયા રેલ્વેના ફાટક પહોળા કરવા અને અંડર અને ઓવર બ્રિજ બનાવવા માટે ભરવામાં આવી, અને

(૩) બાકી રકમ ન ભરવાના કારણો શા છે અને કયાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧), (૨) અને (૩)

રેલ્વેમાં રકમ ભરવા માટે કોઈ માંગણી આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજ્ય સરકારે બજારમાંથી મેળવેલ લોન

* ૩૨૨૨૯: શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારે બજારમાંથી કેટલી રકમની લોન કોની પાસેથી લીધી ?

જવાબ

| નાણાકીય વર્ષ | જાહેર બજારમાંથી ભારતીય રિઝર્વ બેંક મારફત મેળવેલ લોન (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૪૯૨૦ |
| ૨૦૧૫-૧૬(સુ.અ.) | ૧૬૨૬૦ |

---------

રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે ડ્રીન્કીંગ વોટર એન્ડ સેનીટેશન માટે ગ્રાન્ટની માંગણી

* ૩૩૭૧૪ શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકાર દ્વારા ડ્રીન્કીંગ વોટર એન્ડ સેનીટેશન માટે કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટની ફાળવણી વર્ષવાર કરવામાં આવી,

જવાબ

(૧) રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની રકમની માંગણી કરાયેલ છે (રૂ.કરોડમાં)

| વર્ષ | ડ્રીન્કીંગ વોટર | સેનીટેશન |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૧૪.૭૯ | ૫૦૯.૨૧ |
| ૨૦૧૬-૧૭ | ૨૩૧.૨૦ | ૮૩૬.૮ |
| કુલ | ૩૪૫.૯૯ | ૧૩૪૬.૦૧ |

(૨) કેન્દ્ર સરકાર દ્વારા નીચે મુજબની ફાળવણી કરાયેલ છે(રૂ.કરોડમાં)

| વર્ષ | ડ્રીન્કીંગ વોટર | સેનીટેશન |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨૨.૯૬ | ૧૬૬.૮૫ |

| | | |
|---|---|---|
| ૨૦૧૬–૧૭ | ૪૬.૨૬ | ૪૯૭.૪૫ |
| કુલ | ૬૯.૨૦ | ૬૬૪.૩ |

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો વર્ષવાર ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી,

(રૂ.કરોડમાં)

| વર્ષ | ડ્રીન્કીંગ વોટર | | સેનીટિશન | |
|---|---|---|---|---|
| | ખર્ચ | વણવપરાયેલ | ખર્ચ | વણવપરાયેલ |
| ૨૦૧૫–૧૬ | ૨૨.૯૬ | ૦ | ૧૨૨.૫૪ | ૪૪.૩૧ |
| ૨૦૧૬–૧૭ | ૦ | ૪૬.૨૪ | ૪૪.૩૧ | ૪૫૩.૧૪ |
| કુલ | ૨૨.૯૬ | ૪૬.૨૪ | ૧૬૬.૮૫ | ૫૦૬.૫ |

(૪) ઉક્ત સ્થિતિએ રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શું છે ?

(૪) મંજૂર થયેલ પ્રોજેક્ટસ પ્રારંભિક તબક્કે હોઈ રકમ વણવપરાયેલ રહેવા પામેલ છે. ચાલુ વર્ષના કામોની કામગીરી પ્રગતિમાં છે.

---------

પાદરા તાલુકાની કણજટ માઈનોરના મરામતથી કામગીરી

* ૩૨૧૯૦ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

નર્મદા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાદરા તાલુકાની કણજટ માઈનોરના મરામતની કામગીરીનું શું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૫.૦૨ કિ.મી. લાંબી કણજટ માઈનોર નહેર તેમજ તેમાંથી ઉદભવતી કુલ ૫.૨૦ કિ.મી લાંબી ૩ શાખા માઈનોર નહેરમાં મરામતની કામગીરી પૂર્ણ થયેલ છે.

---------

અમરેલી શહેર ફરતે ગાયકીવાડી રસ્તાઓને જોડતો ગ્રામીણ રીંગ રોડ બનાવવા

* ૩૨૬૦૦ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ અમરેલી શહેરની ફરતે હયાત ગાયકવાડી રસ્તાઓને જોડતા ગ્રામીણ રીંગ રોડ બનાવવા અંગેની દરખાસ્ત રાજ્ય સરકારને ક્યારે મળેલ છે.

(૨) ઉક્ત દરખાસ્ત અન્વયે ક્યારે અને અંદાજીત કેટલી રકમના ખર્ચે ઉક્ત રોડ બનાવવાનું કામ ઉક્ત સ્થિતિએ કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે, અને

(૩) ઉક્ત ગ્રામીણ રીંગ રોડ બનાવવાથી કેટલા ગામોને મુખ્યત્વે કેવા પ્રકારના લાભ થશે ?

**જવાબ**

(૧) ,(૨) અને (૩)

ગ્રામીણ રીંગ રોડ બનાવવા બાબત કોઈ દરખાસ્ત મળેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

---------

આદિપુર–ભદ્રેશ્વર રસ્તાને ચાર માર્ગીય કરવા બાબત

* ૩૨૧૪૫ : શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ આદિપુર–ભદ્રેશ્વર રસ્તાને ચાર માર્ગીય પહોળો કરવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત કામ માટે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૨૦૦૦.૦૦ લાખ.

---------

આણંદ જિલ્લામાં કસ્તુરબા પોષણ યોજનાના લાભાર્થીઓ

* ૩૨૨૨૨ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કસ્તુરબા પોષણ યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત લાભાર્થીઓને બે વર્ષમાં વર્ષવાર કેટલી સહાય ચુકવાઈ અને કેટલાને ઉક્ત સહાય ચુકવવાની બાકી છે અને તે કેટલા સમયમાં ચુકવાશે ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષના લાભાર્થીની સંખ્યા |
|---|---|
| આણંદ | ૯૨૭૩ |
| આંકલાવ | ૫૦૬૬ |
| બોરસદ | ૧૧૯૮૧ |
| પેટલાદ | ૯૨૦૩ |
| સોજીત્રા | ૩૧૨૯ |
| તારાપુર | ૨૬૭૦ |
| ખંભાત | ૭૨૯૫ |
| ઉમરેઠ | ૫૮૬૮ |
| શહેરી | ૮૯૩૬ |

(૨) પત્રક–અ મુજબ

પત્રક–અ

| અ.નં. | તાલુકાનું નામ | લાભાર્થીઓને ચુકવેલ સહાય | | લાભાર્થીઓને ચુકવવાની બાકી સહાય | |
|---|---|---|---|---|---|
| | | તા.૧/૨/૨૦૧૫ થી તા.૩૧/૦૧/૨૦૧૬માં ચુકવેલ રકમ રૂ | તા.૧/૨/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૭માં ચુકવેલ રકમ રૂ | તા.૧/૨/૨૦૧૫ થી તા.૩૧/૦૧/૨૦૧૬માં સુધી ચુકવવાની બાકી રકમ રૂ | તા.૧/૨/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૭માં સુધી ચુકવવાની બાકી રકમ રૂ |
| ૧ | આણંદ | ૯૫,૨૮,૦૦૦ | ૨૮,૬૨,૦૦૦ | ૦ | ૬૦,૭૮,૦૦૦ |
| ૨ | આંકલાવ | ૫૧,૧૨,૭૦૦ | ૩૭,૮૬,૦૦૦ | ૦ | ૧૦,૨૪,૦૦૦ |
| ૩ | બોરસદ | ૧,૨૦,૮૩,૬૦૦ | ૪૯,૬૦,૦૦૦ | ૦ | ૬૮,૮૨,૦૦૦ |
| ૪ | પેટલાદ | ૯૧,૬૯,૭૦૦ | ૧૬,૫૬,૦૦૦ | ૦ | ૭૫,૬૬,૦૦૦ |
| ૫ | સોજીત્રા | ૩૭,૬૬,૮૦૦ | ૧૩,૮૬,૦૦૦ | ૦ | ૧૧,૦૦,૦૦૦ |
| ૬ | તારાપુર | ૧૭,૪૬,૪૦૦ | ૯,૮૦,૦૦૦ | ૦ | ૨૫,૨૦,૦૦૦ |
| ૭ | ખંભાત | ૬૧,૧૯,૦૦૦ | ૫૬,૯૦,૦૦૦ | ૦ | ૨૬,૯૦,૦૦૦ |
| ૮ | ઉમરેઠ | ૫૭,૪૯,૩૦૦ | ૪,૬૬,૦૦૦ | ૦ | ૫૪,૪૪,૦૦૦ |
| ૯ | શહેરી | ૧,૧૫,૮૯,૫૦૦ | ૧૦,૫૦,૦૦૦ | ૦ | ૫૧,૭૪,૦૦૦ |
| | કુલ | ૬,૪૮,૬૫,૦૦૦ | ૨,૨૮,૩૬,૦૦૦ | ૦ | ૩,૮૪,૭૮,૦૦૦ |
| • તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં સહાય ચુકવી દેવામાં આવશે. | | | | | |

---------

### રાજ્યમાં પેન્શનરોને કેન્દ્રના ધોરણો ૭માં પગાર પંચના મેડીકલના લાભો આપવા

* ૩૩૫૫૪ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૧૫–૦૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પેન્શનરોને કેન્દ્રના ધોરણે મેડીકલના લાભો ૭મા પગાર પંચના ધોરણે ચૂકવવા શું આયોજન છે?

જવાબ

પેન્શનરોને મેડીકલ લાભો આપવા અંગેની સાતમા પગાર પંચની ભલામણો સંદર્ભે તા.૧૫–૦૨–૨૦૧૭ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા કોઈ નિર્ણય કે હુકમો કરવામાં આવેલ નથી. તેથી રાજ્ય સરકાર દ્વારા આ અંગે હાલ કોઈ વિચારણા કરવાની રહેતી નથી. કેન્દ્ર સરકાર દ્વારા હુકમો કરવામાં આવ્યેથી તે પરત્વે વિચારણા બાદ રાજ્ય સરકાર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

### બાવળા તાલુકામાં મેટાલથી કેસરડી ગામનું નેળીયું બંધ કરવા બાબત

* ૩૨૧૯૮ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ બાવળા તાલુકાના મેટાલ ગામેથી કેસરડી ગામને જોડતા રસ્તા પરનુ નેળીયુ રસ્તો ગેરકાયદેસર રીતે બંધ કરેલ છે તે સંબંધની છેલ્લા બે વર્ષમાં કેટલી ફરીયાદો સરકારને મળી, અને | (૧) મા.મ. વિભાગને એકપણ ફરીયાદ મળેલ નથી. |
| (૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે સરકારે ઉક્ત નેળીયુ ખુંલ્લુ કરવા ઉક્ત સ્થિતિએ શા પગલા લીધા? | (૨) મા.મ. વિભાગ હસ્તક રસ્તો ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

પંચમહાલ જિલ્લામાં યુવાનોને પ્રોત્સાહિત કરવા રકમની ફાળવણી

* ૩૨૨૩૬ શ્રી જેઠાભાઇ ભરવાડ (શહેરા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં યુવાનોને પ્રોત્સાહિત કરવા રમત ગમત ક્ષેત્રે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧ | ગોધરા | ૩૨.૪૦ |
| ૨ | કાલોલ | ૧૧.૭૨ |
| ૩ | હાલોલ | ૧૧.૮૯ |
| ૪ | જાંબુઘાડા | ૧૬.૩૪ |
| ૫ | ઘોઘંબા | ૫૨.૧૩ |
| ૬ | મોરવાહ | ૦.૪૫ |
| ૭ | શહેરા | ૦.૫૩ |
| | કુલ | ૧૨૫.૪૬ |

પ્રશ્ન

(૨) ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમમાંથી કયા હેતુ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૨)

| | રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે ખર્ચ કરવામાં આવેલ છે | |
|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ખર્ચ રૂ. લાખમાં |
| ૧ | ગોધરા | ૨૪.૩૧ |
| ૨ | કાલોલ | ૯.૩૭ |
| ૩ | હાલોલ | ૭.૪૦ |
| ૪ | જાંબુઘાડા | ૧૩.૭૧ |
| ૫ | ઘોઘંબા | ૧૦.૫૯ |
| ૬ | મોરવાહ | ૦.૪૫ |
| ૭ | શહેરા | ૦.૫૩ |
| | કુલ | ૬૬.૩૬ |

---------

કાલાવડ તાલુકામાં બાયપાસ રોડ

* ૩૩૭૪૪ શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કાલાવડ તાલુકાના નીકાવાથી ભાવાભી-ખીજડીયા રાજ્ય ધોરીમાર્ગ નાનાવડાબા ગામમાંથી પસાર થાય છે જેથી અવાર નવાર અકસ્માતો થાય છે તે ફરીયાદ તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ સાચી છે કે કેમ, | (૧), (૨) અને (૩) : ના જી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરીયાદના નિવારણ માટે બાયપાસ રોડ ન કરવાના શા કારણો છે, અને | |

(૩) ઉક્ત ફરીયાદનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

---------

રાજકોટ અને ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૩૨૧૮૩ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ રાજકોટ અને ભાવનગર જિલ્લામાં કેટલા બાળકોનું હૃદય, કીડની અને કેન્સરના દર્દી તરીકે નિદાન થયું, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાળકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે શું આયોજન છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ રાજકોટ અને ભાવનગર જિલ્લામાં નીચે મુજબ બાળકોનું હૃદય, કીડની અને કેન્સરના દર્દી તરીકે નિદાન થયું.

| ક્રમ | જીલ્લાનું નામ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૬૨ | ૯ | ૨૨ |
| ૨ | ભાવનગર | ૧૨૭ | ૧૭ | ૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાળકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

રાજકોટ અને ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૩૨૧૮૨ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ રાજકોટ અને ભાવનગર જિલ્લામાં કેટલા બાળકોનું હૃદય, કીડની અને કેન્સરના દર્દી તરીકે નિદાન થયું, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાળકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે શું આયોજન છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ રાજકોટ અને ભાવનગર જિલ્લામાં નીચે મુજબ બાળકોનું હૃદય, કીડની અને કેન્સરના દર્દી તરીકે નિદાન થયું.

| ક્રમ | જીલ્લાનું નામ | હૃદય | કીડની | કેન્સર |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૬૨ | ૯ | ૨૨ |
| ૨ | ભાવનગર | ૧૨૭ | ૧૭ | ૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાળકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

નર્મદા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારની લાંબી મુદતની સિંચાઈ ફંડ

* ૩૨૧૮૯ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

## ૨૭મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નર્મદા યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારની લાંબી મુદતની સિંચાઈ ફંડ (LTIF) હેઠળ યોજનાને કેટલુ નાણાંકિય ભંડોળ આપવામાં આવેલ છે ? | નર્મદા યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકારની લાંબી મુદતની સિંચાઈ ફંડ (LTIF) હેઠળ રૂ. ૪૬૩ કરોડ આપવામાં આવેલ છે. |

---------

### કડી, બહુચરાજી, દેત્રોજ-વિઠ્ઠલાપુર રોડને પહોળો કરવા બાબત

* ૩૩૮૨૨ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કડી-બહુચરાજી, દેત્રોજ-વિઠ્ઠલાપુર રોડને ચાર માર્ગીય પહોળો કરવા માટેનું આયોજન છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કયા તબક્કે છે અને | (૨) કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ પાછળ અંદાજિત ખર્ચ કેટલો થશે ? | (૩) રૂ. ૬૬૨૫.૦૦ લાખ. |

---------

### વલસાડ જિલ્લામાં આશાવર્કરોને વેતન

* ૩૨૨૧૯ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલી આશાવર્કરો કામગીરી બજાવે છે, | (૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ૧૫૪૯ આશાવર્કરો કામગીરી બજાવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમને માસિક કેટલું વેતન આપવામાં આવે છે, અને | (૨) "આશા" ને કામના પ્રમાણમાં નિયત થયેલ પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વેતનમાં છેલ્લા ક્યારે અને કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### વલસાડ જિલ્લામાં રહેણાંકના મકાનો

* ૩૩૮૧૮ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ માર્ગ અને મકાન વિભાગ દ્વારા વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વિભાગની કચેરીઓ માટે અને અધિકારી/કર્મચારીઓ માટે રહેણાંકના કેટલા નવા મકાનો બનાવવામાં આવ્યા છે, | (૧) વિભાગ હસ્તકના પારડી તથા વાપી તાલુકા સેવા સદન |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) કુલ રૂ. ૨૫૯૩.૭૪ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલા કામ પ્રગતિમાં અને કેટલા કામ પૂર્ણ થયેલ છે ? | (૩) બન્ને કામો પૂર્ણ થયેલ છે. |

---------

### જુનાગઢમાં ચાયનીઝ સીન્થેટીક કાચ મિશ્રીત દોરી અને તુક્કલના ઉપયોગ પર પ્રતિબંધ

* ૨૮૯૮૩ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સમગ્ર રાજ્યમાં પતંગ માટે વપરાતી ચાઈનિઝ પ્રકાર/સીંન્થેટીક/કાચપાવડર મિશ્રીતદોરી અને તુક્કલના ઉત્પાદન/ખરીદવેચાણ અને ઉપયોગ કરવા પર વન અને પર્યાવરણ વિભાગે સને ૨૦૧૦ થી કાનૂની પ્રતિબંધ મુક્યો છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. <br> વન અને પર્યાવરણ વિભાગ દ્વારા પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ની કલમ-૫ હેઠળ તા.૧૬-૧૨-૨૦૧૦, તા.૨૧-૧૦-૨૦૧૧, તા.૨૯-૧૨-૨૦૧૬ ના રોજ દરેક મ્યુનિ.કમિશ્નરશ્રીઓ અને દરેક જિલ્લા |

મેજિસ્ટ્રેટશ્રીઓને પાકકાદોરા, કે જે પ્લાસ્ટીક અથવા આ પ્રકારના સિન્થેટીક મટીરીયલમાંથી બનાવવામાં આવે છે, જેને સામાન્યતઃ ચાઈનિઝ દોરીના નામે ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ અટકાવવા માટે જરૂરી આદેશો કરવામાં આવેલ છે.

જયારે તુક્કલથી થતા આગ જન્ય, સ્વાસ્થય તથા પર્યાવરણ સબંધિત સમસ્યાઓને ધ્યાને લઈ તુક્કલનો ઉપયોગ અટકાવવા દરેક પોલિસ કમિશ્નરશ્રીઓ, મ્યુનિ.કમિશ્નરશ્રીઓ અને જિલ્લા કલેકટરશ્રીઓને તા.૦૨–૦૭–૨૦૧૫ ના રોજ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ની કલમ–૫ હેઠળ જરૂરી આદેશો કરવામાં આવેલ છે.

(૨) જો હા, તો તે અન્વયે જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ, વંથલી, કેશોદ, માણાવદર અને મેંદરડા શહેરમાં જાન્યુઆરી ૨૦૧૭ના ઉતરાયણ તહેવાર પ્રસંગે કેટલી ચાયનીઝ પ્રકાર/સીન્થેટીક/કાચપાવડર મિશ્રીતદોરી તથા તુક્કલો પકડી પાડવામાં આવ્યા અને તે અન્વયે કેટલા સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી ?

(૨) જાન્યુ ૨૦૧૭ના ઉત્તરાયણ તહેવાર પ્રસંગે આ વિસ્તારમાં ચાઈનિજ પ્લાસ્ટીક દોરી તથા તુક્કલોનો વપરાશ કરતા કોઈ પકડાયેલ નથી. જેથી કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

---------

નર્મદા નિગમની વડોદરા શાખા નહેર પર સોલાર વીજ મથકની ક્ષમતા

* ૩૨૧૮૫ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નર્મદાની વડોદરા શાખા નહેર પરના સોલાર આધારીત વીજ મથકની ક્ષમતા કેટલી છે, અને | (૧) નર્મદા યોજનાની વડોદરા શાખા નહેર પરના સોલાર આધારિત વીજ મથકની ક્ષમતા ૧૦ મેગાવોટ છે. |
| (૨) તેનાથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વીજળી ઉત્પન્ન થઈ છે ? | (૨) તેનાથી તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩,૦૬,૭૭,૨૦૨ યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે. |

---------

ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા અધિકારીઓ સામે ગેરરીતિની ફરિયાદો

* ૩૨૧૯૪ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી, વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા કેટલા અધિકારીઓ વિરુધ્ધ/સામે છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની ગેરરીતિઓની કેટલી ફરીયાદો સરકારને મળી, | (૧) ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા અધિકારી સામે તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં અર્થાત તા.૦૧/૦૧/૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૬ દરમ્યાન કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી અને જવાબદારો સામે શા પગલા લીધાં, અને | (૨) ઉપર મુજબ ફરિયાદ મળેલ ના હોઇ, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. |
| (૩) ઉક્ત અધિકારીઓ ઉક્ત સ્થિતિએ એક જ જગ્યાઓ ૩ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા હોય તો તેને ન બદલવાનાં કારણો શા છે? | (૩) ફરિયાદ મળેલ ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

સ્ટેચ્યુ ઓફ યુનીટી માટે બજેટ જોગવાઈ

* ૩૨૭૫૬ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સ્ટેચ્યુ એફ યુનિટ માટે રાજ્ય સરકાર દ્વારા બજેટમાં કેટલી | (૧) સ્ટેચ્યુ એફ યુનિટના પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા કરાયેલા વર્ષવાર બજેટની જોગવાઈ નીચે મુજબ છે. |

જોગવાઈ કરવામાં આવી, અને

| વર્ષ | બજેટ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | રૂ.૧૦૦.૦૦ કરોડ |
| ૨૦૧૫–૧૬ | રૂ. ૭૫.૦૦ કરોડ |
| ૨૦૧૬–૧૭ | રૂ. ૧૩૪.૦૦ કરોડ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કુલ રૂ.૪૩૩.૫૭ કરોડ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલું કામ બાકી છે?

(૩) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બાંધકામનું અંદાજીત રૂ.૧૯૭૯.૦૫ કરોડનું કામ બાકી છે.

---------

ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા અધિકારીઓ સામે ગેરરીતિની ફરિયાદો

* ૩૨૨૧૧ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી, વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા કેટલા અધિકારીઓ સામે છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની ગેરરીતિઓની કેટલી ફરીયાદો મળી,

(૨) ઉકત સ્થિતિએ ઉકત મળેલ ફરિયાદો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી અને જવાબદારો સામે શાં પગલા લીધાં, અને

(૩) ઉકત અધિકારીઓ ઉકત સ્થિતિએ એક જ જગ્યાઓ ૩ વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા હોય તો તેને ન બદલવાના કારણો શા છે ?

જવાબ

(૧) ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી, વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા અધિકારી સામે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં અર્થાત તા.૦૧–૦૧–૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૬ દરમ્યાન કોઈ ફરીયાદ મળેલ નથી.

(૨) ઉપર મુજબ ફરીયાદ મળેલ ના હોઈ, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૩) ફરિયાદ મળેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ઈન્સ્ટિટયૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા અપાતી તબીબી સેવાઓ

* ૩૨૧૭૪ શ્રીમતી મનિષા વકીલ (વડોદરા શહેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદમાં ઈન્સ્ટિટયૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત પૈકી કેટલાને આઉટડોર, ઈનડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદમાં ઈન્સ્ટિટયૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા છેલ્લા બે વર્ષમાં કુલ–૪,૧૯,૩૨૯ દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી.

(૨) ઉકત સ્થિતિએ ઉકત પૈકી નીચે મુજબના દર્દીઓને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવેલ છે.

| સારવારની વિગત | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ |
|---|---|---|
| આઉટ ડોર | ૧,૮૯,૧૨૦ | ૨,૦૮,૬૦૮ |
| ઈન્ડોર | ૧૦,૪૦૫ | ૧૧,૧૯૬ |
| કુલ દર્દીઓ | ૧,૯૯,૫૨૫ | ૨,૧૯,૮૦૪ |

ઉકત ઈન્ડોર અને આઉટડોર પૈકી સર્જીકલ સારવાર લીધેલ દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે.

| સર્જીકલ | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ |
|---|---|---|

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિક્ષિત યુવક યુવતીઓને સ્પર્ધાત્મક પરીક્ષા માટે માર્ગદર્શન તાલીમ શિબિરો

* ૩૨૨૧૬ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જાનનગર–ઉત્તર) : માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેળવણી પામેલા યુવક-યુવતીઓ શૈક્ષણીક લાયકાત અનુસાર સરકારી કે અર્ધ સરકારી સંસ્થાઓની સ્પર્ધાત્મક કસોટીઓ આપી શકે તે માટેના જરૂરી માર્ગદર્શન માટેની તાલીમ શિબિરો યોજવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉકત તાલીમ શિબિરોમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના કેટલા યુવક યુવતીઓને તાલીમ આપવામાં આવી ? | (૨) ૩ (ત્રણ). |

---------

કે. જી. બેઝિનમાંથી ગેસનું વ્યવસાયીક ઉત્પાદન

* ૩૩૮૫૬ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ કે.જી. બેઝીનમાંથી ગેસનું વ્યવસાયીક ઉત્પાદન ક્યારે શરૂ કરવામાં આવ્યું, | (૧) કે.જી.બેઝીન બ્લોકમાં હાલના સમયે પ્રાયોગિક ધોરણે (Trial Producction) ગેસનું ઉત્પાદન શરૂ કરેલ છે. |
| (૨) ઉકત સ્થિતએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી કિંમતનો કેટલો ગેસ મળ્યો, અને | (૨) વ્યવસાયિક ધોરણે ઉત્પાદન શરૂ કરેલ નથી. |
| (૩) ઉકત સ્થિતિએ કે.જી. બેઝીન પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ કે.જી.બેઝીન પાછળ કુલ રૂ.૧૪૭૭૫૮.૪૧ કરોડ ખર્ચ થયેલ છે. (૮૦ ટકા જીએસપીસી ના શેર પ્રમાણે) |

---------

રાજીવગાંધી ખેલ અભિયાન હેઠળ રાજ્યને મળેલ રકમ

* ૩૨૨૩૦ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજીવગાંધી ખેલ અભિયાન હેઠળ ભારત સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

પોઇન્ટ ઓફ ઓર્ડર

જસ્ટિસ એમ.બી. શાહ કમિશનનો રિપોર્ટ ગૃહમાં રજૂ કરવા અંગે

શ્રી શંકરસિંહ લ.વાઘેલા (વિરોધપક્ષના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, એક તો આપનો આભાર માનું છું કે, આપે જે ગઇકાલે ગૃહમાં એમ.બી.શાહ કમિશનના રિપોર્ટ અંગે ગૃહમાં મૂકાવો જોઇએ એ અમે માગણી કરેલી અને પછી મેં આપને પત્ર લખ્યો અને માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ એની જાણ કરેલી છે. અને આપનો આભાર કે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા માટે આપે પણ સરકારને વિનંતી કરેલી છે. અમારી આ માંગ અમારા અધિકારની તેમજ કાયદા અને સંસદીય પ્રણાલિકાઓ મુજબની છે. આમ છતાં સરકારશ્રી ભ્રષ્ટાચારને છાવરવા માટે અનેક અહેવાલોમાં ઉજાગર થયેલા મુદ્ધાઓથી બચવા માટે અહેવાલ વિધાનસભાના મેજ ઉપર નહિ મૂકે તો એક જવાબદાર રચનાત્મક વિરોધપક્ષ તરીકે ગૃહમાં અને ગૃહની બહાર અમે સાચા ચોકીદાર તરીકે અમારી આ માગણી ચાલુ રાખવાની ફરજ પડશે. તેની સાથે સાથે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઇ સાહેબ જ્યારે અધ્યક્ષ હતા ત્યારે આ જ મુદ્ધા અંગે એક ખાસ પત્ર લખ્યો હતો. અને એમણે પણ સરકારને સૂચના આપેલી કે આ રિપોર્ટ મૂકવા જોઇએ. એમાં સૂજલામ્ સૂફલામમાં ગઢવી કમિટીનો રિપોર્ટ, જસ્ટિસ એમ. બી. શાહ કમિશનનો રિપોર્ટ, થાનગઢમાં દલિતો ઉપર થયેલા ગોળીબારનો રિપોર્ટ, પાટણમાં પી.ટી.સી. કોલેજનો રિપોર્ટ, બી. જે. શેઠના પંચનો રિપોર્ટ, મહિલા જાસૂસી અંગે શોભનાબેન ભટ્ટનો રિપોર્ટ આવા અનેક રિપોર્ટો માટે માગણી કરેલી. આજે આપના માધ્યમથી ફક્ત એક

જ આશ્વાસન સરકારશ્રી પાસે અમે માગીએ છીએ કે વાત જુદી કરવી અને અમલ જુદો કરવો તો અમને આશ્વાસન આપે કે આપ કમ સે કમ ૩૦મી તારીખ સાંજ સુધીમાં ૩૧ તારીખ ગૃહનો છેલ્લો દિવસ અને છેલ્લો પ્રસ્તાવ હોય એટલે એમાં હું પડવા નથી માગતો પણ ૩૦મી તારીખે સાંજે ૬–૦૦ વાગ્યા સુધી આ ગૃહ ચાલે ત્યાં સુધી જો આપ આ રિપોર્ટ મૂકવાના હોય તો આપનો આદેશ જે છે એનો અમલ સરકાર કરવાની કે નહિ? એ અમારી માંગ છે અને એ ચાલુ રહેશે એટલી આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રી એ આપને મારી વિનંતી છે.

શ્રીનીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરસિંહજી વિપક્ષના નેતાશ્રીએ માનનીય મુખ્યમંત્રીશ્રીને ગઇકાલે જે પત્ર લખ્યો છે. એ પત્ર કાલે રાત્રે મુખ્યમંત્રીશ્રીને મળ્યો છે. આપને પણ જે પત્ર સંબોધ્યો હતો એના આધારે આપે પણ એ પત્ર યોગ્ય કાર્યવાહી માટે ફોરવર્ડ કર્યો છે. એ પત્ર પણ માનનીય મુખ્યમંત્રીશ્રીને મળ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં ગઇકાલે પણ કીધું હતું. આજે પણ કહુ છું કે માનનીય વિપક્ષના નેતાશ્રીએ અલગ અલગ અગાઉના કમિશનોની વાત કરી છે. સાહેબ, ભૂતકાળમાં પણ જે કમિશનોના અહેવાલો રજૂ કરવા જોઇએ. એ મોટાભાગના નથી થયા. અમે કોઇ બચાવ નથી કરતા. મેં કાલે કીધું હતું. આજે કહુ છું કે, અમારી સરકાર પ્રામાણિક અને પારદર્શક સરકાર છે. કોઇ પણ બાબતનો આક્ષેપ હશે તો અમે એની તપાસ કરાવીએ જ છીએ અને તપાસ કરાવ્યા પછી યોગ્ય કાર્યવાહી અમે કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, સાડા પાંચ હજાર પાનાનો આ અહેવાલ છે, ૨૨ થી ૨૩ વોલ્યુમમાં જુદા જુદા આક્ષેપો અંગેનો અહેવાલ છે અને સાહેબ, કાલે શક્તિસિંહજીએ એમ કહ્યું હતું કે તમે પોતે કમિશન નીમ્યું. સાહેબ, શક્તિસિંહજીએ અને અર્જુનભાઇ મોઢવાડિયાએ રાષ્ટ્રપતિજીને જે વખતે કોંગ્રેસની યુ.પી.એ. સરકાર હતી ત્યારે આવેદનપત્ર આપ્યું હતું. એ વખતે અમારે અભિનંદન આપવા જોઇએ નરેન્દ્રભાઇ મોદીને કે તમે આવેદનપત્ર આપ્યું પણ મોદી સાહેબે રિટાયર્ડ સુપ્રીમ જસ્ટિસ એમ. બી. શાહ સાહેબની અધ્યક્ષતાવાળું કમિશન નીમી દીધું. કમિશને તાત્કાલિક બધી કાર્યવાહી કરી અને મેં કીધું એમ સાડા પાંચ હજાર પાનાનો ૨૨ વોલ્યુમમાં એ અહેવાલ રજૂ કર્યો છે. એ અહેવાલ આવ્યા પછી જે તે વખતે મંત્રીમંડળની સબકમિટીની રચના કરવામાં આવી. કારણ કે, સાડા પાંચ હજાર પાનાનો અહેવાલ એ કાંઇ ફરફરયું નથી કે એના ઉપર કોઇ તરત જ કાર્યવાહી થાય. એક એક બાબતને ચકાસવી પડે, અભ્યાસ કરવો પડે, કોને શું કરવા જેવું છે એ બધું જ સાહેબ અમારી સરકાર કરી રહી છે. ત્રણ કેબિનેટ મંત્રીશ્રીઓની એ વખતે મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ પોતે જ કમિટી બનાવેલી હું એમાં સભ્ય હતો. અત્યારે પણ છું, માનનીય ભુપેન્દ્રસિંહજી છે અને માનનીય સૌરભભાઇ હતા. માનનીય સૌરભભાઇ મંત્રી તરીકે ન રહેતા હવે નવા ત્રીજા મંત્રીની રચના કરવા માટેની પ્રોસીજર પણ માનનીય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબે શરૂ કરી દીધી છે. આ બધું જ અમે કરી રહ્યાં છીએ અને અમારે ગુજરાતની પ્રજાથી આજે ભૂતકાળમાં કે ભવિષ્યમાં સાહેબ, અમારે કાંઇ છૂપાવવાનું નથી. કારણ કે, અમારી કામગીરી, અમારી વ્યવસ્થા બધી પ્રજાલક્ષી, બધું ખુલ્લું છે. માનનીય શંકરસિંહજીએ બે–ત્રણ દાખલ આપ્યા એટલા માટે હું કહું છું નહીંતર હું ના કહેત, સાહેબ કોંગ્રેસના સમયે ૧૭ તપાસ પંચોની રચના કરવામાં આવેલી.

એ પૈકી ૧૯૮૫માં અમદાવાદમાં લઠ્ઠાકાંડ થયેલો, એ લઠ્ઠાકાંડની તપાસ કરવા જે કમિશનની વ્યવસ્થા કરવામાં આવેલી, પાછળથી રાજ્ય સરકારે ગમે તે રીતે અત્યારે બૂટલેગરો–બૂટલેગરો કરો છો, તે વખતે પણ બૂટલેગરોને છાવરવા જ એ કમિશન રદ કરી દીધેલું, તપાસ જ ના કરી. પોતે તપાસ આપી અને પોતે તપાસ વિથડ્રો કરી સાહેબ.

બીજું સાહેબ, ૧૯૮૬માં અમદાવાદમાં રથયાત્રા દરમિયાન હિંસક તોફાનો થયેલા ભગવાનની યાત્રા ઉપર આતંકવાદીઓની જેમ દેશ વિરોધી તત્વોએ, કટ્ટરવાદી તત્વોએ હુમલો કરેલો. રથયાત્રા ના નીકળે એવી પરિસ્થિતિ હતી એ જમાનામાં કોંગ્રેસના શાસનમાં. સાહેબ એ વખતે પણ કોંગ્રેસે પ્રજાને સંતોષ આપવા કમિટી બનાવવાનો નિર્ણય કર્યો, પંચ બનાવવાનો અને એ પંચ પાછળથી ૧૯૮૬ના તોફાનોમાં રથયાત્રા પર હુમલો થયો એ પણ કોઇને છાવરવા માટે સમેટી લેવામાં આવ્યું.

ત્રીજું સાહેબ, ૧૯૮૬માં અનામત આંદોલન થયું, આખું ગુજરાત જાણે છે કે ભયંકરમાં ભયંકર હિંસક આંદોલન હતું અને સેંકડો લોકો, મેં અગાઉ પણ કહ્યું છે સેંકડો લોકોના મૃત્યુ થયેલા, કરોડો–અબજો રૂપિયાની પ્રજાની મિલકતનો નાશ થયેલો. એની તપાસ માટે પંચ નિમેલું એ પંચ પણ કોંગ્રેસે પાછળથી સમેટી લીધેલું છે.

સાહેબ, ૧૯૭૯માં મોરબીમાં જે ડેમ તૂટ્યો મચ્છુ ડેમ એમાં ૧૯૭૯માં પહેલા પંચ નિમ્યું પછી સમેટી લીધું પણ પછી સાહેબ નામદાર હાઇકોર્ટે આદેશ આપ્યો સરકારને એટલે ફરીથી સરકારને એના ઉપર કાર્યવાહી કરવી પડી.

આ રીતે સાહેબ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ.શ્રી અમરસિંહ ચૌધરીના સમયમાં મોટા પ્રમાણમાં કિંમતી ઇમારતી વૃક્ષો આડેધડ કાપી નાખી કરોડો રૂપિયાના વૃક્ષો ગેરકાયદેસર રીતે વેચી અને આ રીતે જે ભ્રષ્ટાચાર મોટો કરોડોનો કરવામાં આવેલો, વનોનો નાશ કરવામાં આવેલો, સરકારની તિજોરીમાં જે રકમ વૃક્ષની જમા થવી જઇએ લાકડાની, ઇમારતી લાકડાની એ જમા નહતી થઇ. એના માટે જે કમિશન નિમ્યું હતું, સાહેબ એ કમિશનને પણ આ કોંગ્રેસ સરકારે પાછળથી સમેટી લીધું.

આમ સાહેબ, કોંગ્રેસનો ભૂતકાળ જોઇએ તો પ્રજાને છેતર્યા સિવાય કશું કર્યું નથી પણ સાહેબ અમારી સરકાર, અમારી ભારતીય જનતા પાર્ટીની શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર કટિબદ્ધતાથી અમે કહીએ છીએ કે, અમે એમ.બી.શાહ કમિશન ઉપર તબક્કાવાર કાયદેસરની જે પ્રક્રિયા છે, જે ફોર્માલીટી છે એ બધી જ આગળ વધારી રહ્યા છીએ અને ટૂંક સમયમાં એના અંગેની કાર્યવાહી અમારી સરકાર પૂર્ણ કરશે અને કમિશનનો અહેવાલ અમે પ્રજા જોગ ખુલ્લો કરીશું.

## ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે

## જસ્ટિસ એમ.બી. શાહ કમિશનનો રિપોર્ટ ગૃહમાં રજૂ કરવા અંગે

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપે માહિતી આપી અને રિપોર્ટની કાર્યવાહીની જાણ કરી એના માટેના અભિનંદન. મૂળ વિષય એટલો છે કે, એમણે કાલે મને કહ્યું, મેં તરત જ માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું અને એમની અપેક્ષા છે કે, ૩૦મી તારીખે પહેલાં આમાં તમે કાંઇ કરવા માગો છો કે કેમ? માનનીય બાપૂ સાહેબે જેમ કહ્યું એ પ્રમાણે એમની માગણી છે કે ૩૦મીએ, કદાચ ૩૦મીએ સંભવ, કારણ કે દિવસો ટૂંકા છે એટલે ન હોય તો પણ કેટલા સમયમાં તમે એનો હકારાત્મક મૂળ વાત બાપૂ સાહેબ આટલી જ છે. એમાં આપનું કાંઇ કહેવું હોય તો જરા પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં શરૂઆતમાં જ કહ્યું કે, સાડા પાંચ હજાર પાના જેટલો અંગ્રેજીમાં આ અહેવાલ છે, ૨૨ વોલ્યુમ છે. ૨૫૦ પાનાથી માંડીને ૩૫૦ પાનાનું એક વોલ્યુમ, એવા ૨૨ વોલ્યુમમાં આ અહેવાલ છે, એનો અભ્યાસ કરવો પડે સાહેબ. અને જે આક્ષેપો માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર ઉપર એ વખતે કરવામાં આવેલા. હું પ્રાથમિક દ્રષ્ટિએ સન્નમાનીય ગૃહને અને ગુજરાતની પ્રજાને મિડિયા મારફતે અહીંથી આપના માધ્યમથી જણાવવા માગુ છું કે, પ્રાયમરી અમે જે અભ્યાસ કર્યો છે, તારણો કર્યા છે એમાં મોટાભાગના આક્ષેપોને જસ્ટીસ એમ.બી.શાહ કમિશને રદ કરી દીધા છે, એને નામંજૂર કર્યા છે, પાયા વિહોણા કર્યા છે, તથ્ય વિહોણા કર્યા છે પણ એ અહેવાલ અમે ટેબલ ઉપર મૂકવા માટેની પદ્ધતિ હોય એના અંગેની, પહેલા કેબીનેટમાં મૂકવો પડે. એની જે પદ્ધતિ છે, એની જે વિગતો છે ફોર્માલીટી એ અમે ઝડપથી કરીશું બાકી સાહેબ, અહીંયા નહીં દિલ્હીમાં ઇન્દીરા ગાંધીના ખુન પછી શીખોની જે હત્યા થઇ, હજારો શીખોને મારી નાખ્યા , હજારો શીખોની કતલ કરી નાખી એનું કમિશન નિમ્યું હતું એ કોંગ્રેસ સરકારના કમિશને ૨૦ વર્ષ પછી અમારી સરકાર આવ્યા પછી એ અહેવાલ રિપોર્ટ અમે જાહેર કરેલો, તમે તો ૨૦ વર્ષ સુધી હજારો શીખોની જે કતલ થઇલ ગયેલી એ અહેવાલ પણ તમે નહોતા જાહેર કર્યા એટલે તમારા કરતાં અમે વધુ પારદર્શક છીએ, વધુ પ્રમાણિક છીએ અને પ્રજા પ્રત્યે અમે જવાબદાર છીએ. અમારું કામ અમે ચોકકસ કરીશું અને માનનીય વિપક્ષના નેતાશ્રીને મુખ્યમંત્રી તરફથી મારી ખાતરી છે કે ફોર્માલીટી પત્યા પછી અમે ચોકકસ એના અંગે પૂરેપુરી કાર્યવાહી કરીશું અને ઝડપથી કરીશું. (સતત અંતરાય)

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : મારે મોરબીનો મચ્છુનો ન્યાય જોઇએ.

અધ્યક્ષશ્રી : બેસો ભાઇ, કાંતિભાઇ, બેસો.(અંતરાય) તમે મચ્છુનું કહ્યું એટલે પેલાએ નવું ઉભું કર્યું. આ જે છે એ પહેલા પૂરું કરોને ભાઇ, કાંતિભાઇ, બેસો, પહેલા એમને બોલવા દો પછી તમારો વારો.(અંતરાય) બેસો છો કે નહીં? શક્તિસિંહજી,

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, કમિશન ઓફ ઇન્કવાયરીસ એકટ, એની જોગવાઇઓ સ્વયંસ્પષ્ટ છે. કમિશન ઓફ ઇન્કવાયરીસ એકટ નીચે જયારે કોઇપણ કમિશનની નિમણૂક થાય, એ કમિશન જયારે એનો અહેવાલ તેયાર કરે, એ અહેવાલ તૈયાર થયા પછી એ અહેવાલ સરકારની કાલે ઇચ્છા બદલે, કમિશન કેન્સલ કરે, જુદી વાત છે. પરંતુ એની સેન્ટીટી જયારે કમિશન ઇન્કવાયરી પુરી કરીને કમિશન ઓફ ઇન્કવાયરીસ એકટ નીચે આપને અહેવાલ સુપરત કરે એ પછી બે જ તબકકા હોય છે. માનનીય નીતિનભાઇ જે કહેતા હતા એ ટેકનીકલી કોઇપણ સરકારને એનો અભ્યાસ કરવાનો, કમિશન ઓફ ઇન્કવાયરીસ એકટમાં નકકી કરેલા કમિશને આપેલા રિપોર્ટ પ્રમાણે પગલાં લેવાનો, આ બધું સ્ટેજ કયારે આવે, એક વખત કારણ કે જે સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશે તૈયાર કરેલા અહેવાલમાં કેબિનેટ કે કેબિનેટની સબ કમિટીને એક કોમા પણ આઘોપાછો કરવાનો અધિકાર નથી. ગમે તેટલા વોલ્યુમ હોય એ વોલ્યુમ સીધા પહેલા વિધાનસભાના મેજ પર રજૂ થાય ઘેર આફટર એકશન ટેકન રિપોર્ટ આ સેકન્ડ સ્ટેજ છે. જયારે સરકાર નકકી કરે કે આ રિપોર્ટના આધાર પર અમારે એકશન ટેકન લેવા છે. એ કમિટી બનાવે, પેટા કમિટી બનાવે, એકશન લે એના ઉપરનો એ.ટી.આર. રજૂ થાય અને એ.ટી.આર. પણ વિધાનસભા ગૃહમાં રજૂ કરવાનો થાય એટલે બે સ્ટેજ થયા પહેલા સ્ટેજમાં સરકાર પાસે બીજો કોઇ વિકલ્પ જ નથી કારણ કે એમણે કમિશન વચ્ચેથી રદ નથી કર્યુ. આ એમનો અધિકાર હતો એમને વચ્ચેથી લાગે કે હવે કમિશનની જરૂર નથી, થાય. એક દાખલો એવો બતાવો કે ગુજરાતના ઇતિહાસમાં ભારતી જનતા પાર્ટીની સરકાર સિવાયની કોઇપણ સરકારે એક કમિશને કાર્યવાહી પૂરી કરી, એનો રિપોર્ટ સબમિટ કરી દીધો અને એ રિપોર્ટ વિધાનસભાગૃહની પ્રોપર્ટી છે. એ વિધાનસભા ગૃહમાં, થોડો સમય નથી થયો વચગાળાનો અહેવાલ ૨૦૧૨, ફાઇનલ રિપોર્ટ નવેમ્બર–૨૦૧૩ આટલા સમય એટલે ચાર અને પાંચ વર્ષ સુધી ન થયો હોય વિધાનસભા ગૃહમાં સાહેબ, આવું આજ સુધી કયારેય નથી બન્યું. માનનીય નીતિનભાઇએ ભૂતકાળના દાખલા આપ્યા. આપને અધિકાર હતો આપને એમ લાગુ હતું પણ આપ એમ કહો છો કે અમને અભિનંદન આપો કે તમે રજૂઆત કરી અને અમે કમિશન મૂકયું, આપે કમિશન એટલા માટે મૂકયું કારણ કે કેન્દ્રની સરકાર કમિશન મૂકી દે તો કમિશન ઉપર બીજું કમિશન ન થાય. બેય સરકારમાંથી પહેલું એક કમિશન મૂકાય માટે *(×××), હું જ પોલીસ, હું જ કોટવાળ, હું જ કમિશન મૂકી દઉં એટલે બીજું કમિશન કેન્દ્ર સરકાર મૂકે નહીં.

અધ્યક્ષશ્રી : એ તમે પણ જાણો છો અને સરકાર પણ જાણતી હતી. આપ પણ જાણો છો અને સરકાર પણ જાણતી હોય. એમ જ કર્યું હોયને?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એમણે કર્યું એટલે જવાબ છે સાહેબ. એ જ રીતે તમે. *(×××)

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહભાઇના આ શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : સાહેબ શીખ રાયોટ્સ યાદ આવે છે. દિલ્હીના શીખ રાયોટ્સ સુધી પહોંચે છે. એ કેન્દ્ર સરકારનું પર્વ્યૂ હતું.

## ૨૭મી માર્ચ, ૨૦૧૮

## જસ્ટિસ એમ.બી. શાહ કમિશનનો રિપોર્ટ ગૃહમાં રજૂ કરવા અંગે

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજી, આપનું પ્રવચન પૂરું થયું. પ્લીઝ. જ્યારે લિગાલિટીની મેટર છે. ઘણા બધા આનાથી આપણે વાકેફ છીએ. છતા ય મારે એમાં થોડી સ્પષ્ટતા કરવી છે. કોઇપણ કમિશનનો રિપોર્ટ આવે તો એ સીધીસીધી ગૃહની પ્રોપર્ટી બનતી નથી. એની પાછળનાં કારણો પણ સમજાવું. આપણે બધા જાણીએ છીએ તેમ સી.એ.જી. રિપોર્ટ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલનો રિપોર્ટ આવે છે. એ આખો આખો રિપોર્ટ જ્યારે આવે છે, ત્યારે એને પછી હાફ માર્જિન કહેવામાં આવે છે. એ રિપોર્ટમાં સરકારે એની સ્પષ્ટતા કરવાની હોય છે. આપણે ત્યાં જોગવાઇ એવી છે કે સી.એ.જી. રિપોર્ટ આવી ગયો અને સરકાર એની સ્પષ્ટતા કરતી નથી. અને એમાં થાય એ પ્રમાણે એનું અર્થઘટન કરે છે અને એના કારણે ગુજરાત હોય કે કેન્દ્ર સરકાર હોય, એના કારણે વિસંવાદિતતા ઊભી થાય છે. આટલો મોટો રિપોર્ટ છે, ત્યારે એ બધી ગૃહની પ્રોપર્ટી બને એના કારણે અનેકવિધ સંવેદના સાથેના અનેક વિષયો ઊભા થવાની સંભાવના છે, એટલા માટે નાયબ મુખ્યમંત્રીશ્રીએ વાત કરી છે એ વાતને હું સ્વીકારું છું, પરંતુ એ વાત સાથે પણ સંમત છું કે લાંબો સમય ન થાય. જેટલું બને તેટલું જલ્દી, માત્ર રાજકીય ભાષા તરીકે નહિ. આટલો લાંબો સમય થાય. આપણે પારદર્શકતાની વાતો કરતા હોય ત્યારે સમયસર આપો, તેવી હું આપ સર્વેને વિનંતી કરું છું. આપે કંઇ કહેવાનું હોય તે એક મિનિટમાં પૂરું કરીને આપણે આ વિષય પૂર્ણ કરીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એક જ મિનિટમાં મારે આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકવું છે. આ રિપોર્ટ વિધાનસભાના મેજ ઉપર મૂકવો. એવી એક જાહેર હિતની અરજી *(×××) ગુજરાત હાઇકોર્ટમાં રિટ દાખલ કરેલી. અને એ રિટમાં નામદાર હાઇકોર્ટના ચીફ જસ્ટીસની બેંચે ચુકાદો આપ્યો છે. એ આપણા સૌના ધ્યાન ઉપર મુકવાની મારે જરૂર છે કે સરકારને કોઇપણ રીતે કોઇ બાધ્ય કરી શકે નહિ. મેજ ઉપર મૂકવો જ જોઇએ. સાહેબ એક જ સેકંડ. હું જજમેન્ટ વાંચી રહ્યો છું. સાહેબ, એટલે વિષય ચોખ્ખો થઇ જાય. આ નામદાર ચીફ જસ્ટીસ બેંચે જે જજમેન્ટ આપ્યું છે. એનું કન્ટેન્ટ વાંચું છું. ઉપરોક્ત વિગતોના સંદર્ભમાં અમને એવું જોવા મળતું નથી કે વિધાનસભા ગૃહ સમક્ષ તપાસ પંચનો અહેવાલ રજૂ કરવાનો મુખ્યમંત્રીશ્રી કે રાજ્યપાલશ્રી માટે ફરજિયાત હોય. આ કારણોસર જાહેર હિતની અરજી, પ્રસ્તુત અરજી રિટ પિટિશનમાં કોઇ ગુણવત્તા મેરિટ હોય તેમ જણાતું નથી. તદનુસાર પ્રસ્તુત રિટ પિટિશન એટલે કે •(×××) કરેલી રિટ કાઢી નાખવામાં આવે છે. ડિસમિસ કરવામાં આવે છે. આ ગૃજરાત હાઇકોર્ટનો એમ.બી.શાહ માટેનો આપની જોડે બેસી જે *(×××) બધી વ્યવસ્થાઓ કરેલી છે, એ વ્યવસ્થાઓ તૂટી પડી અને નામદાર હાઇકોર્ટે એને રદ ગણાવ્યું છે. તો અમે મૂકીશું તો અમારી સ્વયં રીતે મૂકીશું. કોઇ રીતે કોઇ અમને કાયદાથી આપ બાધ્ય કરી શકો નહીં. એ ગુજરાત નામદાર હાઇકોર્ટનું જજમેન્ટ છે, છતા અમારા તરફથી જે કરાય તે વહેલામાં વહેલી તકે કાર્યવાહી કરીશું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : મારો આગ્રહ છે એના કારણો છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો. કાંતિલાલ બહાર જવું છે?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એમ.બી. શાહ કમિશન માટેના થોડી (અંતરાય) હું એટલા માટે આગ્રહ કરું છું કે આ જે આક્ષેપો એ ગઇકાલના મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન ઉપર છે. અને સિઝરની પત્ની શંકાથી પર હોવી જોઇએ. માટે એમના માટે હું આ કરું છું. તમે ઓળખો છો. હું ઓળખું છું. મુખ્યમંત્રી હતા, વડાપ્રધાન છે. એમના ઉપર આમને આમ ચાલુ રહેશે અને અમે ચાલુ રાખીશું. તો સારું એ રહેશે કે દૂધનું દૂધ પાણીનું પાણી. આ અમારો રિપોર્ટ. કાઢો એમાં જે કાઢવું હોય એ. એટલા માટે એમની છબી ખરડાયેલી છે, રહેશે એને સુધારવા માટે એક તક છેલ્લા દિવસે શુભ આશય(અંતરાય) એટલે તો કહું છું કે અમારા મિત્ર ઉપર આવા છાંટા ઉડે તે બરાબર નહીં. તેમની છબી ખરડાયેલી રહે તે ન ચાલે. માટે તેને ધોવાનું તમારા હાથમાં છે. આપ એ છાંટા અને ખરડાયેલી છબી સુધારો, એટલા માટે રિપોર્ટ મૂકી દો તો વધારે સારુ. બાકી અમારો આગ્રહ છે કે આ ૩૦ મી કે ૩૧મી એક દિવસ વધારે એ રિપોર્ટ નહીં મૂકો તો સાચા ચોકીદાર તરીકેનો રોલ અમારે આ ગૃહમાં ભજવવો પડશે એટલી આપની પાસે અપેક્ષા છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરસિંહજીએ માનનીય નરેન્દ્રભાઇ પ્રત્યે બતાવેલ લાગણી બદલ આભાર વ્યક્ત કરું છું. દૂધનું દૂધ અને પાણીનું પાણી નહીં પણ ચોખ્ખું દૂધનું દૂધ જ છે.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### સોળમી, સત્તરમી, અઢારમી, ઓગણીસમી, વીસમી, એકવીસમી, બાવીસમી, ત્રેવીસમી, ચોવીસમી અને પચ્ચીસમી અતારાંકિત યાદીઓ.

અધ્યક્ષશ્રી: અતારાંકિત પ્રશ્નોની સોળમી, સત્તરમી, અઢારમી, ઓગણીસમી, વીસમી, એકવીસમી, બાવીસમી, ત્રેવીસમી, ચોવીસમી અને પચ્ચીસમી યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે

## અતારાંકિત પ્રશ્નોત્તરી

સોળમી અતારાંકિત યાદી

### ગ્લેન્ડર્સનો રોગ ફેલાતા ઘોડાઓને મારી નાખવા બાબત

અતારાંકિતઃ ૯૦૭૪ (૩૦–૦૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ઘોડામાં ગ્લેન્ડર્સ નામનો રોગચાળો ફેલાતા ખેડા, બનાસકાંઠા, પાટણ, ભાવનગર, જામનગર તથા ગીર સોમનાથમાં મળીને આશરે તેત્રીસ ઘોડાઓને વેટરનરી ડોક્ટર દ્વારા તા. ૧૫–૦૭–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં મારી નાખવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ગ્લેન્ડર્સ રોગની સામે ઘોડાઓને રક્ષણ આપવાને બદલે તેમને મારી નાખવાના શા કારણો છે, અને

(૩) બાકીના ઘોડાઓમાં ઉક્ત રોગચાળો ફેલાતો અટકાવવા મુખ્યત્વે શી વ્યવસ્થા કરવામાં આવી છે અને તેની જવાબદારી કોને સોંપવામાં આવી છે.

પશુપાલન મંત્રીશ્રી : (૧૦–૧૧–૨૦૧૬)

(૧) હા, ઘોડામાં ગ્લેન્ડર્સ નામનો રોગચાળો ફેલાતા, ખેડા જિલ્લાનાઃ બે ઘોડાઓ, બનાસકાંઠાઃ ત્રણ ખચ્ચર (અશ્વ કુળના), પાટણઃ આઠ ઘોડાઓ, ભાવનગરઃ સાત ઘોડાઓ, જામનગરઃ બે ઘોડાઓ અને ગીર સોમનાથઃ બે ઘોડાઓ મળીને કુલ ૨૪ અશ્વ કુળના પશુઓને પશુ પાલકોની સમ્મતિથી તા. ૧૫–૦૭–૨૦૧૬ની સ્થિતિએ યુથેનાઈઝ કરવામાં આવેલ છે.

(૨) ગ્લેન્ડર્સ રોગ એ રાષ્ટ્રીય કક્ષાએ નોટિફાએબલ રોગ છે. આ રોગ મુખ્યત્વે અશ્વકુળના પશુઓ એટલે કે ઘોડા, પોની, ખચ્ચર તથા ગદર્ભમાં જોવા મળે છે. આ રોગ અસાધ્ય, પીડાદાયક, ખુબ જલદીથી પ્રસરે શકતો અને માનવોમાં (ઝુનોટીક) ફેલાય શકે તેવો અત્યંત ચેપી રોગ હોય, ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન અને “ધી પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ ઈન્ફેકશીયસ એન્ડ કોન્ટેઝીયસ ડીસીઝ ઈન એનીમલ્સ એક્ટ–૨૦૦૯” અનુસાર રોગગ્રસ્ત અશ્વ કુળના પ્રાણીઓને યુથેનાઈઝેશન (શાંતિ પૂર્વક સહજ મરણ)થી નિકાલ કરવાનો થાય છે.

(૩) બાકીના ઘોડાઓમાં ઉક્ત રોગચાળો ફેલાતો અટકાવવા ભારત સરકારશ્રીના માર્ગદર્શિકા મુજબ કામગીરી કરવામાં આવે છે જેમાં મુખ્યત્વે

- અશ્વ કુળના પશુઓના અસરગ્રસ્ત વિસ્તારમાંથી પશુઓને બહાર લઈ જવા તથા લાવવા ઉપર નિયંત્રણ, આઈસોલેશન અને ઝુ સેનેટરીના પગલા તથા તાત્કાલિક ધોરણે અસરગ્રસ્ત પશુઓમાંથી રોગ નિદાન માટેના નમુના મેળવી નમૂના પૃથ્થકરણની કામગીરી રાષ્ટ્રીય કક્ષાની લેબમાં મોકલી રોગનિદાનની ઘનિષ્ટ કામગીરી કરવામાં આવેલ છે.
- પશુ પાલન ખાતા દ્વારા ગુજરાત રાજ્યમાં અશ્વકુળના પશુઓમાં નોંધાયેલ ગ્લેન્ડરના રોગચાળા સબંધિત જાહેર જનતા જોગ અપીલ અગ્રણી સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.
- માનનીય સચિવશ્રી પશુ પાલન ખાતા દ્વારા રાજ્યના તમામ કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને રેવન્યુ વિભાગ અને પોલીસ વિભાગનો સહકાર સ્થાનિક પશુપાલન ખાતાને મળે તથા અશ્વ સંવર્ગના પશુઓની હેરફેર નિયંત્રિત અને આનુસંગિક કામગીરીને વેગ મળે તે માટે તા. ૨૨–૦૩–૧૬ના પત્રથી જાણ કરેલ હતી.
- પશુપાલન ખાતા દ્વારા આ રોગ બાબતેની જાણ પડોશી રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, રાજસ્થાન તથા મધ્ય પ્રદેશ તથા ભારત સરકારશ્રીને કરવામાં આવેલ હતી.
- પશુ પાલન ખાતા દ્વારા પીડા રહિત મૃત્યુ કરાયેલ પશુઓના પશુ માલીકને રાષ્ટ્રીય નીતિ અનુસાર વળતરનું ચુકવણું પણ કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકારશ્રી દ્વારા સદર રોગનો ફેલાવો વધુ જિલ્લામાં હોવાની શક્યતા બાબતે સદર રોગના અટકાવ અને નિયંત્રણ અર્થે સમગ્ર રાજ્યમાં અશ્વ સંવર્ગના પશુઓની હેરફેર પ્રતિબંધિત કરવા કાયદાની કલમ–૬ અન્વયે સમગ્ર રાજ્યને “કંટ્રોલ એરિયા” તરીકે જાહેર કરતુ જાહેરનામું તા. ૦૧–૦૬–૨૦૧૬થી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. ગ્લેન્ડર્સ રોગ અટકાવ માટેના સફળ અમલીકરણ માટે રોગ નિયંત્રણના લેવાના થતા પગલા જિલ્લાના નોડલ અધિકારી–વ–નાયબ/મદદનીશ પશુ પાલન નિયામકશ્રીને સોંપવામાં આવી છે.

--------

### દેવભૂમિ દ્વારકામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ “હેન્ડ હોલ્ડીંગ પર્સન” ની નિમણૂંક

અતારાંકિતઃ ૭૩૮૪ (૨૯–૬–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ–૨૦૦૯ની જોગવાઈ અનુસાર દર ચાલીસ શાળાઓ દીઠ એક “હેન્ડ હોલ્ડીંગ પર્સન” ની નિમણૂંક કરવાની હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૦ જૂન–૨૦૧૫ની સ્થિતિએ ઉક્ત પ્રકારની કેટલી વ્યક્તિઓની નિમણૂંકો કરવાની થાય છે તે પૈકી કેટલી નિમણૂંકો કરવાની થઈ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ નિમણૂંકો ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૬–૧૧–૨૦૧૬)

(૧) બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ અન્વયે આવી નિમણૂંક કરવાની કોઈ જોગવાઈ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

રાજ્યમાં વિદ્યાર્થી વગર ચાલતી શાળાઓ

અતારાંકિતઃ ૭૯૩૯ (૨૨–૭–૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા. ૩૧ ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ ધોરણ–૧૨માં છેલ્લા ૫ વર્ષથી એકપણ વિદ્યાર્થી પરીક્ષામાં બેઠો ન હોય તેવી કેટલી શાળાઓ કાર્યરત છે, અને

(૨) આ તમામ શાળા તથા તેના સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૧–૧૧–૨૦૧૬)

(૧) – ધોરણ–૧૦ અને ધોરણ–૧૨માં છેલ્લા ૫ વર્ષથી એકપણ વિદ્યાર્થી પરીક્ષામાં બેઠકો ન હોય તેવી શાળાઓ કાર્યરત નથી. પરંતુ તેમના ઈન્ડેક્ષ નંબર ચાલુ હતા, જેની યાદી આ સાથે સામેલ છે.

- માધ્યમિક – ૧૭૪
- ઉચ્ચતર માધ્યમિક – ૧૦૦

(૨) સદર શાળાઓના ઈન્ડેક્ષ નંબર રદ કરેલ છે.

રાજ્યમાં જિલ્લાવાર ધોરણ–૧૦ અને ધોરણ–૧૨માં છેલ્લા ૫ વર્ષથી ઈન્ડેક્ષ નંબર ચાલુ હતા તેવી શાળાઓની યાદી

| ક્રમ | જિલ્લો | માધ્યમિક (ધો–૧૦) | ઉચ્ચ. માધ્યમિક (ધો–૧૨) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૮ | ૧૧ |
| ૨ | અમદાવાદ શહેર | ૧૩ | ૧૫ |
| ૩ | અમરેલી | ૮ | ૩ |
| ૪ | આણંદ | ૧ | ૦ |
| ૫ | અરવલ્લી | ૦ | ૦ |
| ૬ | બનાસકાંઠા | ૬ | ૨ |
| ૭ | ભરૂચ | ૨ | ૨ |
| ૮ | ભાવનગર | ૮ | ૦ |
| ૯ | બોટાદ | ૧ | ૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૨ | ૦ |
| ૧૧ | દાહોદ | ૧૦ | ૨ |
| ૧૨ | ડાંગ | ૩ | ૧ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ |
| ૧૪ | ગાંધીનગર | ૧૧ | ૨ |
| ૧૫ | ગીરસોમનાથ | ૦ | ૦ |
| ૧૬ | જામનગર | ૨ | ૧ |
| ૧૭ | જુનાગઢ | ૫ | ૧ |
| ૧૮ | કચ્છ | ૪ | ૩ |
| ૧૯ | ખેડા | ૧ | ૪ |
| ૨૦ | મહેસાણા | ૨ | ૬ |
| ૨૧ | મહીસાગર | ૦ | ૦ |
| ૨૨ | મોરબી | ૦ | ૦ |
| ૨૩ | નર્મદા | ૨ | ૦ |

| ક્રમ | જિલ્લો | માધ્યમિક (ધો–૧૦) | ઉચ્ચ. માધ્યમિક (ધો–૧૨) |
|---|---|---|---|
| ૨૪ | નવસારી | ૩ | ૦ |
| ૨૫ | પંચમહાલ | ૧૨ | ૨ |
| ૨૬ | પાટણ | ૬ | ૨ |
| ૨૭ | રાજકોટ | ૨૫ | ૧૧ |
| ૨૮ | સાબરકાંઠા | ૨ | ૮ |
| ૨૯ | સુરત | ૯ | ૭ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૫ | ૫ |
| ૩૧ | તાપી | ૪ | ૦ |
| ૩૨ | વડોદરા | ૧૨ | ૧૧ |
| ૩૩ | વલસાડ | ૭ | ૧ |
| | કુલ | ૧૭૪ | ૧૦૦ |

---------

બનાસકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં શેતરંજી ખરીદી સંબંધમાં ફરીયાદો

અતારાંકિતઃ ૭૯૭૨ (૨૦–૮–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા જિલ્લા પંચાયત હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં શેતરંજીની ખરીદી સંબંધમાં તા. ૧૫–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા છ માસમાં કયા પ્રકારની કેટલી ફરીયાદો મળી, અને

(૨) ઉક્ત ફરિયાદો સંદર્ભે શું કાર્યવાહી કરવામાં આવી છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૬–૧૧–૨૦૧૬)

(૧) તા. ૧૫–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા છ માસમાં બનાસકાંઠા જિલ્લા પંચાયત હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં શેતરંજી ખરીદી સંબંધમાં અનિયમિતતા/ગેરરીતિને લગતી ૦૩ (ત્રણ) રજુઆતો મળી હતી.

(૨) ઉક્ત ફરીયાદ/અખબારી અહેવાલો સંદર્ભે જિલ્લાની સંબંધિત કચેરીઓ (૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને (૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા, તથા (૩) જિલ્લા વિકાસ અધિકારી બનાસકાંઠાને તપાસ કરીને તે અંગેનો તપાસ અહેવાલ રજુ કરવા જણાવવામાં આવેલ છે.

---------

કચ્છ જિલ્લામાં વનસ્પતિ/વૃક્ષોનું સંરક્ષણ

અતારાંકિતઃ ૭૩૪૬ (૧૮–૦૭–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૦ જૂન, ૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વનસ્પતિ કે વૃક્ષોની સંખ્યા ઘટી રહી છે અથવા લુપ્ત થઇ રહી છે, અને

(૨) ઉક્ત વૃક્ષો/વનસ્પતિઓને સંરક્ષણ પૂરૂં પાડવા ઉક્ત સ્થિતિએ યોજના તૈયાર કરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી : (૧૭–૧૧–૧૬)

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં સિંચાઈ યોજના હેઠળ તાલુકાવાર નવા બનાવેલ તળાવોની વિગત *પત્રક–૧ અને ઉંડા કરવામાં આવેલ તળાવોની વિગત *પત્રક–૨ થી સામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં કાર્યરત હેન્ડપંપ

અતારાંકિતઃ ૮૭૮૪ (૨૦–૦૮–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૫માં કેટલા નવા હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા.૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ કેટલા હેન્ડપંપો કાર્યરત છે, અને

(૩) કેટલા હેન્ડપંપ બંધ હાલતમાં છે અને તે ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

પાણી પુરવઠા મંત્રીશ્રી : (૦૯–૧૨–૨૦૧૬)

(૧)

| જિલ્લો | વર્ષ | મંજુર કરેલ હેન્ડપંપ |
|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૨૦૧૪ | ૦૧ |
| | ૨૦૧૫ | ૦૨ |
| સુરત | ૨૦૧૪ | ૯૨૬ |
| | ૨૦૧૫ | ૧૧૧૮ |
| તાપી | ૨૦૧૪ | ૭૮૪ |
| | ૨૦૧૫ | ૭૫૭ |

(૨) મંજુર કરેલ તમામ હેન્ડપંપ કાર્યરત છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં નાની/મધ્યમ સિંચાઈ કેનાલના કામ

અતારાંકિતઃ ૯૩૩૭ (૧૬–૦૯–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## ૨૪મી માર્ચ, ૨૦૧૯
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ કઈ કઈ નાની અને મધ્યમ સિંચાઈ યોજનાઓના કેનાલના કામ અધૂરા છે, અને

(૨) તે કયા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

જળસંપત્તિ મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૨–૧૨–૨૦૧૬)

(૧) અને (૨) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ કચ્છમાં ૧ (એક), ભાવનગરમાં ૬ (છ) અને ગાંધીનગર જિલ્લામાં શૂન્ય નાની સિંચાઈ યોજનાઓના કેનાલના કામ અધૂરા છે જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | નાની સિંચાઈ યોજનાનું નામ | કેનાલના અધુરા રહેવાના કારણો | પૂર્ણ કરવાનું આયોજન |
|---|---|---|---|---|
| ૧ | કચ્છ | મુન્દ્રા તાલુકાની ગેલડા નાની સિંચાઈ યોજના | ઈજારદારશ્રીના પક્ષમાં થયેલ લવાદ એવોર્ડના સંદર્ભમાં અપીલની કાર્યવાહી પ્રગતિમાં છે. | ન્યાયિક પ્રક્રિયા પુર્ણ થયા બાદ કામ પુર્ણ કરવાની કામગીરી કરી શકશે. |
| ૨ | ભાવનગર | નાગધણીબા તા. ભાવનગર | ડેમથી નવસો મીટર લંબાઈ બન્યા પછી અન્ય વિકલ્પ દ્વારા પીયત માટે ખેડુતોને પાણી મળી રહેતુ હોવાથી ખેડુતોને નહેરની જરૂરીયાત નહીં હોવાથી નહેર બનાવવા સહમત નથી. | ખેડુતોના વિરોધને કારણે કામ થઈ શકેલ નથી. |
| ૩ | ,, | છાયા ના. સિં. કેનાલ તા. ઘોઘા | ખેડુતો જમીનનો કબજો આપવા તૈયાર ન હોઈ કેનાલનું કામ પુર્ણ થઈ શકેલ નથી. | કેનાલ બાંધકામનો ઈજારો આપવામાં આવેલ હતો પરંતુ ખેડૂતોના વિરોધના કારણે કામ થઈ શકેલ નથી. |
| ૪ | ,, | કોટીયા ના. સિં. તા. મહુવા | કેનાલની કામગીરી માટે કેટલીક જમીનનો કબજો ન મળતા તેટલી લંબાઈની નહેરોના કામ અધુરા રહેલ છે. | જમીનનો કબજો નહીં સોંપાતા ખેડુતોને સમજાવી કબજો મેળવી કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |
| ૫ | ,, | વરલ ના. સિં. તા. શિહોર | એક ખાતેદારની જમીન સંપાદન વળતર બાબતે તકરાર હોઈ કેનાલ બનાવવાના કામ અધુરા રહેલ છે. | જમીનનો કબજો નહીં સોંપતા ખેડુતને સમજાવી, કબજો મેળવી કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |
| ૬ | ,, | કરમદીયા ના. સિં. તા. મહુવા | જમીનનો કબજો સ્થળ પર મળેલ નથી. | જમીનનો કબજો ખેડુતો પાસેથી નહી મળતા નહેરના કામ થઈ શકેલ નથી. |
| ૭ | ,, | હણોલ ના. સિં. યો. | જમીનનો કબજો સ્થળ પર મળેલ નથી. | ખુલ્લી નહેર માટે ખેડુતોનો વિરોધ છે. પાઈપલાઈન કેનાલ માટે ખેડુતોને સંમતિ મળેથી આગળની કાર્યવાહી હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે. |

–––––––

બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં તાલુકા અને જિલ્લા પંચાયતોનું મહેકમ

અતારાંકિતઃ ૭૮૫૦ (૭–૭–૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોમાં વર્ગ–૧ થી ૪ નું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

પંચાયત મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૦૮–૧૨–૨૦૧૬)

(૧)

| જિલ્લો | | મંજૂર મહેકમ | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | |
| બનાસકાંઠા | જિલ્લા પંચાયત | ૧૩ | ૧૪ | ૨૦૭ | ૫૫ | ૨૮૯ |
| | તાલુકા પંચાયત | ૧ | ૧૩ | ૨૧૦ | ૫૯ | ૨૮૩ |
| | કુલ | ૧૪ | ૨૭ | ૪૧૭ | ૧૧૪ | ૫૭૨ |
| સાબરકાંઠા | જિલ્લા પંચાયત | ૧૪ | ૫ | ૯૧ | ૨૯ | ૧૩૯ |
| | તાલુકા પંચાયત | ૧ | ૭ | ૨૧૦ | ૧૪૫ | ૩૬૩ |
| | કુલ | ૧૫ | ૧૨ | ૩૦૧ | ૧૭૪ | ૫૦૨ |
| પાટણ | જિલ્લા પંચાયત | ૧૫ | ૧૪ | ૧૪૫ | ૨૭ | ૨૦૧ |
| | તાલુકા પંચાયત | ૦ | ૯ | ૨૦૬ | ૨૫ | ૨૪૦ |
| | કુલ | ૧૫ | ૨૩ | ૩૫૧ | ૫૨ | ૪૪૧ |

(૨)

| જિલ્લો | | | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ વર્ષ | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ |
| બનાસકાંઠા | જિલ્લા પંચાયત | વર્ગ–૧ | ૫ | ૩ | ૨ | ૦ |
| | | વર્ગ–૨ | ૭ | ૬ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૬૭ | ૪૦ | ૨૨ | ૫ |
| | | વર્ગ–૪ | ૭ | ૨ | ૩ | ૨ |
| | | કુલ | ૮૬ | ૫૧ | ૨૮ | ૭ |
| | તાલુકા પંચાયત | વર્ગ–૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૬ | ૦ | ૬ | ૦ |
| | | વર્ગ–૩ | ૮૧ | ૬૭ | ૧૪ | ૦ |
| | | વર્ગ–૪ | ૯ | ૩ | ૪ | ૨ |
| | | કુલ | ૯૭ | ૭૧ | ૨૪ | ૨ |
| જિલ્લો | | | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
| | | | | ૧ વર્ષ | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ |
| સાબરકાંઠા | જિલ્લા પંચાયત | વર્ગ–૧ | ૩ | ૩ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૨ | ૨ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૩૨ | ૧૦ | ૧૨ | ૧૦ |
| | | વર્ગ–૪ | ૭ | ૨ | ૩ | ૨ |
| | | કુલ | ૪૪ | ૧૭ | ૧૫ | ૧૨ |
| | તાલુકા પંચાયત | વર્ગ–૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૬ | ૬ | ૦ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૪૦ | ૩૨ | ૪૨ | ૬૬ |
| | | વર્ગ–૪ | ૮૫ | ૧૫ | ૨૬ | ૪૪ |
| | | કુલ | ૨૩૧ | ૫૩ | ૬૮ | ૧૧૦ |
| પાટણ | જિલ્લા પંચાયત | વર્ગ–૧ | ૪ | ૦ | ૧ | ૩ |
| | | વર્ગ–૨ | ૪ | ૧ | ૧ | ૨ |
| | | વર્ગ–૩ | ૭૩ | ૨૪ | ૨૨ | ૨૭ |
| | | વર્ગ–૪ | ૧૦ | ૦ | ૫ | ૫ |
| | | કુલ | ૯૧ | ૨૫ | ૨૯ | ૩૭ |
| | તાલુકા પંચાયત | વર્ગ–૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૫ | ૩ | ૨ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૦૩ | ૨૨ | ૫૦ | ૩૧ |
| | | વર્ગ–૪ | ૧૦ | ૨ | ૮ | ૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | ૧૧૮ | ૨૭ | ૬૦ | ૩૧ |

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ સીધી ભરતીના ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

-------

આણંદ અને ખેડા જિલ્લામાં ગૌચર દબાણ સેલ

અતારાંકિતઃ ૭૯૮૪ (૭-૭-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

આણંદ અને ખેડા જિલ્લામાં સન ૨૦૧૫ માં ગૌચર દબાણ સેલ મારફતે દબાણ થયેલા ગૌચરને આઇડેન્ટીફાઇ કરવા અને દૂર કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨-૧૨-૧૬)

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં સને ૨૦૧૫માં મોજે મારડ ખાતે આવેલ ગૌચરમાં ૧ (એક) દબાણ આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ અને તે દબાણ તા.૧૩-૫-૨૦૧૬ના રોજ દૂર કરવામાં આવેલ છે. તે સિવાય આણંદ જિલ્લાના અન્ય તાલુકામાં સને ૨૦૧૫માં ગૌચરમાં કોઇ દબાણ થયેલ કે નોંધાયેલ નથી. ખેડા જિલ્લામાં સને ૨૦૧૫માં ગૌચર દબાણ આઇડેન્ટીફાઇ થયેલ નથી. પરંતુ અગાઉના વર્ષમાં ગૌચરના કુલ ૭૯ દબાણ થયેલ હતાં. જે પૈકી કુલ ૬ દબાણ, દબાણ સેલ દ્વારા દૂર કરવામાં આવેલ છે. જયારે, બાકીના ૭૩ દબાણ અંગે કોર્ટમાં કેસ દાખલ થયેલ છે. જે હાલમાં નામ.કોર્ટમાં કેસ ચાલુ છે. જે અંગે કોર્ટનો નિર્ણય આવ્યા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

-------

જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગૌચર દબાણ સેલ

અતારાંકિતઃ ૮૧૩૪ (૨૦-૮-૨૦૧૬) શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં સન ૨૦૧૫ માં ગૌચર દબાણ સેલ મારફતે દબાણ થયેલા ગૌચરને આઇડેન્ટીફાઇ કરવા અને દૂર કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨-૧૨-૧૬)

જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૧૫ માં ગૌચર દબાણ સેલ મારફતે દબાણ થયેલા ગૌચરને આઇડેન્ટીફાઇ કરવા અને દૂર કરવા સબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને જરૂરી સૂચના આપવામાં આવેલ છે. તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા સને ૨૦૧૫માં ૩(ત્રણ) દબાણો આઇડેન્ટીફાઇ કરેલ છે. જેમાં ૨(બે) દબાણો દૂર થયેલ છે અને ૧(એક) ધાર્મિક દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. પોરબંદર જિલ્લામાં દબાણ સેલ શાખામાં મંજૂર થયેલ સર્વેયરની જગ્યા ભરાયેલ ન હોવાના કારણે ગૌચર દબાણ સેલ મારફત વર્ષ ૨૦૧૫માં ગૌચરના દબાણો આઇડેન્ટીફાઇ થઇ શકેલ નથી. ગૌચર જમીનો પંચાયતને વેસ્ટ થયેલ હોય તેના પરના દબાણો દૂર કરવાના અધિકારો ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૧૦૫(૧)(૨) હેઠળ જે તે ગ્રામ્ય પંચાયતને આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫માં પોરબંદર જિલ્લામાં ગ્રામ પંચાયત/તાલુકા વિકાસ અધિકારી દ્વારા ૧ ગામમાં ૧ કેસમાં ૩૨૩૮ ચો.મી.ની ગૌચર જમીનનું દબાણ દૂર કરાવેલ છે.

-------

પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ગૌચર દબાણ સેલ

અતારાંકિતઃ ૮૨૨૦ (૨૦-૮-૨૦૧૬) શ્રી સી.કે.રાઉલજી (ગોધરા): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સન ૨૦૧૫ માં ગૌચર દબાણ સેલ મારફતે દબાણ થયેલા ગૌચરને આઇડેન્ટીફાઇ કરવા અને દૂર કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨-૧૨-૧૬)

પંચમહાલ જિલ્લામાં સને ૨૦૧૫ માં ગૌચર દબાણ સેલ મારફતે દબાણ થયેલા ગૌચરને આઇડેન્ટીફાઇ કરવા અને દૂર કરવાના કેસો ઉપસ્થિત થયેલ નથી. જેથી કોઇ પ્રશ્ન નથી. દાહોદ જિલ્લામાં કુલ-૨૪ દબાણદારો દ્વારા દબાણો કરવમાં આવેલ હતાં. જે પૈકીના ૧૯ દબાણો હાલમાં દૂર કરવામાં આવેલ છે અને બાકી રહેલ ૫ દબાણો દૂર કરવા માટે તાલુકા વિકાસ અધિકારી દ્વારા દબાણદારોને નૉટિસ આપવામાં આવેલ છે.

-------

અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં ગૌચર દબાણ સેલ

અતારાંકિતઃ ૮૨૨૧ (૨૦-૮-૨૦૧૬) શ્રી સી.કે.રાઉલજી (ગોધરા): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં સન ૨૦૧૫ માં ગૌચર દબાણ સેલ મારફતે દબાણ થયેલા ગૌચરને આઇડેન્ટીફાઇ કરવા અને દૂર કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

## અતારાંકિત પ્રશ્નોત્તરી

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨–૧૨–૧૬)

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં સને ૨૦૧૫ની સ્થિતિએ કોલીખડ ગામના સ.નં. ૧૦૦ માં ૩–૨૮–૮૧ ચો.મી. ગૌચર જમીનમાં ૯ ઇસમોએ દબાણ કરેલ છે અને આ દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરતાં મોડાસાની સીવીલ કોર્ટ દ્વારા તા.૨૭–૧૨–૨૦૧૩ થી મનાઇ હુકમ મળેલ છે. જેથી, દબાણ દૂર થયેલ નથી અને અન્ય તાલુકાઓમાં દબાણ સેલ મારફતે દબાણ થયેલ ગૌચર આઇડેન્ટીફાઇ થયેલ નથી. મહીસાગર જિલ્લામાં સને ૨૦૧૫માં ગૌચર દબાણ સેલ મારફતે થયેલ ગૌચરને આઇડેન્ટીફાઇ કરતા કુલ ૦૭.૫૧.૨૦ હે.આરે.ચો.મી દબાણ થયેલ છે. જે પૈકી લુણાવાડા તાલુકામાં ૦૭.૪૦.૦૪ હે.આરે.ચો.મી દબાણ અંગે નામ.કોર્ટમાં કેસ ચાલુ છે. જેથી દબાણ દૂર થયેલ નથી તથા સંતરામપુર તાલુકામાં કુલ ૦૦.૧૧.૧૬ હે.આરે.ચોમી દબાણ થયેલ છે. ઉક્ત દબાણ પૈકી ૦૦.૦૧.૦૩ હે.આરે.ચોમી દબાણ દૂર કરવા તાલુકા પંચાયત, સંતરામપુર દ્વારા ગ્રામ પંચાયતને નોટિસ આપવામાં આવેલ છે. જ્યારે, બાકી રહેલ ૦૦.૧૦.૧૩ હે.આરે.ચોમી દબાણ સંદર્ભે કોર્ટ કેસ થયેલ હોઇ દબાણ દૂર થયેલ નથી.

-------

### જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં પીવાના પાણીના કૂવા

અતારાંકિતઃ ૮૯૧૯ (૨૨–૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં ક્યા ગામોમાં તા.૩૧ ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવ્યા છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલા લેવાયા છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨–૧૨–૧૬)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

### ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં પીવાના પાણીના કૂવા

અતારાંકિતઃ ૯૦૪૩ (૨૦–૮–૨૦૧૬) શ્રી પૂંજાભાઇ વંશ (ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં ક્યા ગામોમાં તા.૩૧ ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવ્યા છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલા લેવાયા છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨–૧૨–૧૬)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

### બનાસકાંઠા જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મહેકમ

અતારાંકિતઃ ૯૧૦૮ (૪–૮–૨૦૧૬) શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૧/૫/૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૮–૧૨–૧૬)

(૧)

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૧૩ |
| વર્ગ–૨ | ૧૪ |
| વર્ગ–૩ | ૨૦૭ |
| વર્ગ–૪ | ૫૫ |

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૮ | ૫ |
| વર્ગ–૨ | ૭ | ૭ |
| વર્ગ–૩ | ૧૪૦ | ૬૭ |
| વર્ગ–૪ | ૪૮ | ૭ |

–––––––

રાજ્યમાં જિલ્લાવાર ગૌચર

અતારાંકિતઃ ૫૨૦૧ (૨૩–૭–૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલું ગૌચર હોવું જોઈએ અને તેની સામે જિલ્લાવાર કેટલું ગૌચર ઉપલબ્ધ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જો ગૌચર ઓછું હોય તો ગૌચર વધારવા સરકારે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં ?

મહેસૂલ મંત્રીશ્રી : (૦૨–૧૨–૧૬)

(૧)

| જિલ્લાનું નામ | ગૌચર હોવું જોઈએ (હે.–આરે–ચો.મી.) | ગૌચર ઉપલબ્ધ છે (હે.–આરે–ચો.મી.) |
|---|---|---|
| અમદાવાદ | ૧૪૮૬૪–૯૩–૪૩ | ૧૩૫૧૨–૨૨–૧૭ |
| અમરેલી | ૪૧૨૮૭–૧૩–૫૩ | ૩૮૨૫૯–૬૭–૧૮ |
| આણંદ | ૯૪૨૪૩–૬૨–૪૩ | ૫૯૧૪–૨૯–૪૬ |
| ખેડા | ૧૬૩૭૯–૦૦–૦૦ | ૧૬૩૦૦–૦૦–૦૦ |
| બનાસકાંઠા | ૩૨૬૭૩૦–૧૭–૪૧ | ૫૭૧૪૨–૧૦–૮૧ |
| ભરૂચ | ૫૯૯૧૧–૦૦–૦૦ | ૧૩૨૬૩–૦૦–૦૦ |
| ભાવનગર | ૧૨૪૪૪૮–૪૧–૫૧ | ૪૨૯૮૮–૮૮–૫૪ |
| દાહોદ | ૧૦૨૯૯૫–૧૦–૪૮ | ૧૭૫૮૦–૯૮–૧૧ |
| ડાંગ | ૦૦–૦૦–૦૦ | ૦૦–૦૦–૦૦ |
| ગાંધીનગર | ૬૮૩૧૯–૬૧–૯૮ | ૨૪૪૪–૬૦–૯૯ |
| જામનગર | ૫૭૩૭૦–૭૯–૫૧ | ૪૩૩૭૩–૪૦–૦૪ |
| જુનાગઢ | ૭૧૪૪૨–૭૧–૬૦ | ૩૭૫૬૯–૩૦–૬૪ |
| કચ્છ | ૧૪૨૧૮૫–૧૪–૦૪ | ૯૪૪૭૮૧–૧૨–૫૭ |
| મહેસાણા | ૧૫૧૩૯૧–૦૦–૦૦ | ૨૦૧૦૬–૮૦–૨૬ |
| નવસારી | ૪૩૩૩૩–૫૪–૧૦ | ૩૭૧૧–૦૨–૦૪ |
| પંચમહાલ | ૯૯૭૭૯–૦૦–૦૦ | ૮૦૫૮–૨૮–૪૨ |
| પાટણ | ૫૨૨૭૭–૪૪–૯૪ | ૨૨૬૩૭–૪૩–૯૫ |
| પોરબંદર | ૨૬૭૭૬–૧૫–૫૩ | ૧૫૪૩૬–૩૬–૦૯ |
| રાજકોટ | ૯૦૬૮૫–૬૩–૪૭ | ૫૬૧૯૪–૩૪–૬૩ |
| નર્મદા | ૩૬૬૩૪–૦૦–૦૦ | ૧૦૧૬૫–૫૬–૦૦ |
| સાબરકાંઠા | ૧૦૫૦૦૧–૧૭–૦૭ | ૧૭૬૩૫–૬૦–૧૯ |
| સુરત | ૬૮૦૪૬–૨૫–૭૮ | ૧૩૧૪૩–૭૩–૧૯ |
| સુરેન્દ્રનગર | ૮૪૯૨૨–૨૧–૭૬ | ૩૭૬૦૧–૪૧–૦૯ |
| વલસાડ | ૨૦૭૩૨–૫૮–૦૨ | ૧૫૧૨–૧૮–૯૮ |
| વડોદરા | ૮૫૮૬૨–૫૬–૦૦ | ૧૧૭૪૮–૭૭–૦૭ |
| તાપી | ૪૮૭૪૨–૮૮–૩૭ | ૯૦૯૨–૧૫–૪૭ |
| બોટાદ | ૪૦૧૫૧–૭૧–૦૫ | ૧૫૪૯૮–૦૫–૮૧ |
| મોરબી | ૪૯૪૬૬–૦૦–૦૦ | ૨૯૫૫૫–૦૦–૦૦ |
| દેવભૂમિ દ્વારકા | ૩૦૮૭૯–૮૫–૮૧ | ૧૮૭૦૨–૮૧–૦૩ |

| | | |
|---|---|---|
| ગીર સોમનાથ | ૮૨૭૧૬-૪૩-૮૩ | ૧૭૧૫૭-૪૮-૦૨ |
| અરવલ્લી | ૪૫૫૦૩-૦૫-૦૦ | ૧૫૨૫૫-૮૯-૦૦ |
| મહીસાગર | ૧૧૯૯૩૦-૨૮-૬૫ | ૯૯૬૧-૩૯-૩૫ |
| છોટાઉદેપુર | ૨૮૬૧૨-૦૧-૯૦ | ૭૩૯૪-૬૯-૩૬ |

(૨) ગૌચર વધારવા માંગણી થયેથી સરકારી પડતર જમીન ગૌચર સદરે નીમ કરવા નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે છે તથા ગૌચર વધારવા દર માસે યોજાતી મહેસૂલી અધિકારીશ્રીઓની બેઠકમાં સંબંધિત મામલતદારશ્રીઓને કલેક્ટરશ્રી દ્વારા જરૂરી સુચના આપવામાં આવે છે.

------

આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર/તાબાની કચેરીમાં ફરિયાદ પેટી બાબત

અતારાંકિતઃ ૯૬૩૬ (૦૧-૦૯-૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યની તમામ સરકારી કચેરીમાં ફરજિયાત ફરિયાદ પેટી મૂકવા સરકાર ૨૦૧૨માં આદેશ કર્યો હતો તે હકીકત સાચી છે,

(૨) હા, તો આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુરના જિલ્લા કલેકટરની કચેરી તથા તેના તાબાની કચેરીઓમાં
તા. ૩૧ માર્ચ-૨૦૧૬ની સ્થિતિએ ફરિયાદ પેટીઓ મૂકવામાં આવી છે કે કેમ ?

(૩) જો ના, તો તેના શાં કારણો છે, અને

(૪) તે ક્યાં સુધીમાં મૂકવામાં આવનાર છે ?

મહેસૂલ મંત્રીશ્રી : (૦૨-૧૨-૧૬)

(૧) હા જી.

(૨) આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુરના જિલ્લા કલેકટરની કચેરી તથા તેના તાબાની કચેરીઓમાં તા. ૩૧ માર્ચ-૨૦૧૬ની સ્થિતિએ ફરિયાદ પેટીઓ મૂકવામાં આવી છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ભરણપોષણ માટે પડતર અરજીઓ

અતારાંકિતઃ ૯૮૩૯ (૦૮-૧૧-૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ધી મેઈન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પૈરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એક્ટ-૨૦૦૭ અન્વયે કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં પ્રાંત અધિકારી સમક્ષ વરિષ્ઠ નાગરિકો અને માતાપિતાના ભરણપોષણ મેળવવાની કેટલી અરજીઓ
તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ પડતર છે,

(૨) આ અરજીઓ પડતર રહેવાના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉક્ત તમામ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી : (૦૬-૧૨-૧૬)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પ્રાંત અધિકારીશ્રી સમક્ષ એક પણ અરજી પડતર નથી. જ્યારે ભાવનગર ખાતે ૨ (બે) અને ગાંધીનગર ખાતે ૧(એક) મળી કુલ૩ (ત્રણ) અરજીઓ પડતર છે.

(૨) સુનાવણી ઉપર હોવાથી પડતર છે.

(૩) ભાવનગર પ્રાંત પાલીતાણા પ્રાંત કચેરી ખાતેની ૨ (બે) અરજીઓનો હાલની સ્થિતિએ નિકાલ થઈ ગયેલ છે. જ્યારે ગાંધીનગર પ્રાંત કચેરી ખાતે ૧ (એક) અરજીનો તાત્કાલિક નિકાલ કરવામાં આવશે.

------

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં ભરણપોષણ માટે પડતર અરજીઓ

અતારાંકિતઃ ૯૯૮૬ (૧૫-૧૧-૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ધી મેઈન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પૈરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એક્ટ-૨૦૦૭ અન્વયે જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં પ્રાંત અધિકારી સમક્ષ વરિષ્ઠ નાગરિકો અને માતાપિતાના ભરણપોષણ મેળવવાની કેટલી અરજીઓ તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત પડતર તમામ અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી : (૦૬-૧૨-૧૬)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં પ્રાંત અધિકારી સમક્ષ એક પણ અરજી પડતર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ભરણપોષણ માટે પડતર અરજીઓ

અતારાંકિતઃ ૧૦૧૧૦ (૧૫-૧૧-૧૬) શ્રી સી. કે રાઉલજી (ગોધરા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ધી મેઈન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પૅરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એક્ટ-૨૦૦૭ અન્વયે પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં પ્રાંત અધિકારી સમક્ષ વરિષ્ઠ નાગરિકો અને માતાપિતાના ભરણપોષણ મેળવવાની કેટલી અરજીઓ

તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત પડતર તમામ અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી : (૦૬-૧૨-૧૬)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં પ્રાંત અધિકારી સમક્ષ કોઈ પણ અરજી પડતર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ભરણપોષણ માટે પડતર અરજીઓ અંગે

અતારાંકિતઃ ૧૦૩૬૫ (૦૮-૦૧-૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ધી મેઈન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પૅરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એક્ટ-૨૦૦૭ અન્વયે બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પ્રાંત અધિકારી સમક્ષ વરિષ્ઠ નાગરિકો અને માતાપિતાના ભરણપોષણ મેળવવાની કેટલી અરજીઓ તા. ૩૧-૦૮-૨૦૧૬ની સ્થિતિએ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પડતર રહેવાના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉક્ત તમામ અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી : (૦૬-૧૨-૧૬)

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પ્રાંત અધિકારી સમક્ષ એક પણ અરજી પડતર નથી. જયારે સાબરકાંઠા ખાતે ૧(એક) અને અરવલ્લી ખાતે ૩(ત્રણ) મળી કુલ ૪(ચાર) અરજીઓ પડતર છે.

(૨) સુનાવણી ઉપર હોવાથી પડતર છે.

(૩) સાબરકાંઠા પ્રાંત કચેરી ખાતેની ૧(એક) અરજીનો હાલની સ્થિતિએ નિકાલ થઈ ગયેલ છે. જ્યારે અરવલ્લી પ્રાંત કચેરી ખાતે ૩(ત્રણ) અરજીનો તાત્કાલિક નિકાલ કરવામાં આવશે.

------

મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં બાજપાઈ નગરવિકાસ યોજના હેઠળ નગરપાલિકાઓને ગ્રાન્ટ

અતારાંકિતઃ ૭૯૧૫ (૦૫-૦૯-૨૦૧૬) શ્રી મણીલાલ વાઘેલા (વડગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૦ એપ્રિલ-૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં બાજપાઈનગર વિકાસ યોજના હેઠળ રાજ્ય સરકારે કઈ નગરપાલિકાઓને કેટલી રકમ ફાળવી, અને

(૨) તે પૈકી કેટલો ખર્ચ થયો?

નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ): (૩૦-૧૧-૨૦૧૬)

(૧) રાજ્ય સરકારે વર્ષ-૨૦૦૯ સ્વર્ણિમ સિદ્ધિઓની અમલવારી માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મુકી શહેરી વિસ્તારમાં માળખાકીય સુવિધાઓ માટે સહાય આપવા માટેની જોગવાઈ કરેલ છે તથા બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ નાણાકિય વર્ષ-૨૦૦૯-૧૦ જોગવાઈ તથા અગાઉના વર્ષના જોગવાઈ હેઠળનું પાર્કીંગ ફંડ પણ

આ યોજના અંતર્ગત વાપરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ વિભાગના તા.૨૪-૦૩-૧૯૯૯ના ઠરાવ અન્વયે શરૂ કરવામાં આવેલ બાજપાઈ નગર વિકાસ યોજનાના હેતુ અન્વયેના માળખાકીય સુવિધાના કામો વિભાગના તા.૧૭-૧૧-૨૦૦૯ના ઠરાવથી અમલમાં મુકાયેલ તથા ૩૧-૦૭-૨૦૧૭ ના રોજ પુરી થનાર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં કરવામાં આવે છે. આમ તા.૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ નગરપાલિકાઓને ગ્રાન્ટ ફાળવવાની જગ્યાએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ફાળવણી કરવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

રાજ્યમાં માલવાહક વાહનોમાં મુસાફરોનું વહન

અતારાંકિતઃ ૯૪૧૭ (૦૩-૦૯-૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર માલવાહક વાહનોમાં મુસાફરોનું વહન કરવાની કેટલી ફરિયાદો સરકારને મળી અને તે સંદર્ભે ચેકીંગમાં કેટલા કિસ્સાઓમાં તથ્ય જણાયું,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલાં કિસ્સામાં કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો, અને

(૩) માલવાહક વાહનોમાં મુસાફરોનું વહન ન થાય તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ શા પગલાંઓ લીધા છે?

વાહનવ્યવહાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા): (૦૧-૧૨-૨૦૧૬)

(૧) છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર માલવાહક વાહનોમાં મુસાફરોનું વહન કરવાની કોઈ ફરિયાદ સરકારને મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ માટે તાબાની તમામ કચેરીઓ દ્વારા ચેકીંગ કરવામાં આવે છે.

-------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૭૮૯૦,૯૭૮૬ | ૦૨ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૭૭૧૨,૧૦૦૮૫ | ૦૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૫૯૪૪,૭૯૪૦ | ૦૨ |
| ૪ | અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૯૯૨૮, ૯૯૨૯, ૯૯૮૪, ૯૯૯૨,૧૦૦૦૯,૧૦૦૯૧, ૧૦૦૯૨ | ૦૭ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૯૧૫૨,૯૫૯૦ | ૦૨ |
| ૬ | ગૃહ વિભાગ | ૯૮૫૫,૯૯૬૫,૧૦૦૪૩ | ૦૩ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૯૮૩૩, ૯૮૩૫, ૯૮૮૬, ૯૮૮૭, ૯૯૯૧,૧૦૧૧૨, ૧૦૩૭૧,૧૦૩૭૩ | ૦૮ |
| ૮ | કાયદા વિભાગ | ૯૦૮૦, ૯૦૮૧, ૯૦૮૨, ૯૦૮૩, ૯૦૮૪ | ૦૫ |
| ૯ | નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૪૭૯,૮૭૮૪,૯૩૩૭ | ૦૩ |
| ૧૦ | પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૮૫૦, ૭૯૮૪, ૮૧૩૪, ૮૨૨૦, ૮૨૨૧, ૮૯૧૯, ૯૦૪૩,૯૧૦૮ | ૦૮ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૫૨૦૧,૯૬૩૬ | ૦૨ |
| ૧૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૯૮૩૯, ૯૯૮૬,૧૦૧૧૦,૧૦૩૬૫ | ૦૪ |
| ૧૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૭૯૧૫ | ૦૧ |
| ૧૪ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૯૪૧૭ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

-------

२७मी मार्च, २०१૯

अतारांकित प्रश्नोत्तरी

वीसमी अतारांकित याही

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સેન્દ્રીય ખાતર અને વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના

અતારાંકિતઃ ૯૭૭૯ (૨૭-૧૦-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સેન્દ્રીય ખાતર અને વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના અન્વયે ૨૦૧૫માં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી તા. ૩૧-૮-૧૬ સુધીમાં કેટલા અરજદારોને કેટલી રકમની સહાય ચૂકવાઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલા અરજદારોને ક્યારે સહાય ચૂકવવામાં આવશે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૩-૧૨-૨૦૧૬)

(૧) રાજ્યમાં સેન્દ્રીય ખાતર બનાવવાની યોજના અમલમાં નથી. કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના અન્વયે ૨૦૧૫માં "૦ (શૂન્ય)" અરજીઓ મળેલ.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સેન્દ્રીય ખાતર અને વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના

અતારાંકિતઃ ૯૯૧૫ (૨૭-૧૦-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સેન્દ્રીય ખાતર અને વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના અન્વયે ૨૦૧૫માં કેટલી અરજીઓ મળી,

(૨) તા. ૩૧-૮-૧૬ સુધીમાં તે પૈકી કેટલા અરજદારોને કેટલી રકમની સહાય ચૂકવાઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલા અરજદારોને ક્યારે સહાય ચૂકવવામાં આવશે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૩-૧૨-૨૦૧૬)

(૧) રાજ્યમાં સેન્દ્રીય ખાતર બનાવવાની યોજના અમલમાં નથી. દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના અન્વયે ૨૦૧૫માં "૦ (શૂન્ય)" અરજીઓ મળેલ.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં સેન્દ્રીય ખાતર અને વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના

અતારાંકિતઃ ૧૦૦૩૮ (૨૭-૧૦-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં સેન્દ્રીય ખાતર અને વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના અન્વયે ૨૦૧૫માં કેટલી અરજીઓ મળી,

(૨) તા. ૩૧-૮-૧૬ સુધીમાં તે પૈકી કેટલા અરજદારોને કેટલી રકમની સહાય ચૂકવાઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલા અરજદારોને ક્યારે સહાય ચૂકવવામાં આવશે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૩-૧૨-૨૦૧૬)

(૧) રાજ્યમાં સેન્દ્રીય ખાતર બનાવવાની યોજના અમલમાં નથી. જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના અન્વયે ૨૦૧૫માં "૦ (શૂન્ય)" અરજીઓ મળેલ.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સેન્દ્રીય ખાતર અને વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના

અતારાંકિતઃ ૧૦૩૯૦ (૮-૧૧-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સેન્દ્રીય ખાતર અને વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના અન્વયે ૨૦૧૫માં કેટલી અરજીઓ મળી,

(૨) તા. ૩૦-૯-૨૦૧૬ સુધીમાં તે પૈકી કેટલા અરજદારોને કેટલી રકમની સહાય ચૂકવાઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલા અરજદારોને ક્યારે સહાય ચૂકવવામાં આવશે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૩-૧૨-૨૦૧૬)

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) રાજ્યમાં સેન્દ્રીય ખાતર બનાવવાની યોજના અમલમાં નથી. બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વર્મી કમ્પોસ્ટ બનાવવાની યોજના અન્વયે ૨૦૧૫માં ''૦ (શૂન્ય)'' અરજીઓ મળેલ.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### રાજ્યમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ

અતારાંકિતઃ ૯૪૦૮ (૨૦-૦૮-૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ/રકમ મળી, અને

(૨) તે અન્વયે રાજ્યમાં જીલ્લાવાર, ઉક્ત વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩-૧૨-૨૦૧૬)

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબની ગ્રાન્ટ/રકમ મળી.

(રૂ. લાખમાં)

| વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૮૮૦૨૭.૭૯ |
| ૨૦૧૨-૧૩ | ૧૧૩૯૧૮.૦૮ |
| ૨૦૧૩-૧૪ | ૮૦૫૫૯.૬૩ |
| ૨૦૧૪-૧૫ | ૭૮૪૭૫.૪૮ |
| ૨૦૧૫-૧૬ | ૬૧૫૬૩.૮૨ |
| ૨૦૧૬-૧૭ (જુન-૧૬ની સ્થિતિએ | ૧૪૭૭૫.૩૩ |

(૨) એનેક્ષર ૧ થી ૬ મુજબ

(*એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

### રાજ્યમાં સરકારી આર્ટસ, કોર્મસ અને સાયન્સ કોલેજોમાં સંવર્ગવાર મહેકમ

અતારાંકિતઃ ૯૪૧૩ (૨૦-૮-૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આવેલ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે, અને

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

શિક્ષણ મંત્રીશ્રી :

(૧) સામેલ પત્રક - ૧ મુજબ

(૨) સામેલ પત્રક - ૨ મુજબ

પત્રક-૧

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | આચાર્ય | ૧ | ૧૦૦ |
| ૨ | મદદનીશ પ્રાધ્યાપક | ૨ | ૧૩૮૭ |
| ૩ | પી.ટી.આઈ. (ફિઝીકલ ટેનીંગ ઈન્સ્ટ્રક્ટર) | ૩ | ૫૬ |
| ૪ | ગ્રંથપાલ | ૩ | ૫૬ |
| ૫ | લેબ આસીસ્ટન્ટ | ૩ | ૯૯ |
| ૬ | સ્ટોર કીપર | ૩ | ૧૦ |
| ૭ | ગેસ મિકનિક | ૩ | ૦૬ |

| | | | |
|---|---|---|---|
| ૮ | મિકેનિક | ૩ | ૦૫ |
| ૯ | ઇલેક્ટ્રીશ્યન | ૩ | ૦૩ |
| ૧૦ | ફીલ્ડ કલેક્ટર | ૩ | ૦૭ |
| ૧૧ | મ્યુઝીયમ ક્યુરેટર | ૩ | ૦૪ |
| ૧૨ | રજીસ્ટ્રાર/ઓડીટર ગૃપ-૧ | ૩ | ૧૬ |
| ૧૩ | મુખ્ય કારકુન | ૩ | ૮૦ |
| ૧૪ | શ્રેયાન કારકુન | ૩ | ૧૫૨ |
| ૧૫ | કનિયાન કારકુન | ૩ | ૧૮૯ |
| ૧૬ | ગ્રંથાલય કારકુન | ૩ | ૬ |
| ૧૭ | પટાવાળા | ૪ | ૫૩૮ |
| | | કુલ | ૨૭૧૪ |

પત્રક-૨

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગાઓ | ભરાયેલ જગાઓ | ખાલી જગાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | આચાર્ય | ૧ | ૧૦૦ | ૧૯ | ૮૧ |
| ૨ | મદદનીશ પ્રાધ્યાપક | ૨ | ૧૩૮૭ | ૬૦૨ | ૭૮૫ |
| ૩ | પી.ટી.આઇ. (ફિઝીકલ ટ્રેનીંગ ઇન્સ્ટ્રક્ટર) | ૩ | ૫૬ | ૪૦ | ૧૬ |
| ૪ | ગ્રંથપાલ | ૩ | ૫૬ | ૩૩ | ૨૩ |
| ૫ | લેબ આસીસ્ટન્ટ | ૩ | ૯૯ | ૬૭ | ૩૨ |
| ૬ | સ્ટોર કીપર | ૩ | ૧૦ | ૦૫ | ૦૫ |
| ૭ | ગેસ મિકનિક | ૩ | ૦૬ | ૦૩ | ૦૩ |
| ૮ | મિકેનિક | ૩ | ૦૫ | ૦૨ | ૦૩ |
| ૯ | ઇલેક્ટ્રીશ્યન | ૩ | ૦૩ | ૦૧ | ૦૨ |
| ૧૦ | ફીલ્ડ કલેક્ટર | ૩ | ૦૭ | ૦૧ | ૦૬ |
| ૧૧ | મ્યુઝીયમ ક્યુરેટર | ૩ | ૦૪ | ૦૦ | ૦૪ |
| ૧૨ | રજીસ્ટ્રાર/ઓડીટર ગૃપ-૧ | ૩ | ૧૬ | ૧૨ | ૦૪ |
| ૧૩ | મુખ્ય કારકુન | ૩ | ૮૦ | ૭૪ | ૦૬ |
| ૧૪ | શ્રેયાન કારકુન | ૩ | ૧૫૨ | ૩૮ | ૧૧૪ |
| ૧૫ | કનિયાન કારકુન | ૩ | ૧૮૯ | ૧૦૧ | ૮૮ |
| ૧૬ | ગ્રંથાલય કારકુન | ૩ | ૦૬ | ૦૨ | ૦૪ |
| ૧૭ | પટાવાળા | ૪ | ૫૩૮ | ૩૨૩ | ૨૧૫ |
| | | કુલ | ૨૭૧૪ | ૧૩૨૩ | ૧૩૯૧ |

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં હલકા પ્રકારની ગુણવત્તાવાળુ અનાજ

અતારાંકિતઃ ૯૮૦૯ (૨૭-૧૦-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં હલકા પ્રકારની ગુણવત્તાવાળુ અનાજ સસ્તા અનાજની દુકાનોમાં મળવા અંગેની કેટલી ફરિયાદો સન ૨૦૧૪ અને ૨૦૧૫માં મળી,

(૨) તે અન્વયે મુખ્યત્વે શા પગલાં લેવાયા, અને

(૩) ઉક્ત પ્રકારની ઘટનાના પુનરાવર્તન રોકવા સરકારે શા પગલાં લીધા છે?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૧૪-૧૨-૨૦૧૬)

(૧) કચ્છ અને ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫માં સસ્તા અનાજની દુકાનોમાં હલકા પ્રકારની ગુણવત્તાવાળું અનાજ મળવા અંગેની એક પણ ફરીયાદ સરકારને મળેલ નથી.

ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪માં એક ફરીયાદ મળેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૫માં કોઈ ફરીયાદ મળેલ નથી.

(૨) કચ્છ અને ગાંધીનગર જિલ્લા માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે

## અતારાંકિત પ્રશ્નોત્તરી

ભાવનગર જિલ્લાની સન ૨૦૧૪ની ફરીયાદ પરત્વે માલતદારશ્રી, તળાજા તથા મુખ્ય નિરીક્ષકશ્રી, ભાવનગર ટીમ દ્વારા ફરીયાદીની રજુઆત અન્વયે વાજબી ભાવની દુકાનની તપાસણી કરવામાં આવેલ. જેમાં ફરીયાદી, વાજબી ભાવની દુકાનદાર તથા તપાસણી ટીમની હાજરીમાં વાજબી ભાવની દુકાન તથા ગોડાઉનથી ઘઉંના નમુના લઈને, ચકાસણી કરતાં બંને ઘઉંના નમુનામાં કોઈ વિસંગતતા જણાયેલ ન હોઈ ફરીયાદનો નિકાલ કરાયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રોમીંગ રેશનકાર્ડ પેન્ડીંગ

અતારાંકિતઃ ૧૦૩૮૦ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તા. ૩૧-૦૮-૧૬ની સ્થિતિએ કેટલા રોમીંગ રેશનકાર્ડ ઈસ્યુ કરવાના બાકી/પડતર છે, તે અંગે શા પગલાં લેવાયા, અને

(૨) તે પડતર રહેવાના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉક્ત તમામ પડતર રહેલા રોમીંગ રેશનકાર્ડ ક્યાં સુધીમાં કાઢી આપવામાં આવનાર છે?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૧૬-૧૨-૨૦૧૬)

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તા. ૩૧-૦૮-૧૬ની સ્થિતિએ કોઈ રોમીંગ રેશનકાર્ડ ઈસ્યુ કરવાના બાકી/પડતર નથી. જેથી પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

રાજ્યમાં જિલ્લાવાર દિકરી યોજના

અતારાંકિતઃ ૮૫૮૦ (૨૯-૦૮-૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આ વિભાગ હસ્તકની દિકરી યોજના ક્યારથી અમલમાં છે,

(૨) ઉકત યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી નાણાકીય મંજૂરી આપી અને તે પૈકી કેટલી રકમની ફાળવણી કરી, અને

(૩) તે પૈકી કૂલ કેટલી રકમ ઉકત વર્ષવાર ખર્ચ કરવામાં આવી ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૬-૧૨-૨૦૧૬)

(૧) ગુજરાત રાજ્યમાં તા.૦૧-૦૪-૧૯૮૭ થી અમલમાં છે.

(૨) પત્રક-અ મુજબ.

(૩) પત્રક-બ મુજબ.

પ ત્ર ક - અ

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૧-૧૨ | | ૨૦૧૨-૧૩ | | ૨૦૧૩-૧૪ | | ૨૦૧૪-૧૫ | | ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર કરેલ ફંડ | ફાળવેલ ફંડ | મંજુર કરેલ ફંડ | ફાળવેલ ફંડ | મંજુર કરેલ ફંડ | ફાળવેલ ફંડ | મંજુર કરેલ ફંડ | ફાળવેલ ફંડ | મંજુર કરેલ ફંડ | ફાળવેલ ફંડ |
| ૧ | પાટણ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૦ | ૦ | ૭૫૦૦૦ | ૭૫૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૨ | સુરત | ૦ | ૦ | ૧૪૫૦૦૦૦ | ૧૪૫૦૦૦૦ | ૩૩૩૫૦૦૦ | ૩૩૩૫૦૦૦ | ૧૬૦૦૦૦૦ | ૧૬૦૦૦૦૦ | ૧૨૫૦૦૦ | ૧૨૫૦૦૦ |
| ૩ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૭૩૯૧૮ | ૨૭૩૯૧૮ |
| ૪ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૬ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | અમદાવાદ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૦ | ૦ | ૧૭૫૦૦૦ | ૧૭૫૦૦૦ | ૨૫૯૦૦૦ | ૨૫૯૦૦૦ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| ૮ | દાહોદ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૬૦૪૦૦૦ | ૬૦૪૦૦૦ | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦૦ | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૩૫૦૦૦૦ |
| ૯ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૨૫૦૦૦ | ૨૫૦૦૦ | ૭૫૦૦૦ | ૭૫૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૧૦ | ભરૂચ | ૩૨૨૦૦૦ | ૩૨૨૦૦૦ | ૩૨૮૦૦૦ | ૩૨૮૦૦૦ | ૩૪૧૦૦૦ | ૩૪૧૦૦૦ | ૪૧૪૬૫૮૦ | ૪૧૪૬૫૮૦ | ૪૫૯૦૦૦ | ૪૫૯૦૦૦ |
| ૧૧ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૨૧૭ | ૧૨૨૧૭ |
| ૧૨ | ડાંગ | ૨૫૧૦૦૦ | ૨૫૧૦૦૦ | ૩૫૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૨૧૪૦૦૦ | ૨૧૪૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| ૧૩ | નવસારી | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૨૭૫૦૦૦ | ૨૭૫૦૦૦ | ૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ | ૧૪૪૧૦૦૦ | ૧૪૪૧૦૦૦ | ૧૪૫૦૦૦૦ | ૧૪૫૦૦૦૦ |
| ૧૪ | જામનગર | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૨૧૪૦૦૦ | ૨૧૪૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૧૫ | રાજકોટ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૧૫૦૦૦૦ | ૧૫૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૧૬ | પંચમહાલ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૧૮૪૦૦૦ | ૧૮૪૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૧–૧૨ | | ૨૦૧૨–૧૩ | | ૨૦૧૩–૧૪ | | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર કરેલ ફંડ | ફાળવેલ ફંડ | મંજુર કરેલ ફંડ | ફાળવેલ ફંડ | મંજુર કરેલ ફંડ | ફાળવેલ ફંડ | મંજુર કરેલ ફંડ | ફાળવેલ ફંડ | મંજુર કરેલ ફંડ | ફાળવેલ ફંડ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૩૫૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૪૭૫૦૦૦ | ૪૭૫૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૩૫૦૦૦૦ |
| ૧૮ | વલસાડ | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૧૭૫૦૦૦ | ૧૭૫૦૦૦ | ૧૦૫૦૦૦ | ૧૦૫૦૦૦ | ૧૨૦૦૦૦૦ | ૧૨૦૦૦૦૦ | ૯૦૦૦૦૦ | ૯૦૦૦૦૦ |
| ૧૯ | નર્મદા | ૬૦૪૦૦૦ | ૬૦૪૦૦૦ | ૧૫૬૬૦૦૦ | ૧૫૬૬૦૦૦ | ૨૪૫૧૦૦૦ | ૨૪૫૧૦૦૦ | ૩૯૦૬૦૦૦ | ૩૯૦૬૦૦૦ | ૫૨૬૪૦૦૦ | ૫૨૬૪૦૦૦ |
| ૨૦ | મહેસાણા | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૦ | ૦ | ૭૫૦૦૦ | ૭૫૦૦૦ | ૭૫૦૦૦ | ૭૫૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૨૧ | કચ્છ–ભૂજ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦૦ | ૧૫૦૦૦૦ | ૧૫૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૩૫૦૦૦૦ |
| ૨૨ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૩૬૪૦૦૦ | ૩૬૪૦૦૦ | ૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૨૩ | જુનાગઢ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૦ | ૦ | ૭૫૦૦૦ | ૭૫૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ |
| ૨૪ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | અમરેલી | ૦ | ૦ | ૨૫૦૦૦ | ૨૫૦૦૦ | ૧૭૫૦૦૦ | ૧૭૫૦૦૦ | ૨૨૫૦૦૦ | ૨૨૫૦૦૦ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| ૨૬ | આણંદ | ૨૨૭૦૦૦ | ૨૨૭૦૦૦ | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ | ૩૬૪૦૦૦ | ૩૬૪૦૦૦ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૬૫૦૦૦૦ | ૬૫૦૦૦૦ |
| ૨૭ | વડોદરા | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૪૦૦૦૦૦ | ૧૪૦૦૦૦૦ | ૪૭૫૦૦૦ | ૪૭૫૦૦૦ | ૮૦૦૦૦૦ | ૮૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ |
| ૨૮ | ગાંધીનગર | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| ૨૯ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩૭૯૬૩૪ | ૧૩૭૯૬૩૪ |
| ૩૧ | સાબરકાંઠા | ૧૦૦૦૦ | ૧૦૦૦૦ | ૦ | ૦ | ૭૫૦૦૦ | ૭૫૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૩૨ | તાપી | ૧૨૯૦૦૦૦ | ૧૨૯૦૦૦૦ | ૧૯૯૬૦૦૦ | ૧૯૯૬૦૦૦ | ૧૭૦૦૦૦૦ | ૧૭૦૦૦૦૦ | ૧૫૦૦૦૦૦ | ૧૫૦૦૦૦૦ | ૧૬૫૦૦૦૦ | ૧૬૫૦૦૦૦ |
| ૩૩ | ભાવનગર | ૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ | ૦ | ૦ | ૭૫૦૦૦ | ૭૫૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| | ટોટલ | ૬૧૦૪૦૦૦ | ૬૧૦૪૦૦૦ | ૧૦૫૬૯૦૦૦ | ૧૦૫૬૯૦૦૦ | ૧૨૩૭૨૦૦૦ | ૧૨૩૭૨૦૦૦ | ૧૮૯૭૭૫૮૦ | ૧૮૯૭૭૫૮૦ | ૧૮૫૧૩૭૬૯ | ૧૮૫૧૩૭૬૯ |

## પ ત્ર ક – બ

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૧–૧૨ | | ૨૦૧૨–૧૩ | | ૨૦૧૩–૧૪ | | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર કરેલ ફંડ | થયેલ ખર્ચ | મંજુર કરેલ ફંડ | થયેલ ખર્ચ | મંજુર કરેલ ફંડ | થયેલ ખર્ચ | મંજુર કરેલ ફંડ | થયેલ ખર્ચ | મંજુર કરેલ ફંડ | થયેલ ખર્ચ |
| ૧ | પાટણ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦ | ૦ | ૩૧૦૦૦ | ૭૫૦૦૦ | ૫૦૦૦ | ૨૦૦૦૦૦ | ૧૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૨ | સુરત | ૦ | ૦ | ૧૪૫૦૦૦૦ | ૦ | ૩૩૩૫૦૦૦ | ૦ | ૧૬૦૦૦૦૦ | ૨૦૯૧૦૦૦ | ૧૨૫૦૦૦ | ૨૬૯૬૦૦૦ |
| ૩ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૭૩૯૧૮ | ૦ |
| ૪ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૦૦૦૦૦ | ૨૬૪૦૦૦ |
| ૬ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | અમદાવાદ | ૧૦૦૦૦૦ | ૧૬૦૦૦ | ૦ | ૧૧૦૦૦ | ૧૭૫૦૦૦ | ૧૬૦૦૦ | ૨૫૯૦૦૦ | ૨૬૦૦૦ | ૪૦૦૦૦૦ | ૧૬૦૦૦ |
| ૮ | દાહોદ | ૧૦૦૦૦૦ | ૩૯૦૦૦ | ૬૦૪૦૦૦ | ૨૭૦૦૦ | ૨૫૦૦૦૦ | ૫૦૦૦ | ૭૦૦૦૦૦ | ૩૪૬૨૫ | ૩૫૦૦૦૦ | ૫૦૦૦ |
| ૯ | બનાસકાંઠા | ૦ | ૫૦૦૦ | ૦ | ૦ | ૨૫૦૦૦ | ૦ | ૭૫૦૦૦ | ૧૧૦૦૦ | ૩૦૦૦૦૦ | |
| ૧૦ | ભરૂચ | ૩૨૨૦૦૦ | ૩૨૨૦૦૦ | ૩૨૮૦૦૦ | ૩૨૮૦૦૦ | ૩૪૧૦૦૦ | ૩૪૧૦૦૦ | ૪૧૪૬૫૮૦ | ૪૧૪૬૫૮૦ | ૪૫૯૦૦૦ | ૪૫૯૦૦૦ |
| ૧૧ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૨૧૭ | ૨૨૦૦૦ |
| ૧૨ | ડાંગ | ૨૫૧૦૦૦ | ૧૧૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૫૬૦૦૦ | ૨૧૪૦૦૦ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૫૦૦૦ | ૪૦૦૦૦૦ | ૧૩૦૦૦ |
| ૧૩ | નવસારી | ૧૦૦૦૦૦ | ૧૨૪૪૦૦૦ | ૨૭૫૦૦૦ | ૧૪૩૪૦૦૦ | ૫૦૦૦૦૦ | ૭૭૭૦૦૦ | ૧૪૪૧૦૦૦ | ૧૨૮૬૦૦૦ | ૧૪૫૦૦૦૦ | ૪૩૧૦૦૦ |
| ૧૪ | જામનગર | ૩૦૦૦૦૦ | ૭૮૦૦૦ | ૧૦૦૦૦૦ | ૪૭૦૦૦ | ૨૧૪૦૦૦ | ૦ | ૨૦૦૦૦૦ | ૩૬૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૨૬૦૦૦ |
| ૧૫ | રાજકોટ | ૧૦૦૦૦૦ | ૨૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦ | ૧૫૦૦૦૦ | ૩૧૦૦૦ | ૨૦૦૦૦૦ | ૬૩૦૦૦ | ૩૦૦૦૦૦ | ૬૮૦૦૦ |
| ૧૬ | પંચમહાલ | ૧૦૦૦૦૦ | ૯૮૦૦૦ | ૩૫૦૦૦૦ | ૩૮૦૦૦ | ૧૮૪૦૦૦૦ | ૩૧૦૦૦ | ૨૦૦૦૦૦ | ૩૧૦૦૦ | ૩૦૦૦૦૦ | ૮૩૦૦૦ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૩૫૦૦૦૦ | ૨૦૦૦૦ | ૪૭૫૦૦૦ | ૫૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૭૦૦૦ | ૩૫૦૦૦૦ | ૦ |
| ૧૮ | વલસાડ | ૧૦૦૦૦૦૦ | ૫૩૨૦૦૦ | ૧૭૫૦૦૦ | ૫૫૯૦૦૦ | ૧૦૫૦૦૦ | ૧૦૨૦૦૦ | ૧૨૦૦૦૦૦ | ૪૭૪૦૦૦ | ૯૦૦૦૦૦ | ૩૦૨૦૦૦ |
| ૧૯ | નર્મદા | ૬૦૪૦૦૦ | ૬૬૦૦૦ | ૧૫૬૬૦૦૦ | ૬૫૦૦૦ | ૨૪૫૧૦૦૦ | ૪૫૦૦૦ | ૩૯૦૬૦૦૦ | ૯૨૦૦૦ | ૫૨૬૪૦૦૦ | ૫૧૦૦૦ |
| ૨૦ | મહેસાણા | ૧૦૦૦૦૦ | ૧૬૦૦૦ | ૦ | ૫૦૦૦ | ૭૫૦૦૦ | ૫૦૦૦ | ૭૫૦૦૦ | ૨૧૦૦૦ | ૩૦૦૦૦૦ | ૫૦૦૦ |
| ૨૧ | કચ્છ–ભૂજ | ૨૦૦૦૦૦ | ૯૩૦૦૦ | ૩૫૦૦૦૦ | ૩૬૦૦૦ | ૨૫૦૦૦૦ | ૫૨૦૦૦ | ૧૫૦૦૦૦ | ૪૧૦૦૦ | ૩૫૦૦૦૦ | ૬૭૦૦૦ |
| ૨૨ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૩૬૪૦૦૦ | ૮૭૦૦૦ | ૫૦૦૦૦૦ | ૧૩૪૦૦૦ | ૩૦૦૦૦૦ | ૧૩૯૦૦૦ |
| ૨૩ | જુનાગઢ | ૪૦૦૦૦૦ | ૩૭૦૦૦ | ૦ | ૩૧૦૦૦ | ૭૫૦૦૦ | ૭૧૦૦૦ | ૨૦૦૦૦૦ | ૬૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૫૦૦૦ |
| ૨૪ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | અમરેલી | ૦ | ૦ | ૨૫૦૦૦ | ૩૧૦૦૦ | ૧૭૫૦૦૦ | ૧૬૦૦૦ | ૨૨૫૦૦૦ | ૧૬૦૦૦ | ૪૦૦૦૦૦ | ૩૭૦૦૦ |
| ૨૬ | આણંદ | ૨૨૭૦૦૦ | ૧૨૭૦૦૦ | ૭૦૦૦૦૦ | ૬૭૦૦૦ | ૩૬૪૦૦૦ | ૭૭૦૦૦ | ૪૦૦૦૦૦ | ૯૧૦૦૦ | ૬૫૦૦૦૦ | ૧૬૧૦૦૦ |
| ૨૭ | વડોદરા | ૧૦૦૦૦૦ | ૦ | ૧૪૦૦૦૦૦ | ૪૫૦૦૦૦ | ૪૭૫૦૦૦ | ૩૨૬૦૦૦ | ૮૦૦૦૦૦ | ૨૧૨૦૦૦ | ૫૦૦૦૦૦ | ૩૧૮૦૦૦ |
| ૨૮ | ગાંધીનગર | ૨૦૦૦૦૦ | ૧૨૦૦૦ | ૩૫૦૦૦૦ | ૦ | ૨૫૦૦૦૦ | ૦ | ૨૦૦૦૦૦ | ૫૦૦૦ | ૪૦૦૦૦૦ | ૭૧૦૦૦ |
| ૨૯ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩૭૯૬૩૪ | ૩૦૦૦૦ |
| ૩૧ | સાબરકાંઠા | ૧૦૦૦૦ | ૧૭૦૦૦ | ૦ | ૧૨૦૦૦ | ૭૫૦૦૦ | ૨૫૦૦૦ | ૩૦૦૦૦૦ | ૪૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૩૨ | તાપી | ૧૨૯૦૦૦૦ | ૧૨૯૦૦૦૦ | ૧૯૯૬૦૦૦ | ૦ | ૧૭૦૦૦૦૦ | ૩૬૯૬૦૦૦ | ૧૫૦૦૦૦૦ | ૦ | ૧૬૫૦૦૦૦ | ૨૭૦૦૦૦૦ |
| ૩૩ | ભાવનગર | ૫૦૦૦૦૦ | ૫૦૦૦ | ૦ | ૦ | ૭૫૦૦૦ | ૫૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૮૦૦૦ | ૪૦૦૦૦૦ | ૧૬૦૦૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ટોટલ | ૬૧૦૪૦૦૦ | ૪૧૩૭૦૦૦ | ૧૦૫૬૯૦૦૦ | ૩૨૬૮૦૦૦ | ૧૪૦૨૮૦૦૦ | ૫૭૨૮૦૦૦ | ૧૮૯૭૭૫૮૦ | ૮૯૯૧૨૦૫ | ૧૮૫૧૩૭૬૯ | ૮૩૦૦૦૦૦ |

--------

## દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની જનરલ હોસ્પિટલોમાં ડૉકટરોની ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૯૮૯૦ (૨૬-૧૦-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની જનરલ હોસ્પિટલોમાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ કેટલા અને ક્યા ડૉકટરોની જગ્યા કેટલા સમયથી ખાલી છે,

(૨) ઉકત જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉકત તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા) : (૧૭-૧૨-૨૦૧૬)

(૧) સામેલ પત્રક-અ મુજબ.

પ ત્ર ક - અ

દેવભૂમિ દ્વારકા જિલ્લો

| ૧ | જનરલ હોસ્પીટલ, ખંભાળીયા | | | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી |
| ૧ | અધિક્ષક | ૧ | ૦ | ૧ | તા.૨૦-૧૦-૧૪ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ | ૧ | તા.૩૦-૪-૧૨ |
| ૩ | ફુલ ટાઇમ સર્જન | ૨ | ૧ | ૧ | તા.૨૦-૭-૧૦ |
| ૪ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૫ | ફીઝીશીયન | ૨ | ૦ | ૨ | તા.૧૦-૧૦-૦૫, તા.૨૦-૭-૧૦ |
| ૬ | ઓપ્થલ્મીક સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૭ | પેથોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૮ | એનેસ્થેટીસ્ટ | ૨ | ૧ | ૧ | તા.૯-૫-૦૮ |
| ૯ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૧૧-૬-૧૨ |
| ૧૦ | બાળરોગ નિષ્ણાત | ૨ | ૦ | ૨ | તા.૧૬-૧-૦૧, તા.૨૦-૭-૧૦ |
| ૧૧ | ગાયનેકોલોજીસ્ટ | ૪ | ૧ | ૩ | તા.૨૦-૭-૧૦(૩) |
| ૧૨ | ડરમેટોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૧૩ | ઈ.એન.ટી. સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૧૪ | માઈક્રોબાયોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૧૫ | એમ.ડી.એસ. ડેન્ટલ સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૧૬ | મનોરોગ ચિકિત્સક | ૨ | ૦ | ૨ | તા.૫-૧૧-૧૦, તા.૨૦-૭-૧૦ |
| ૧૭ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૮ | ૫ | ૩ | તા.૨૩-૧-૨૦૧૫, તા.૧૪-૨-૨૦૧૫, તા.૩૧-૩-૨૦૧૫ |
| | કુલ | ૩૨ | ૧૫ | ૧૭ | |
| ૨ | જનરલ હોસ્પિટલ, દ્વારકા | | | | |
| ૧ | અધિક્ષક | ૧ | ૧ | ૦ | |
| ૨ | ફીઝીશીયન | ૧ | ૦ | ૧ | તા.૨૦-૯-૧૪ |
| ૩ | જનરલ સર્જન | ૧ | ૦ | ૧ | તા.૨૦-૯-૧૪ |
| ૪ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૨૦-૯-૧૪ |
| ૫ | બાળરોગ નિષ્ણાત | ૧ | ૦ | ૧ | તા.૨૦-૯-૧૪ |
| ૬ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૨૦-૯-૧૪ |
| ૭ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૩ | ૧ | ૨ | તા.૬-૬-૨૦૧૪, તા.૨૬-૧૧-૨૦૧૪ |
| | કુલ | ૯ | ૨ | ૭ | |
| ૧ | જુની સીવીલ હોસ્પિટલ, સુરત | | | | |
| ૧ | નેત્ર સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | કુલ | ૨ | ૨ | ૦ | |
| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી |
| ૨ | નવી સીવીલ હોસ્પિટલ, સુરત | | | | |
| ૧ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| ૨ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૧૨ | ૧૧ | ૧ | તા.૧–૧૨–૨૦૧૫ |
| | કુલ | ૧૩ | ૧૨ | ૧ | |
| ૩ | સરકારી હોસ્પિટલ, માંડવી | | | | |
| ૧ | સી.ડી.એમ.ઓ./અધિક્ષક | ૧ | ૦ | ૧ | તા.૧૯–૫–૨૦૧૫ |
| ૨ | આર.એમ.ઓ. | ૧ | ૦ | ૧ | તા.૧૯–૫–૨૦૧૫ |
| ૩ | બાળરોગ નિષ્ણાંત | ૧ | ૦ | ૧ | તા.૧૯–૫–૨૦૧૫ |
| ૪ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૧૯–૫–૨૦૧૫ |
| ૫ | જનરલ સર્જન | ૧ | ૦ | ૧ | તા.૧૯–૫–૨૦૧૫ |
| ૬ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૧૯–૫–૨૦૧૫ |
| ૭ | ફીઝીશીયન | ૧ | ૦ | ૧ | તા.૧૯–૫–૨૦૧૫ |
| ૮ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૪ | ૪ | ૦ | |
| | કુલ | ૧૧ | ૪ | ૭ | |
| તાપી જિલ્લો | | | | | |
| ૧. | જનરલ હોસ્પિટલ, વ્યારા | | | | |
| ૧ | અધિક્ષક | ૧ | ૧ | ૦ | |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૨ | ૧ | ૧ | તા.૧૯–૭–૨૦૧૦ |
| ૩ | ફુલ ટાઇમ સર્જન | ૧ | ૦ | ૧ | તા.૧૯–૭–૨૦૧૦ |
| ૪ | ફીઝીશીયન | ૨ | ૨ | ૦ | |
| ૫ | પેથોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૬ | એનેસ્થેટીસ્ટ | ૨ | ૦ | ૨ | તા.૧૨–૭–૨૦૧૩, તા.૧૯–૭–૨૦૧૦ |
| ૭ | રેડીયોલોજીસ્ટ | ૨ | ૦ | ૨ | તા.૧૯–૭–૨૦૧૦ (૨) |
| ૮ | બાળરોગ નિષ્ણાંત | ૨ | ૧ | ૧ | તા.૧૯–૭–૨૦૧૦ |
| ૯ | ગાયનેકોલોજીસ્ટ | ૪ | ૧ | ૩ | તા.૩૧–૧–૨૦૧૩ (૩) |
| ૧૦ | ડરમેટોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | તા.૩૦–૧૧–૨૦૧૫ |
| ૧૧ | ઈ.એન.ટી. સર્જન | ૨ | ૧ | ૧ | તા.૧૯–૭–૨૦૧૦ |
| ૧૨ | માઈક્રોબાયોલોજીસ્ટ | ૨ | ૧ | ૧ | તા.૨૪–૫–૨૦૧૦ |
| ૧૩ | એમ.ડી.એસ. ડેન્ટલ સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૧૪ | મનોરોગ ચિકિત્સક | ૧ | ૧ | ૦ | |
| ૧૫ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૯ | ૭ | ૨ | તા.૨૮–૧૨–૧૧, તા.૨૪–૬–૧૩ |
| | કુલ | ૩૩ | ૧૮ | ૧૫ | |

(૨) જે તે સંવર્ગની ખાલી જગ્યા માટે તે જગ્યા ઉપર નિમણૂંક આપવા માટેની લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાથી.

(૩) જે તે સંવર્ગની ખાલી જગ્યા માટેની લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

--------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની જનરલ હોસ્પીટલોમાં એમ.આર.આઇ. ની સુવિધા

અતારાંકિતઃ ૧૦૩૯૬ (૨૯–૧૦–૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની કઇ જનરલ હોસ્પીટલોમાં તા.૩૦–૮–૨૦૧૬ ની સ્થિતિએ એમ.આર.આઇ. ની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સુવિધા ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૯–૧૨–૨૦૧૬)

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૦-૮-૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની જનરલ હોસ્પીટલ ખાતે એમ.આર.આઇ.ની સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) ભવિષ્યમાં આ બાબતના આયોજનની સર્વગ્રાહી વિચારણા સમયે ધ્યાને લેવામાં આવશે.

--------

### બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની જનરલ હોસ્પીટલોમાં બાયપાસ સર્જરીની સુવિધા

અતારાંકિતઃ ૧૦૩૯૭ (૨૯-૧૦-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની કઇ જનરલ હોસ્પીટલોમાં બાયપાસ સર્જરીની સુવિધા તા.૩૦-૮-૨૦૧૬ ની સ્થિતિએ ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સુવિધા ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૯-૧૨-૨૦૧૬)

(૧) તા.૩૦-૮-૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની જનરલ હોસ્પીટલ બાયપાસ સર્જરીની સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) ભવિષ્યમાં આ બાબતના આયોજનની સર્વગ્રાહી વિચારણા સમયે ધ્યાને લેવામાં આવશે.

--------

### સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન ઓથોરીટી સમક્ષ ફરિયાદો

અતારાંકિતઃ ૮૦૩૩ (૦૭-૦૯-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત સ્ટેટ પોલીસ કંમ્પ્લેઇન ઓથોરીટી સમક્ષ સન ૨૦૧૫ ના વર્ષમાં કુલ કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી તા.૩૧-૫-૨૦૧૬ સુધીમાં કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલા જવાબદારો સામે મુખ્યત્વે શાં પગલાં લેવાયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ ફરિયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૧૨-૨૦૧૬)

(૧) ૨૪૨.

(૨) ઓથોરીટીના ક્ષેત્રાધિકાર બહારની ૧૭૭ અરજીઓ સંબંધિત કચેરીઓને યોગ્ય કાર્યવાહી માટે મોકલી આપવામાં આવેલ છે અને ઓથોરીટીના કાર્યક્ષેત્ર હેઠળની બાકીની ૬૫ ફરિયાદ અરજીઓ પૈકી ૨૦ અરજીઓમાં તપાસના અંતે ફરિયાદોમાં તથ્ય જણાયેલ નથી.

(૩) ૪૫ અરજીઓમાં તપાસ ચાલુ છે અને તપાસ અહેવાલો મળ્યેથી ઓથોરિટી બનતી ત્વરાએ યોગ્ય નિર્ણય લેશે.

--------

### અમદાવાદ, ભાવનગર અને કચ્છ જિલ્લામાં પ્રાણીની કસ્ટડી સોંપવા ‘‘નો ઓબ્જેકશન સર્ટિફિકેટ’’ અદાલતને ન આપવા બાબત

અતારાંકિતઃ ૯૭૪૭ (૧૭-૧૧-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કતલખાનામાં લઇ જવાતા પ્રાણીની કસ્ટડી સોંપતી વખતે ‘‘નો ઓબ્જેકશન સર્ટિફિકેટ’’ પોલીસ દ્વારા અદાલતને આપવાની પ્રથા નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પ્રથા ન હોવા છતાં અમદાવાદ, ભાવનગર અને કચ્છ જિલ્લામાં સન ૨૦૧૫ ના વર્ષમાં પોલીસ દ્વારા કેટલા ‘‘નો ઓબ્જેકશન સર્ટિફિકેટ’’ અદાલતોને આપવામાં આવ્યા,

(૩) તેના શા કારણો છે, અને

(૪) ઉક્ત ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે સરકારે શા લેખિત આદેશો પ્રસિદ્ધ કર્યા છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) અમદાવાદ, ભાવનગર અને કચ્છ જિલ્લામાં સને ૨૦૧૫ ના વર્ષમાં પોલીસ દ્વારા કોઇ ‘‘નો ઓબ્જેકશન સર્ટિફિકેટ’’ અદાલતોને આપવામાં આવ્યા નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ૨૭મી માર્ચ, ૨૦૧૯
## અતારાંકિત પ્રશ્નોત્તરી

--------

### સુરત જિલ્લાના અનાવલ ગામમાં ગાયોની કતલ

અતારાંકિતઃ ૯૭૫૮ (૦૮-૧૧-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુરત જિલ્લાના મહુવા તાલુકાના અનાવલ ગામમાં ગુનાહિત કસાઇઓએ તા.૭-૭-૨૦૧૬ ના રોજ આશરે સાત ગાયોની કરપીણ કતલ કરી હતી તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ગુનાહીત કામના કેટલા આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) આ ગુનાહિત કામના ૧૨ (બાર) આરોપીઓ સામે મહુવા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૨૮/૨૦૧૬ ઇ.પી.કો. કલમ-૨૯૫(ક), ૧૮૮, ૪૨૯, ૧૧૪ પશુ પ્રત્યે ઘાતકીપણું અટકાવવા બાબત અધિનિયમ ૧૯૬૦ ની કલમ-૧૧(૧),એ,એલ પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ-૬(ખ), ૧, ૨, ૫, ૮ મુજબ ગુનો દાખલ કરી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

### કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ઓવરસ્પીડીંગના ગુના

અતારાંકિતઃ ૯૭૭૭ (૨૯-૧૦-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સન ૨૦૧૫ માં ઓવરસ્પીડીંગ કરતા કેટલા વાહનો અને વાહનચાલકોને સ્પીડગન મારફતે પકડી પાડવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓ સામે શી કાર્યવાહી થઇ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૧૨-૨૦૧૬)

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સન-૨૦૧૫ માં ઓવરસ્પીડીંગ કરતા કોઇ વાહનો અને વાહનચાલકોને સ્પીડગન મારફતે પકડી પાડવામાં આવ્યા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### બોટાદ જિલ્લાનાં બરવાળા ખાતેથી ગૌવંશને બચાવવા બાબત

અતારાંકિતઃ ૯૮૪૧ (૦૮-૧૧-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બોટાદ જિલ્લામાં બરવાળાના પોલારપુર ફાટક પાસેથી તા.૧૧-૧૨, સપ્ટેમ્બર, ૨૦૧૬ ના રોજ બોલેરો પીકઅપ વાહનમાં ક્રૂરતાપૂર્વક ઘાસચારા અને પાણીની સવલત વિના કતલખાનામાં લઈ જવાતા આશરે દસ ગૌવંશ વાછરડાને પોલીસે બચાવ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ગુનામાં સંડોવાયેલા કેટલા ઇસમો સામે શી કાનુની કાર્યવાહી થઇ, અને

(૩) ઉક્ત ગુનામાં સંડોવાયેલ વાહનને સુધારેલી કાનુની જોગવાઇ મુજબ ૬ માસ માટે જપ્ત કરવામાં આવ્યું છે કે કેમ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) આ ગુનામાં સંડોવાયેલ ૦૨(બે) ઇસમો સામે બરવાળા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૭૦/૧૬ ધી ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ ની કલમ-૫, ૬, ૬(ક) (૧), ૬(ક)(૩), ૮, ૯, ૧૦ ધી ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ-૧૧(૧), (ક), (ઘ), (ચ), (ઝ), (ડ) તથા ઇ.પી.કો. કલમ-૪૨૯ મુજબ ગુનો દાખલ કરી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) હા, જી.

--------

### અમદાવાદનાં રખિયાલ ચારોડીયા પોલીસ ચોકી પાસેથી પકડાયેલ કતલખાનું

અતારાંકિતઃ ૯૮૪૨ (૦૮-૧૧-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) અમદાવાદના રખિયાલમાં ચારોડીયા પોલિસચોકી પાસે ગૌવંશની કતલનું ચાલતું એક કતલખાનું તા.૨-૯-૨૦૧૬ ના રોજ પોલિસે રેડ પાડી પકડી પાડ્યું હતું અને તેમાંથી કતલ માટે રખાયેલા આશરે સાત બળદોને બચાવી લેવાયાં હતા તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ગુનામાં કેટલા ઇસમો સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) આ ગુનામાં ૪(ચાર) ઇસમો સામે રખીયાલ પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૩૧૨૭/૨૦૧૬ ધી ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ-૫, ૬, ૬(ખ), ૧, ૨, ૩, ૮ તથા પશુ પ્રત્યે ઘાતકીપણું અટકાવવા બાબત અધિનિયમની કલમ-૧૧(એલ) તથા બી.પી.એમ.સી. એક્ટની કલમ-૩૩૫ , ૩૩૬ મુજબ ગુનો દાખલ કરી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

### દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં ઓવરસ્પીડીંગના ગુના

અતારાંકિતઃ ૯૮૫૯ (૨૯-૧૦-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સન ૨૦૧૫ માં ઓવરસ્પીડીંગ કરતા કેટલા વાહનો અને વાહનચાલકોને સ્પીડગન મારફતે પકડી પાડવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓ સામે શી કાર્યવાહી થઇ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૧૨-૨૦૧૬)

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સન-૨૦૧૫ માં ઓવરસ્પીડીંગ કરતા કોઇ વાહનો અને વાહનચાલકોને સ્પીડગન મારફતે પકડી પાડવામાં આવ્યા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### જૂનાગઢમાં ગાયની કતલ બાબત

અતારાંકિતઃ ૯૯૪૦ (૦૮-૧૧-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જુનાગઢમાં તા.૧૨-૯-૨૦૧૫ ના રોજ અસામાજીક તત્વોએ ગાયની કતલ કરી તેનું ડોકું અને માંસના કોથળા ભરી નરસિંહ મહેતા સરોવરમાં ફેંકી દીધા હતા તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ગુનાહિત કૃત્યમાં કેટલા અપરાધીઓ સામે શી કાનુની કાર્યવાહી થઇ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) આ ગુનાહિત કૃત્યમાં અજાણ્યા અપરાધીઓ સામે જુનાગઢ ''બી'' ડીવીઝન પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૮૮/૨૦૧૬ ઇ.પી.કો. કલમ-૨૯૫, ૪૨૯ ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ-૫, ૬(૧), ૮ મુજબ ગુનો દાખલ કરવાની કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

### રાજ્યમાં જિલ્લાવાર સામૂહિક બળાત્કારના નોંધાયેલ બનાવો

અતારાંકિતઃ ૯૯૪૧ (૦૭-૧૧-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં સન ૨૦૧૪ અને ૨૦૧૫માં જિલ્લાવાર કેટલા સામૂહિક બળાત્કાર કિસ્સા નોંધાયા, અને

(૨) કેટલા આરોપીઓ પકડાયા, કેટલા બાકી છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૧૨-૨૦૧૬)

(૧) પત્રક મુજબ

(૨) ૧૬૫ આરોપીઓ પકડાયા, ૦૩ બાકી છે.

પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક બળાત્કારના નોંધાયેલ કેસો | |
|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ |
| ૧ | અમદાવાદ | ૪ | ૧ |

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક બળાત્કારના નોંધાયેલ કેસો | |
|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ |
| ૨ | રાજકોટ | ૧ | ૧ |
| ૩ | સુરત | ૫ | ૨ |
| ૪ | વડોદરા | ૦ | ૨ |
| ૫ | ખેડા–નડીયાદ | ૧ | ૧ |
| ૬ | આણંદ | ૧ | ૨ |
| ૭ | ગાંધીનગર | ૦ | ૦ |
| ૮ | સાબરકાંઠા | ૨ | ૦ |
| ૯ | અરવલ્લી–મોડાસા | ૦ | ૦ |
| ૧૦ | મહેસાણા | ૦ | ૦ |
| ૧૧ | જામનગર | ૧ | ૦ |
| ૧૨ | દેવભુમિ દ્વારકા | ૦ | ૦ |
| ૧૩ | મોરબી | ૦ | ૦ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૦ | ૦ |
| ૧૫ | બનાસકાંઠા | ૦ | ૦ |
| ૧૬ | કચ્છ | ૧ | ૦ |
| ૧૭ | પાટણ | ૦ | ૧ |
| ૧૮ | અમરેલી | ૦ | ૦ |
| ૧૯ | ભાવનગર | ૧ | ૧ |
| ૨૦ | બોટાદ | ૦ | ૧ |
| ૨૧ | જુનાગઢ | ૦ | ૨ |
| ૨૨ | ગીર–સોમનાથ | ૦ | ૧ |
| ૨૩ | પોરબંદર | ૦ | ૦ |
| ૨૪ | છોટા ઉદેપુર | ૦ | ૦ |
| ૨૫ | ભરૂચ | ૧ | ૦ |
| ૨૬ | નર્મદા | ૦ | ૧ |
| ૨૭ | પંચમહાલ | ૦ | ૧ |
| ૨૮ | મહીસાગર | ૦ | ૦ |
| ૨૯ | દાહોદ | ૦ | ૧ |
| ૩૦ | તાપી | ૨ | ૦ |
| ૩૧ | વલસાડ | ૧ | ૦ |
| ૩૨ | નવસારી | ૦ | ૦ |
| ૩૩ | ડાંગ | ૦ | ૦ |

--------

અમદાવાદના રખિયાલમાંથી પકડાયેલ ગૌવર્ગના પ્રાણીનું કતલખાનું

અતારાંકિતઃ ૯૯૪૨ (૧૫–૧૧–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદનાં રખિયાલમાંથી વિસ્તારમાંથી ગૌવર્ગના પ્રાણીનું એક કતલખાનું તા. ૦૨–૦૯–૨૦૧૬ના રોજ રેડ પાડીને પકડી પાડવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ગુનામાં કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦–૧૨–૨૦૧૬)

(૧) હા, જી.

(૨) ૪ (ચાર) ઈસમો સામે રખીયાલ પો.સ્ટે.સેકન્ડ ગુ.ર.નં. ૩૧૨૭/૨૦૧૬ થી ગુનો દાખલ કરી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### સુરત શહેરના સગરામપુરા મૌલવી સ્ટ્રીટ ખાતેનાં કતલખાનેથી પકડાયેલ ગાયો/ગૌમાંસ

અતારાંકિતઃ ૯૯૪૩ (૦૮–૧૧–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ | ૦ | ૩ | ૩ |
| ૨૭ | પોરબંદર | ૬ | ૪ | ૧૦ | ૫ | ૬ | ૧૧ | ૧૫ | ૯ | ૨૪ | ૫ | ૬ | ૧૧ | ૧ | ૩ | ૪ |
| ૨૮ | ગીરસોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૧૦ | ૧ | ૧૧ | ૧૦ | ૧ | ૧૧ | ૧૨ | ૦ | ૧૨ | ૧૧ | ૦ | ૧૧ | ૯ | ૩ | ૧૨ |
| ૩૦ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૮ | ૧ | ૧૯ |
| ૩૧ | વલસાડ | ૧૦ | ૪ | ૧૪ | ૧૧ | ૫ | ૧૬ | ૧૪ | ૬ | ૨૦ | ૩૩ | ૪ | ૩૭ | ૨૩ | ૩ | ૨૬ |
| ૩૨ | ગાંધીનગર | ૨૧ | ૧૩ | ૩૪ | ૧૬ | ૩ | ૧૯ | ૨૦ | ૧૦ | ૩૦ | ૩૯ | ૯ | ૪૮ | ૩૩ | ૦ | ૩૩ |
| ૩૩ | દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૩૬૨ | ૧૫૭ | ૫૧૯ | ૩૦૫ | ૨૩૧ | ૫૩૬ | ૩૯૨ | ૧૩૧ | ૫૨૩ | ૩૮૩ | ૧૯૪ | ૫૭૭ | ૪૦૫ | ૧૧૮ | ૫૨૩ |

----------------

### બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં હલકા પ્રકારની ગુણવત્તાવાળું અનાજ

અતારાંકિતઃ ૧૦૩૮૧ (૨૨–૧૧–૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ):માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હલકા પ્રકારની ગુણવત્તાવાળું અનાજ સસ્તા અનાજની દુકાનોમાં મળવા અંગેની કેટલી ફરિયાદો મુખ્યત્વે સન ૨૦૧૪ અને ૨૦૧૫માં મળી,

(૨) તે અંગે શા પગલાં લેવાયાં અને

(૩) ઉક્ત ઘટનાના પુનરાવર્તન રોકવા સરકારે શા પગલાં લીધા છે ?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી: (૨૬–૧૨–૨૦૧૬)

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫માં સસ્તા અનાજની દુકાનોમાં હલકા પ્રકારની ગુણવત્તાવાળું અનાજ મળવા અંગેની એક પણ ફરિયાદ સરકારને મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### કચ્છ જિલ્લાના કોટેશ્વર અને જખૌને ખાતે ઈમ્પોર્ટન્ટ કોસ્ટલ એન્ડ મરીન બાયોડાયવર્સિટી એરીયા

અતારાંકિતઃ ૧૦૩૫૩ (૨૨–૧૧–૨૦૧૬)શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય વનમંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ જિલ્લાના (એ) કોટેશ્વર અને (બી) જખૌને ભારત સરકારે "ઈમ્પોર્ટન્ટ કોસ્ટલ એન્ડ મરીન બાયોડાયવર્સીટી એરીયા" તરીકે જાહેર કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ભારત સરકાર તરફથી ઉક્ત સાઈટના સંરક્ષણ અને વિકાસ માટે સન ૨૦૧૪–૨૦૧૫ અને ૨૦૧૫–૨૦૧૬ના વર્ષમાં કેટલી ગ્રાન્ટ મળી, અને

(૩) ઉક્ત મળેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમ મુખ્યત્વે કયા કામ માટે વપરાઈ?

વન મંત્રીશ્રી: (૨–૧–૨૦૧૬)

(૧) ના જી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જુનાગઢ અને પોરબંદર જિલ્લાની જનરલ હોસ્પીટલોમાં બાયપાસ સર્જરીની સુવિધા

અતારાંકિતઃ ૯૯૯૬ (૨૬–૧૦–૨૦૧૬)શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લાની કઈ જનરલ હોસ્પીટલોમાં બાયપાસ સર્જરીની સુવિધા તા. ૩૧ મી ડીસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સુવિધા કયાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી: (રાજ્યકક્ષા) (૨–૧–૨૦૧૭)

(૧) તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાની જનરલ હોસ્પિટલ અને પોરબંદર જિલ્લાની જનરલ હોસ્પિટલ ખાતે બાયપાસ સર્જરીની સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) ભવિષ્યમાં આ બાબતના આયોજનની સર્વગ્રાહી વિચારણા સમયે ધ્યાને લેવામાં આવશે.

---------

## ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે

## અતારાંકિત પ્રશ્નોત્તરી

જુનાગઢ અને પોરબંદર જિલ્લાની જનરલ હોસ્પીટલોમાં એમ.આર.આઈ.ની સુવિધા

અતારાંકિતઃ ૯૯૯૭ (૨૬-૧૦-૨૦૧૬)શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં કઈ જનરલ હોસ્પીટલોમાં તા. ૩૧ મી ડીસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ એમ.આર.આઈ.ની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સુવિધા ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી: (રાજ્યકક્ષા) (૨-૧-૨૦૧૭)

(૧) તા. ૩૧મી ડીસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાની જનરલ હોસ્પિટલ અને પોરબંદર જિલ્લાની જનરલ હોસ્પિટલ ખાતે એમ.આર.આઈ.ની સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) ભવિષ્યમાં આ બાબતના આયોજનની સર્વગ્રાહી વિચારણા સમયે ધ્યાને લેવામાં આવશે.

---------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં સાયબર ક્રાઈમ

અતારાંકિતઃ ૮૯૯૧ (૦૭-૦૯-૨૦૧૬)શ્રી પૂંજાભાઈ વંશ (ઉના):માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં સન ૨૦૧૫માં કેટલા સાયબર ક્રાઈમ નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા આરોપીઓને પકડી પાડવામાં આવ્યા, અને

(૩) કેટલા આરોપીઓ પકડવાના બાકી છે ?

મુખ્ય મંત્રીશ્રી: (ગૃહ) (૨૦-૧૨-૨૦૧૬)

(૧) ૮

(૨) ૧૦

(૩) ૪

---------

કચ્છ ભાવનગર અને ગાંધીનગર જિલ્લા પોલીસની ગુનાહિત પ્રવૃત્તિ

અતારાંકિતઃ ૯૩૧૯ (૧૭-૯-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સન ૨૦૧૫માં કેટલા પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ ગુનાહીત પ્રવૃત્તિમાં સંડોવાયેલા જણાયા, અને

(૨) તે પૈકી કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦-૧૨-૨૦૧૬)

(૧) ૪૫

(૨) ૪૫ સામે ગુના દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી,

-૦૪ સામે તપાસ સોંપાયેલ છે.

-૨૭ વિરૂધ્ધ ખાતાકિય તપાસ હાથ ધરવામાં આવેલ છે.

-૦૬ ની બદલી કરવામાં આવેલ છે.

-૦૬ ને ફરજ મોકૂફ કરેલ છે.

-૦૧ ખાતાકિય તપાસને અંતે રોકડ દંડની શિક્ષા કરેલ છે.

-૦૧ નું અવસાન થતા એબેટેડ સમરી ભરવામાં આવેલ છે.

---------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં વાહનોની ચોરી

અતારાંકિતઃ ૯૩૩૦ (૦૭-૯-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૪ અને ૨૦૧૫માં કેટલા વાહનોની ચોરીની ફરિયાદો નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા વાહનો પકડાયા અને તે પૈકી કેટલા વાહનો તા. ૩૧ માર્ચ ૨૦૧૬ સુધીમાં મૂળ માલિકોને પરત કરી દેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦-૧૨-૨૦૧૬)

(૧)

| વર્ષ | કચ્છ | ભાવનગર | ગાંધીનગર |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૨૬૫ | ૧૮૯ | ૨૦૫ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૫ | ૩૦૫ | ૧૫૪ | ૨૨૨ |

(૨) ૬૦૯ વાહનો પકડાયા તે પૈકી ૫૮૩ વાહનો મૂળ માલિકોને પરત કરી દેવામાં આવ્યા.

-------------

### રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં કોર્ટ/હોસ્પીટલમાં લઈ જવાતા કેદીઓ ફરાર

અતારાંકિતઃ ૯૪૬૮ (૧૬-૯-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર (ગ્રામ્ય)):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી જેલોમાંથી, કોર્ટમાં અને હોસ્પીટલમાં લઈ જતી વખતે સન ૨૦૧૫ માં કેટલા કેદીઓ ભાગી છૂટયા, અને

(૨) તે અન્વયે કેટલા ઈસમો સામે શા પગલા લેવાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦-૧૨-૨૦૧૬)

(૧) રાજકોટ જિલ્લામાંથી ૦૨ (બે) કેદી ભાગી છૂટેલ છે.

(૨) ૦૨ ની સામે ઈ.પી.કો. કલમ-૨૨૪ મુજબનો ગુનો પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલ છે.

---------

### રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં એટ્રોસીટીના ગુના

અતારાંકિતઃ ૯૪૭૨ (૦૭-૯-૨૦૧૬):શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં સન ૨૦૧૫ માં એટ્રોસીટીના કેટલા ગુન્હા નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ થઈ અને કેટલા આરોપીઓની ધરપકડ બાકી છે, અને

(૩) ઉકત બાકી રહેલા આરોપીઓની ધરપકડ કયારે થશે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦-૧૨-૨૦૧૬)

(૧)

| જિલ્લા | સન ૨૦૧૫ |
|---|---|
| રાજકોટ | ૩૭ |
| મોરબી | ૩૯ |
| સુરેન્દ્રનગર | ૬૯ |

(૨) ૩૮૦ આરોપીઓની ધરપકડ કરી અને ૦૩ આરોપીઓની ધરપકડ બાકી છે.

(૩) ૦૨ આરોપી નાસતા ફરતા હોઈ સી.આર.પી.સી. ૭૦ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. ૦૧ આરોપીએ નામદાર હાઈકોર્ટમાંથી ધરપકડ સામે સ્ટે મેળવેલ છે.

---------

### રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસની ગુનાહિત પ્રવૃત્તિ

અતારાંકિતઃ ૯૪૮૦ (૦૭-૯-૨૦૧૬)શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીયમુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં સન ૨૦૧૫માં કેટલા પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ ગુનાહીત પ્રવૃત્તિમાં સંડોવાયેલા જણાયા, અને

(૨) તે પૈકી કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦-૧૨-૨૦૧૬)

(૧) ૩૦

(૨) ૩૦ પોલીસ કર્મચારી વિરુધ્ધ ગુના દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી,

-૦૬ વિરૂધ્ધ ખાતાકિય તપાસ હાથ ધરવામાં આવેલ છે.

-૧૫ સામે તપાસ સોંપાયેલ છે.

-૦૨ ની બદલી કરેલ છે.

-૦૫ ને ફરજ મોકૂફ કરેલ છે.

-૦૧ ખાતાકિય તપાસને અંતે રોકડ દંડની શિક્ષા કરેલ છે.

-૦૧ ને ખાતાકીય તપાસને અંતે રોકડ દંડની શિક્ષા કરેલ છે.

-૦૧ ને ખાતાકીય તપાસને અંતે દોષમુકત કરેલ છે.

---------

ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં બ્રેથ એનેલાઈઝર મારફત

અતારાંકિતઃ ૯૪૯૧ (૦૭–૯–૨૦૧૬)શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં સન ૨૦૧૫માં દારૂ પીને વાહન ચલાવતા કેટલા ઈસમોને બ્રેથ એનેલાઈઝર મારફત શોધી કાઢવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦–૧૨–૨૦૧૬)

(૧) ૫૯

(૨) તમામ સામે મોટર વ્હીકલ એકટ કલમ–૧૮૫ મુજબ ગુનો દાખલ કરી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે.

---------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ સામે લાંચના કેસ

અતારાંકિતઃ ૯૫૦૦ (૦૭–૯–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૧૪ અને ૨૦૧૫માં કેટલા પોલીસ અધિકારીઓ/કર્મચારી લાંચ લેતા પકડાયા, અને

(૨) તે અન્વયે કેટલા ગુનાહિત અધિકારી/કર્મચારીઓ સામે શા કાનુની અને શિક્ષાત્મક પગલાં લેવાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૨–૧૨–૨૦૧૬)

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૧૪ અને ૨૦૧૫માં નીચે પત્રકમાં જણાવ્યા મુજબ પોલીસ અધિકારીઓ/કર્મચારી લાંચ લેતા પકડાયા, અને

| અ.નં. | જિલ્લો | ૨૦૧૪ | | | ૨૦૧૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પોલીસ અધિકારી | પોલીસકર્મચારી | કુલ | પોલીસ અધિકારી | પોલીસકર્મચારી | કુલ |
| ૧ | રાજકોટ શહેર | – | ૬ | ૬ | ૧ | ૩ | ૪ |
| ૨ | રાજકોટ ગ્રામ્ય | – | ૪ | ૪ | ૧ | – | ૧ |
| ૩ | મોરબી | – | – | – | – | – | – |
| ૪ | સુરેન્દ્રનગર | – | ૧ | ૧ | – | ૩ | ૩ |
| | કુલ | – | ૧૧ | ૧૧ | ૦૨ | ૦૬ | ૦૮ |

(૨) ગુનાહિત અધિકારી/કર્મચારીઓ સામે કાનૂની અને શિક્ષાત્મક પગલાં નીચે પત્રકમાં જણાવ્યા મુજબ લેવાયા.

| અ. નં. | જિલ્લો | ૨૦૧૪ | | ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | કુલ પકડાયેલ અધિકારી/ કર્મચારી | લીધેલ કાનૂની અને શિક્ષાત્મક પગલાં | કુલ પકડાયેલ અધિકાર/ કર્મચારી | લીધેલ કાનૂની અને શિક્ષાત્મક પગલાં |
| ૧ | રાજકોટ શહેર | ૬ | તમામની બદલી કરી ફરજ મોકુફ કરેલ છે.<br>૫–ચાર્જશીટ (કોર્ટ પેન્ડીંગ)<br>૧–તપાસ ચાલુ | ૪ | તમામની બદલી કરી ફરજ મોકુફ કરેલ છે.<br>૧–ચાર્જશીટ (કોર્ટ પેન્ડીંગ)<br>૩–તપાસ ચાલુ |
| ૨ | રાજકોટ ગ્રામ્ય | ૪ | તમામની બદલી કરી ફરજ મોકુફ કરેલ છે.<br>૪–ચાર્જશીટ (કોર્ટ પેન્ડીંગ) | ૧ | તમામની બદલી કરી ફરજ મોકુફ કરેલ છે.<br>૧– તપાસ ચાલુ |
| ૩ | મોરબી | – | – | – | – |
| ૪ | સુરેન્દ્રનગર | ૧ | તમામની બદલી કરી ફરજ મોકુફ કરેલ છે.<br>૧– તપાસ ચાલુ | ૩ | તમામની બદલી કરી ફરજ મોકુફ કરેલ છે.<br>૩– તપાસ ચાલુ |

---------

## ૨૭મી માર્ચ, ૨૦૧૯

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### અમદાવાદની સાબરમતી જેલની દિવાલ પરથી ભાગી છૂટેલ કેદી

અતારાંકિતઃ ૯૭૪૬ (૧૫–૧૧–૨૦૧૬)શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદની સાબરમતી જેલની ૨૦ ફુટની ઉંચી દિવાલને કુદાવીને તા. ૨૪–૭–૨૦૧૬ના રોજ કેદી ભાગી છૂટયો હતો તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો ઉકત સઘન સુરક્ષા હોવા છતાં કેદીને ભાગી જવામાં મળેલી સફળતાના શા કારણો છે, અને

(૩) ઉકત જેલની સુરક્ષાની ખામી ભરેલી વ્યવસ્થા માટે કોણ જવાબદાર છે ?

જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૨૨–૧૨–૨૦૧૬)

(૧) હા, જી

(૨) તા. ૨૪–૭–૨૦૧૬ના રોજ બનાવના દિવસે રવિવાર હોઈ કેદીઓની જેલબંધી બપોરના ૧૬–૦૦ કલાકે કરવાની હોય છે જેથી કેદીઓ પોતાના યાર્ડમાં બપોરના સમયે ખુલ્લા રહેતા હોય છે. બપોરના સમયે ફરજ પરના સ્ટાફના કર્મચારીઓ અન્ય યાર્ડમાં ગયેલ તે સમયે આ આરોપી ખુલ્લો હોઈ સ્ટાફની નજર ચૂકવી તકનો લાભ લઈ મુખ્ય દિવાલની સાથે એટેચ કાંટાળી દિવાલ ઉપર ચઢી મુખ્ય દિવાલ કુદી નાસી ગયેલ હતો.

(૩) જેલના જવાબદાર હવાલદાર તેમજ વોચ ટાવર ઉપરના એસ.આર.પી. ના સંત્રી ગાર્ડના જવાનોને ફરજ મોકુફી હેઠળ મૂકી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

### કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લાની જેલોમાંથી મુકત થવા પાત્ર કેદીઓ

અતારાંકિતઃ ૯૭૬૩ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

(૧) નામ. સુપ્રીમ કોર્ટે વિજય અગ્રવાલ વિ. યુનીયન ઓફ ઈન્ડીયાની રીટ પીટીશન (ક્રિમીનલ) નં. ૩૨/૨૦૧૩માં તા. ૫–૯–૨૦૧૪ના રોજ આપેલા ચુકાદા મુજબ કાચા કામના કેદીઓ જેમણે તેમને થવાપાત્ર મહત્તમ સજાના ૫૦ ટકા જેલમાં વિતાવ્યા છે તેને સી.આર.પી.સી. ૪૩૬–(એ) મુજબ મુકત કરવા આદેશ કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લાની જેલોમાં સન ૨૦૧૪ અને ૨૦૧૫માં મુકત થવા પાત્ર કેટલા કાચા કામના કેદીઓને મુકત કરવામાં આવ્યા અને કેટલાને મુકત કરવાના બાકી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ):(૨૨–૧૨–૨૦૧૬)

(૧) હા, જી

(૨) ગાંધીનગર જિલ્લામાં જેલ નથી. જ્યારે કચ્છ, ભાવનગર જિલ્લાની જેલની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | મુકત કરવાપાત્ર કાચા કામના કેદીઓ | મુકત કરેલ કાચા કામના કેદીઓ | મુકત કરવાના બાકી કાચા કામના કેદીઓ |
|---|---|---|---|---|
| કચ્છ | ૨૦૧૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૨૦૧૫ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ભાવનગર | ૨૦૧૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૨૦૧૫ | ૦૧ | ૦૧ | ૦૦ |

---------

### કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં એટ્રોસીટીના ગુના

અતારાંકિતઃ ૯૭૬૬ (૦૮–૧૧–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ ભાવનગર અને ગાંધીનગરજિલ્લામાં સન ૨૦૧૫ માં એટ્રોસીટીના કેટલા ગુન્હા નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ થઈ અને કેટલા આરોપીઓની ધરપકડ બાકી છે, અને

(૩) ઉકત બાકી રહેલા આરોપીઓની ધરપકડ કયારે થશે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦–૧૨–૨૦૧૬)

(૧) ૧૭૮

(૨) ૪૫૦ આરોપીઓની ધરપકડ થયેલ છે. અને ૧૬ બાકી છે.

(૩) ધરપકડ કરવાના બાકી રહેલ આરોપીઓએ નામદાર હાઈકોર્ટમાંથી સ્ટે મેળવેલ છે. આથી નામદાર કોર્ટના હુકમ પ્રમાણે કાર્યવાહી કરવાની થશે.

-------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં એફ.આઇ.આર. ન નોંધવાની ફરીયાદ

અતારાંકિતઃ ૯૭૭૦(૨૯-૧૦-૨૦૧૬)શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં એફ.આઇ.આર. નોંધવાનો ઇન્કાર કરવાની કેટલી ફરિયાદો જિલ્લા પોલીસ વડાને મળી, અને

(૨) તે અન્વયે કસુરવાન કેટલા પોલીસ કર્મચારી સામે સુપ્રિમકોર્ટના લલિતાદેવી વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશના ચુકાદા અન્વયે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦-૧૨-૨૦૧૬)

(૧) એક પણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં કેદીઓ ભાગી છૂટ્યા બાબત

અતારાંકિતઃ ૯૭૮૨(૨૯-૧૦-૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં આવેલ જેલોમાંથી કોર્ટમાં અને હોસ્પિટલમાં લઇ જતી વખતે સન ૨૦૧૫માં કેટલા કેદીઓ ભાગી છૂટ્યા, અને

(૨) તે અન્વયે કેટલા ઇસમો સામે શા પગલા લેવાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦-૧૨-૨૦૧૬)

(૧) ૦૧

(૨) ભાગી ગયેલ ઇસમ સામે ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

-------------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની જેલોમાંથી મુકત થવા પાત્ર કેદીઓ

અતારાંકિતઃ ૯૮૬૨(૨૧-૧૧-૨૦૧૬)શ્રી મેરામણભાઇ આહીર (ખંભાલિયા):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે વિજય અગ્રવાલ વિ. યુનીયન ઓફ ઇન્ડીયાની રીટ પીટીશન (ક્રિમીનીલ) નં.-૩૨-૨૦૧૩માં તા. ૫-૯-૨૦૧૪ના રોજ આપેલા ચુકાદા મુજબ મુજબ કાચા કામના કેદીઓ જેમણે તેમને થવા પાત્ર મહત્તમ સજાના ૫૦ ટકા જેલમાં વિતાવ્યા છે તેને સી.આર.પી.સી.-૪૨૬-એ મુજબ મુકત કરવા આદેશ કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની જેલામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫માં મુકત થવા પાત્ર કેટલા કાચા કામના કેદીઓને મુકત કરવામાં આવ્યા, અને કેટલાને મુકત કરવાના બાકી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૮-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) દેવભૂમિ દ્વારકા તથા તાપી જિલ્લામાં જેલ નથી. જ્યારે સુરત જિલ્લાની જેલમાં સન ૨૦૧૪ અને ૨૦૧૫માં મુકત થવા પાત્ર એકપણ કાચા કામના કેદી ન હોઇ મુકત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં ગંભીર બિમારીથી પીડાતા કેદીઓ

અતારાંકિતઃ ૯૮૭૩(૧૫-૧૧-૨૦૧૬) શ્રી મેરામણભાઇ આહીર (ખંભાલિયા):માનનીય જેલમંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જેલમાં ગંભીર રોગ-બિમારીથી પીડાતા કેદીઓ માટે કરવાની કાર્યવાહી તથા પોલીસી માટે ભારત સરકારના ગૃહ મંત્રાલયે ઓગસ્ટ-૨૦૧૦માં એક એડવાઇઝરી મોકલી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ ગંભીર રોગ-બિમારીથી પીડાતા કેટલા કેદીઓ છે, અને

(૩) ભારત સરકારની ઉપર દર્શાવેલ એડવાઇઝરી અનુસાર ઉકત કેદીઓ માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

જેલ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) :(૨૧-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) એકપણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## ૨૪મી માર્ચ, ૨૦૧૯
## અતારાંકિત પ્રશ્નોત્તરી

### દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં કેદીઓ ભાગી છૂટ્યા બાબત

અતારાંકિતઃ ૯૮૭૬ (૨૯-૧૦-૨૦૧૬)શ્રી મેરામણભાઇ આહીર (ખંભાલિયા):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં આવેલી જેલોમાંથી કોર્ટમાં અને હોસ્પિટલમાં લઇ જતી વખતે સન ૨૦૧૫માં કેટલા કેદીઓ ભાગી છૂટ્યા, અને

(૨) તે અન્વયે કેટલા ઇસમો સામે શા પગલાં લેવાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦-૧૨-૨૦૧૬)

(૧) ૦૩.

(૨) તેમની સામે ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

### જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કેદીઓ ભાગી છૂટ્યા બાબત

અતારાંકિતઃ ૯૯૩૫(૨૯-૧૦-૨૦૧૬) શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં આવેલી જેલોમાંથી કોર્ટમાં અને હોસ્પિટલમાં લઇ જતી વખતે સન ૨૦૧૫માં કેટલા કેદીઓ ભાગી છૂટ્યા, અને

(૨) તે અન્વયે કેટલા ઇસમો સામે શા પગલાં લેવાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦-૧૨-૨૦૧૬)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગંભીર બિમારીથી પીડાતા કેદીઓ

અતારાંકિતઃ ૯૯૩૬(૧૫-૧૧-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જેલમાં ગંભીર રોગ-બિમારીથી પીડાતા કેદીઓ માટે કરવાની કાર્યવાહી તથા પોલીસી માટે ભારત સરકારના ગૃહ મંત્રાલયે ઓગસ્ટ-૨૦૧૦માં એક એડવાઇઝરી મોકલી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ ગંભીર રોગ-બિમારીથી પીડાતા કેટલા કેદીઓ છે, અને

(૩) ભારત સરકારની ઉપર દર્શાવેલ એડવાઈઝરી અનુસાર ઉકત કેદીઓ માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

જેલમંત્રીશ્રી (રાજ્ય કક્ષા) :(૨૮-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) એકપણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં એફ.આઇ.આર. ન નોંધવાની ફરીયાદ

અતારાંકિતઃ ૯૯૪૭(૨૯-૧૦-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં એફ.આઇ.આર. નોંધવાનો ઇન્કાર કરવાની કેટલી ફરિયાદો જિલ્લા પોલીસ વડાને મળી, અને

(૨) તે અન્વયે કસુરવાન કેટલા પોલીસ કર્મચારી સામે સુપ્રિમકોર્ટના લલિતાદેવી વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશના ચુકાદા અન્વયે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦-૧૨-૨૦૧૬)

(૧)

| વર્ષ | જુનાગઢ | પોરબંદર |
|---|---|---|
| ૨૦૧૪ | ૦૧ | ૦૦ |
| ૨૦૧૫ | ૦૧ | ૦૦ |

(૨) ૦૧ પોલીસ કર્મચારીને ફરજ મોકૂફ કરવામાં આવેલ અને રોકડ દંડની શિક્ષા કરવામાં આવેલ છે જ્યારે ૦૧ની સામે ખાતાકીય તપાસ સોંપવામાં આવેલ અને રોકડ દંડની શિક્ષા કરવામાં આવેલ છે.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

----------

### જુનાગઢ અને પોરબંદર જિલ્લાની જેલોમાંથી મુકત થવા પાત્ર કેદીઓ

અતારાંકિતઃ ૯૯૫૧(૨૧-૧૧-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે વિજય અગ્રવાલ વિ. યુનીયન ઓફ ઈન્ડીયાની રીટ પીટીશન (ક્રિમીનીલ) નં. ૩૨/૨૦૧૩માં તા. ૫-૯-૨૦૧૪ના રોજ આપેલા ચુકાદા મુજબ કાચા કામના કેદીઓ જેમણે તેમને થવા પાત્ર મહત્તમ સજાના ૫૦ ટકા જેલમાં વિતાવ્યા છે તેને સી.આર.પી.સી.-૪૩૬-એ મુજબ મુકત કરવા આદેશ કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો જુનાગઢ અને પોરબંદર જિલ્લાની જેલોમાં સન ૨૦૧૪ અને ૨૦૧૫માં મુકત થવા કેટલા કાચા કામના કેદીઓને મુકત કરવામાં આવ્યા, અને કેટલાને મુકત કરવાના બાકી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૮-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) જુનાગઢ અને પોરબંદર જિલ્લાની જેલોમાં સન ૨૦૧૪ અને ૨૦૧૫માં મુકત થવા પાત્ર એકપણ કાચા કામના કેદી ન હોઇ મુકત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

### પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં એફ.આઇ.આર. ન નોંધવાની ફરીયાદ

અતારાંકિતઃ ૧૦૦૫૧(૨૯-૧૦-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં એફ.આઇ.આર. નોંધવાનો ઇન્કાર કરવાની કેટલી ફરિયાદો જિલ્લા પોલીસ વડાને મળી, અને

(૨) તે અન્વયે કસુરવાન કેટલા પોલીસ કર્મચારી સામે સુપ્રિમકોર્ટના લલિતાદેવી વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશના ચુકાદા અન્વયે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૧-૧૨-૨૦૧૬)

(૧)

| વર્ષ | પંચમહાલ | દાહોદ | મહીસાગર |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧ | ૦ | ૦ |
| ૨૦૧૫ | ૧ | ૦ | ૦ |

(૨) ૦૧ પોલીસ કર્મચારીને ફરજ મોકૂફ કરવામાં આવેલ તથા દિન-૧૫ના મુળ પગારના રોકડ દંડની શિક્ષા કરવામાં આવેલ છે.

૦૧ પોલીસ કર્મચારીને ` ૨૦૦૦/- દંડની કારણદર્શક નોટીસ ફટકારવામાં આવેલ છે.

----------

### પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાનીજેલોમાં સી.સી.ટી.વી. કેમેરા મૂકવા બાબત

અતારાંકિતઃ ૧૦૦૬૬(૨૯-૧૦-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા):જેલમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુપ્રીમ કોર્ટે દિલીપ કે. બાસુ વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલના કેસમાં રાજ્યની તમામ જેલોમાં સી.સી.ટી.વી. કેમેરા એક વર્ષમાં મૂકી દેવા તા. ૨૪-૭-૨૦૧૫ના રોજ આદેશ આપ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની કઇ જેલોમાં કેટલા સી.સી.ટી.વી. કેમેરા મૂકવામાં આવ્યા છે અને કેટલી જેલોમાં મૂકવાના બાકી છે ?

જેલમંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૨૨-૧૨-૨૦૧૬)

(૧) હા, જી, તા. ૨૪-૭-૨૦૧૫થી એક વર્ષમાં પરંતુ બે વર્ષથી મોડું નહિ તે રીતે આદેશ આપેલ છે.

(૨) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની એકપણ જેલમાં સી.સી.ટી.વી. કેમેરા મૂકવામાં આવેલ નથી.

------------

### પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં કેદીઓ ભાગી છૂટ્યા બાબત

અતારાંકિતઃ ૧૦૦૬૭(૨૯-૧૦-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં આવેલ જેલોમાંથી કોર્ટમાં અને હોસ્પિટલમાં લઇ જતી વખતે સન ૨૦૧૫માં કેટલા કેદીઓ ભાગી છૂટ્યા, અને

(૨) તે અન્વયે કેટલા ઇસમો સામે શા પગલા લેવાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૧-૧૨-૨૦૧૬)

(૧) ૦૩

(૨) તમામ સામે ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------------

### પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ગંભીર બિમારીથી પીડાતા કેદીઓ

અતારાંકિતઃ ૧૦૦૬૮(૧૫-૧૧-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા):માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જેલમાં ગંભીર રોગ/બિમારીથી પીડાતા કેદીઓ માટે કરવાની કાર્યવાહી તથા પોલીસી માટે ભારત સરકારના ગૃહ મંત્રાલયે ઓગસ્ટ-૨૦૧૦માં એક એડવાઇઝરી મોકલી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ ગંભીર રોગ/બિમારીથી પીડાતા કેટલા કેદીઓ છે, અને

(૩) ભારત સરકારની ઉપર દર્શાવેલ એડવાઈઝરી અનુસાર ઉકત કેદીઓ માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

જેલ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) :(૨૨-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) એકપણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

### બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાનીજેલોમાં સી.સી.ટી.વી. કેમેરા મૂકવા બાબત

અતારાંકિતઃ ૧૦૪૦૫(૨૯-૧૦-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ):માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુપ્રીમ કોર્ટે દિલીપ કે. બાસુ વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલના કેસમાં રાજ્યની તમામ જેલોમાં સી.સી.ટી.વી. કેમેરા એક વર્ષમાં મૂકી દેવા તા. ૨૪-૭-૨૦૧૫ના રોજ આદેશ આપ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની કઇ જેલોમાં કેટલા સી.સી.ટી.વી. કેમેરા મૂકવામાં આવ્યા છે અને કેટલી જેલોમાં મૂકવાના બાકી છે ?

જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૨૨-૧૨-૨૦૧૬)

(૧) હા, જી, તા. ૨૪-૭-૨૦૧૫થી એક વર્ષમાં, પરંતુ બે વર્ષથી મોડું નહિ તે રીતે આદેશ આપેલ છે.

(૨) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની એકપણ જેલમાં સી.સી.ટી.વી. કેમેરા મૂકવામાં આવેલ નથી.

---------------

### બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં એફ.આઇ.આર. ન નોંધવાની ફરીયાદ

અતારાંકિતઃ ૧૦૪૦૮(૦૮-૧૧-૨૦૧૬)શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં એફ.આઇ.આર. નોંધવાનો ઈન્કાર કરવાની કેટલી ફરિયાદો જિલ્લા પોલિસ વડાને મળી, અને

(૨) તે અન્વયે કેટલા કસુરવાન પોલીસ કર્મચારી સામે સુપ્રીમ કોર્ટના લલિતાદેવી વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશના ચુકાદા અન્વયેથી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૦-૧૨-૨૦૧૬)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની જેલોમાંથી મુકત થવા પાત્ર કેદીઓ

અતારાંકિતઃ ૧૦૪૧૬ (૨૩-૧૧-૨૦૧૬): શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ):માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

(૧) નામ. સુપ્રીમકોર્ટે વિજય અગ્રવાલ વિ. યુનીયન ઓફ ઈન્ડીયાની રીટ પીટીશન (ક્રીમીનલ) નં. ૩૨/૨૦૧૩માં તા. ૫-૯-૨૦૧૪ના રોજ આપેલા ચુકાદા મુજબ કાચા કામના કેદીઓ જેમણે તેમને થવા પાત્ર મહત્તમ સજાના ૫૦ ટકા જેલમાં વિતાવ્યા છે તેને સી.આર.પી.સી. ૪૩૬/એ મુજબ મુક્ત કરવા આદેશ કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની જેલોમાં સન ૨૦૧૪ અને ૨૦૧૫માં મુકત થવા પાત્ર કેટલા કાચા કામના કેદીઓને મુકત કરવામાં આવ્યા, અને કેટલાને મુકત કરવાના બાકી છે ?

## અતારાંકિત પ્રશ્નોત્તરી

મુખ્યમંત્રીશ્રી (ગૃહ): (૨૧-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની જેલોમાં સન ૨૦૧૪ અને ૨૦૧૫માં મુક્ત થવા પાત્ર એકપણ કાચા કામના કેદી ન હોઈ, મુક્ત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

### શામળાજી પાસેથી રક્તચંદનનો જથ્થો પકડાયા બાબત

અતારાંકિતઃ ૧૦૬૧૪ (૦૮-૧૧-૨૦૧૬): શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ):માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

(૧) અરવલ્લીમાં શામળાજી પાસેથી પોલીસે ટ્રકમાં ગેરકાયદે લઈ જવાતો પ્રતિબંધિત રક્તચંદનનો આશરે ` ૫૬,૦૦,૦૦૦નો જથ્થો તા. ૨૫-૯-૨૦૧૬ના રોજ પકડી પાડ્યો હતો તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ગુનામાં કેટલા ઈસમો સામે શી કાનુની કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ): (૨૦-૧૨-૨૦૧૬)

(૧) હા, જી.

(૨) ૪ ઈસમો સામે ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

----------

### જામનગર જિલ્લા પોલીસ કમ્પ્લેઈન ઓથોરીટી સમક્ષ પોલીસ વિરૂદ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૧૦૬૧૮ (૦૮-૧૧-૨૦૧૬): શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લા પોલીસ કમ્પ્લેઈન ઓથોરીટી સમક્ષ ૩૦મી જુન-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલી ફરિયાદોનો ઉકેલ ક્યાં સુધીમાં લાવવામાં આવનાર છે?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ): (૨૦-૧૨-૨૦૧૬)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

### ભરૂચ સબ જેલમાં કાચા કામના કેદીનો આપઘાત

અતારાંકિતઃ ૧૦૬૫૯ (૨૨-૧૧-૨૦૧૬): શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

(૧) ભરૂચ સબ જેલમાં તા. ૨૦-૧૦-૨૦૧૬ના રોજ એક કાચા કામના કેદીએ ઝેરી પદાર્થ પીને આપઘાત કર્યો હતો તે હકીકત સાચી છે કે કેમ ?

(૨) જો હા, તો જેલમાં કોઈપણ પદાર્થ લાવવા પર પ્રતિબંધ હોવા છતાં ઉક્ત કેદી પાસે ઝેરી પદાર્થ પહોંચ્યો તે માટે જવાબદારો સહિત ઉક્ત ઘટના માટે કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ): (૨૨-૧૨-૨૦૧૬)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

### રાજ્યમાં ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ સામે પગલાં લેવા બાબત

અતારાંકિતઃ ૯૩૯૦ (૦૯-૦૯-૨૦૧૬): શ્રી બલવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી(ખાણ-ખનિજ)જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતીએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ખાણ-ખનિજ વિભાગના વર્ગ-૧ અને વર્ગ-૨ કેટલા અધિકારીઓ/કર્મચારીઓ વિરૂદ્ધ મુખ્યત્વે કયા પ્રકારની ફરિયાદો અંગે ખાતાકીય તપાસ કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી વર્ષવાર કેટલાને ફરજ મોકૂફ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કિસ્સામાં તપાસ ચાલુ છે ?

મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનિજ): (૨-૧-૨૦૧૭)

(૧) ગેરરીતિ-નાણાકીય અનિયમિતતા અંગેની ફરીયાદો અન્વયે ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરીના વર્ગ-૧ના કૂલ ૬ અધિકારીઓ વિરૂદ્ધ નીચે મુજબ વર્ષ ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવેલ છે,

| વર્ષ | ખા. ત.ના કેસોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૨ |
| ૨૦૧૨-૧૩ | ૧ |
| ૨૦૧૩-૧૪ | ૦ |
| ૨૦૧૪-૧૫ | ૦ |
| ૨૦૧૫-૧૬ | ૩ |
| કુલ | ૬ |

(૨) વર્ષવાર નીચે મુજબ અધિકારીઓને ફરજ મોકુફ કરવામાં આવેલ.

| વર્ષ | ફ. મો. થયેલ અધિકારીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૦ |
| ૨૦૧૨-૧૩ | ૦ |
| ૨૦૧૩-૧૪ | ૧ |
| ૨૦૧૪-૧૫ | ૧ |
| ૨૦૧૫-૧૬ | ૦ |
| કુલ | ૨ |

----------

વિજાપુર તાલુકામાં ખેતમજૂર વિમા યોજના

અતારાંકિતઃ ૧૦૬૮૪ (૦૨-૧૨-૨૦૧૬): શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર):માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વિજાપુર તાલુકામાં ખેત મજૂર વિમા યોજના હેઠળ કેટલી અરજીઓ વર્ષવાર મળી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરી રકમ ચૂકવાઈ અને ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો ક્યારે નિકાલ થશે?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી: (૨૮-૧૨-૨૦૧૬)

(૧) ૨૨

(૨) ૧૭ (સત્તર) અરજીઓ મંજુર કરીને રકમ ચૂકવાઈ, ઉક્ત સ્થિતિએ પડતર ૫ (પાંચ) અરજીઓની ક્ષતિપૂર્તતા મળ્યેથી મંજુરપાત્ર દાવાઓની ચૂકવણી કરવામાં આવશે.

-----------

રાજ્યમાં આસી. પબ્લીક પ્રોસીક્યુટરનું મહેકમ

અતારાંકિતઃ ૧૦૭૩૨ (૦૫-૧૨-૨૦૧૬): ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ):માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટર વર્ગ-૨નું કુલ મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

ન્યાયતંત્ર મંત્રીશ્રી: (રાજ્યકક્ષા) (૨૨-૧૨-૨૦૧૬)

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટર વર્ગ-૨નું કૂલ મંજૂર થયેલ મહેકમ ૮૮૦ (આઠસો એંશી) છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૩૨૦ જગ્યાઓ ભરાયેલ છે અને ૫૬૦ જગ્યાઓ વર્ષ ૨૦૧૩થી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા તેના અંતિમ ચરણમાં છે, જે મુજબ ગુજરાત જાહેર સેવા આયોગે ૫૫૪ ઉમેદવારોની લેખિત તેમજ મૌખિક કસોટી બાદનું અંતિમ પરિણામ તા. ૦૪-૦૭-૨૦૧૬ના રોજ ઓનલાઈન પ્રસિદ્ધ કર્યું છે. ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી વિધિસર લેખિત પસંદગી યાદી મળ્યેથી આ જગ્યાઓ પર નિમણૂંક આપવામાં આવશે.

-----------

અમરેલી, જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં તાલુકા અને જિલ્લા પંચાયતોનું મહેકમ

અતારાંકિતઃ ૭૮૪૬ (૦૭-૦૭-૨૦૧૬): શ્રી પરેશ ધાનાણી (અમરેલી):માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૬ની સ્થિતિએ અમરેલી, જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોમાં વર્ગ-૧ થી ૪નું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

પંચાયત મંત્રીશ્રી: (રાજ્યકક્ષા) (૩૧-૧૨-૨૦૧૬)

(૧)

| જિલ્લો | | મંજૂર મહેકમ | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | |
| અમરેલી | જિલ્લા પંચાયત | ૧૫ | ૧૩ | ૨૦૪ | ૪૧ | ૨૭૩ |
| | તાલુકા પંચાયત | ૦ | ૧૧ | ૨૪૪ | ૯ | ૨૬૪ |
| | કુલ | ૧૫ | ૨૪ | ૪૪૮ | ૫૦ | ૫૩૭ |
| જૂનાગઢ | જિલ્લા પંચાયત | ૧૫ | ૩૮ | ૧૬૭ | ૪૪ | ૨૬૪ |
| | તાલુકા પંચાયત | ૦ | ૯ | ૧૭૮ | ૪૦ | ૨૨૭ |
| | કુલ | ૧૫ | ૪૭ | ૩૪૫ | ૮૪ | ૪૯૧ |
| રાજકોટ | જિલ્લા પંચાયત | ૧૫ | ૧૦ | ૩૧૨ | ૪૩ | ૩૮૦ |
| | તાલુકા પંચાયત | ૦ | ૨૧ | ૩૦૩ | ૪૦ | ૩૬૪ |
| | કુલ | ૧૫ | ૩૧ | ૬૧૫ | ૮૩ | ૭૪૪ |

(૨)

| જિલ્લો | | | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ વર્ષ | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ |
| અમરેલી | જિલ્લા પંચાયત | વર્ગ-૧ | ૪ | ૨ | ૨ | ૦ |
| | | વર્ગ-૨ | ૯ | ૨ | ૪ | ૩ |
| | | વર્ગ-૩ | ૯૯ | ૭૨ | ૨૨ | ૨ |
| | | વર્ગ-૪ | ૨૫ | ૦ | ૧૫ | ૧૦ |
| | | કુલ | ૧૩૭ | ૭૬ | ૪૩ | ૧૮ |
| | તાલુકા પંચાયત | વર્ગ-૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૬ | ૪ | ૨ | ૦ |
| | | વર્ગ-૩ | ૧૧૭ | ૯૮ | ૧૫ | ૪ |
| | | વર્ગ-૪ | ૬ | ૦ | ૨ | ૪ |
| | | કુલ | ૧૨૯ | ૧૦૨ | ૧૯ | ૮ |
| જૂનાગઢ | જિલ્લા પંચાયત | વર્ગ-૧ | ૫ | ૨ | ૦ | ૩ |
| | | વર્ગ-૨ | ૬ | ૨ | ૧ | ૩ |
| | | વર્ગ-૩ | ૬૪ | ૧૧ | ૧૮ | ૩૫ |
| | | વર્ગ-૪ | ૧૨ | ૨ | ૧ | ૯ |
| | | કુલ | ૮૭ | ૧૭ | ૨૦ | ૫૦ |
| | તાલુકા પંચાયત | વર્ગ-૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૭ | ૨ | ૫ | ૦ |
| | | વર્ગ-૩ | ૭૪ | ૨૩ | ૩૦ | ૨૧ |
| | | વર્ગ-૪ | ૭ | ૧ | ૩ | ૩ |
| | | કુલ | ૮૮ | ૨૬ | ૩૮ | ૨૪ |
| રાજકોટ | જિલ્લા પંચાયત | વર્ગ-૧ | ૫ | ૧ | ૨ | ૨ |
| | | વર્ગ-૨ | ૫ | ૨ | ૨ | ૧ |
| | | વર્ગ-૩ | ૨૦૮ | ૩૫ | ૮૦ | ૯૩ |
| | | વર્ગ-૪ | ૮ | ૨ | ૩ | ૩ |
| | | કુલ | ૨૨૬ | ૪૦ | ૮૭ | ૯૯ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | તાલુકા પંચાયત | વર્ગ-૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૧૬ | ૭ | ૭ | ૨ |
| | | વર્ગ-૩ | ૧૮૮ | ૩૬ | ૮૧ | ૭૧ |
| | | વર્ગ-૪ | ૧૭ | ૨ | ૮ | ૭ |
| | | કુલ | ૨૨૧ | ૪૫ | ૯૬ | ૮૦ |

(૩) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ સીધી ભરતીના ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

-----------------

સુરેન્દ્રનગર, દ્વારકા અને જામનગર જિલ્લામાં તાલુકા અને જિલ્લા પંચાયતોનું મહેકમ

અતારાંકિતઃ ૭૮૪૯(૭-૭-૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી):માનનીયપંચાયતમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૩-૨૦૧૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર, દ્વારકા અને જામનગર જિલ્લામાં તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોમાં વર્ગ-૧ થી ૪ નું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

પંચાયતમંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૩૧-૧૨-૨૦૧૬)

એચ-૨૦૯૫-

| જિલ્લો | | મંજૂર મહેકમ | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | |
| સુરેન્દ્રનગર | જિલ્લા પંચાયત | ૧૫ | ૧૯ | ૧૬૬ | ૩૪ | ૨૩૪ |
| | તાલુકા પંચાયત | ૦ | ૧૦ | ૧૮૮ | ૨૫ | ૨૨૩ |
| | કુલ | ૧૫ | ૨૯ | ૩૫૪ | ૫૯ | ૪૫૭ |
| દ્વારકા | જિલ્લા પંચાયત | ૧૧ | ૭ | ૭૩ | ૧૩ | ૧૦૪ |
| | તાલુકા પંચાયત | ૦ | ૪ | ૭૮ | ૧૭ | ૯૯ |
| | કુલ | ૧૧ | ૧૧ | ૧૫૧ | ૩૦ | ૨૦૩ |
| જામનગર | જિલ્લા પંચાયત | ૧૫ | ૫ | ૧૬૪ | ૫૩ | ૨૩૭ |
| | તાલુકા પંચાયત | ૦ | ૬ | ૧૯૧ | ૨૧ | ૨૧૮ |
| | કુલ | ૧૫ | ૧૧ | ૩૫૫ | ૭૪ | ૪૫૫ |

(૨)

| જિલ્લો | | | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ વર્ષ | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ |
| સુરેન્દ્રનગર | જિલ્લા પંચાયત | વર્ગ-૧ | ૫ | ૩ | ૧ | ૧ |
| | | વર્ગ-૨ | ૧૦ | ૫ | ૩ | ૨ |
| | | વર્ગ-૩ | ૭૦ | ૨૨ | ૩૪ | ૧૪ |
| | | વર્ગ-૪ | ૧૧ | ૨ | ૪ | ૫ |
| | | કુલ | ૯૬ | ૩૨ | ૪૨ | ૨૨ |
| | તાલુકા પંચાયત | વર્ગ-૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૫ | ૨ | ૩ | ૦ |
| | | વર્ગ-૩ | ૯૭ | ૨૪ | ૫૫ | ૧૮ |
| | | વર્ગ-૪ | ૯ | ૨ | ૪ | ૩ |
| | | કુલ | ૧૧૧ | ૨૮ | ૬૨ | ૨૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દ્વારકા | જિલ્લા પંચાયત | વર્ગ-૧ | ૨ | ૨ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૫ | ૦ | ૫ | ૦ |
| | | વર્ગ-૩ | ૨૩ | ૦ | ૨૩ | ૦ |
| | | વર્ગ-૪ | ૯ | ૦ | ૯ | ૦ |
| | | કુલ | ૩૯ | ૨ | ૩૭ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | તાલુકા પંચાયત | વર્ગ–૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૨ | ૦ | ૨ | ૦ |
| | | વર્ગ–૩ | ૫૦ | ૧૨ | ૨૧ | ૧૭ |
| | | વર્ગ–૪ | ૩ | ૦ | ૩ | ૦ |
| | | કુલ | ૫૫ | ૧૨ | ૨૬ | ૧૭ |
| જામનગર | જિલ્લા પંચાયત | વર્ગ–૧ | ૭ | ૩ | ૩ | ૧ |
| | | વર્ગ–૨ | ૨ | ૧ | ૧ | ૦ |
| | | વર્ગ–૩ | ૮૯ | ૫૧ | ૨૬ | ૧૨ |
| | | વર્ગ–૪ | ૩ | ૨ | ૧ | ૦ |
| | | કુલ | ૧૦૧ | ૫૭ | ૩૧ | ૧૩ |
| | તાલુકા પંચાયત | વર્ગ–૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | વર્ગ–૨ | ૪ | ૨ | ૨ | ૦ |
| | | વર્ગ–૩ | ૧૧૩ | ૫૯ | ૪૮ | ૬ |
| | | વર્ગ–૪ | ૨ | ૨ | ૦ | ૦ |
| | | કુલ | ૧૧૯ | ૬૩ | ૫૦ | ૬ |

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ સીધી ભરતીના ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

----------------

આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં પીવાના પાણીના કૂવા

અતારાંકિતઃ ૯૫૮૪(૯–૯–૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા):માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના કયા ગામોમાં તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવ્યા છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલાં લેવાયા છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૨૯–૧૨–૨૦૧૬)

(૧) આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના ગામોમાં તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

-------------

નર્મદા અને ભરૂચ જિલ્લામાં પીવાના પાણીના કૂવા

અતારાંકિતઃ ૯૭૧૨(૯–૯–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લાના કયા ગામોમાં તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવ્યા છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલાં લેવાયા છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૨૯–૧૨–૨૦૧૬)

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લાના ગામોમાં તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

-------

વાહન વ્યવહાર પ્રભાગ અને તાબાની કચેરીઓમાં ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૭૮૩૪(૧૬–૦૭–૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી):માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## ૨૭મી માર્ચ, ૨૦૧૯
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧–૦૩–૧૬ની સ્થિતિએ વાહન વ્યવહાર પ્રભાગ અને તેનાં તાબાની કચેરીઓમાં વર્ગ–૧ થી વર્ગ–૪નું મંજૂર મહેકમ કેટલું છે,
(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલાં સમયથી ખાલી છે.
(૩) ઉકત જગ્યાઓ ખાલી રહેવાનાં મુખ્યત્વે શાં કારણો છે, અને
(૪) ઉકત ખાલી જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્ય કક્ષા) :(૩૦–૧૨–૨૦૧૬)

(૧) તા. ૩૧–૦૩–૧૬ની સ્થિતિએ વાહન વ્યવહાર પ્રભાગ અને તથા તાબાની કચેરીઓમાં વર્ગ–૧ થી વર્ગ–૪ સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજુર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૨૪ |
| વર્ગ–૨ | ૩૩૩ |
| વર્ગ–૩ | ૧૫૨૩ |
| વર્ગ–૪ | ૨૧૨ |

(૨) *પત્રક મુજબ.
(૩) અધિકારી/કર્મચારીઓનેબઢતી, બદલી, વય નિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્ત કે અવસાન જેવા કારણોસર જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.
(૪) ખાલી જગ્યાઓ ભરવા માટે કરેલ આયોજનની વિગતો નીચે મુજબ છે.
વાહન વ્યવહાર પ્રભાગમાં

- વર્ગ–૧ની ૧ (એક) ખાલી જગ્યા હાલમાં ભરાયેલ છે.
- વર્ગ–૨ની ૧ (એક) તથા વર્ગ–૩ની ૨(બે) ખાલી જગ્યાઓભરવાસામાન્ય વહીવટ વિભાગને તા. ૨૫–૭–૨૦૧૬થી દરખાસ્ત / વિનંતી કરવામાં આવેલ છે.
- તાબાની કચેરીઓમાં :–
- વર્ગ–૧ની ખાલી જગ્યાઓ બઢતી બદલી અને પ્રતિનિયુક્તિથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ તથા મહેસૂલ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ છે.
- વર્ગ–૨ અને વર્ગ–૩ની તાંત્રીક પ્રકારની સીધી ભરતીના ફાળે આવતી ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલવામાં આવેલ છે.
- વર્ગ–૩ની તાંત્રીક પ્રકાર સિવાયની ખાલી જગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ / સંબંધિત વિભાગ/ કચેરીઓને વિનંતી કરવામાં આવેલ છે.
- બઢતીના ફાળે આવતી વર્ગ–૨ અને વર્ગ–૩ની જગ્યાઓ બઢતીથી ભરવા કાર્યવાહી ચાલુ છે.
(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

### આદિજાતિ વિભાગ દ્વારા ચાલતી EGRS, EMRS મોડેલસ્કૂલોમાં શિક્ષકોની નિમણૂંક

અતારાંકિતઃ ૯૪૫૫ (૨૨–૦૮–૨૦૧૬)શ્રી ધીરૂભાઇ ભીલ (સંખેડા):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૭–૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિ વિભાગ દ્વારા ચાલતી એકલવ્ય ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કૂલ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ અને મોડેલ સ્કૂલોમાં સોસાયટી દ્વારા નિમણૂંક શિક્ષકો અને લોકલ મેનેજમેન્ટ કમિટિ દ્વારા નિમણૂંક શિક્ષકોની લાયકાત સરખી હોવા છતાં પગારમાં વિસંગતતા છે તે હકીકત સાચી છે, અને
(૨) જો હા હોય તો તેના કારણો શું છે ?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :(૦૨–૦૧–૨૦૧૭)

(૧) અને (૨)

આમાં સોસાયટી દ્વારા જાહેરાત આપી નિયત લાયકાત ધરાવતા શિક્ષકોની ભરતી કરારના ધોરણે ફિક્સ પગારમાં કરવામાં આવે છે. જ્યારે શાળામાં શિક્ષકની જગ્યા ખાલી હોય અને જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે સ્થાનિક કક્ષાએ (પ્રયોજના કક્ષાએ) લોકલ મેન્જમેન્ટ કમિટિ મારફતે ફિક્સ મહેનતાણા પ્રમાણે શિક્ષકને રાખવામાં આવે છે. આથી પગારમાં વિસંગતતા ઉભી થાય છે.

------------

## ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

### આદિજાતિ વિભાગ દ્વારા ચાલતી EGRS, EMRS મોડેલસ્કૂલોમાં શિક્ષકોની ભરતી

અતારાંકિતઃ ૯૪૫૬ (૨૨-૦૮-૨૦૧૬)શ્રી ધીરૂભાઇ ભીલ (સંખેડા):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિ વિભાગ દ્વારા ચાલતી એકલવ્ય ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કૂલ, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ અને મોડેલ સ્કૂલોમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા કેવી રીતે થાય છે, અને

(૨) ઉકત સ્થિતિએ આ પ્રક્રિયામાં કમિટિ બનાવેલ હોય તે તેમાં કોણ કોણ સભ્ય હોય છે ?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :(૦૨-૦૧-૨૦૧૭)

(૧) આ સ્કૂલોમાં શિક્ષકોની ભરતી વર્તમાનપત્રમાં જાહેરાત આપી જરૂરી શૈક્ષણિક લાયકાત એટલે કે જે તે વિષયમાં સ્નાતક બી.એડ. અને ટેટની ડીગ્રી ધરાવતા હોય તેવા ઉમેદવારો પાસેથી અરજીઓ મેળવી મેરીટ યાદી તૈયાર કરી પસંદગી કરી કરાર આધારીત નિમણૂંક આપવામાં આવે છે.

(૨) આ પ્રક્રિયા માટે બનાવેલ કમિટિમાં નીચેના સભ્યો છે.

એચ-૨૦૯૫-

| ક્રમ નં. | સભ્યનો હોદ્દો | ભરતી પ્રક્રિયા સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| [illegible] | [illegible] નિયામકશ્રી, જી.એસ.ટી.ઇ.એસ. | અધ્યક્ષશ્રી |
| [illegible] | [illegible]ચેવ, શ્રી આ.વિ.વિ. | સભ્યશ્રી |
| ૩ | નાયબ કમિશનરશ્રી, કમિશનર કચેરી આ.વિ. | સભ્યશ્રી |
| ૪ | સંયુકત નિયામકશ્રી / નાયબ નિયામકશ્રી, કમિશનર કચેરી (શાળાઓ) | સભ્યશ્રી |
| ૫ | નાણાં સલાહકાર, આ.વિ.વિ. | સભ્યશ્રી |
| ૬ | મદદનીશ કમિશનરશ્રી, જી.એસ.ટી.ઇ.એસ. | સભ્ય સચિવશ્રી |

---------------

### કલાઇમેટ ચેન્જ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓનું મહેકમ

અતારાંકિતઃ ૯૧૨૫(૬-૧૦-૨૦૧૬) શ્રી મણીલાલ વાઘેલા (વડગામ):માનનીય મુખ્ય મંત્રીશ્રી (કલાઇમેટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૬-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કલાઇમેટ ચેન્જ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં વર્ગ-૧ થી ૪ નું મંજુર થયેલ મહેકમ કેટલું છે ?

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે ?

મુખ્ય મંત્રીશ્રી (કલાઇમેટ ચેન્જ) :(૩૧-૧૨-૨૦૧૬)

(૧), (૨), (૩) અને (૪) નો ખંડવાર જવાબ નીચે મુજબ છે.

કલાઇમેટ ચેન્જ વિભાગમાં મંજુર થયેલ મહેકમ, ભરાયેલ જગ્યા, ખાલી જગ્યા તથા ખાલી જગ્યા ભરવાના આયોજન અંગેની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યા કયા સુધી ભરવામાં આવશે ? |
|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૭ | ૪ | ૩ | વર્ગ-૧ની ૩, વર્ગ-૨ની ૧ અને વર્ગ-૩ની ૪ જગ્યાઓ ભરવા સામાન્ય વહીવટ વિભાગને વિનંતી કરેલ છે. |
| વર્ગ-૨ | ૨ | ૧ | ૧ | |
| વર્ગ-૩ | ૧૩ | ૯ | ૪ | |
| વર્ગ-૪ | ૨ | ૨ | - | |
| કુલ | ૨૪ | ૧૬ | ૮ | |

આ વિભાગના તાબા હેઠળ કોઇ કચેરી નથી.

----------

### અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૯૮૪૦, ૧૦૦૨૪, ૧૦૦૭૨ | ૦૩ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૦૨૮૮ | ૦૧ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૫૦૯૭ | ૦૧ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની | ૧૦૩૮૧ | ૦૧ |

૨૪મી માર્ચ, ૨૦૧૯
અતારાંકિત પ્રશ્નોત્તરી

| | બાબતોનો વિભાગ | | |
|---|---|---|---|
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૦૩૫૩ | ૦૧ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૯૯૯૬, ૯૯૯૭ | ૦૨ |
| ૭ | ગૃહ વિભાગ | ૮૯૯૧, ૯૩૧૯, ૯૩૩૦, ૯૪૬૮, ૯૪૭૨, ૯૪૮૦, ૯૪૯૧, ૯૫૦૦, ૯૭૪૬, ૯૭૬૩, ૯૭૬૬, ૯૭૭૦, ૯૭૮૨, ૯૮૬૨, ૯૮૭૩, ૯૮૭૬, ૯૯૩૫, ૯૯૩૬, ૯૯૪૭, ૯૯૫૧, ૧૦૦૫૧, ૧૦૦૬૬, ૧૦૦૬૭, ૧૦૦૬૮, ૧૦૪૦૫, ૧૦૪૦૮, ૧૦૪૧૬, ૧૦૬૧૪, ૧૦૬૧૮, ૧૦૬૫૯ | ૩૦ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૯૩૯૦ | ૦૧ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૦૬૮૪ | ૦૧ |
| ૧૦ | કાયદા વિભાગ | ૧૦૭૩૨ | ૦૧ |
| ૧૧ | પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૮૪૬, ૭૮૪૯, ૯૫૮૪, ૯૭૧૨, | ૦૪ |
| ૧૨ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૭૮૩૪ | ૦૧ |
| ૧૩ | આદિજાતિ વિકાસ વિભાગ | ૯૪૫૫, ૯૪૫૬ | ૦૨ |
| ૧૪ | કલાઈમેટ ચેન્જ વિભાગ | ૯૧૨૫ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

--------

બાવીસમી અતારાંકિત યાદી

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની''સ્વાગત ઓન લાઇન'' હેઠળ ફરિયાદ

અતારાંકિતઃ૧૦૩૯૯ (૨૯-૧૦-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ):માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની 'સ્વાગત ઓન લાઇન' કાર્યક્રમ હેઠળ સન ૨૦૧૪ અને ૨૦૧૫માં કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) કેટલી ફરિયાદોનો નિકાલ બાકી છે ?

મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) :(૨૧-૧૨-૨૦૧૬)

(૧)

| વર્ષ | બનાસકાંઠા | સાબરકાંઠા | અરવલ્લી |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૨૧૪ | ૧૭૭ | ૯૦ |
| ૨૦૧૫ | ૧૯૮ | ૧૭૨ | ૧૧૧ |

(૨)

| વર્ષ | બનાસકાંઠા | સાબરકાંઠા | અરવલ્લી |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૨૧૪ | ૧૭૭ | ૯૦ |
| ૨૦૧૫ | ૧૯૮ | ૧૭૨ | ૧૧૧ |

(૩)

| વર્ષ | બનાસકાંઠા | સાબરકાંઠા | અરવલ્લી |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦૧૫ | ૦૦ | ૦૦ | ૦૦ |

---------

સાવલી ખાતે તળાવના પાણી પીવાથી ગાયોના મોત

અતારાંકિતઃ ૧૦૧૪૪ (૧૫-૧૧-૨૦૧૬) શ્રી પૂંજાભાઇ વંશ (ઉના):માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) વડોદરા જિલ્લાના સાવલી ખાતે ઓગસ્ટ-૨૦૧૬માં સાવલી તળાવનું પાણી પીવાથી આશરે૩૬ ગાયોના તરફડીનેમોત થયા હતાં તથા આશરે ૫૦ ગાયોને તાત્કાલિક સારવાર આપીને બચાવી લીધી હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત ગાયોના મોત ના શા કારણો છે ?

પશુપાલન મંત્રીશ્રી:(૫-૧-૨૦૧૭)

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) ના,

વડોદરા જિલ્લાના સાવલી ખાતે ગાયોના મોતનો બચાવ ઓગસ્ટ–૨૦૧૬માં નહિ પરંતુ એપ્રિલ–૨૦૧૬માં બન્યો હતો. જેમાં ૨૪ ગાયોના મોત થયા હતો અને ૪૮ (૩૬ ગાયો + ૧૨ વાછરડીઓ) પશુઓને તાત્કાલિક સારવાર આપી બચાવી લીધા હતા.

(૨) મરણ પામેલ પશુના અવયવોની એફ.એસ.એલ. દ્વારા લેબોરેટરી તપાસ કરાવતા રીપોર્ટ મુજબ ઓર્ગેનો ફોસ્ફરસ પ્રકારનારાસાયાણિક ઝેર (ફોરેટ) ખાવાથી થયા હોવાના પરિણામો મળ્યોછે.

---------

### અમરેલી જિલ્લાનાં ખાભા તાલુકામાં ઘેંટાઓમાં રોગચાળો

અતારાંકિતઃ ૧૦૬૨૯ (૧૫–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકામાં તા. ૧૦–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક માસથી ઘેંટામાં રોગચાળો ફાટી નીકળ્યો છે પરીણામ આશરે ૩૦૦ ઘેટાના મોત થયા છે છતા તેને કાબૂમાં લેવા પશુપાલન ખાતાના ડોકટરો આવ્યા નથી તે ફરીયાદ સાચી છે કે કેમ, અને

(૨) ઉકત રોગચાળો તાત્કાલીક કાબૂમાં લેવા શી વ્યવસ્થાકરવામાં આવી છે ?

પશુપાલન મંત્રીશ્રી :(૨૬–૧૨–૨૦૧૬)

(૧) ના, જી. અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકામાં તા. ૧૦–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક માસથી ઘેંટામા રોગચાળો ફાટી નીકળેલ તે હકીકત સાચી પરંતુ ઉકત રોગચાળામાં કુલ ૨૬ ઘેંટા–બકરાના મોત થયેલ છે અને તેને કાબુમાં લેવા જિલ્લા અને તાલુકાની ટીમ દ્વારા નિયમિત મુલાકાત લઇ જરૂરી સારવાર, રસીકરણ તથા પોસ્ટ માર્ટમ અને લેબોરેટરી તપાસ માટે નમૂનાઓ લેવાની કામગીરી કરવામાં આવેલ હતી.

(૨) ઉકત રોગચાળો તાત્કાલિક કાબુમાં લેવા ખંડ–(૧) માં જણાવ્યા મુજબ જિલ્લા અને તાલુકાની ટીમ દ્વારા નિયમિત મુલાકાત લઇ જરૂરી સારવાર, રસીકરણ તથા પોસ્ટમાર્ટમ અને લેબોરેટરી તપાસ માટે નમૂનાઓ લેવાની કામગીરી કરવામાં આવેલ હતી.

---------

### બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ કરતા બાળકો ડ્રોપ આઉટ

અતારાંકિતઃ ૧૦૩૭૭ (૨૨–૧૧–૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ):માનનીય મુખ્યમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કેટલાં વિદ્યાર્થીઓ સન ૨૦૧૫–૨૦૧૬ના શૈક્ષણિક વર્ષમાં પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ છોડીગયા /ડ્રોપ આઉટ થયા અને

(૨) ડ્રોપ આઉટ થયેલા તમામ બાળકોને ફરીથી પ્રાથમિકશિક્ષણમાં દાખલ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

શિક્ષણ મંત્રીશ્રી :(૩૦–૧૨–૨૦૧૬)

(૧)

| ક્રમ | જિલ્લો | સને ૨૦૧૫–૧૬ના શૈક્ષણિક વર્ષમાં પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ છોડી ગયા/ડ્રોપ આઉટ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૩૭૦૨ |
| ૨ | સાબરકાંઠા | ૩૨૦૩ |
| ૩ | અરવલ્લી | ૩૫૧ |

(૨)

- પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ છોડી ગયેલ બાળકો/ડ્રોપ આઉટ થયેલા તમામ બાળકોને ફરીથી પ્રાથમિક શિક્ષણમાં દાખલ કરવા માટે સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામની વ્યવસ્થા કરવામાં આવેલ છે અને આ પ્રોગ્રામ અંતર્ગત અંતરિયાળ વિસ્તારમાં શાળા બહારના બાળકો માટે સર્વ શિક્ષા અભિયાન દ્વારા S.T.P. વર્ગ ખોલીનેભણાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- પ્રવેશોત્સવ દરમ્યાન પુનઃ પ્રવેશ બાળકોને શાળામાં પાછા લાવવામાં આવે છે.

---------

### બનાસકાંઠા, અરવલ્લી અને પાટણ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ

અતારાંકિતઃ ૧૦૭૭૬ (૦૨–૧૨–૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ):માનનીય શિક્ષણ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

## ૨૭મી માર્ચ, ૨૦૧૯
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા, અરવલ્લી અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર વિજ્ઞાન પ્રવાહની કેટલી સરકારી કોલેજ આવેલી છે,

(૨) જો ઉક્ત જિલ્લાઓમાં વિજ્ઞાન પ્રવાહની સરકારી એક પણ કોલેજ ના હોય તે જિલ્લામાં સરકારી કોલેજ કયાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૩૦-૧૨-૨૦૧૬)

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | વિજ્ઞાન પ્રવાહની કોલેજ |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦૧ |
| ૨ | અરવલ્લી | ૦૦ |
| ૩ | પાટણ | ૦૧ |

(૨) ચકાસણી કરીને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

--------------

### ખેડા, આણંદ અને અમરેલી જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ

અતારાંકિતઃ ૧૦૭૭૭ (૦૨-૧૨-૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ):માનનીય શિક્ષણ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ ખેડા, આણંદ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર વિજ્ઞાન પ્રવાહની કેટલી સરકારી કોલેજ આવેલી છે,

(૨) જો ઉક્ત જિલ્લાઓમાં વિજ્ઞાન પ્રવાહની સરકારી એક પણ કોલેજ ના હોય તે જિલ્લામાં સરકારી કોલેજ કયાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૩૦-૧૨-૨૦૧૬)

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | વિજ્ઞાન પ્રવાહની કોલેજ |
|---|---|---|
| ૧ | ખેડા | ૦૦ |
| ૨ | આણંદ | ૦૦ |
| ૩ | અમરેલી | ૦૦ |

(૨) ચકાસણી કરીને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

--------------

### સુરત, વલસાડ અને છોટાઉદેપુર જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ

અતારાંકિતઃ ૧૦૭૭૮ (૦૨-૧૨-૨૦૧૬)ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ):માનનીય શિક્ષણ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ સુરત, વલસાડ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર વિજ્ઞાન પ્રવાહની કેટલી સરકારી કોલેજ આવેલી છે, અને

(૨) જો ઉક્ત જિલ્લાઓમાં વિજ્ઞાન પ્રવાહની સરકારી એક પણ કોલેજ ના હોય તે જિલ્લામાં સરકારી કોલેજ કયાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૩૦-૧૨-૨૦૧૬)

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | વિજ્ઞાન પ્રવાહની કોલેજ |
|---|---|---|
| ૧ | સુરત | ૦૧ |
| ૨ | વલસાડ | ૦૨ |
| ૩ | છોટાઉદેપુર | ૦૧ |

(૨) ઉક્ત જિલ્લાઓમાં વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો હોઇ વિચારણા કરવાની થતી નથી.

--------------

### વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજ

અતારાંકિતઃ ૧૦૭૭૯ (૦૫-૧૨-૨૦૧૬)ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ):માનનીય શિક્ષણ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર વિજ્ઞાન પ્રવાહની કેટલી સરકારી કોલેજ આવેલી છે,

(૨) જો ઉક્ત જિલ્લાઓમાં વિજ્ઞાન પ્રવાહની સરકારી એક પણ કોલેજ ના હોય તે જિલ્લામાં સરકારી કોલેજ કયાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૩૦–૧૨–૨૦૧૬)

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | વિજ્ઞાન પ્રવાહની કોલેજ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦૦ |
| ૨ | ભરૂચ | ૦૧ |
| ૩ | નર્મદા | ૦૦ |

(૨) ચકાસણી કરીને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

-----------

રાજકોટ ખાતે પેટા પ્રાદેશિક કચેરી શરૂ કરવા દરખાસ્ત

અતારાંકિતઃ ૧૦૭૮૨ (૦૨–૧૨–૨૦૧૬)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ):માનનીય શિક્ષણ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીની રાજકોટ ખાતે પેટા પ્રાદેશિક કચેરી શરૂ કરવા માટેની દરખાસ્ત રાજય સરકારને તા. ૨૦–૦૧–૨૦૧૧ના રોજ મળેલ હતી તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત મળેલ દરખાસ્ત અંગે તા. ૩૧–૧૦–૨૦૧૬ સુધીમાં રાજય સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) ઉકત દરખાસ્તનો અસ્વીકાર કરેલ હોય તો તેના મુખ્યત્વે કારણે શા છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૩૦–૧૨–૨૦૧૬)

(૧) હા.

(૨) દરખાસ્તનો અસ્વીકાર કરેલ છે.

(૩) ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના ઉપલબ્ધ મહેકમથી સદર કામગીરી હાથ ધરી શકાય તેમ હોવાથી દરખાસ્તનો અસ્વીકાર કરવામાં આવેલ છે.

--------------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ

અતારાંકિતઃ ૯૫૧૫ (૨૯–૦૮–૨૦૧૬)શ્રી રાઘવજી પટેલ (જામનગર):માનનીય પર્યાવરણ મંત્રીશ્રી(રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય નિકાલ નહીં કરવા બદલ રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાની કઇ ખાનગી અને સરકારી હોસ્પીટલોને વર્ષ ૨૦૧૫માં નોટીસો આપવામાં આવી

(૨) તે પૈકી કઇ હોસ્પીટલો/સંસ્થાઓને શી શિક્ષા થઇ, અને

(૩) ઉપરોક્ત જિલ્લાની તમામ હોસ્પીટલોમાં બાયોમેડીકલ વેસ્ટના નિકાલની જોગવાઇઓના ચુસ્ત પાલન માટે શી વ્યવસ્થા થઇ છે ?

પર્યાવરણ મંત્રીશ્રી (રાજયકક્ષા): (૦૩–૦૧–૨૦૧૭)

(૧) કુલ–૧૬૧ વિગત પત્રક મુજબ છે.

(૨) તમામને પર્યાવરણ સુરક્ષા અધિનિયમ–૧૯૮૬ હેઠળ કારણ દર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે. અને પૂર્તતા માટે જરૂરી સુચના આપવામાં આવેલ છે.

(૩) દરેક પ્રકારના બાયોમેડીકલ વેસ્ટને હેલ્થ કેર યુનીટમાં નિયમની જોગવાઇ અનુસાર અલગ અલગ કલરની કોથળીઓમાં ભેગો કરવાનો રહે છે અને જરૂર જણાય તો તેવા વેસ્ટને ડીસઇંફેક્શનની મદદથી કેમીકલ ટ્રીટમેન્ટ કરવાની રહે છે. ત્યારબાદ આવો એકઠો કરેલ કચરો કોમન બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસેલીટી (CBMWTF) દ્વારા ખાસ પ્રકારના મદદથી કોમન બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસેલીટી ખાતે અંતીમ નિકાલ માટે લઇ જવાનો રહે છે.

(* પત્રક સચિવાલયની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------------

આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ

અતારાંકિતઃ ૯૫૯૨ (૨૯–૦૮–૨૦૧૬)શ્રી રામસિંહ પરમાર (ઠાસરા):માનનીય પર્યાવરણ મંત્રીશ્રી(રાજયકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

(૧) બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય નિકાલ નહીં કરવા બદલ આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાની કઇ ખાનગી અને સરકારી હોસ્પીટલોને વર્ષ ૨૦૧૫માં નોટીસો આપવામાં આવી

(૨) તે પૈકી કઇ હોસ્પીટલો/સંસ્થાઓને શી શિક્ષા થઇ, અને

(૩) ઉપરોક્ત જિલ્લાની તમામ હોસ્પીટલોમાં બાયોમેડીકલ વેસ્ટના નિકાલની જોગવાઇઓના ચુસ્ત પાલન માટે શી વ્યવસ્થા થઇ છે ?

પર્યાવરણ મંત્રીશ્રી (રાજયકક્ષા) : (૦૩-૦૧-૨૦૧૭)

(૧) કુલ-૯૭ વિગત પત્રક મુજબ છે.

(૨) તમામને પર્યાવરણ સુરક્ષા અધિનિયમ-૧૯૮૬ હેઠળ કારણ દર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે. અને પૂર્તતા માટે જરૂરી સુચના આપવામાં આવેલ છે.

(૩) દરેક પ્રકારના બાયોમેડીકલ વેસ્ટને હેલ્થ કેર યુનીટમાં નિયમની જોગવાઇ અનુસાર અલગ અલગ કલરની કોથળીઓમાં ભેગો કરવાનો રહે છે અને જરૂર જણાય તો તેવા વેસ્ટને ડીસઇંફેકશનની મદદથી કેમીકલ ટ્રીટમેન્ટ કરવાની રહે છે. ત્યારબાદ આવો એકઠો કરેલ કચરો કોમન બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસેલીટી (CBMWTF) દ્વારા ખાસ પ્રકારના મદદથી કોમન બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસેલીટી ખાતે અંતીમ નિકાલ માટે લઇ જવાનો રહે છે.

| પત્રક – અ | | | |
|---|---|---|---|
| અનુ. | જિલ્લાનું નામ | હોસ્પિટલ / સંસ્થાનું નામ | સરકારી/ ખાનગી |
| ૧ | આણંદ | ડૉ. ગીરીશ સી. શાહ ક્લિનિક | ખાનગી |
| ૨ | આણંદ | અસ્થા એથોલોજી લેબોરેટરી | ખાનગી |
| ૩ | આણંદ | ભવાની ક્લિનિક | ખાનગી |
| ૪ | આણંદ | ચંદન ક્લિનિક | ખાનગી |
| ૫ | આણંદ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (ચાંગા) | સરકારી |
| ૬ | આણંદ | ડૉ. એમ. પી. ભોગેશરા ક્લિનિક | ખાનગી |
| ૭ | આણંદ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (વાડોદ) | સરકારી |
| ૮ | આણંદ | ડૉ. જયેશ આ. દેસાઇ (વાડોદ) | ખાનગી |
| ૯ | આણંદ | ડૉ. એ. એસ. વર્ષિ ક્લિનિક | ખાનગી |
| ૧૦ | આણંદ | ગાયત્રી ક્લિનિક | ખાનગી |
| ૧૧ | આણંદ | મા મોનોસા ક્લિનિક | ખાનગી |
| ૧૨ | આણંદ | વર્ષિ ક્લિનિક | ખાનગી |
| ૧૩ | આણંદ | ડૉ. પંડ્યા ક્લિનિક | સરકારી |
(૨) (અ) (૧) આજી–૪ જળસંપત્તિ મધ્યમ સિંચાઇ યોજનાના બાકી કામો માર્ચ–૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. (૨) ઉન્ડ–૨ મધ્યમ સિંચાઇ યોજનાના બાકી રહેતા લાઇનીંગના કામો જૂન–૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. (બ) (૧) કુલઝર (કો.બા.) જળસંપતિ નાની સિંચાઇ યોજનાના બાકી કામો ડિસેમ્બર – ૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. (૨) ડબાસંગ, ગોવાણા, સંગ ચિરોડા અને નાની ભલસાણ નાની સિંચાઇ યોજનાઓના કેનાલના બાકી કામો જમીન સંપાદનની કામગીરી પૂર્ણ થયે જમીનનો કબજો મળ્યા બાદ હાથ ધરવામાં આવશે.

-------------

દેવભુમી દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં નાની/મધ્યમ સિંચાઇ યોજનાના કેનાલના બાકી કામ

અતારાંકિતઃ ૮૭૯૧(૦૯–૦૯–૨૦૧૬) શ્રી મેરામણભાઇ આહિર (ખંભાલિયા):માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભુમી દ્વારકા, સુરત અને તાપીજિલ્લામાં તા. ૩૧મી ડિસેમ્બર – ૨૦૧૫ ની સ્થિતિએ કઇ નાની અને મધ્યમ સિંચાઇ યોજનાના કેનાલના કામ અધુરા છે, અને

(૨) તે કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા):(૨૯–૧૨–૨૦૧૬)

(૧) સુરત અને તાપી જિલ્લામાં મધ્યમ કે નાની સિંચાઇ યોજનાઓની કેનાલનાં કોઇ કામો અધૂરાં નથી. દેવભૂમી દ્વારકા જિલ્લામાં તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ (અ) વર્તુ–૨ મધ્યમ સિંચાઇ યોજનાના કેનાલના કામો તથા (બ) (૧) વેરાડી–૧ (૨) વેરાડી–૨ (૩) મહાદેવિયા (૪) સિંધણી (૫) વંગડી (૬) ઝાકસિયા નાની સિંચાઇ યોજનાના કેનાલના કામો અધુરા છે.

(૨) (અ) વર્તુ–૨ મધ્યમ સિંચાઇ યોજનાના નહેરના બાકી કામો માર્ચ–૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. (બ) (૧) વેરાડી–૧ (૨) વેરાડી–૨ (૩) મહાદેવિયા (૪) સિંધણી નાની સિંચાઇ યોજનાના કેનાલના કામો માર્ચ–૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે (૫) વંગડી (૬) ઝાકસિયા નાની સિંચાઇ યોજનાના કેનાલના બાકી કામો જમીન સંપાદનની કામગીરી પૂર્ણ થયે જમીનનો કબજો મળ્યા બાદ હાથ ધરવામાં આવશે.

-------------

જલાલપોર તાલુકાના મરોલીમાં દીવાદાંડી માછીવાડમાં દરિયાનું પાણી દાખલ થવા બાબત

અતારાંકિતઃ ૧૦૬૩૫(૦૮–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

(૧) નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મરોલી વિસ્તારમાં મરોલીથી ૨૫ કિ.મી. દૂર દિવાદાંડી માછીવાડમાં જુલાઇ–૨૦૧૬ માં પ્રોટેકશન વોલ ઓળંગી રહેણાંક વિસ્તારમાં દરિયાનું પાણી દાખલ થઇ ગઇ હતુ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ વિસ્તારના રહેણાંકોમાં વસતા લોકોને પાણીથી પુરેપુરી સુરક્ષા આપવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા):(૨૭–૧૨–૨૦૧૬)

(૧) હા,

(૨) સદર બાબતે કેન્દ્રીય જળ એવમ વિદ્યુત સંશોધન શાળા, પુના (C.W. & P.R.S.) સાથે પરામર્શમાં રહી સદર પ્રશ્નના ઉકેલ માટે જરૂરી નિરાકરણ મેળવીને યોગ્ય આયોજન કરવામાં આવશે.

-------------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌચર દબાણ સેલ

અતારાંકિતઃ ૮૧૮૪(૨૦–૦૮–૨૦૧૬) શ્રી ભોળાભાઇ ગોહેલ (જસદણ):માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં સન ૨૦૧૫માં ગૌચર દબાણ સેલ મારફતે દબાણ થયેલા ગૌચરને આઇડેન્ટીફાઇ કરવા અને દૂર કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી,

પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા):(૨૯–૧૨–૨૦૧૬)

રાજકોટ જિલ્લામાં સને ૨૦૧૫માં ૫૯૬૩૭૭૫ ચો.મી. ક્ષેત્રફળ કુલ – ૧૦૦ દબાણો આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે. તે પૈકી ૨૪ દબાણદારોનું ૪૯૦૭૧૮૦ ચો.મી. ક્ષેત્રફળનું દબાણ દૂર કરવામાં આવેલ છે તથા ૭૬ દબાણદારોનું ૧૦૫૬૫૯૫ ચો.મી. ક્ષેત્રફળનું દબાણ દૂર કરવાનું બાકી છે. આ અંગે સરપંચશ્રી તથા તલાટી–કમ–મંત્રીશ્રીને દબાણ દૂર કરવા જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે તેમજ ડી.આઇ.એલ.આર. કચેરીને માપણી માટે લખવામાં આવેલ છે તથા દર માસે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની મીટીંગમાં દબાણ દૂર કરવા જણાવવામાં આવે છે. મોરબી

જિલ્લો તા. ૯-૧૨-૨૦૧૪ થી અસ્તિત્વમાં આવેલ છે. જેથી, જિલ્લામાં દબાણસેલ મહેકમની મંજૂરીની કાર્યવાહી ચાલુ છે. મોરબી જિલ્લામાં સને ૨૦૦૧માં ભૂકંપ સમયે હળવદ તાલુકાના નવાઅમરાપર ગામે ૭૦ આસામીઓ દ્વારા ૦-૩૦-૧૪ હે.આ.ચો.મી. ક્ષેત્રફળમાં ગૌચર દબાણ રહેણાંક હેતુ માટે કરેલ છે. જેને દૂર કરવા દબાણદારોને ગ્રામ પંચાયત દ્વારા તા.વિ.અ.શ્રીની મારફતે નોટિસો આપેલ છે અને કાર્યવાહી ચાલુ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૧૫માં ગૌચર દબાણ સેલ મારફતે કોઇ આઇડેન્ટીફાઇ થયેલ નથી. મુળી તાલુકાના રાયસંગપર ગામે ૨૦૧૫માં ૨૫ આસામીઓએ ગૌચર દબાણ કરેલ. જેને ગ્રામ પંચાયત દ્વારા નોટિસ આપતાં દબાણ ખુલ્લુ કરેલ છે. જેથી પ્રશ્ન નથી.

-------------

### પાટણ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મહેકમ

અતારાંકિતઃ ૯૧૦૭(૪-૦૮-૨૦૧૬) શ્રી મણીલાલ વાઘેલા (વડગામ):માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૫-૨૦૧૬ ની સ્થિતિએ પાટણ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા):(૨૮-૧૨-૨૦૧૬)

(૧)

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૧૫ |
| વર્ગ-૨ | ૧૪ |
| વર્ગ-૩ | ૧૪૫ |
| વર્ગ-૪ | ૨૭ |
| કુલ | ૨૦૧ |

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૧ | ૪ |
| વર્ગ-૨ | ૧૦ | ૪ |
| વર્ગ-૩ | ૭૨ | ૭૩ |
| વર્ગ-૪ | ૧૭ | ૧૦ |
| કુલ | ૧૧૦ | ૯૧ |

-------------

### રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં પીવાના પાણીના કૂવા

અતારાંકિતઃ ૯૫૨૬(૯-૯-૨૦૧૬)શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ,મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના કયા ગામોમાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવ્યા છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) તે અન્વેય કેટલા જવાબદારો સામે શા પગલા લેવાયા છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા ) :(૨૯-૧૨-૨૦૧૬)

(૧) રાજકોટ,મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના ગામોમાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

-------

### જુનાગઢઅને પોરબંદર જિલ્લામાં દલિતો માટે પીવાના પાણીના કૂવા

અતારાંકિતઃ ૯૯૮૭(૨૧-૧૦-૨૦૧૬)શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર):માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જુનાગઢઅને પોરબંદરજિલ્લાના કયા ગામોમાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવ્યા છે.

(૨) તેના શા કારણો છે, અને

(૩) તે અન્વેય કેટલા જવાબદારો સામે શાં પગલાં લેવાયાં છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા ) :(૨૯-૧૨-૨૦૧૬)

(૧) જુનાગઢઅને પોરબંદરજિલ્લાના ક્યા ગામોમાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

-------

ગીર સોમનાથ,અમરેલી અને બોટાદ જિલ્લામાં સરકારી જમીનમાં પર દબાણ બાબત

અતારાંકિતઃ ૮૧૯૨(૨૮-૭-૨૦૧૬)શ્રી પૂંજાભાઇ વંશ (ઉના):માનનીય મહેસૂલ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ ક્યા ગામોમાં કેટલી સરકારી ખરાબાની અને પડતર જમીનોમાં દબાણો છે, અને

(૨) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

-૧૨-૨૦૧૬)

એચ-૨૦૯૬-

કોલમ-અ મુજબ.

(૨) સામેલ પત્રકના કોલમ-બ મુજબ.

ગીર-સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં સરકારી જમીન પર દબાણ બાબત

| ક્રમ | જિલ્લા નું નામ | અ | | બ |
|---|---|---|---|---|
| | | ગીર-સોમનાથ,અમરેલી અને બોટાદ જિલ્લામાં તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ ક્યા ગામોમાં કેટલી સરકારી ખરાબાની અને પડતર જમીનોમાં દબાણો છે, અને, | | ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે? |
| | | ગામનું નામ | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગીર-સોમનાથ | છાત્રોડા | ૧-૧૬-૩૫ | દબાણ અન્વયે સંબંધીત તાલુકા મામ. શ્રીઓએ દબાણદારો સામે જમીન મહેસૂલ કા.ક.-૬૧ તળે કેસ ચલાવી દબાણો દૂર કરવા હુકમ કરેલ છે. |
| | | વેરાવળ | ૯-૦૮-૫૨ | |
| | | લુંભા | ૬-૬૯-૭૬ | |
| | | ભાલપરા | ૩-૨૨-૭૪ | |
| | | મોરાજ | ૧૫-૩૭-૮૧ | |
| | | આંબલીયાળા | ૧-૯૦-૨૦ | |
| | | ઇણાજ | ૧-૧૯-૩૮ | |
| | | સવની | ૧-૩૪-૫૬ | |
| | | સીડોકર | ૧-૨૮-૪૯ | |
| | | પ્રભાસપાટણ | ૧-૪૮-૭૨ | |
| | | મેઘપુર | ૦-૨૦-૨૩ | |
| | | બીજ | ૦-૧૭-૨૦ | |
| | | માથાસુરીયા | ૨-૪૨-૮૧ | |
| | | રામપરા | ૦-૮૦-૯૪ | |
| | | બોળાશ | ૦-૮૦-૯૪ | |
| | | કોડીદ્રા | ૧-૨૧-૪૧ | |
| | | મીઠાપુર | ૧-૨૧-૪૧ | |
| | | ખંઢેરી | ૦-૮૦-૯૪ | |
| | | કિદરવા | ૦-૧૭-૨૦ | |
| | | મલોંઢા | ૦-૬૪-૭૫ | |
| | | વિરપુર | ૧-૫૮-૫૧ | |
| | | મુળ દ્વારકા | ૦-૦૧-૫૦ | |
| | | મુળ દ્વારકા | ૦-૩૬-૦૦ | |
| | | મુળ દ્વારકા | ૦-૬૨-૦૦ | |
| | | મુળ દ્વારકા | ૦-૩૨-૦૦ | |
| | | કડોદરા | ૦-૦૨-૦૨ | |

| | | | | |
|---|---|---|---|---|
| | | સોખડા | ૪-૦૦-૦૦ | |
| | | વાંસોજ | ૧-૨૭-૪૮ | |
| | | ગાંગડા | ૨-૫૩-૯૪ | |
| | | બંધારડા | ૦-૪૦-૪૭ | |
| | | મોટા સમઢિયાળ | ૦-૪૦-૪૭ | |
| | | શાણા વાંકિયા | ૦-૪૦-૪૭ | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | ગીર-સોમનાથ | રામપરા | ૦-૧૬-૦૦ | દબાણ અન્વયે સંબંધીત તાલુકા મામ. શ્રીઓએ દબાણદારો સામે જમીન મહેસૂલ કા.ક.-૬૧ તળે કેસ ચલાવી દબાણો દૂર કરવા હુકમ કરેલ છે. |
| | | રામેશ્વર | ૧-૯૦-૨૦ | |
| | | ખત્રીવાડા | ૦-૮૦-૯૪ | |
| | | ચીખલી | ૩-૪૦-૪૭ | |
| | | સામતેર | ૦-૮૩-૯૭ | |
| | | એલમપુર | ૦-૩૪-૭૧ | |
| | | નાળીયા માંડવી | ૦-૩૨-૩૫ | |
| | | પસવાળા | ૦-૮૦-૯૪ | |
| | | સીલોજ | ૦-૦૩-૯૦ | |
| | | નવાબંદર | ૦-૩૧-૫૯ | |
| | | દેલવાડા | ૬-૪૭-૫૨ | |
| | | ઉના | ૨-૨૦-૬૦ | |
| | | પાલડી | ૧૭-૫૮-૪૨ | |
| | | ઉમેજ | ૧-૭૩-૦૧ | |
| | | ઉટવાળા | ૨-૪૧-૮૦ | |
| | | બેડિયા | ૬-૪૭-૫૨ | |
| | | ગરાળ | ૨-૪૮-૮૯ | |
| | | વાજડી | ૦-૧૬-૧૯ | |
| | | નાથળ | ૦-૧૬-૧૯ | |
| | | મોઠા | ૪-૦૪-૬૯ | |
| | | સનખડા | ૦-૦૨-૦૨ | |
| | | સીમર | ૦-૦૦-૫૦ | |
| | | ડમાસા | ૧૪-૯૩-૩૩ | |
| | | થોરડી | ૦-૭૯-૯૨ | |
| ૨ | અમરેલી | ખેરાળી મોટી | ૦૦-૮૦-૯૪ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | ચારોડીયા | ૦-૦૧-૦૦ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | કડીયાળી | ૧-૬૧-૮૮ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | ભેરાઇ | ૦૦-૧૬-૦૦ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | નાની વડાળ | ૦-૩૬-૦૦ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | બાઢળા | ૧-૦૫-૮૭ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | મોટા ઝીંઝુડા | ૧-૫૮-૪૧ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | વાંગધ્રા | ૦૦-૦૬-૦૦ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | જાફરાબાદ | ૦-૫૪-૬૪ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | મતીયાળા | ૦-૨૪-૦૦ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | સમઢિયાળા | ૦-૦૬-૨૫ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | જુના વાઘણીયા | ૮-૦૯-૪૦ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | લાલકા | ૦-૯૯-૧૬ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | લોન કોટડા | ૨-૨૫-૨૮ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | ઇશ્વરીયા | ૧૪-૧૬-૪૨ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | સમઢિયાળા | ૦-૦૨-૦૩ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | પીર ખીજડીયા | ૦-૧૪-૧૬ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | બળેલ પીપળીયા | ૦-૧૦-૧૨ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | બાબરા | ૩૦-૭૩-૨૩ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | ખંભાળા | ૪-૪૦-૪૭ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | ખાખરીયા | ૪-૮૭-૬૪ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | અમરેલી | ખાનપર | ૦-૭૬-૦૦ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | ભીલડી | ૦-૦૮-૦૬ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | નાની કુંડળ | ૪-૮૮-૧૭ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | નવાણીયા | ૦-૧૯-૨૩ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | વાંકીયા | ૬-૪૭-૫૧ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | નીલવડાં | ૦-૨૦-૨૩ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | દેવળીયા મોટા | ૦-૪૦-૪૭ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | દરેડ | ૩-૨૩-૭૬ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | ચરખા | ૨-૮૩-૨૮ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | કલોરાણા | ૧-૫૫-૧૩ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | કોટડા પીઠા | ૫-૦૫-૮૭ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | કરીયાણા | ૧-૬૧-૮૮ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | ગળ કોટડા | ૪-૫૮-૦૬ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | ઘરાઇ | ૦-૦૮-૮૮ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | રાણપર | ૦-૦૫-૦૫ | દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |
| | | અમરેલી | ૦-૫૦-૨૪ | દબાણ દૂર કરવામાં આવેલ છે. |
| ૩ | બોટાદ | પોલારપુર | ૪૫-૯૨-૨૦ | કુલ દબાણો પૈકી-૧૦ કિસ્સામાં દબાણ કેસ ચલાવી દબાણ દૂર કરવા હુકમ પસાર કરવામાં આવેલ છે તેમજ અન્ય દબાણો બાબતે દબાણ કેસ કરી દબાણ દૂર કરવા કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ છે. |
| | | કાપડીયાળી | | |
| | | રોજીદ | | |
| | | હડદડ | ૧-૪૦-૩૮ | |
| | | સેથળી | ૧-૦૦-૦૦ | |
| | | ગઢડીયા | ૮-૦૯-૪૦ | |
| | | સરવા | ૦-૮૦-૯૪ | |
| | | ભદ્રાવડી | ૧-૬૦-૦૦ | |
| | | નાના ભાડલા | ૦-૧૧-૦૦ | |
| | | બોટાદ | ૦-૯૨-૯૩ | |
| | | ટાટમ | ૨-૩૫-૭૭ | |
| | | ગઢડા | | |
| | | રસનાળ | | |
| | | કિનારા | ૪-૯૬-૦૫ | |
| | | રાણપુર | ૨-૮૨-૧૬ | |
| | | ઘરાપીપળા | ૦-૧૬-૪૪ | |

------------

અતારાંકિત યાદિમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૦૩૯૯ | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૦૧૪૪,૧૦૬૨૯ | ૦૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૧૦૩૭૭, ૧૦૭૭૬, ૧૦૭૭૭, ૧૦૭૭૮, ૧૦૭૭૯, ૧૦૭૮૨ | ૦૬ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૯૫૧૫, ૯૫૯૨, ૯૭૦૧, ૯૭૯૭, ૯૮૨૧, ૯૮૨૨, ૯૮૨૫, ૯૮૯૫, ૯૯૮૮, ૧૦૦૦૪, ૧૦૦૦૮, ૧૦૧૪૨, ૧૦૩૪૮, ૧૦૩૫૬, ૧૦૩૫૭, ૧૦૩૫૮, ૧૦૩૬૦, ૧૦૬૬૦ | ૧૮ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૯૯૯૫ | ૦૧ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૯૩૯૧ | ૦૧ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૯૪૨૫, ૯૮૩૨, ૯૮૩૪, ૯૮૭૮, ૯૮૭૯, ૯૮૮૪, ૯૯૭૫, ૯૯૭૬, ૧૦૦૩૨, ૧૦૧૧૫, ૧૦૧૧૯, ૧૦૧૨૦, ૧૦૧૩૯ | ૧૩ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૮૧૫૩, ૮૭૯૧, ૧૦૬૩૫ | ૦૩ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૧૮૪, ૯૧૦૭, ૯૫૨૬, ૯૯૨૭ | ૦૪ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૮૧૯૨ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| | | કુલ | ૫૦ |

------------

તેવીસમી અતારાંકિત યાદી

મુલ્કી સચિવાલયમાં ઉપ સચિવનાં મહેકમ બાબત

અતારાંકિતઃ ૧૦૭૦૬ (૦૨-૧૨-૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ મુલ્કી સચિવાલયમાં ઉપ સચિવ વર્ગ-૧ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે ?

મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) : (૩૧-૦૧-૨૦૧૭)

(૧) ૧૮૬

(૨) ઉક્ત સ્થિતિએ ૧૪૧ જગ્યાઓ ભરાયેલ છે. અને ૪૫ જગ્યાઓ નીચે મુજબ ખાલી છે.

| ક્રમ | વર્ષ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૦ | ૦૧ |
| ૨ | ૨૦૧૨ | ૦૧ |
| ૩ | ૨૦૧૩ | ૦૩ |
| ૪ | ૨૦૧૪ | ૧૨ |
| ૫ | ૨૦૧૫ | ૧૦ |
| ૬ | ૨૦૧૬ ઓક્ટોબર સુધી | ૧૮ |
| | * કુલ | ૪૫ |

* ઉપ સચિવ સંવર્ગમાં વયનિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણૂંક અપાયેલ છે.

--------

મુલ્કી સચિવાલયમાં ઉપ સચિવનાં મહેકમ બાબત

અતારાંકિતઃ ૧૧૬૫૭ (૧૦-૦૧-૨૦૧૭) શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ મુલ્કી સચિવાલયમાં ઉપ સચિવ વર્ગ-૧ ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ સંવર્ગની કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) આ સંવર્ગની ભરાયેલ જગ્યાઓમાં અનુ.જાતિ અને અનુ.જનજાતિની નિયત ટકાવારી મુજબ પ્રતિનિધિત્વ જળવાતું નથી તે હકીકત સાચી છે, અને

(૪) હા, તો ઉક્ત ખાલી જગ્યાઓ અનામતની જોગવાઇ મુજબ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) : (૩૧-૦૧-૨૦૧૭)

(૧) ૧૮૬

(૨) ઉક્ત સ્થિતિએ આ સંવર્ગની ૧૩૬ જગ્યાઓ ભરાયેલ છે. અને ૫૦ જગ્યાઓ ખાલી છે. જે પૈકી ૨૦૧૦-૧ જગ્યા, ૨૦૧૨-૧ જગ્યા, ૨૦૧૩-૩ જગ્યા, ૨૦૧૪-૧૨ જગ્યા, ૨૦૧૫-૧૦ જગ્યા, નવેમ્બર ૨૦૧૬-૨૩ જગ્યા કુલ-૫૦ જગ્યાઓ ક્રમીક ખાલી પડેલ છે.

(૩) આ સંવર્ગની ભરાયેલ કુલ-૧૩૬ જગ્યાઓ સામે અનુ.જાતિના ૭% લેખે ફાળે આવતી ૯-જગ્યાઓ સામે ૧૧-જગ્યાઓ ભરેલ છે. અને અનુ.જનજાતિની ૧૫% લેખે ફાળે આવતી ૨૦-જગ્યાઓ સામે ૧૮-જગ્યાઓ ભરેલ છે.

(૪) અનામતની જોગવાઇ મુજબ અનુ.જાતિના ૭% લેખે ૨ જગ્યાઓ વધારે ભરાયેલ છે. જ્યારે અનુ.જનજાતિની ૧૫% લેખે ફાળે આવતી ૨૦ જગ્યાઓ સામે ૨ જગ્યાની ઘટ છે. આ ઘટની જગ્યાઓ નિયત પ્રક્રિયા દ્વારા ભરવાનું આયોજન છે.

--------

રાજ્યમાં અનાજનો જથ્થો જરૂરીયાત

અતારાંકિતઃ ૧૦૭૮૬ (૨૩-૧૨-૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ક્યા પ્રકારના અનાજના કેટલા જથ્થાની જરૂરીયાત હતી, અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેન્દ્ર સરકારે ક્યા પ્રકારના અનાજનો કેટલો જથ્થો ફાળવ્યો ?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૦૧-૦૨-૨૦૧૭)

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષની રાજ્યની જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના અનાજની વર્ષવાર જરૂરીયાતની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | જરૂરીયાત (આંકડા મે.ટન) | | |
|---|---|---|---|
| | ઘઉં | ચોખા | કુલ |
| ૨૦૧૧-૧૨ (૧-૧૧-૧૧ થી ૩૧-૧૦-૧૨) | ૧૬૭૫૨૩૧ | ૪૩૬૩૭૯ | ૨૧૧૧૬૧૦ |
| ૨૦૧૨-૧૩ (૧-૧૧-૧૨ થી ૩૧-૧૦-૧૩) | ૧૭૯૪૭૬૯ | ૪૩૩૪૪૮ | ૨૨૨૮૨૧૭ |
| ૨૦૧૩-૧૪ (૧-૧૧-૧૩ થી ૩૧-૧૦-૧૪) | ૧૮૬૯૨૨૯ | ૫૨૯૧૯૩ | ૨૩૯૮૪૨૨ |
| ૨૦૧૪-૧૫ (૧-૧૧-૧૪ થી ૩૧-૧૦-૧૫) | ૧૯૪૨૮૦૧ | ૬૭૬૦૦૨ | ૨૬૧૮૮૦૩ |
| ૨૦૧૫-૧૬ (૧-૧૧-૧૫ થી ૩૧-૩-૧૬) | ૮૯૭૩૦૪ | ૧૫૮૨૨૪ | ૧૦૫૫૫૨૮ |
| ૨૦૧૫-૧૬ (૧-૪-૧૬ થી ૩૧-૧૦-૧૬) | ૧૦૫૭૦૯૭ | ૨૧૮૩૯૬ | ૧૨૭૫૪૯૩ |

(૨) તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ વર્ષવાર કેન્દ્ર સરકારે ફાળવેલ અનાજનો જથ્થો નીચે મુજબ છે.

| વર્ષ | ફાળવણી (આંકડા મે.ટન) | | |
|---|---|---|---|
| | ઘઉં | ચોખા | કુલ |
| ૨૦૧૧-૧૨ (૧-૧૧-૧૧ થી ૩૧-૧૦-૧૨) | ૧૯૩૭૧૫૨ | ૪૧૧૭૧૫ | ૨૩૪૮૮૬૭ |
| ૨૦૧૨-૧૩ (૧-૧૧-૧૨ થી ૩૧-૧૦-૧૩) | ૧૯૫૦૭૦૦ | ૪૧૨૧૪૨ | ૨૩૬૨૮૪૨ |
| ૨૦૧૩-૧૪ (૧-૧૧-૧૩થી ૩૧-૧૦-૧૪) | ૧૭૩૬૯૧૦ | ૫૩૧૮૨૫ | ૨૨૬૮૭૩૫ |
| ૨૦૧૪-૧૫ (૧-૧૧-૧૪ થી ૩૧-૧૦-૧૫) | ૧૬૬૦૬૭૯ | ૬૧૯૩૫૩ | ૨૨૮૦૦૩૨ |
| ૨૦૧૫-૧૬ (૧-૧૧-૧૫ થી ૩૧-૩-૧૬) | ૭૮૧૨૮૫ | ૧૫૫૨૪૫ | ૯૩૬૫૩૦ |
| ૨૦૧૫-૧૬ (૧-૪-૧૬ થી ૩૧-૧૦-૧૬) | ૧૦૦૧૩૩૮ | ૨૪૯૦૦૫ | ૧૨૫૦૩૪૩ |

--------

કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ફાળવેલ અનાજનો જથ્થો

અતારાંકિતઃ ૧૦૯૪૫ (૨૩-૧૨-૨૦૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ક્યા પ્રકારના અનાજનો કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૨) ફાળવેલ અનાજના જથ્થા સામે રાજ્ય સરકારે વર્ષવાર ખરેખર કેટલો અનાજનો જથ્થો ઉપાડ્યો ?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૦૧-૦૨-૨૦૧૭)

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ફાળવવામાં આવેલ અનાજના જથ્થાની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ફાળવણી (આંકડા મે.ટન) | | |
|---|---|---|---|
| | ઘઉં | ચોખા | કુલ |
| ૨૦૧૧-૧૨ (૧-૧૧-૧૧ થી ૩૧-૧૦-૧૨) | ૧૯૩૭૧૫૨ | ૪૧૧૭૧૫ | ૨૩૪૮૮૬૭ |
| ૨૦૧૨-૧૩ (૧-૧૧-૧૨ થી ૩૧-૧૦-૧૩) | ૧૯૫૦૭૦૦ | ૪૧૨૧૪૨ | ૨૩૬૨૮૪૨ |
| ૨૦૧૩-૧૪ (૧-૧૧-૧૩ થી ૩૧-૧૦-૧૪) | ૧૭૩૬૯૧૦ | ૫૩૧૮૨૫ | ૨૨૬૮૭૩૫ |
| ૨૦૧૪-૧૫ (૧-૧૧-૧૪ થી ૩૧-૧૦-૧૫) | ૧૬૬૦૬૭૯ | ૬૧૯૩૫૩ | ૨૨૮૦૦૩૨ |
| ૨૦૧૫-૧૬ (૧-૧૧-૧૫ થી ૩૧-૩-૧૬) | ૭૮૧૨૮૫ | ૧૫૫૨૪૫ | ૯૩૬૫૩૦ |
| ૨૦૧૫-૧૬ (૧-૪-૧૬ થી ૩૧-૧૦-૧૬) | ૧૦૦૧૩૩૮ | ૨૪૯૦૦૫ | ૧૨૫૦૩૪૩ |

(૨) ફાળવેલ અનાજના જથ્થા સામે રાજ્ય સરકારે વર્ષવાર ઉપાડેલ અનાજના જથ્થાની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ઉપાડ | | |
|---|---|---|---|
| | ઘઉં | ચોખા | કુલ |
| ૨૦૧૧-૧૨ (૧-૧૧-૧૧ થી ૩૧-૧૦-૧૨) | ૧૨૧૫૪૧૨ | ૩૯૫૧૭૩ | ૧૬૧૦૫૮૫ |
| ૨૦૧૨-૧૩ (૧-૧૧-૧૨ થી ૩૧-૧૦-૧૩) | ૧૨૬૫૮૨૫ | ૪૦૭૯૯૦ | ૧૬૭૩૮૧૫ |
| ૨૦૧૩-૧૪ (૧-૧૧-૧૩ થી ૩૧-૧૦-૧૪) | ૧૪૦૭૭૦૫ | ૪૪૮૯૯૮ | ૧૮૫૬૭૦૩ |
| ૨૦૧૪-૧૫ (૧-૧૧-૧૪ થી ૩૧-૧૦-૧૫) | ૧૫૯૨૫૫૩ | ૫૮૦૬૨૨ | ૨૧૭૩૧૭૫ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૫-૧૬ (૧-૧૧-૧૫ થી ૩૧-૩-૧૬) | ૭૮૧૨૮૫ | ૧૫૫૨૪૫ | ૯૩૬૫૩૦ |
| ૨૦૧૫-૧૬ (૧-૪-૧૬ થી ૩૧-૧૦-૧૬) | ૧૦૦૧૩૩૮ | ૨૪૯૦૦૫ | ૧૨૫૦૩૪૩ |

--------

અન્ન સલામતી માટે ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૭૯ (૦૯-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અન્ન સલામતી માટે ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૦૧-૦૨-૨૦૧૭)

(૧) અન્ન સલામતી માટેની ‘‘અન્ન બ્રહ્મ યોજના’’ હેઠળ તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને ભારત સરકાર તરફથી કોઈ રકમ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

સુરત જિલ્લામાં અલીયાબેટ, પૂર્ણાનાં વિકાસ માટે મળેલ ગ્રાન્ટ

અતારાંકિતઃ ૮૦૬૨ (૧૮-૦૭-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુરત જિલ્લામાં (અ) અલીયાબેટ અને (બી) પૂર્ણાને ભારત સરકારે ‘‘ઇમ્પોર્ટન્ટ કોસ્ટલ એન્ડ મરીન બાયોડાયવર્સીટી એરિયા’’ તરીકે જાહેર કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ભારત સરકાર તરફથી ઉક્ત સાઇટનાં સંરક્ષણ અને વિકાસ માટે સને ૨૦૧૪-૨૦૧૫ અને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષમાં કેટલી ગ્રાન્ટ મળી, અને

(૩) આ ગ્રાન્ટની કેટલી રકમ મુખ્યત્વે ક્યા કામ માટે વપરાઇ ?

પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૨-૦૨-૨૦૧૭)

(૧) ના, જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં સીકલસેલ એનીમીયાથી પીડાતા દર્દીઓ

અતારાંકિતઃ ૪૦૯૩ (૦૯-૦૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર સીકલસેલ એનીમીયાથી પીડાતા દર્દીઓની સંખ્યા કેટલી છે, અને

(૨) સીકલસેલ એનીમીયાને નિયંત્રિત કરવા માટે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે શા પગલાંઓ લીધા ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૧-૦૨-૨૦૧૭)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર સીકલસેલ એનીમીયાથી પીડાતા દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે.

| અનુ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સીકલસેલ ડીસીઝ |
|---|---|---|---|
| ૧ | મહીસાગર | લુણાવાડા | ૧૬ |
| | | ખાનપુર | ૨ |
| | | કડાણા | ૮૧ |
| | | સંતરામપુર | ૭૬ |
| | | વીરપુર | ૦ |
| | | બાલાસીનોર | ૦ |
| | | કુલ | ૧૭૫ |
| ૨ | | જાંબુઘોડા | ૩૦૮ |

| | | | |
|---|---|---|---|
| | પંચમહાલ | હાલોલ | ૧૭૭ |
| | | કાલોલ | ૨૬ |
| | | ગોધરા | ૨૬૮ |
| | | ઘોઘંબા | ૫૭૭ |
| | | મોરવા (હ) | ૧૫૧ |
| | | શહેરા | ૩૬ |
| | | કુલ | ૧૫૪૩ |

(૨) સીકલસેલ એનીમીયાને નિયંત્રિત કરવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા લીધેલ પગલાની વિગતો નીચે મુજબ છે.

- વર્ષ ૨૦૦૬ થી સીકલસેલ એનીમીયા કંટ્રોલ પ્રોગ્રામ અમલમાં મુકેલ છે અને તે અંતર્ગત સ્ક્રીનીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા સીકલસેલ એનીમીયાના દર્દીઓને સ્ક્રીનીંગ, સારવાર, કાઉન્સેલીંગ તેમજ આરોગ્ય શિક્ષણની સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- સીકલસેલ એનીમીયા રોગ માટે સ્ક્રીનીંગ કામગીરી મિશન મોડથી કરવા માટે ટેન્ડર પદ્ધતિ અપનાવી એન.જી.ઓ. દ્વારા આઉટસોર્સીંગથી માસ સ્ક્રીનીંગ કામગીરી કરવામાં આવી રહી છે.
- સીકલસેલ એનીમીયા રોગના દર્દીઓને પીળું કાર્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત સીકલસેલ વાહકને અડધુ પીળું અને અડધુ સફેદ કાર્ડ આપવામાં આવે છે.
- આદિજાતિ તરુણ–તરુણીઓનું સ્ક્રીનીંગ કામગીરીને પ્રાધાન્ય આપી મેરેજ કાઉન્સેલિંગ કરવામાં આવે છે.
- સીકલસેલ રોગના દર્દીઓને કાઉન્સેલર દ્વારા કાઉન્સેલીંગ કરી રોગ વિષે સંપૂર્ણ સમજ પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત મેરેજ કાઉન્સેલીંગ અને ગર્ભાધારણ માટે કાઉન્સેલીંગ પણ કરવામાં આવે છે.

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ''સેરીબલ પાલ્સી'' રોગના દર્દીઓ

અતારાંકિતઃ ૯૭૯૦ (૦૮–૧૧–૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ''સેરીબલ પાલ્સી'' રોગથી ૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ કેટલાં દર્દીઓ પીડાઇ રહ્યા છે, અને

(૨) આ રોગથી પીડાતાં દર્દીઓને સરકાર તરફથી શી આરોગ્ય વિષયક સારવાર–સુવિધા ૨૦૧૫ માં પૂરી પાડવામાં આવી ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૨–૦૨–૨૦૧૭)

(૧) કચ્છ જિલ્લો – ૦૨ દર્દીઓ
ભાવનગર જિલ્લો – ૧૧૨ દર્દીઓ
ગાંધીનગર જિલ્લો – ૭૩ દર્દીઓ

(૨) આ રોગથી પીડાતા દર્દીઓને ફિઝિયોથેરાપીની સારવાર જેવી કે પેસીવ મુવમેન્ટ, ગેટ ટ્રેનિંગ સાઇટ સીટીંગ, સ્ટેચીંગ સ્પાસટીચ મલમ બેલેન્સ એક્સરસાઇઝ તેમજ બાળ રોગ નિષ્ણાંત દ્વારા તપાસ કરાવી જરૂરી કસરત તથા તેની સાથેની બિમારીઓની દવાઓ તેમજ આ રોગ સાથે અન્ય બિમારી હોય તો જુદા જુદા નિષ્ણાંત દ્વારા સુચવવામાં આવતી સારવાર (સ્ટીમ્યુલેશન થેરાપી, દવાઓ, ઇંજેક્શન, એમ.આર.આઇ. તપાસ, માયનોર કે મેજર સર્જરી, એપીલેપ્સીની સારવાર, સાયકોલોજીકલ થેરાપી, કાઉન્સીલીંગ અને રિહેબીલીટેશન) ની સારવાર આપવામાં આવે છે

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લાની જનરલ હોસ્પિટલોમાં ડૉકટરોની ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૯૭૯૧ (તા.૨૬–૧૦–૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લાની જનરલ હોસ્પિટલોમાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ કેટલા અને ક્યા ડૉકટરોની જગ્યા કેટલા સમયથી ખાલી છે,

(૨) ઉકત જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉકત તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧–૨–૨૦૧૭)

(૧) સામેલ *પત્રક–અ મુજબ.

પત્રક – અ

| | | | | | |
|---|---|---|---|---|---|
| કચ્છ જિલ્લો | | | | | |
| ૧ | જનરલ હોસ્પિટલ, ભૂજ વર્ગ–૧ના ડૉક્ટરોની તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિ | | | | |
| | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | રીમાર્કસ |
| ૧ | મુખ્ય જીલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જન | ૧ | ૦ | ૧ | ૨૧/૧૧/૨૦૦૯ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ | ૧ | ૨૧/૩/૨૦૧૦ |
| ૩ | ફુલ ટાઈમ સર્જન | ૧ | ૦ | ૧ | ૩/૧/૨૦૧૪ |
| ૪ | ઓર્થોપેડીકસર્જન | ૨ | ૧ | ૧ | ૩૧/૧/૨૦૦૯ |
| ૫ | ફીઝીશીયન | ૨ | ૦ | ૨ | ૧૩/૧/૨૦૧૧,<br>૨૧/૩/૨૦૦૯ |
| ૬ | ઓપ્થલ્મીક સર્જન | ૧ | ૦ | ૧ | ૨/૩/૨૦૧૪ |
| ૭ | પેથોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૮ | એનેસ્થેટીસ્ટ | ૨ | ૦ | ૨ | ૧૫/૪/૨૦૧૦,<br>૧૮/૧૧/૨૦૧૧ |
| ૯ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૨/૧૨/૨૦૦૫ |
| ૧૦ | બાળરોગ નિષ્ણાત | ૧ | ૦ | ૧ | ૧૬/૨/૨૦૦૬ |
| ૧૧ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૮/૫/૨૦૧૦ |
| ૧૨ | ડરમેટોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૯/૧૦/૨૦૦૯ |
| ૧૩ | ઈ.એન.ટી. સર્જન | ૧ | ૦ | ૧ | ૧/૩/૨૦૧૪ |
| ૧૪ | માઈક્રોબાયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૫/૧૧/૨૦૧૦ |
| ૧૫ | એમ.ડી.એસ. ડેન્ટલ સર્જન | ૧ | ૦ | ૧ | ૨૩/૨/૨૦૧૬ |
| ૧૬ | મનોરોગ ચિકિત્સક | ૧ | ૦ | ૧ | ૫/૧૧/૨૦૧૦ |
| ૧૭ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૫ | ૫ | ૦ | |
| | કુલ | ૨૪ | ૭ | ૧૭ | |
| ૨ | માનસિક આરોગ્યની હોસ્પિટલ, ભૂજ | | | | |
| ૧ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ | ૧ | ૩૦/૧૧/૨૦૧૦ |
| ૨ | સાયકીયાટ્રીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| | કુલ | ૨ | ૧ | ૧ | |
| ૩ | સરકારી હોસ્પિટલ, માંડવી–કચ્છ | | | | |
| ૧ | અધિક્ષક | ૧ | ૧ | ૦ | |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| ૩ | જનરલ સર્જન | ૧ | ૦ | ૧ | ૧૨/૧/૨૦૧૦ |
| ૪ | ઓર્થોપેડીકસર્જન | ૧ | ૦ | ૧ | ૧૨/૧/૨૦૧૦ |
| ૫ | નેત્ર સર્જન | ૧ | ૦ | ૧ | ૧૨/૧/૨૦૧૦ |
| ૬ | પેથોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૨/૧/૨૦૧૦ |
| ૭ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૨/૧/૨૦૧૦ |
| ૮ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૨/૧/૨૦૧૦ |
| ૯ | બાળરોગ નિષ્ણાંત | ૧ | ૦ | ૧ | ૧૦/૯/૨૦૦૦ |
| ૧૦ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૧૧ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૫ | ૨ | ૩ | ૧૬/૮/૨૦૧૨<br>૧/૮/૨૦૧૫<br>૧/૯/૨૦૧૫ |
| | કુલ | ૧૫ | ૫ | ૧૦ | |
| ૪ | સરકારી હોસ્પિટલ, ગાંધીધામ વર્ગ–૧ ના ડૉક્ટરોની તા.૩૧/૧૨/૧૫ ની સ્થિતિએ | | | | |
| ૧ | અધિક્ષક | ૧ | ૦ | ૧ | ૩૦/૪/૨૦૧૨ |
| ૨ | બાળરોગ નિષ્ણાત | ૧ | ૦ | ૧ | ૨૧/૫/૧૯૯૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૪ | જનરલ સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૫ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૨/૧/૨૦૧૦ |
| ૬ | ઓર્થોપેડીકસર્જન | ૧ | ૦ | ૧ | ૧૨/૧/૨૦૧૦ |
| ૭ | નેત્ર સર્જન | ૧ | ૦ | ૧ | ૧૨/૧/૨૦૧૦ |
| ૮ | પેથોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૨/૧/૨૦૧૦ |
| ૯ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૧૨/૧/૨૦૧૦ |
| ૧૦ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૩ | ૩ | ૦ | |
| | કુલ | ૧૨ | ૫ | ૭ | |
| ભાવનગર જિલ્લો | | | | | |
| | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | રીમાર્કસ |
| ૧ | સર.ટી.હોસ્પિટલ, ભાવનગર વર્ગ–૧ના ડૉકટરોની તા.૩૧/૧૨/૧૫ની સ્થિતિ | | | | |
| ૧ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ | ૧ | ૨૮/૨/૨૦૧૪ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૩૧ | ૨૪ | ૭ | ૧૭/૭/૨૦૧૪<br>૧૫/૧૧/૨૦૧૪<br>૭/૫/૨૦૧૫<br>૨૫/૫/૨૦૧૬<br>(૪–જગ્યા) |
| | કુલ | ૩૨ | ૨૪ | ૮ | |
| ૨ | સરકારી હોસ્પિટલ, પાલીતાણા વર્ગ–૧ના ડૉકટરોની તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિ | | | | |
| ૧ | અધિક્ષક | ૧ | ૦ | ૧ | ૨૧/૩/૨૦૧૫ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ | ૧ | ૩૧/૧/૨૦૧૫ |
| ૩ | બાળરોગ નિષ્ણાત | ૧ | ૦ | ૧ | ૬/૧૦/૨૦૦૪ |
| ૪ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૨૪/૭/૨૦૧૨ |
| ૫ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૪ | ૩ | ૧ | ૨૦/૨/૨૦૧૪ |
| | કુલ | ૮ | ૩ | ૫ | |
| ૩ | જનરલ હોસ્પિટલ, મહુવા વર્ગ–૧ના ડૉકટરોની તા.૩૧/૧૨/૧૫ની સ્થિતિ | | | | |
| ૧ | અધિક્ષક | ૧ | ૦ | ૧ | ૨૬/૨/૨૦૧૪ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ | ૧ | ૨૬/૨/૨૦૧૪ |
| ૩ | બાળરોગ નિષ્ણાત | ૧ | ૦ | ૧ | ૨૬/૨/૨૦૧૪ |
| ૪ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૨૬/૨/૨૦૧૪ |
| ૫ | ઓપ્થલ્મીક સર્જન | ૧ | ૦ | ૧ | ૨૬/૨/૨૦૧૪ |
| ૬ | ફુલ ટાઇમ સર્જન | ૧ | ૦ | ૧ | ૨૬/૨/૨૦૧૪ |
| ૭ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૯ | ૭ | ૨ | ૨૬/૨/૨૦૧૪<br>(૨ જગ્યા) |
| | કુલ | ૧૫ | ૭ | ૮ | |
| ગાંધીનગર જિલ્લો | | | | | |
| ૧ | જનરલ હોસ્પિટલ, ગાંધીનગર વર્ગ–૧ના ડૉકટરોની તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિ | | | | |
| | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | રીમાર્કસ |
| ૧ | મુ.જી.ત.અ. સહ સીવીલ સર્જન | ૧ | ૦ | ૧ | ૬/૨/૨૦૧૪ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી વર્ગ–૧ | ૧ | ૧ | ૦ | |
| ૩ | ફુલ ટાઇમ સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૪ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૫ | ફીઝીશીયન | ૩ | ૨ | ૧ | ૩૧/૧૨/૨૦૧૪ |
| ૬ | ઓપ્થલ્મીક સર્જન | ૧ | ૧ | ૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૮ | બાળરોગ નિષ્ણાત | ૧ | ૧ | ૦ | |
| ૯ | ગાયનેકોલોજીસ્ટ | ૨ | ૨ | ૦ | |
| ૧૦ | એનેસ્થેટીસ્ટ | ૨ | ૨ | ૦ | |
| ૧૧ | ડરમેટોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૧૨ | ઈ.એન.ટી. સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૧૩ | મનોરોગ ચિકિત્સક | ૧ | ૦ | ૧ | ૧૧/૫/૨૦૧૦ |
| ૧૪ | માઈક્રોબાયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૪/૪/૨૦૧૩ |
| ૧૫ | એમ.ડી.એસ. ડેન્ટલ સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૧૬ | કાર્ડીયોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૮/૪/૧૯૮૯ |
| ૧૭ | પેથોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૧૮ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૩૩ | ૩૩ | ૦ | |
| | કુલ | ૫૪ | ૪૯ | ૫ | |
| ૨ | જનરલ હોસ્પિટલ, માણસા વર્ગ-૧ના ડૉકટરોની તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિ | | | | |
| | સંવર્ગનું નામ | મંજુર | ભરેલી | ખાલી | રીમાર્કસ |
| ૧ | અધિક્ષક | ૧ | ૦ | ૧ | ૨૨/૫/૨૦૧૨ |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૦ | ૧ | ૩૦/૧૧/૨૦૧૩ |
| ૩ | ફીઝીશીયન | ૧ | ૧ | ૦ | |
| ૪ | બાળરોગ નિષ્ણાત | ૨ | ૨ | ૦ | |
| ૫ | ગાયનેકોલોજીસ્ટ | ૪ | ૧ | ૩ | ૨૨/૫/૨૦૧૨ (૩) |
| ૬ | એનેસ્થેટીસ્ટ | ૨ | ૧ | ૧ | ૨૨/૫/૨૦૧૨ |
| ૭ | ડરમેટોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ | ૨૨/૫/૨૦૧૨ |
| ૮ | નેત્ર સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૯ | મનોરોગ ચિકિત્સક | ૧ | ૧ | ૦ | |
| ૧૦ | પેથોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ | |
| ૧૧ | જનરલ સર્જન | ૧ | ૧ | ૦ | |
| ૧૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૫ | ૫ | ૦ | |
| | કુલ | ૨૧ | ૧૪ | ૭ | |

(૨) જે તે સંવર્ગની ખાલી જગ્યા માટે તે જગ્યા ઉપર નિમણૂંક આપવા માટેની લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાથી.

(૩) જે તે સંવર્ગની ખાલી જગ્યા માટેની લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

--------

દેવભૂમિ, દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં ''સેરીબલ પાલ્સી'' રોગના દર્દીઓ

અતારાંકિતઃ ૯૮૯૩ (૦૮-૧૧-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ, દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં ''સેરીબલ પાલ્સી'' રોગથી ૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ કેટલાં દર્દીઓ પીડાઈ રહ્યા છે, અને

(૨) આ રોગથી પીડાતાં દર્દીઓને સરકાર તરફથી શી આરોગ્ય વિષયક સારવાર-સુવિધા ૨૦૧૫ માં પૂરી પાડવામાં આવી ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨-૨-૨૦૧૭)

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લો- ૫૦ દર્દીઓ
સુરત જિલ્લો – ૨૨૬ દર્દીઓ
તાપી જિલ્લો – ૦૮ દર્દીઓ

(૨) આ રોગથી પીડાતા દર્દીઓને ફિઝિયોથેરાપીની સારવાર જેવી કે પેસીવ મુવમેન્ટ, ગેટ ટ્રેનિંગ સાઈટ સીટીંગ, સ્ટેચીંગ સ્પાસટીચ મલમ બેલેન્સ એકસરસાઈઝ તેમજ બાળ રોગ નિષ્ણાંત દ્વારા તપાસ કરાવી જરૂરી કસરત તથા તેની સાથેની બિમારીઓની દવાઓ તેમજ આ રોગ સાથે અન્ય બિમારી હોય તો જુદા જુદા નિષ્ણાંત દ્વારા સુચવવામાં આવતી

સારવાર (સ્ટીમ્યુલેશન થેરાપી, દવાઓ, ઇંજેકશન, એમ.આર.આઈ. તપાસ, માયનોર કે મેજર સર્જરી, એપીલેપ્સીની સારવાર, સાયકોલોજીકલ થેરાપી, કાઉન્સીલીંગ અને રિહેબીલીટેશનની સારવાર) આપવામાં આવે છે.

--------

દેવભુમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની તાલુકા કક્ષાની હોસ્પીટલમાં પોસ્ટ મોર્ટમની સુવિધા

અતારાંકિતઃ ૯૮૯૬ (૨૬-૧૦-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભુમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની તાલુકા કક્ષાની હોસ્પીટલોમાં તા.૩૧મી ડીસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ પોસ્ટમોર્ટમની સુવિધા નથી,

(૨) તેના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉકત હોસ્પીટલોમાં આ સુવિધા ક્યા સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩-૨-૨૦૧૭)

(૧) તા.૩૧મી ડીસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ દેવભુમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની તમામ તાલુકા કક્ષાની હોસ્પીટલમાં પોસ્ટમોર્ટમની સુવિધા ઉપલબ્ધ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

દેવભુમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની જનરલ હોસ્પીટલોમાં એમ.આર.આઈ. ની સુવિધા

અતારાંકિતઃ ૯૮૯૯ (૨૬-૧૦-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભુમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં કઈ જનરલ હોસ્પીટલોમાં તા.૩૧મી ડીસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ એમ.આર.આઈ.ની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉકત સુવિધા ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩-૩-૨૦૧૭)

(૧) તા.૩૧મી ડીસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ દેવભુમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની જનરલ હોસ્પીટલોમાં એમ.આર.આઈ. ની સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) ભવિષ્યમાં આ બાબતના આયોજનની સર્વગ્રાહી વિચારણા સમયે ધ્યાને લેવામાં આવશે.

--------

પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં ''સેરીબલ પાલ્સી'' રોગના દર્દીઓ

અતારાંકિતઃ ૧૦૦૮૦ (૦૮-૧૧-૨૦૧૬) શ્રી સી.કે.રાઉલજી (ગોધરા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ''સેરીબલ પાલ્સી'' રોગથી ૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ કેટલાં દર્દીઓ પીડાઈ રહ્યા છે, અને

(૨) આ રોગથી પીડાતાં દર્દીઓને સરકાર તરફથી શી આરોગ્ય વિષયક સારવાર-સુવિધા ૨૦૧૫ માં પૂરી પાડવામાં આવી ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨-૨-૨૦૧૭)

(૧) દાહોદ અને મહિસાગર જિલ્લામાં સેરીબલ પાલ્સી રોગથી પીડાતા દર્દીઓની સંખ્યા શુન્ય છે. પંચમહાલ જિલ્લામાં સેરીબલ પાલ્સી રોગથી પીડાતા દર્દીઓની સંખ્યા ૫૨૪ છે.

(૨) આ રોગથી પીડાતા દર્દીઓને ફિઝિયોથેરાપીની સારવાર જેવી કે પેસીવ મુવમેન્ટ, ગેટ ટ્રેનિંગ સાઈટ સીટીંગ, સ્ટેચીંગ સ્પાસટીચ મલમ બેલેન્સ એકસરસાઈઝ તેમજ બાળ રોગ નિષ્ણાંત દ્વારા તપાસ કરાવી જરૂરી કસરત તથા તેની સાથેની બિમારીઓની દવાઓ તેમજ આ રોગ સાથે અન્ય બિમારી હોય તો જુદા જુદા નિષ્ણાંત દ્વારા સુચવવામાં આવતી સારવાર (સ્ટીમ્યુલેશન થેરાપી, દવાઓ, ઇંજેકશન, એમ.આર.આઈ. તપાસ, માયનોર કે મેજર સર્જરી, એપીલેપ્સીની સારવાર, સાયકોલોજીકલ થેરાપી, કાઉન્સીલીંગ અને રિહેબીલીટેશનની સારવાર) આપવામાં આવે છે.

--------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ''સેરીબલ પાલ્સી'' રોગના દર્દીઓ

અતારાંકિતઃ ૧૦૩૯૫ (૨૪-૧૧-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૮-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ''સેરીબલ પાલ્સી'' રોગથી પીડાતા કેટલા દર્દીઓ નોંધાયા, અને

(૨) ઉકત જિલ્લાઓમાં ઉકત રોગથી પીડાતા દર્દીઓને સરકાર તરફથી શી આરોગ્ય વિષયક સારવાર–સુવિધા વર્ષ ૨૦૧૫માં પૂરી પાડવામાં આવી, અને

(૩) બાકી રહેલા દર્દીઓને ઉકત તબીબી સુવિધા/સારવાર ક્યાં સુધીમાં પૂરી પાડવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨–૨–૨૦૧૭)

(૧) બનાસકાંઠા જિલ્લો– ૯૮ દર્દીઓ
સાબરકાંઠા જિલ્લો – આ રોગના કોઈ દર્દી નથી.
અરવલ્લી જિલ્લો – આ રોગના કોઈ દર્દી નથી.

(૨) આ રોગથી પીડાતા દર્દીઓને ફિઝિયોથેરાપીની સારવાર જેવી કે પેસીવ મુવમેન્ટ, ગેટ ટ્રેનિંગ સાઈટ સીટીંગ, સ્ટેચીંગ સ્પાસટીચ મલમ બેલેન્સ એકસરસાઈઝ તેમજ બાળ રોગ નિષ્ણાંત દ્વારા તપાસ કરાવી જરૂરી કસરત તથા તેની સાથેની બિમારીઓની દવાઓ તેમજ આ રોગ સાથે અન્ય બિમારી હોય તો જુદા જુદા નિષ્ણાંત દ્વારા સુચવવામાં આવતી સારવાર (સ્ટીમ્યુલેશન થેરાપી, દવાઓ, ઈંજેકશન, એમ.આર.આઈ. તપાસ, માયનોર કે મેજર સર્જરી, એપીલેપ્સીની સારવાર, સાયકોલોજીકલ થેરાપી, કાઉન્સીલીંગ અને રિહેબીલીટિશનની સારવાર) આપવામાં આવે છે.

(૩) તમામ દર્દીઓને તેઓની જરૂરીયાત મુજબની સારવાર પુરી પાડવામાં આવે છે.

--------

રાષ્ટ્રિય કાર્યક્રમ હેટળ ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૦૪ (૧૬–૦૧–૨૦૧૭) ડૉ.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કેન્સર, ડાયાબીટીસ, કોર્ડીયોવેસ્યુલર રોગો અને મગજના રોગોના અંકુશ માટેના રાષ્ટ્રિય કાર્યક્રમ અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉકત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨–૨–૨૦૧૭)

(૧) હા, જી.

(૨)

| વર્ષ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ.૧૧.૫૦ |
| ૨૦૧૩–૧૪ | – |
| ૨૦૧૪–૧૫ | રૂ.૫૦૦ |
| ૨૦૧૫–૧૬ | રૂ.૭૮૩.૭૫ |
| ૨૦૧૬–૧૭ | રૂ.૫૭૫.૨૯ |

(૩)

| વર્ષ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ.૩૨૯.૦૨ |
| ૨૦૧૩–૧૪ | રૂ.૫૬૪.૦૪ |
| ૨૦૧૪–૧૫ | રૂ.૭૩૫.૭૫ |
| ૨૦૧૫–૧૬ | રૂ.૬૧૧.૪૭ |
| ૨૦૧૬–૧૭ | રૂ.૫૩૮.૦૭ |

--------

આરોગ્ય વીમા યોજના અન્વયે ભારત સરકાર તરફથી મળેલ

અતારાંકિતઃ ૧૧૨૦૫ (૧૬–૦૧–૨૦૧૭) ડૉ.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) આરોગ્ય વીમા યોજના (બી.પી.એલ. કુટુંબો માટે રાષ્ટ્રિય સ્વાસ્થ્ય વિમા યોજના) અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉકત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨–૨–૨૦૧૭)

(૧) હા, જી.

(૨)

| વર્ષ | રકમ |
|---|---|
| તા.૦૧/૧૨/૧૧–તા.૩૦/૧૧/૧૨ | રૂ.૯૨,૩૦,૮૭,૪૨૬/– |

| | |
|---|---|
| તા.૦૧/૧૨/૧૨–તા.૩૦/૧૧/૧૩ | રૂ.૮૮,૯૪,૬૨,૫૮૦/– |
| તા.૦૧/૧૨/૧૩–તા.૩૦/૧૧/૧૪ | –– |
| તા.૦૧/૧૨/૧૪–તા.૩૦/૧૧/૧૫ | રૂ.૧૮,૪૬,૯૬,૦૦૦/– |
| તા.૦૧/૧૨/૧૫–તા.૩૦/૧૧/૧૬ | રૂ.૭૪,૨૩,૬૫,૦૦૦/– |

(૩)

| વર્ષ | રકમ |
|---|---|
| તા.૦૧/૧૨/૧૧–તા.૩૦/૧૧/૧૨ | રૂ.૯૭,૧૩ ,૮૦,૬૧૮ /– |
| તા.૦૧/૧૨/૧૨–તા.૩૦/૧૧/૧૩ | રૂ.૭૯,૪૮,૨૭,૩૭૯ /– |
| તા.૦૧/૧૨/૧૩–તા.૩૦/૧૧/૧૪ | રૂ.૧૦,૯૨,૨૩,૭૫૭/– |
| તા.૦૧/૧૨/૧૪–તા.૩૦/૧૧/૧૫ | રૂ.૧૮,૪૬,૯૪,૪૩૪ /– |
| તા.૦૧/૧૨/૧૫–તા.૩૦/૧૧/૧૬ | રૂ.૭૫,૩૯,૦૦,૮૫૩ /– |

--------

રાષ્ટ્રિય એઈડ્સ અને એસ.ટી.ડી. નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ભારત સરકાર તરફથી મળેલ રકમની માહિતી

અતારાંકિતઃ ૧૧૨૧૧ (૧૩–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાષ્ટ્રિય એઈડસ અને એસ.ટી.ડી. નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩–૨–૨૦૧૭)

(૧) રાષ્ટ્રિય એઈડ્સ અને એસ.ટી.ડી. નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને મળેલ રકમ નીચે દર્શાવેલ છે.

| વર્ષ | મળેલી ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૩૬૫૪.૩૬ |
| ૨૦૧૨–૧૩ | ૪૨૯૧.૭૪ |
| ૨૦૧૩–૧૪ | ૫૧૦૩.૮૨ |
| ૨૦૧૪–૧૫ | ૪૪૨૯.૭૭ |
| ૨૦૧૫–૧૬ | ૩૮૪૯.૩૨ |
| ૨૦૧૬–૧૭ (૩૦–૧૧–૨૦૧૬ સુધી) | ૩૮૭૭.૫૪ |

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી નીચે દર્શાવેલ રકમ વર્ષવાર ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | મળેલી ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૪૧૪૮.૮૯ |
| ૨૦૧૨–૧૩ | ૪૧૧૬.૬૫ |
| ૨૦૧૩–૧૪ | ૪૬૮૪.૯૩ |
| ૨૦૧૪–૧૫ | ૫૯૧૭.૧૦ |
| ૨૦૧૫–૧૬ | ૪૨૨૪.૪૨ |
| ૨૦૧૬–૧૭ (૩૦–૧૧–૨૦૧૬ સુધી) | ૨૪૯૫.૮૫ |

--------

અંધત્વ નિવારણ કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમની માહિતી

અતારાંકિતઃ ૧૧૨૧૮ (૦૩–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અંધત્વ નિવારણના રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

આરોગ્ય મંત્રીશ્રી : (૩–૨–૨૦૧૭)

(૧) હા.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને મળેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ રકમ |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૫,૨૫,૬૫,૦૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૮,૬૪,૨૮,૦૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૧૫,૨૦,૦૦,૦૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૪,૨૬,૭૫,૦૦૦ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ) | ૮,૭૩,૭૫,૦૦૦ |

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર ખર્ચ કરવામાં આવેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | ખર્ચ કરેલ રકમ |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૪,૨૭,૯૬,૪૧૩ |
| ૨૦૧૩-૧૪ | ૮,૬૪,૨૮,૦૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૧૫,૨૦,૦૦,૦૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૪,૨૬,૭૫,૦૦૦ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ) | ૮,૭૩,૭૫,૦૦૦ |

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લા પોલીસ કમ્પ્લેઈન ઓથોરીટી સમક્ષ પોલીસ વિરૂધ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૧૦૫૦૩ (૦૮-૧૧-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લા પોલીસ કમ્પ્લેઈન ઓથોરીટી સમક્ષ સન ૨૦૧૫ના વર્ષમાં કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો અને કેટલી ફરિયાદ પડતર છે,

(૩) કેટલા કિસ્સામાં પોલીસની બેજવાબદારી, ગુનાહિત પ્રવૃત્તિ અને ફરજમાં નિષ્કાળજી સાબિત થઈ, અને

(૪) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લેવાયા?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૩૧-૧-૨૦૧૭)

(૧)

| | |
|---|---|
| કચ્છ જિલ્લા પોલીસ કમ્પ્લેઈન ઓથોરીટી સમક્ષ | ૦૧ |
| ગાંધીનગર જિલ્લા પોલીસ કમ્પ્લેઈન ઓથોરીટી સમક્ષ | ૦૨ |

(૨) તમામ.

(૩) એક પણ નહિ.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

ગુજરાત રાજ્યનાં પાકીસ્તાની જેલમાં રહેલ નાગરીકો

અતારાંકિતઃ ૧૦૮૨૫ (૨૩-૧૨-૨૦૧૬) શ્રી રાઘવજીભાઈ પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત રાજ્યના કેટલા નાગરીકો તા. ૩૧ ઓક્ટોબર-૨૦૧૬ની સ્થિતિએ પાકીસ્તાનની જેલમાં છે, અને

(૨) તેને છોડાવવા/મુક્ત કરવા સરકારે મુખ્યત્વે શા પ્રયત્નો કર્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૩૧-૦૧-૨૦૧૭)

(૧) તા. ૩૧ ઓક્ટોબર-૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત રાજ્યના ૩૮૧ માછીમારો પાકીસ્તાનની જેલમાં છે.

(૨) જ્યારે પાકિસ્તાન મરીન સીક્યોરીટી એજન્સી દ્વારા માછીમારો અને ફીશીંગ બોટોનું અપહરણ કરવામાં આવે ત્યારે આ માછીમારો અને બોટોને મુક્ત કરાવવા માટે રાષ્ટ્રીયતા ખરાઈ માટે ભારત સરકારશ્રીના ગૃહમંત્રાલયને જરૂરી વિગતો પુરી પાડવામાં આવે છે. અને તે સાથે માછીમારો અને ફીશીંગ બોટોને પણ વહેલી તકે મુક્ત કરવા રજૂઆત કરવામાં આવે છે.

--------

અમદાવાદના પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ પેટી ના હોવા બાબત

અતારાંકિતઃ ૧૦૮૩૧ (૨૩-૧૨-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) અમદાવાદ શહેરના કયા પોલીસ સ્ટેશનોમાં તા. ૩૧ ઓક્ટોબર ૨૦૧૬ની સ્થિતિએ ફરિયાદ પેટી મુકવામાં આવી નથી, અને

(૨) તે ક્યાં સુધીમાં મુકવામાં આવનાર છે?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ): (૧-૨-૨૦૧૭)

(૧) એકપણ નહીં.

(૨) અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશનમાં ''પોલીસ સ્ટેશન ઓફીસર રૂમ''માં એક પોલીસ સ્ટેશન ઓફીસર (પી.એસ.ઓ.) ૨૪ કલાક ફરીયાદ લેવા સારુ હાજર હોય છે જેથી ફરીયાદ પેટી મુકવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

જેલ આધુનિકરણ-સુધારણા માટે ભારત સરકારની સહાય

અતારાંકિતઃ ૧૧૧૬૮ (૦૭-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જેલ આધુનિકરણ-સુધારણા માટેની યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨-૨-૨૦૧૭)

(૧) ના, જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલોમાંથી મળેલ પ્રતિબંધિત વસ્તુઓનાં જવાબદાર અધિકારી/કર્મચારી વિરુધ્ધ પગલા બાબત

અતારાંકિતઃ ૧૧૪૧૪ (૦૭-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): તા. ૨૨-૩-૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૨૫૧૦૩ (અગ્રતા ક્રમ નં. ૧૨૪)ના અનુસંધાને માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલોમાંથી પ્રતિબંધિત વસ્તુઓ અને સામગ્રી મળતા જવાબદાર ૧૭૩ અધિકારી/કર્મચારીઓ વિરુધ્ધ ખાતા રાહે કાર્યવાહી કરવામાં આવેલ તે પૈકી તા.૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં કયા સંવર્ગના કેટલા કર્મચારીઓ/અધિકારઓ વિરુધ્ધ મુખ્યત્વે શા પગલા લીધાં?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨-૨-૨૦૧૭)

૧૭૩ અધિકારી/કર્મચારીઓ વિરુધ્ધ સંવર્ગવાર લેવાયેલ પગલાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | અધિકારી/કર્મચારીની સંખ્યા | લેવાયેલ પગલાની વિગત |
|---|---|---|---|
| ૦૧ | જેલર ગ્રુપ-૨ | ૦૪ | ઈજાફા બંધ કરવામાં આવેલ છે. |
| | | ૦૩ | તાકીદ આપવામાં આવેલ છે. |
| ૦૨ | સુબેદાર | ૦૬ | ઈજાફા બંધ કરવામાં આવેલ છે. |
| | | ૨૫ | તાકીદ આપવામાં આવેલ છે. |
| ૦૩ | હવાલદાર | ૦૫ | ઈજાફા બંધ કરવામાં આવેલ છે. |
| | | ૧૬ | તાકીદ આપવામાં આવેલ છે. |
| ૦૪ | સિપાઈ | ૦૨ | ઈજાફા બંધ કરવામાં આવેલ છે. |
| | | ૬૮ | તાકીદ આપવામાં આવેલ છે. |
| ૦૫ | જેલ સહાયક | ૪૪ | અજમાયશી સમયગાળો લંબાવવામાં આવેલ છે. |
| કુલ | | ૧૭૩ | |

--------

અંબાજી યાત્રાધામમાં આવક અને વિકાસલક્ષી ખર્ચ

અતારાંકિતઃ ૧૦૧૨૩ (૨૦-૧૨-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્ય સરકાર સંચાલિત અંબાજી યાત્રાધામમાં નાણાકીય વર્ષ સન ૨૦૧૨-૨૦૧૩, ૨૦૧૩-૨૦૧૪ના વર્ષમાં કેટલી આવક થઈ, અને

(૨) તે પૈકી મુખ્યત્વે કયા વિકાસકામો માટે કેટલી રકમ વાપરવામાં આવી?

યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી : (૧-૨-૨૦૧૭)

(૧) રાજ્ય સરકાર સંચાલિત અંબાજી યાત્રાધામમાં નાણાકીય વર્ષ સન ૨૦૧૨-૨૦૧૩, ૨૦૧૩-૨૦૧૪ની ઓડિટેડ આવક નીચે મુજબ છે.

(૧) ૨૦૧૨-૨૦૧૩ – રૂપિયા ૪૮,૮૪,૭૯,૬૮૨-૩૮ પૈસા

(૨) ૨૦૧૩-૨૦૧૪ – રૂપિયા ૪૪,૨૭,૩૮,૭૮૬-૫૬ પૈસા

(૨) નાણાકીય વર્ષ સન ૨૦૧૨-૨૦૧૩, ૨૦૧૩-૨૦૧૪ના વર્ષમાં વિકાસલક્ષી કામો માટે કરવામાં આવેલ ખર્ચ અનુક્રમે રૂપિયા ૨૯,૪૮,૮૫,૩૧૦/- અને રૂપિયા ૨૩,૧૬,૧૯,૭૧૭/- છે. જેનું *પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂપિયામાં)

| અ.નં. | કામનું નામ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| ૧ | શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા માર્ગ સીવીલ વર્ક તથા મંદિરોના ફાઉન્ડેશન (પરિક્રમા પાથવે, શક્તિપીઠ સંકૂલ, વિશ્રામ સ્થળ, ટોઈલેટ બ્લોક, પીવાના પાણીની વ્યવસ્થા, કેન્ટીન/કાફેટેરિયા, પ્રવેશ દ્વાર પાણી સપ્લાય માટેની પાઇપ લાઇન) | ૮,૦૨,૩૨,૪૪૮.૦૦ | ૫,૫૯,૪૪,૬૦૩.૦૦ |
| ૨ | શ્રી ૫૧ આદ્યશક્તિપીઠ પરિક્રમામાં મંદિરો નિર્માણ | ૧૪,૯૪,૬૮,૮૪૨.૦૦ | ૫,૧૮,૨૭,૭૮૪.૦૦ |
| ૩ | શ્રી ૫૧ આદ્યશક્તિપીઠ મંદિરો માટે ધ્વજદંડ, કળશ તથા મૂર્તિઓ | ૯૩,૨૮,૭૨૨.૦૦ | ૫૪,૬૮,૬૯૩.૦૦ |
| ૪ | ગબ્બર ટોચ વિસ્તૃતિકરણની કામગીરી | ૪૩,૭૨,૦૨૫.૦૦ | ૦.૦૦ |
| ૫ | મુખ્ય માર્ગો પર તથા તેની આજુબાજુના વૃક્ષો પર રોશનીની કામગીરી | ૦ | ૨,૮૦,૮૫,૨૩૮.૦૦ |
| ૬ | ૨૦૦ બેડની નવીન હોસ્પિટલ | ૧,૩૫,૩૭,૨૧૪.૦૦ | ૦.૦૦ |
| ૭ | નવીન હોસ્પિટલ ફરતે કમ્પાઉન્ડ વોલ | ૮૨,૬૭,૦૯૨.૦૦ | ૦.૦૦ |
| ૮ | નવીન હોસ્પિટલ ખાતે વર્ગ-૧-૨ અને ૩ સ્ટાફ ક્વાર્ટર્સ બનાવવાની કામગીરી | ૭૪,૭૨,૮૯૬.૦૦ | ૨,૧૪,૧૬,૦૧૫.૦૦ |
| ૯ | મંદિર સંકૂલ ડેવલપમેન્ટ એન્ડ બ્યુટીફીકેશન | ૬૨,૮૭,૨૪૯.૦૦ | ૬,૨૭,૨૩,૯૬૯.૦૦ |
| ૧૦ | ચાચર ચોક વિસ્તૃતિકરણની કામગીરી (વિજયાભુવન તરફ) | ૨૭,૭૪,૫૭૫.૦૦ | ૦.૦૦ |
| ૧૧ | અંબાજી મંદિર મુખ્ય શિખર સુવર્ણમયની કામગીરી | ૫૩,૨૮,૦૬૦.૦૦ | ૫૦,૨૪,૦૭૪.૦૦ |
| ૧૨ | હીલિયમ બલૂન સાઈટે ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપિંગ | ૩૪,૦૪,૪૭૧.૦૦ | ૦.૦૦ |
| ૧૩ | નારગઢ મુકામે યાત્રિક શેડ સારું પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક | ૨,૫૨,૨૩૮.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | યાત્રાધામ અંબાજીથી હડાદ રોડ ઉપર રાણપુર ઘાટી સુધી સ્ટ્રીટ લાઈટની કામગીરી | ૧૮,૩૬,૦૪૭.૦૦ | ૦.૦૦ |
| ૧૫ | જૂની કોલેજ સંકુલમાં યાત્રિકો સારું પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક | ૭,૩૦,૪૩૭.૦૦ | ૬,૭૩,૫૬૯.૦૦ |
| ૧૬ | શક્તિદ્વાર સામે યાત્રિકો સારું પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક | ૯,૦૭,૫૬૯.૦૦ | ૮૨,૫૭૨.૦૦ |
| ૧૭ | ગબ્બર તળેટી ખાતે યાત્રિકો સારું પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક | ૫,૪૧,૪૧૨.૦૦ | ૩,૭૩,૨૦૦.૦૦ |
| ૧૮ | ખોડિયાર માતા મંદિર ખાતે ફાઈબર ડોમ | ૮૫,૦૭૦.૦૦ | ૦.૦૦ |
| ૧૯ | પરશુરામ મહાદેવ મંદિરની બાજુમાં રૂમ બનાવવાનું કામ | ૫૮,૯૪૩.૦૦ | ૦.૦૦ |
| | કુલ ખર્ચ | રૂ. ૨૯,૪૮,૮૫,૩૧૦.૦૦ | રૂ.૨૩,૧૬,૧૯,૭૧૭.૦૦ |

--------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

એસાઈડ યોજના હેઠળ ભારત સરકારની સહાય

અતારાંકિતઃ ૧૧૧૫૫ (૦૭–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) એસાઈડ યોજના (વિકાસલક્ષી એકમોને આંતરમાળખાકીય સુવિધા) અન્વયે/હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ): (૩૧–૧–૨૦૧૭)

(૧) હા, પરંતુ વર્ષ ૨૦૧૫–૧૬ના બજેટથી એસાઈડ યોજના ડીલીંક કરવામાં આવેલ હોઈ, ત્યાર બાદ ભારત સરકાર તરફથી કોઈ ગ્રાન્ટ મળેલ નથી.

(૨) અને (૩)

| વર્ષ | ગ્રાન્ટની રકમ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ. ૬૪.૦૦ કરોડ | રૂ. ૧૯.૨૫ કરોડ |
| ૨૦૧૩–૧૪ | રૂ. ૬૪.૦૦ કરોડ | રૂ. ૨૮.૮૩ કરોડ |
| ૨૦૧૪–૧૫ | રૂ. ૬૪.૦૦ કરોડ | રૂ. ૧૭.૨૬ કરોડ |
| ૨૦૧૫–૧૬ | શૂન્ય | રૂ. ૬.૧૭ કરોડ |
| ૨૦૧૬–૧૭ | શૂન્ય | રૂ. ૧૬.૩૮ કરોડ તા. ૩૦–૧૧–૧૬ સુધી |

--------

વિમેન્સ સેઝનાં એમ.ઓ.યુ.

અતારાંકિતઃ ૧૧૧૫૮ (૭–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સને ૨૦૧૧ની વાયબ્રન્ટ સમિટમાં આશરે ૩૦૦ કરોડથી વધુ રકમના એમ.ઓ.યુ. વિમેન્સ સેઝ માટે થયા હતા તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત વિમેન્સ સેઝની કાર્યવાહી તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કામાં છે?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ): (૩૧–૧–૨૦૧૭)

(૧) ના.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

રેશમ ઉત્પાદન હેઠળ ઉત્પ્રેરક વિકાસ કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૭૪ (૭–૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રેશમ ઉત્પાદન હેઠળ ઉત્પ્રેરક વિકાસ કાર્યક્રમ હેઠળ/માટે ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી : (૨–૨–૨૦૧૭)

(૧) રેશમ ઉત્પાદન હેઠળ ઉત્પ્રેરક વિકાસ કાર્યક્રમ હેઠળ/માટે ભારત સરકાર તરફથી તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કોઈ રકમ રાજ્ય સરકારને મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

ભાવનગર અને કચ્છ જિલ્લામાં ગામોમાં પાણીના તળ ઉંચા લાવવા બાબત

અતારાંકિતઃ ૧૦૩૨૩ (૦૮–૧૧–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ભાવનગર અને કચ્છ જિલ્લામાં તા.૩૦ જૂન–૨૦૧૬ની સ્થિતિએ કયા ગામોમાં પાણીના તળ ઉંડા ગયા છે, અને

(૨) ઉક્ત પાણીના તળ ઉંચા લાવવા શા પગલાં લેવાયા છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી : (૩૧–૧–૨૦૧૭)

## ૨૭મી માર્ચ, ૨૦૧૯

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) ભાવનગર અને કચ્છ જિલ્લામાં ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા કરવામાં આવેલ મોજણી મુજબ તાલુકાવાર પાણીના તળ ઉંડા ગયેલ ગામોની વિગત *પત્રક–૧થી સામેલ છે.

(૨) પાણીના તળ ઉંચા લાવવા ભાવનગર અને કચ્છ જિલ્લામાં મોટી/મધ્યમ/નાની સિંચાઇના જળાશય ઉંડા કરવા, ભરતી નિયંત્રક, બંધારા, પુનઃપ્રભરણ જળાશય, પુનઃપ્રભરણ તળાવોના બાંધકામ, મોટા/નાના ચેકડેમ બાંધકામ, તળાવ બાંધકામ/ઉંડા કરવા, જેવી કામગીરી *પત્રક–૨ મુજબ કરવામાં આવેલ છે. વધુમાં પાણીની બચત થાય તે માટે ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

--------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગામોમાં પાણીના તળ ઉંચા લાવવા બાબત

અતારાંકિતઃ ૧૦૩૮૫ (૨૨–૧૧–૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહજી બારૈયા (પ્રાંતિજ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તા.૩૧–૮–૨૦૧૬ની સ્થિતિએ કયા ગામોમાં પાણીના તળ ઉંડા ઉતરી ગયા છે, અને

(૨) ઉક્ત પાણીના તળ ઉંચા લાવવા શા પગલાં લેવાયા છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી : (૩૧–૧–૨૦૧૭)

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા કરવામાં આવેલ મોજણી મુજબ તાલુકાવાર પાણીના તળ ઉંડા ગયેલ ગામોની વિગત *પત્રક–૧થી સામેલ છે.

(૨) પાણીના તળ ઉંચા લાવવા બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીમાં મોટી/મધ્યમ/નાની સિંચાઇના જળાશય ઉંડા કરવા, મોટા/નાના ચેકડેમ બાંધકામ, તળાવ બાંધકામ/ઉંડા કરવા જેવી કામગીરી *પત્રક–૨ મુજબ કરવામાં આવેલ છે. વધુમાં પાણીની બચત થાય તે માટે ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

--------

મહેસાણા અને પાટણ જિલ્લામાં પીવાના પાણીમાં ફ્લોરાઇડ

અતારાંકિતઃ ૧૦૮૦૮ (૦૫–૧૨–૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૧૬ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં કેટલા ગામોમાં પીવાના પાણીમાં ફ્લોરાઇડનું નિયત કરતા વધુ પ્રમાણ જોવા મળે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગામોમાં પીવાના પાણીમાં ફ્લોરાઇડનું પ્રમાણ ઘટાડવા માટે સરકારે છેલ્લા બે વર્ષમાં મુખ્યત્વે કયા પગલાં લીધા ?

પાણી પુરવઠા મંત્રીશ્રી : (૩૧–૧–૨૦૧૭)

(૧) મહેસાણા અને પાટણ જિલ્લાના તમામ ગામોને નર્મદા કેનાલ/સ્થાનિક સરફેસ સોર્સ આધારિત જુથ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ પાણીમાં ફ્લોરાઇડનું પ્રમાણ નિયત માત્રા કરતા વધુ જોવા મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

પુર નિયંત્રણ અને બાંધકામ માટે રાજ્યને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૪૭ (૯–૧–૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પુર નિયંત્રણ અને બાંધકામ માટે ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩૧–૧–૨૦૧૭)

(૧) ના જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### પુર નિયંત્રણ અને બાંધકામ માટે રાજ્યને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૫૦ (૯–૧–૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩૧–૧–૨૦૧૭)

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### મેઘરજ તાલુકાના વૈડી ડેમની કેનાલમાં ગાબડું

અતારાંકિતઃ ૧૧૬૪૭ (૬–૧–૨૦૧૭) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) મેઘરજ તાલુકાના ગાંઢા ગામ નજીકની વૈડી ડેમની કેનાલમાં તા.૩૦–૧૧–૨૦૧૬ના રોજ ગાબડું પડ્યુ હતુ અને ખેતરમાં પાણી ફરી વળ્યા હતા તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) ઉક્ત ક્ષતિ ગ્રસ્ત કેનાલનું ઝડપથી રીપેરીંગ કયારે કરવામાં આવનાર છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩૧–૧–૨૦૧૭)

(૧) હા, જી.

(૨) ક્ષતિગ્રસ્ત કેનાલનું તરત જ રીપેરીંગ કરી દેવામાં આવેલ છે.

---------

### ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં ગૌચર દબાણ સેલ

અતારાંકિતઃ ૮૨૦૦ (૨૦–૮–૨૦૧૬) શ્રી પુંજાભાઈ વંશ (ઉના): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં સન ૨૦૧૫માં ગૌચર દબાણ સેલ મારફતે દબાણ થયેલા ગૌચરને આઇડૅન્ટીફાઈ કરવા અને દૂર કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨–૨–૧૭)

જૂનાગઢ જિલ્લાનું વિભાજન થતાં નવરચિત જિલ્લા પંચાયત ગીર સોમનાથ તા.૧–૧–૨૦૧૫થી વેરાવળ ખાતે કાર્યરત થયેલ છે. આ જિલ્લાને તબદીલ થયેલ મહેકમમાં જમીન દબાણ ચીટનીશ કમ તાલુકા વિકાસ અધિકારીની જગ્યા સરકારશ્રીના તા.૩૦–૪–૨૦૧૬ના ઠરાવથી મંજુર થયેલ છે. હાલ જગ્યા ખાલી હોઇ ગૌચર જમીન દબાણ સેલ મારફતે ગૌચર આઇડન્ટીફાઈ કરી દબાણ દૂર કરવાનું જાહેર થયેલ નથી. પરંતુ ગ્રામ પંચાયતને મળેલ અધિકારની રૂએ દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. હાલ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં ૬ ગામોમાં પેશકદમી દૂર કરવામાં આવેલ છે. અમરેલી જિલ્લામાં દબાણ સેલ ૧૯૮૫થી જિલ્લા કક્ષાએ કાર્યરત છે. આ દબાણો દૂર કરવા ગ્રામ પંચાયતોને સૂચના આપવામાં આવે છે અને દાબણો દૂર કરવા અને દબાણોને આઇડૅન્ટીફાઈ કરવાની કામગીરી દબાણ સેલ તરફથી કરવામાં આવે છે. બોટાદ જિલ્લો નવરચિત જિલ્લો હોઈ દબાણ સેલની રચના થયેલ ન હોઈ સંબંધિત તાલુકાના સર્કલ ઈન્સ્પેકટર પાસે માપણી કરાવી દબાણ આઈડૅન્ટીફાઈ કરવામાં આવે છે. આઈડૅન્ટીફાઈ થયેલ દબાણ ગુજરાત પંચાયત ધારાની કલમ–૧૦૫ અન્વયે ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરવામાં આવે છે.

---------

### દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં ગૌચર દબાણ સેલ

અતારાંકિતઃ ૮૨૫૨ (૨૦–૮–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળિયા): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સન ૨૦૧૫માં ગૌચર દબાણ સેલ મારફતે દબાણ થયેલા ગૌચરને આઇડૅન્ટીફાઈ કરવા અને દૂર કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩૧–૧–૧૭)

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સન ૨૦૧૫માં ગૌચર દબાણ સેલ મારફત કુલ–૧૭ ગૌચર દબાણ આઈડૅન્ટીફાઈ કરવામાં આવેલ હતાં. તે પૈકી ૧૬ ગૌચર દબાણ દૂર કરવામાં આવેલ છે અને પાડલી ગામનું (એક) દબાણ આઇડૅન્ટીફાઈ કરવામાં આવેલ છે. ત.ક.મંત્રી અને સર્કલ ઈન્સ્પેકટર દ્વારા સ્થળ–સ્થિતિનું પંચરોજ કરવામાં આવેલ છે તથા પાડલી ગ્રામ પંચાયત દ્વારા મોજણી માટેની ફી ડી.આઈ.એલ.આર. કચેરીમાં જમા કરાવવામાં આવેલ છે. બાકીની કાર્યવાહી ચાલુમાં છે. સુરત જિલ્લામાં દબાણ સેલમાં આવેલ અરજીઓ દબાણ રજીસ્ટરે નોંધી જે તે તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી જે તે ગામના

ત.ક.મંત્રીને તપાસ અર્થે મોકલવામાં આવેલ છે તથા તપાસ કરી દબાણ હોય તો ગુજરાત પંચાયત ધારાની કલમ-૧૦૫ હેઠળ કાર્યવાહી કરી દૂર કરવામાં આવેલ છે. પ્રતિમાસ તાલુકા કક્ષાએ મળતી તલાટી-કમ-મંત્રીશ્રીઓની બેઠકમાં દબાણો દૂર કરવાની સૂચના આપવામાં આવે છે. દબાણકારોને સમયાંતરે ગ્રામ પંચાયત તરફથી નોટીસ આપવામાં આવે છે. તાલુકા પંચાયત હસ્તકના ફેરણા અધિકારીશ્રીઓને દબાણ બાબતે, સૂચિત કરી તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને ધ્યાને લાવવા જણાવેલ છે. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં આ અંગે સૂચના આપવામાં આવેલ છે. તાપી જિલ્લામાં કુલ સમાવિષ્ટ ૨૮૬ ગ્રામ પંચાયત આવેલ છે. તે તમામ પૈકી ૮૫ ગ્રામ પંચાયતમાં ગૌચરમાં કુલ ૨૧૨૭ દબાણો આઈડૅન્ટીફાઈ થયેલ છે. જેમાંથી ૭૨ દબાણો હટાવવામાં આવેલ છે. બાકી ૨૦૫૫ દબાણો દૂર કરવા ગ્રામ પંચાયત દ્વારા નોટીસો આપવામાં આવેલ છે.

--------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં લોકાયુક્ત સમક્ષ ફરિયાદો

અતારાંકિતઃ ૯૦૪૦ (૨૦-૮-૨૦૧૬) શ્રી પુંજાભાઈ વંશ (ઉના): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં મનરેગામાં નિયુકત થયેલા લોકાયુક્ત સમક્ષ સન ૨૦૧૪માં કેટલી મુખ્યત્વે કયા પ્રકારની કેટલી ફરિયાદો આવી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો તા.૩૧મી માર્ચ-૨૦૧૬ સુધીમાં નિકાલ થયો, અને

(૩) તે અન્વયે કેટલા કસુરવારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩-૨-૧૭)

(૧) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં મનરેગામાં નિયુકત થયેલા લોકાયુક્ત સમક્ષ સન ૨૦૧૪ ના વર્ષમાં એક પણ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવા બાબત

અતારાંકિતઃ ૯૦૪૨ (૨૦-૮-૨૦૧૬) શ્રી પુંજાભાઈ વંશ (ઉના): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ-૨૦૦૫ અન્વયે ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં સન ૨૦૧૫-૧૬ના વર્ષમાં માંગણી કરવામાં આવી હોવા છતાં કેટલા લોકોને લઘુત્તમ ૧૦૦ દિવસની રોજગારી પુરી પાડવામાં આવી નથી, અને

(૨) તેના મુખ્યત્વે શા કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩-૨-૧૭)

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ-૨૦૦૫ અન્વયે ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં સન ૨૦૧૫-૧૬ના વર્ષમાં માંગણી કરેલ. તમામ લોકોને રોજગારી પુરી પાડવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં મનરેગા લોકાયુક્ત સમક્ષ ફરિયાદો

અતારાંકિતઃ ૯૮૧૯ (૨૧-૧૦-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં મનરેગાના નિયુકત થયેલા લોકાયુક્ત સમક્ષ સન ૨૦૧૪માં મુખ્યત્વે કયા પ્રકારની કેટલી ફરિયાદો આવી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો તા.૩૧મી માર્ચ-૨૦૧૬ સુધીમાં નિકાલ થયો, અને

(૩) તે અન્વયે કેટલા કસુરવારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩-૨-૧૭)

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં મનરેગામાં નિયુકત થયેલા લોકાયુક્ત સમક્ષ સન ૨૦૧૪ના વર્ષમાં એક પણ ફરિયાદ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં મનરેગા યોજનામાં ફરિયાદો

અતારાંકિતઃ ૯૯૦૯ (૨૧-૧૦-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં મનરેગામાં નિયુકત થયેલા લોકાયુક્ત સમક્ષ સન ૨૦૧૩ના વર્ષમાં મુખ્યત્વે કયા પ્રકારની કેટલી ફરિયાદો આવી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો તા.૩૧મી માર્ચ-૨૦૧૬ ની સ્થિતિએ નિકાલ થયો, અને

(૩) તે અન્વયે કેટલા કસુરવારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩-૨-૧૭)

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં મનરેગામાં નિયુકત થયેલા લોકાયુક્ત સમક્ષ સન ૨૦૧૩ના વર્ષમાં એક પણ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં લોકાયુક્ત સમક્ષ ફરિયાદો

અતારાંકિતઃ ૯૯૧૦ (૨૧-૧૦-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં મનરેગાના નિયુકત થયેલા લોકાયુક્ત સમક્ષ સન ૨૦૧૪માં મુખ્યત્વે કયા પ્રકારની કેટલી ફરિયાદો આવી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો તા.૩૧મી માર્ચ-૨૦૧૬ સુધીમાં નિકાલ થયો, અને

(૩) તે અન્વયે કેટલા કસુરવારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩-૨-૧૭)

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં મનરેગાના નિયુકત થયેલા લોકાયુક્ત સમક્ષ સન ૨૦૧૪ ના વર્ષમાં એક પણ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવા બાબત

અતારાંકિતઃ ૯૯૧૨ (૨૧-૧૦-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાષ્ટ્રિય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ-૨૦૦૫ અન્વયે દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષમાં માંગણી કરવામાં આવી હોવા છતાં કેટલા લોકોને લઘુત્તમ ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવામાં આવી નથી, અને

(૨) તેના મુખ્યત્વે શા કારણો છે?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩-૨-૨૦૧૭)

(૧) રાષ્ટ્રિય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમ-૨૦૦૫ અન્વયે દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષમાં માંગણી કરેલ તમામ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ઘટ

અતારાંકિતઃ ૧૦૬૮૦ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૯-૧૬ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા તલાટીઓની કેટલા સમયથી ઘટ છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા તલાટીઓને વધારાનો ચાર્જ સોંપવામાં આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ રહેલ ઘટ કેટલા સમયમાં પુરી કરવામાં આવશે?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩૧-૦૧-૨૦૧૭)

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | તાલુકાવાર તલાટીઓની ઘટ | ઘટનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|
| | | | ૧ વર્ષ સુધીની ઘટ | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષ ઉપરની |

| | | | | ઘટ | ઘટ |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૨૪ | ૨૪ | ૦ | ૦ |
| ૨ | વિસનગર | ૧૪ | ૧૪ | ૦ | ૦ |
| ૩ | વિજાપુર | ૨૧ | ૨૧ | ૦ | ૦ |
| ૪ | કડી | ૧૯ | ૧૩ | ૦ | ૬ |
| ૫ | વડનગર | ૮ | ૮ | ૦ | ૦ |
| ૬ | ખેરાલુ | ૧૧ | ૧૧ | ૦ | ૦ |
| ૭ | સતલાસણા | ૪ | ૪ | ૦ | ૦ |
| ૮ | બેચરાજી | ૭ | ૭ | ૦ | ૦ |
| ૯ | ઉંઝા | ૧૧ | ૮ | ૦ | ૩ |
| ૧૦ | જોટાણા | ૭ | ૭ | ૦ | ૦ |
| | કુલ | ૧૨૬ | ૧૧૭ | ૦ | ૯ |

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | તાલુકાવાર વધારાનો ચાર્જ સોંપવામાં આવેલ તલાટીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૫ |
| ૨ | વિસનગર | ૩ |
| ૩ | વિજાપુર | ૧૧ |
| ૪ | કડી | ૭ |
| ૫ | વડનગર | ૪ |
| ૬ | ખેરાલુ | ૯ |
| ૭ | સતલાસણા | ૩ |
| ૮ | બેચરાજી | ૬ |
| ૯ | ઉંઝા | ૦ |
| ૧૦ | જોટાણા | ૪ |
| | કુલ | ૫૨ |

(૩) ભરતી કેલેન્ડર મુજબ ૯૦ જગ્યા ભરવાની કાર્યવાહી ચાલુ છે.

--------

ઈ-ગ્રામ યોજના હેઠળ કનેકટીવીટી ખરીદીનો ચૂકવેલ ચાર્જ

અતારાંકિતઃ ૧૦૯૫૦ (૨૭-૧૨-૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં પંચાયત ઈ-ગ્રામ યોજના હેઠળ કનેકટીવીટી ખરીદવાનો કેટલી એમબીપીએસ સ્પીડ માટે કઈ કંપની સાથે કરાર કે સમજુતી કરેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કઈ કંપનીને કેટલી રકમ ચુકવવામાં આવી?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧-૨-૧૭)

(૧) ૯૬ એમબીપીએસ સ્પીડ માટે મેસર્સ ભારતી એરટેલ લી. સાથે

(૨) મેસર્સ ભારતી એરટેલ લી. ને નીચે મુજબ રકમ ચુકવવામાં આવી.

| ક્રમ | વર્ષ | ચુકવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૬૯૮.૮૬ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૮૧૪.૬૮ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૭૯૯.૫૩ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૧૬૧૧.૬૬ |
| ૫ | ૨૦૧૬-૧૭ | ૧૩૨૯.૮૫ |
| | કુલ ચુકવેલ રકમ | ૫૨૫૪.૫૭ |

--------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

પંચાયત ઈ–ગ્રામ યોજના હેઠળ કનેકટીવીટી માટે ચૂકવાયેલ રકમ

અતારાંકિતઃ ૧૧૩૯૦ (૭–૧–૧૭) શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૦–૨૦૧૬ની સ્થિતિએ પંચાયત ઈ–ગ્રામ યોજના હેઠળ કનેકટીવીટી ખરીદવાનો કેટલા એમબીપીએસ સ્પીડ માટે કઈ કંપની સાથે કરાર કે સમજુતી થયેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ તે છેલ્લા પાંચ વર્ષમાં વાર્ષિક કેટલી રકમ ચુકવવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧–૨–૧૭)

(૧) ૯૬ એમબીપીએસ સ્પીડ માટે મેસર્સ ભારતી એરટેલ લી. સાથે

(૨)

| ક્રમ | વર્ષ | ચુકવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૬૯૮.૮૬ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૮૧૪.૬૮ |
| ૩ | ૨૦૧૪–૧૫ | ૭૯૯.૫૩ |
| ૪ | ૨૦૧૫–૧૬ | ૧૬૧૧.૬૬ |
| ૫ | ૨૦૧૬–૧૭ | ૧૩૨૯.૮૫ |
| | કુલ ચુકવેલ રકમ | ૫૨૫૪.૫૭ |

--------

રાજ્યમાં માથે મેલુ ઉપાડવાની પ્રથા સંબંધમાં તપાસ

અતારાંકિતઃ ૭૪૨૨ (૩૦–૦૬–૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૪–૧૬ની સ્થિતિએ નામ.ગુજરાત હાઈકોર્ટમાં લોક અધિકાર સંઘ વિ. સ્ટેટ ઓફ ગુજરાતની એસ.સી.એ. ૧૬૯૩૦/૨૦૦૩ના કેસમાં હાઈકોર્ટ દ્વારા રાજ્યમાં ચાલતી માથે મેલું ઉપાડવાની કામગીરી સંબંધમાં તપાસ કરી તેના પર પગલાં લેવા આદેશ આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કેસના આદેશ અનુસાર રાજ્યમાં કઈ જગ્યાએ આ અમાનવીય પ્રથા ચાલતી હોવાનું જણાયું છે, અને

(૩) તે અન્વયે રાજ્ય સરકારે શા પગલા ભર્યા છે?

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૧–૨–૧૭)

(૧) ના, રાજ્યમાં માથે મેલું ઉપાડવાની પ્રથા બંધ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લાની અશકતતા આયુકતની કોર્ટમાં પડતર ફરિયાદો

અતારાંકિતઃ ૯૮૩૭ (૦૮–૧૧–૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યના અશકતતા આયુકતની કોર્ટમાં તા.૩૧–ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લાના કેટલા વિકલાંગોની અરજીઓ/ફરિયાદો પડતર છે,

(૨) તે પડતર રહેવાના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉકત તમામ પડતર અરજીઓ/ફરિયાદોનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૩–૨–૧૭)

(૧) ૩૧–ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ જિલ્લાવાર નીચે મુજબ કેસો પડતર છે.

૧. ભાવનગર–૩

૨. ગાંધીનગર–૩

૩. કચ્છ–૦

(૨) વધુ સુનાવણી માટે મુદ્દતો પડતા.

(૩) ઉકત પડતર કેસો પૈકી ભાવનગર જિલ્લાના ત્રણ કેસોનો તા.૧૨–૦૧–૨૦૧૬, તા.૧૨–૦૨–૨૦૧૬ અને તા.૦૯–૦૮–૨૦૧૬ના રોજ જ્યારે ગાંધીનગર જિલ્લાના ત્રણ કેસોનો તા.૨૮–૦૭–૨૦૧૬, તા.૧૫–૦૯–૨૦૧૬ અને તા.૨૯–૦૮–૨૦૧૬ના રોજ ચુકાદા આપી કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

૨૭મી માર્ચ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

પોરબંદરમાં બનાવવામાં આવેલ મહાત્મા ગાંધી સ્મૃતિભવન બિલ્ડીંગ, લાઈબ્રેરી તથા મ્યુઝીયમની જાળવણી

અતારાંકિતઃ ૧૦૬૩૨ (૨૪-૧૧-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પોરબંદરમાં સન-૨૦૧૦માં બનાવવામાં આવેલ મહાત્મા ગાંધી સ્મૃતિભવનની તા.૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૬ની સ્થિતિએ બિલ્ડીંગની જાણવણી થતી નથી, ચોમાસામાં પાણી પડે છે, સ્ટાફના અભાવે લાઈબ્રેરી તથા મ્યુઝિયમ બંધ હાલતમાં છે તથા સ્મૃતિભવન ખંડેર હાલતમાં ફેરવાઈ ગયું છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત ફરિયાદોના નિવારણ માટે શા પગલા લેવાયા છે?

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧-૨-૨૦૧૭)

(૧) હકીકત સાચી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને ફાળવવામાં આવેલ રકમ

અતારાંકિતઃ ૧૦૭૯૯ (૦૫-૧૨-૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને કોઈ કામો કે ખરીદી માટે રકમ ફાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ કેટલી રકમ કયારે ફાળવવામાં આવેલ છે?

વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩૧-૧-૧૭)

(૧) હા

(૨) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને નીચે મુજબ રકમ ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૨૫.૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૬૦૦.૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૩૮૬.૬૨ |
| ૨૦૧૫-૧૬ | ૩૫૮.૯૫ |
| ૨૦૧૬-૧૭ | ૧૨૪.૬૫ |

---------

રાજ્યમાં આદર્શ નિવાસી શાળામાં શિક્ષકોની ખાલી જગ્યા

અતારાંકિતઃ ૧૦૯૩૯ (૨૩-૧૨-૨૦૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતી વિકાસ વિભાગ દ્વારા કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૨) ઉકત સ્થિતિએ ધોરણ-૧૧ અને ૧૨ સાયન્સના કેટલા વિદ્યાર્થીઓ તેમાં અભ્યાસ કરે છે,

(૩) ઉકત આદર્શ નિવાસી શાળાઓમાં ફીજીકસ, કેમેસ્ટ્રી, બાયોલોજી, મેથ્સ અને અંગ્રેજી વિષયવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી : (૧-૨-૨૦૧૭)

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતી વિકાસ વિભાગ દ્વારા ૪૫ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે.

(૨) ઉકત સ્થિતિએ ધોરણ-૧૧ સાયન્સના ૯૩૦ વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૨ સાયન્સના ૭૨૫ વિદ્યાર્થીઓ એમ કુલ-૧૬૫૫ સાયન્સના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

(૩) ઉકત આદર્શ નિવાસી શાળાઓમાં ફીજીકસ, કેમેસ્ટ્રી, બાયોલોજી, મેથ્સ અને અંગ્રેજીના વિષયવાર નીચે મુજબ શિક્ષકોની જગ્યાઓ ભરાયેલ અને ખાલી છે.

| ક્રમ | વિષય | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|

| ક્રમ | વિષય | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|
| ૧ | ફીઝીક્સ | ૧૪ | ૧૨ |
| ૨ | કેમેસ્ટ્રી | ૧૪ | ૧૨ |
| ૩ | બાયોલોજી | ૧૮ | ૦૯ |
| ૪ | મેથ્સ | ૦૭ | ૧૬ |
| ૫ | અંગ્રેજી | ૧૦ | ૧૬ |
| | કુલ | ૬૩ | ૬૫ |

(૪) દસ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ પ્રથમ વર્ષની ૩૦ અને બીજા વર્ષની ૧૫ એમ કુલ-૪૫ જગ્યાઓ માટે ગત વર્ષે વર્તમાનપત્રમાં જાહેરાત આપી ભરવાપાત્ર ૪૫ જગ્યાઓ માટે પસંદગી કરવામાં આવેલ જે પૈકી ૨૯ ઉમેદવારો હાજર થયેલ છે. ખાલી રહેતી ૩૬ જગ્યાઓ ટુંક સમયમાં ભરવામાં આવશે.

--------

કલાઈમેટ ચેન્જ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓનુ મહેકમ

અતારાંકિતઃ ૧૧૦૭૮ (૩-૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (કલાઇમેન્ટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના કલાઈમેટ ચેન્જ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે?

મુખ્યમંત્રીશ્રી (કલાઈમેટ ચેન્જ) : (૧-૨-૨૦૧૭)

(૧), (૨) અને (૩) નો ખંડવાર જવાબ નીચે મુજબ છે.

કલાઈમેટ ચેન્જ વિભાગમાં મંજુર થયેલ મહેકમ, ભરાયેલ જગ્યા, ખાલી જગ્યા તથા ખાલી જગ્યા ભરવાના આયોજન અંગેની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યા કયા સુધી ભરવામાં આવશે? |
|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૭ | ૪ | ૩ | વર્ગ-૧ની ૩, વર્ગ-૨ની ૧, અને વર્ગ-૩ની ૪ જગ્યાઓ ભરવા સામાન્ય વહીવટ વિભાગને વિનંતિ કરેલ છે. |
| વર્ગ-૨ | ૨ | ૧ | ૧ | |
| વર્ગ-૩ | ૧૩ | ૯ | ૪ | |
| વર્ગ-૪ | ૨ | ૨ | - | |
| કુલ | ૨૪ | ૧૬ | ૮ | |

આ વિભાગના તાબા હેઠળ કોઈ કચેરી નથી.

--------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૦૭૦૬, ૧૧૬૫૭ | ૦૨ |
| ૨ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૦૭૮૬, ૧૦૯૪૫, ૧૧૨૭૯ | ૦૩ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૮૦૬૨ | ૦૧ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૦૯૩, ૯૭૯૦, ૯૭૯૧, ૯૮૯૩, ૯૮૯૬, ૯૮૯૯, ૧૦૦૮૦, ૧૦૩૯૫, ૧૧૨૦૪, ૧૧૨૦૫, ૧૧૨૧૧, ૧૧૨૧૮ | ૧૨ |
| ૫ | ગૃહ વિભાગ | ૧૦૫૦૩, ૧૦૮૨૫, ૧૦૮૩૧, ૧૧૧૬૮, ૧૧૪૧૪ | ૦૫ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૦૧૨૩, ૧૧૧૫૫, ૧૧૧૫૮, ૧૧૨૭૪ | ૦૪ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૦૩૨૩, ૧૦૩૮૫, ૧૦૮૦૮, ૧૧૨૪૭, ૧૧૨૫૦, ૧૧૬૪૭ | ૦૬ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૨૦૦, ૮૨૫૨, ૯૦૪૦, ૯૦૪૨, ૯૮૧૯, ૯૯૦૯, ૯૯૧૦, ૯૯૧૨, ૧૦૬૮૦, ૧૦૯૫૦, ૧૧૩૯૦ | ૧૧ |
| ૯ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૭૪૨૨, ૯૮૩૭ | ૦૨ |

૨૭મી માર્ચ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નોત્તરી

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧૦ | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૧૦૬૩૨ | ૦૧ |
| ૧૧ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૦૭૯૯ | ૦૧ |
| ૧૨ | આદીજાતી વિકાસ વિભાગ | ૧૦૯૩૯ | ૦૧ |
| ૧૩ | કલાઈમેંટ ચેન્જ વિભાગ | ૧૧૦૭૮ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

---------

ચોવીસમીઅતારાંકિત યાદી

રાજ્યમાં દૂધાળા પશુઓના વંધ્યત્વ નિવારણ ઓપરેશન

અતારાંકિતઃ૯૭૮૪ (૧૫–૧૧–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

રાજયમાં જિલ્લાવાર તા.૩૧ડિસેમ્બર,૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દૂધાળાપશુઓના કેટલા વંધ્યત્વ નિવારણ ઓપરેશન કરવામાં આવ્યા ?

પશુપાલન મંત્રીશ્રી :(૭–૧–૨૦૧૭)

રાજયમાં તા.૩૧ડિસેમ્બર,૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભુમિ દ્વારકા જિલ્લામાં ૨૩ (તેવીસ) ,જામનગર જિલ્લામાં ૨૫ (પચ્ચીસ), પોરબંદર જિલ્લામાં ૧૧ (અગિયાર) એમ કુલ ૫૯ (ઓગણ સાઇઠ) વંધ્યત્વ નિવારણ ઓપરેશન કરવામાં આવ્યા છે.

---------

સ્ટેટ એનીમલ વેલ્ફેર બોર્ડની રચના બાદ થયેલ કામગીરી

અતારાંકિતઃ ૧૦૨૮૫(૧૫–૧૧–૨૦૧૬)શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સ્ટેટ એનીમલ વેલ્ફેર બોર્ડની રચના તા.૩૦–૧૧–૨૦૧૩ ના રોજ કરવામાં આવી છે તે હકીકત સાચી છે.

(૨) જો હા,તો આ બોર્ડની રચના થયા પછી તા.૩૧ ઓગષ્ટ,૨૦૧૫ સુધીમાં મુખ્યત્વે શી કામગીરી હાથ ધરી છે?

પશુપાલન મંત્રીશ્રી:(૬–૧–૨૦૧૭)

(૧) હા.

(૨) આ બોર્ડમાં બીનસરકારી સભ્યોની નિમણૂક કરવાની કાર્યવાહી પ્રગતિમાં હોઇ, કોઇમહત્વની કામગીરી હાથ ધરવામાં આવેલ નથી.

---------

પશુ વસ્તી ગણતરી–૨૦૧૨ નો રીપોર્ટ પ્રસિધ્ધ કરવા બાબત

અતારાંકિતઃ ૧૦૫૦૮(૧૫–૧૧–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સન ૨૦૧૨માં યોજાયેલ પશુ વસ્તી ગણતરીનો અંતિમ રીપોર્ટ તા.૩૧ઓગષ્ટ,૨૦૧૬ ની સ્થિતિએ પ્રસિધ્ધ થઇ શકયો નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા,તો તેના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉકત રીપોર્ટ કયાં સુધીમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે ?

પશુપાલન મંત્રીશ્રી:(૧૦–૧–૨૦૧૭)

(૧) હા, જી.

(૨) ભારત સરકારશ્રીના કૃષિ મંત્રાલયના પશુપાલન, ડેરી , ફિશરીઝ વિભાગ, નવી દીલ્હી દ્વારા બહાર પાડવામાં આવેલ પશુ વસ્તી ગણતરી, ૨૦૧૨ ના આંકડા રાજ્ય સરકારના આંકડા સાથે સુસંગત નથી. ગાય અને ભેંસની સંખ્યામાં વિસંગતતા આવેલ છે.

(૩) ભારત સરકારશ્રીના કૃષિ મંત્રાલયના પશુપાલન, ડેરી , ફિશરીઝ વિભાગ, નવી દીલ્હી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ પશુ વસ્તી ગણતરી-૨૦૧૨ ના રાજ્યકક્ષાના પરિણામોમાં ગાય અને ભેંસની સંખ્યાના પરિણામોમાં સુધારો થયેથી આ રીપોર્ટ પ્રસિધ્ધ કરવામાં આવશે.

---------

## ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે

## અતારાંકિત પ્રશ્નોત્તરી

સુરતના માંડવી ખાતે "ગૌ અભ્યારણ્ય"બનાવવા બાબત

અતારાંકિતઃ ૧૦૬૨૫(૧૫–૧૧–૨૦૧૬) શ્રી મેરામણભાઇ આહીર (ખંભાલિયા):માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સુરતના માંડવી ખાતે "ગૌ અભ્યારણ્ય"બનાવવારાજ્ય સરકારે જૂન, ૨૦૧૬માં નિર્ણય કર્યો છે તે હકિકત સાચી છે, અને

(૨) જો હા,તો ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે ?

પશુપાલન મંત્રીશ્રી:(૦૬–૦૧–૨૦૧૭)

(૧) ના, જી.

(૨) લાગુ પડતુ નથી.

---------

રાજ્યમાં ૧૩ માં નાણા પંચની મળવાપાત્ર રકમ બાબત

અતારાંકિતઃ ૯૩૭૨(૦૩–૦૯–૨૦૧૬)બલવંતસિહ રાજપૂત (સિધ્ધપુર):માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી(નાણા)જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભારત સરકાર પાસેથી ૧૩ માં નાણા પંચમાં કેટલી રકમ મળવા પાત્ર હતી અને તે પૈકી કેટલી રકમ મળી

(૨) તે પૈકી ઉકત વર્ષવાર રાજ્યમાં જીલ્લાવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી અને

(૩) ઉકત ફાળવેલ ગ્રાન્ટમાંથી ઉકત સ્થિતિએ જીલ્લાવાર કેટલી રકમ વણવપરાયેલી રહેલ છે?

નાણા મંત્રીશ્રી:(૧૨–૧–૨૦૧૭)

(૧) તા.૩૦–૦૬–૨૦૧૬ ની સ્થિતિએ ૧૩ માં નાણા પંચ હેઠળ રાજ્ય સરકારને છેલ્લા પાંચ વર્ષમાં કુલ રૂ.૯૬૮૨૭૯.૦૦ લાખની રકમ મળવાપાત્ર હતી અને રૂ. ૮૪૮૬૪૭.૫૩ લાખની રકમ મળી. વર્ષવાર મળવાપાત્ર અને મળેલ રકમ નીચે મુજબ છે.

(રૂ લાખમાં)

| અનુ. નં. | વર્ષ | મળવાપાત્ર રકમ | મળેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૯૦૩૪૪.૪૦ | ૮૮૭૭૪.૪૦ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૧૮૧૪૮૧.૪૦ | ૧૬૮૭૫૧.૩૩ |
| ૩ | ૨૦૧૨–૧૩ | ૨૧૧૫૮૦.૪૦ | ૧૭૪૧૧૬.૮૨ |
| ૪ | ૨૦૧૩–૧૪ | ૨૩૧૨૮૬.૪૦ | ૧૯૦૪૧૩.૨૬ |
| ૫ | ૨૦૧૪–૧૫ | ૨૫૩૬૮૬.૪૦ | ૨૨૬૫૯૧.૭૨ |
| કુલ | | ૯૬૮૨૭૯.૦૦ | ૮૪૮૬૪૭.૫૩ |

(૨) ૧૩ માં નાણા પંચમાં માત્ર જે યોજનાઓની રકમ જિલ્લાઓને ફાળવવામાં આવે છે તે યોજનાઓ (૧) જનરલ બેઝીક ગ્રાન્ટ અને પરર્ફોમન્સ ગ્રાન્ટ – પંચાયત રાજ ઇન્સ્ટીટયુશન્સ (PRIs) (૨) જનરલ બેઝીક ગ્રાન્ટ અને પરર્ફોમન્સ ગ્રાન્ટ (ULBs) (૩) ડીસ્ટ્રીકટ ઇનોવેશન ફંડ (DIF) માં તા. ૩૦–૦૬–૨૦૧૬ સુધીમાં કુલ રૂ. ૨૭૪૨૩૦.૨૨ લાખની ફાળવણી કરવામાં આવી. વર્ષવાર / જિલ્લાવાર ફાળવણીની રકમ નીચે મુજબ છે.

(રૂ લાખમાં)

| અનુ. નં. | જિલ્લાનું નામ | ફાળવણી કરેલ રકમ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | કુલ |
| ૧ | અમદાવાદ | ૨૩૪૯.૯૭ | ૩૧૧૪.૭૯ | ૩૩૯૯.૭૭ | ૪૦૯૭.૦૮ | ૪૬૩૩.૯૭ | ૧૭૫૯૫.૫૮ |
| ૨ | અમરેલી | ૧૧૬૪.૪૨ | ૧૫૫૩.૮૪ | ૧૬૮૮.૮૩ | ૨૦૦૬.૯૦ | ૨૪૫૮.૮૬ | ૮૮૭૨.૮૫ |
| ૩ | આણંદ | ૧૩૭૮.૧૦ | ૧૮૩૫.૧૧ | ૨૦૩૯.૬૧ | ૨૪૨૪.૨૬ | ૨૮૫૧.૪૫ | ૧૦૫૨૮.૫૩ |
| ૪ | બનાસકાંઠા | ૧૮૬૫.૪૦ | ૨૪૭૧.૨૧ | ૨૬૬૮.૩૮ | ૩૧૨૨.૪૦ | ૪૦૨૯.૯૨ | ૧૪૧૫૭.૩૧ |
| ૫ | ભરૂચ | ૧૦૦૬.૧૪ | ૧૩૨૦.૫૫ | ૧૫૩૬.૮૨ | ૧૭૯૪.૧૭ | ૨૨૯૮.૮૯ | ૭૯૫૬.૫૬ |
| ૬ | ભાવનગર | ૧૪૬૫.૪૫ | ૧૯૪૯.૩૧ | ૨૧૬૬.૩૨ | ૨૫૭૪.૯૯ | ૩૧૩૬.૫૬ | ૧૧૨૯૨.૬૩ |
| ૭ | ડાંગ | ૨૨૦.૮૬ | ૨૮૨.૩૮ | ૩૫૮.૩૯ | ૪૦૭.૫૫ | ૫૩૮.૭૮ | ૧૮૦૭.૯૬ |
| ૮ | દાહોદ | ૧૮૧૨.૩૯ | ૨૩૨૯.૧૩ | ૩૧૧૯.૫૩ | ૩૪૩૪.૦૫ | ૪૩૧૧.૧૯ | ૧૫૦૦૬.૨૯ |
| ૯ | ગાંધીનગર | ૭૦૭.૦૨ | ૧૦૧૨.૧૨ | ૧૧૨૪.૪૯ | ૧૩૨૯.૦૪ | ૧૬૮૩.૩૩ | ૫૮૫૬.૦૦ |
| ૧૦ | જામનગર | ૧૨૭૮.૯૩ | ૧૭૦૮.૮૨ | ૧૮૬૬.૩૮ | ૨૨૩૩.૪૨ | ૨૬૦૮.૭૯ | ૯૬૯૬.૩૪ |
| ૧૧ | જુનાગઢ | ૧૮૧૫.૩૯ | ૨૩૫૬.૬૦ | ૧૭૯૮.૮૦ | ૩૭૩૬.૭૬ | ૩૯૬૦.૦૬ | ૧૩૬૬૭.૬૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | કચ્છ | ૧૧૬૫.૨૪ | ૧૫૫૬.૨૬ | ૧૬૫૬.૭૫ | ૧૯૮૮.૮૫ | ૨૪૩૭.૭૬ | ૮૮૦૪.૮૬ |
| ૧૩ | ખેડા | ૧૫૧૯.૦૨ | ૧૯૬૫.૨૧ | ૧૫૫૫.૭૮ | ૩૨૪૦.૫૧ | ૩૪૫૪.૭૪ | ૧૧૭૩૫.૨૬ |
| અનુ. નં. | જિલ્લાનું નામ | ફાળવણી કરેલ રકમ | | | | | |
| | | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | કુલ |
| ૧૪ | મહેસાણા | ૧૨૮૨.૦૬ | ૧૬૫૩.૯૫ | ૧૨૨૬.૬૭ | ૨૭૧૯.૪૭ | ૨૯૧૫.૯૦ | ૯૭૯૮.૦૫ |
| ૧૫ | નર્મદા | ૫૯૩.૪૯ | ૭૪૧.૬૫ | ૮૦૩.૭૩ | ૧૨૯૨.૧૮ | ૧૫૬૪.૪૩ | ૪૯૯૫.૪૮ |
| ૧૬ | નવસારી | ૧૦૮૨.૩૮ | ૧૩૪૨.૭૨ | ૧૧૪૨.૬૧ | ૨૫૬૭.૦૬ | ૨૭૫૦.૩૪ | ૮૮૮૫.૧૧ |
| ૧૭ | પંચમહાલ | ૧૬૧૫.૯૧ | ૨૦૨૬.૪૪ | ૧૫૪૦.૨૨ | ૩૭૩૭.૭૯ | ૩૯૮૬.૨૧ | ૧૨૯૦૬.૫૭ |
| ૧૮ | પાટણ | ૮૪૫.૧૩ | ૧૧૨૪.૮૮ | ૧૨૨૦.૭૯ | ૧૪૨૯.૧૪ | ૧૮૪૨.૪૮ | ૬૪૬૨.૪૨ |
| ૧૯ | પોરબંદર | ૪૨૭.૦૩ | ૫૬૨.૦૫ | ૪૯૫.૦૫ | ૮૪૯.૮૮ | ૯૬૮.૪૯ | ૩૩૦૨.૫૦ |
| ૨૦ | રાજકોટ | ૧૮૧૯.૬૬ | ૨૨૭૩.૨૦ | ૨૦૩૬.૮૨ | ૩૫૪૪.૦૫ | ૪૨૨૮.૩૪ | ૧૩૯૦૨.૦૭ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૮૦૦.૩૯ | ૨૨૭૪.૮૧ | ૧૬૪૯.૧૩ | ૩૯૯૯.૮૦ | ૪૨૭૯.૩૯ | ૧૪૦૦૩.૫૨ |
| ૨૨ | સુરત | ૨૨૦૧.૦૭ | ૨૮૯૯.૭૦ | ૩૫૩૯.૩૦ | ૪૧૩૮.૮૮ | ૪૭૪૧.૦૨ | ૧૭૫૧૯.૯૭ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૨૧૧.૬૮ | ૧૫૭૫.૪૪ | ૧૧૭૮.૮૪ | ૨૫૨૮.૩૦ | ૨૬૬૪.૧૩ | ૯૧૫૮.૩૯ |
| ૨૪ | તાપી | ૮૮૬.૮૮ | ૧૧૩૮.૪૮ | ૧૫૬૭.૨૫ | ૧૭૦૭.૩૩ | ૨૧૬૯.૪૨ | ૭૪૬૯.૩૬ |
| ૨૫ | વડોદરા | ૨૨૫૭.૫૮ | ૨૮૪૯.૯૮ | ૩૪૪૭.૧૯ | ૩૮૭૭.૨૦ | ૫૩૧૨.૭૩ | ૧૭૭૪૪.૬૮ |
| ૨૬ | વલસાડ | ૧૩૫૨.૯૬ | ૧૭૫૦.૨૦ | ૨૩૦૩.૪૬ | ૨૫૬૧.૨૬ | ૩૧૩૬.૪૬ | ૧૧૧૦૪.૩૪ |
| કુલ | | ૩૫૧૨૪.૫૫ | ૪૫૬૬૮.૮૩ | ૪૭૧૩૦.૯૧ | ૬૭૩૪૨.૩૦ | ૭૮૯૬૩.૬૩ | ૨૭૪૨૩૦.૨૨ |

(૩) ૧૩ માં નાણા પંચમાં માત્ર જે યોજનાઓની રકમ જિલ્લાઓને ફાળવવામાં આવે છે. તે યોજનાઓ (૧) જનરલ બેઝીક ગ્રાન્ટ અને પરર્ફોમન્સ ગ્રાન્ટ – પંચાયત રાજ ઇન્સ્ટીટયુશન્સ (PRIs) (૨) જનરલ બેઝીક ગ્રાન્ટ અને પરર્ફોમન્સ ગ્રાન્ટ (ULBs) (૩) ડીસ્ટ્રીકટ ઇનોવેશન ફંડ (DIF) માં તા. ૩૦–૦૬–૨૦૧૬ સુધીમાં કુલ રૂ. ૨૪૦૨૬૫.૧૭ લાખની રકમ વણવપરાયેલ રહેલ છે. જિલ્લાવાર વણવપરાયેલ રકમ નીચે મુજબ છે.

(રૂ લાખમાં)

| અનુ. નં. | જિલ્લાનું નામ | ફાળવેલ રકમ | ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૭૫૯૫.૫૮ | ૧૧૧૪૮.૦૬ | ૬૪૪૭.૫૨ |
| ૨ | અમરેલી | ૮૮૭૨.૮૫ | ૮૨૮૬.૧૭ | ૫૮૬.૬૮ |
| ૩ | આણંદ | ૧૦૫૨૮.૫૩ | ૧૦૨૧૪.૨૨ | ૩૧૪.૩૧ |
| ૪ | બનાસકાંઠા | ૧૪૧૫૭.૩૧ | ૧૩૮૯૩.૭૬ | ૨૬૩.૫૫ |
| ૫ | ભરૂચ | ૭૯૫૬.૫૬ | ૭૮૧૭.૧૩ | ૧૩૯.૪૩ |
| અનુ. નં. | જિલ્લાનું નામ | ફાળવેલ રકમ | ખર્ચ | વણવપરાયેલ રકમ |
| ૬ | ભાવનગર | ૧૧૨૯૨.૬૩ | ૧૦૭૦૩.૧૦ | ૫૮૯.૫૩ |
| ૭ | ડાંગ | ૧૮૦૭.૯૬ | ૧૫૭૯.૪૬ | ૨૨૮.૫૦ |
| ૮ | દાહોદ | ૧૫૦૦૬.૨૯ | ૧૧૫૧૪.૬૨ | ૩૪૯૧.૬૭ |
| ૯ | ગાંધીનગર | ૫૮૫૬.૦૦ | ૫૪૭૫.૫૯ | ૩૮૦.૪૧ |
| ૧૦ | જામનગર | ૯૬૯૬.૩૪ | ૮૮૯૯.૩૦ | ૭૯૭.૦૪ |
| ૧૧ | જુનાગઢ | ૧૩૬૬૭.૬૦ | ૧૨૬૦૫.૦૯ | ૧૦૬૨.૫૧ |
| ૧૨ | કચ્છ | ૮૮૦૪.૮૬ | ૮૩૩૯.૯૪ | ૪૬૪.૯૨ |
| ૧૩ | ખેડા | ૧૧૭૩૫.૨૬ | ૧૧૩૪૪.૧૧ | ૩૯૧.૧૫ |
| ૧૪ | મહેસાણા | ૯૭૯૮.૦૫ | ૯૩૯૨.૭૯ | ૪૦૫.૨૬ |
| ૧૫ | નર્મદા | ૪૯૯૫.૪૮ | ૪૯૬૩.૫૦ | ૩૧.૯૮ |
| ૧૬ | નવસારી | ૮૮૮૫.૧૧ | ૮૭૬૨.૬૪ | ૧૨૨.૪૭ |
| ૧૭ | પંચમહાલ | ૧૨૯૦૬.૫૭ | ૧૨૬૯૧.૩૧ | ૨૧૫.૨૬ |
| ૧૮ | પાટણ | ૬૪૬૨.૪૨ | ૬૨૫૯.૩૭ | ૨૦૩.૦૫ |
| ૧૯ | પોરબંદર | ૩૩૦૨.૫૦ | ૩૧૯૧.૩૩ | ૧૧૧.૧૭ |
| ૨૦ | રાજકોટ | ૧૩૯૦૨.૦૭ | ૧૨૪૧૩.૯૮ | ૧૪૮૮.૦૯ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૪૦૦૩.૫૨ | ૧૩૮૯૪.૨૩ | ૧૦૯.૨૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | સુરત | ૧૭૫૧૯.૯૭ | ૧૭૪૫૪.૩૮ | ૬૫.૫૯ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૯૧૫૮.૩૯ | ૮૨૮૨.૪૮ | ૮૭૫.૯૧ |
| ૨૪ | તાપી | ૭૪૬૯.૩૬ | ૭૪૨૬.૧૨ | ૪૩.૨૪ |
| ૨૫ | વડોદરા | ૧૭૭૪૪.૬૮ | ૧૬૩૧૭.૪૮ | ૧૪૨૭.૨૦ |
| ૨૬ | વલસાડ | ૧૧૧૦૪.૩૪ | ૧૦૭૫૭.૩૩ | ૩૪૭.૦૧ |
| કુલ | | ૨૭૪૨૩૦.૨૨ | ૨૫૩૬૨૭.૪૯ | ૨૦૬૦૨.૭૩ |

રાજ્યમાં વાઈલ્ડ લાઈફ હેલ્પલાઈન

અતારાંકિતઃ ૯૮૨૮(૦૭-૧૧-૨૦૧૬)શ્રી શકિતસિંહજીગોહિલ (અબડાસા):માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં કયા જિલ્લામાં તા. ૩૧જુલાઇ, ૨૦૧૬ની સ્થિતિએ વાઇલ્ડ લાઇફ હેલ્પલાઇન કાર્યરત છે.

(૨) ઉકત સ્થિતિએ કયા જિલ્લામાં વાઇલ્ડ લાઇફ હેલ્પલાઇન કાર્યરત નથી અને તેના શા કારણો છે, અને

(૩) ઉકત બાકી રહેલા જિલ્લામાં વાઇલ્ટ લાઇફ હેલ્પલાઇન કયાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

વન મંત્રીશ્રી:(૧૩-૧-૧૭)

(૧) રાજ્યમાં અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, વડોદરા, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, નડિયાદ, મહિસાગર જિલ્લાઓમાં સ્પેશિયલ વાઇલ્ડ લાઇફ હેલ્પ લાઇન કંટ્રોલરૂમ કાર્યરત છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં જે તે જિલ્લાઓના નાયબ વન સંરક્ષકશ્રીની કચેરીના લેન્ડ લાઇન નંબર ઉપર વાઇલ્ડ લાઇફને લગતી ફરીયાદો નોંધી જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

ખીજડીયા અભ્યારણ્યથી ૧૦ કિ.મી.ની ત્રિજ્યામાં કોમર્શીયલ પ્રવૃત્તિઓ કરવા પ્રતિબંધ

અતારાંકિતઃ ૧૦૧૩૨ (૨૭-૧૦-૨૦૧૬)શ્રીરાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુપ્રીમ કોર્ટના ચુકાદા ઇકોસેન્સેટીવ ઝોનની શરતો તથા ભારત સરકારની ગાઇડલાઇન મુજબ કોઇપણ અભ્યારણ્ય થી ૧૦ કિ.મી. ની ત્રિજ્યામાં કોઇપણ કોમર્શીયલ પ્રવૃત્તિઓ કરવા પર પ્રતિબંધ અમલમાં છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો જામનગર તાલુકામાં આવેલ ખીજડીયા પક્ષી અભ્યારણ્યની તદ્દન નજીકમાં કોઇપણ પ્રકારની લીઝ વિના અને ઉપરોકત જોગવાઇઓનો સ્પષ્ટ પણે ભંગ કરીને કોમર્શીયલ ધોરણે સોલ્ટ વર્કસ તા. ૩૦-૮-૨૦૧૬ની સ્થિતિએ ગેરકાયદે ચાલી રહ્યા છે તે ગંભીર ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) આ ગેરકાયદેસર ચાલી રહેલી પ્રવૃત્તિ બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

વન મંત્રીશ્રી:(૧૩-૧-૨૦૧૭)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

રાજ્યમાં એનિમલ એમ્બ્યુલન્સની ઉપલબ્ધા

અતારાંકિતઃ ૧૦૪૨૨(૨૨-૧૧-૨૦૧૬)શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય વન મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧ ઓગસ્ટ ૨૦૧૬નીસ્થિતિએ રાજ્યમાં વન વિભાગ હસ્તક એકપણ જિલ્લામાં ઘાયલ થયેલા અને ઈજાગ્રસ્ત બનેલા વન્ય પ્રાણીઓને દવાખાના/હોસ્પીટલમાં લઈ જવા અથવા જરૂરી સારવાર અર્થે લઈ જવા એનિમલ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ નથી તથા કાર્યરત નથી તે હકીકત સાચી છે ?

વન મંત્રીશ્રી: (૧૩-૧-૨૦૧૭)

(૧) ના. જી. વન વિભાગ પાસે વ્યુહાત્મક સ્થળોએ "એનિમલ રેસ્કયુ વાન " દ્વારા તથા અન્ય વિસ્તારોમાં વિભાગના વાહનો મારફતે ઘાયલ અને ઈજાગ્રસ્ત વન્યપ્રાણીઓને નજીકના રેસ્કયુ સેન્ટર અથવા પશુ દવાખાના ખાતે સારવાર માટે લઈ જવામાં આવે છે.

----------

## ૨૭મી માર્ચ, ૨૦૧૯

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### નર્મદા જિલ્લાના તિલકવાડાના વાંઘ ગામે દીપડીનો શિકારનો ગુનો

અતારાંકિતઃ ૧૦૪૪૦(૨૨-૧૧-૨૦૧૬):શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય વન મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) નર્મદા જિલ્લાનાતિલકવાડાના વાંઘ ગામે સપ્ટેમ્બર – ૨૦૧૬માં કેટલાક ગુનાહીતોએ એક રક્ષિત દીપડીને ફાંસો આપી તેની હત્યા કર્યા બાદ પંજા કાપી લઈ નખ કાઢી લીધા હતા તે હકીકત સરકાર વાકેફ સાચી છે કે કેમ ?

(૨) જો હા તો, ઉક્ત ગુનામાં કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

વન મંત્રીશ્રી: (૧૩-૧-૨૦૧૭)

(૧) દીપડીનું મૃત્યુ શિકારથી નહીં પણ કુદરતી કારણોસર થયેલ હતું. મૃત હાલતમાં મળી આવેલ દીપડીના પંજા કાપી લઈ નખ કાઢી લેવામાં આવેલ હતા.

(૨) ઉક્ત ગુનામાં કુલ – ૬ ઈસમો સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની જોગવાઈઓ મુજબ ગુનો નોંધી, ધરપકડ કરી નામ. અદાલતમાં રજુ કરવામાં આવેલ હતા. ગુનેગારો પાસેથી કાપી લેવામાં આવેલ નખ (મુદ્દા માલ) જપ્ત કરવામાં આવેલ છે. સદરહુ ગુનેગારો સામે ચાર્જશીટ દાખલ કરવાની પ્રક્રિયા ચાલુ છે.

----------

### કચ્છ, ભાવનગર, અને ગાંધીનગર જિલ્લામાં સાપને સુરક્ષિત પકડવા તાલીમ

અતારાંકિતઃ ૧૦૫૧૯(૦૨-૧૨-૨૦૧૬)શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય વન મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) સાપને સુરક્ષિત પકડવા અને તેને વનખાતાના જવાબદાર અધિકારીની હાજરીમાં જ છોડી દેવા કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં કેટલી વ્યક્તિઓને સન ૨૦૧૫માં તાલીમ પૂરી પાડવામાં આવી,

(૨) તે પૈકી કેટલી વ્યક્તિને સાપ પકડવાની વનખાતાએ મંજૂરી આપી, અને

(૩) ઉક્ત જિલ્લામાં સાપ પકડનારી ઉક્ત વ્યક્તિઓ પર નિયંત્રણ અને દેખરેખ રાખવાની જવાબદારી કોને સોંપાઈ છે ?

વન મંત્રીશ્રી , (૧૩-૧-૨૦૧૭)

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સાપ પકડવાની તાલીમ વન વિભાગ દ્વારા આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વન્યજીવ સંરક્ષણ ધારા ૧૯૭૨ અન્વયે વન્યજીવોના સંરક્ષણ તેમજ વન્યજીવોને પકડવાના કિસ્સામાં દેખરેખ રાખવાની કામગીરી કાયદાકીય જોગવાઈ અનુસાર વન વિભાગ દ્વારા કરવામાં આવે છે. જે હેતુસર સંબંધિત જિલ્લાઓના નાયબ વન સંરક્ષકશ્રીઓને જિલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડન તેમજ તે વિસ્તારોના સંબંધિત પરીક્ષેત્ર વન અધિકારીઓને તાલુકા વાઈલ્ડ લાઈફ વોર્ડન તરીકે અધિકૃત કરવામાં આવેલ છે.

----------

### દેવભુમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાનાઓમાં પોસ્ટમોર્ટમની સુવિધા

અતારાંકિતઃ ૯૧૬૧ (૧૨-૮-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૩-૨૦૧૬ની સ્થિતિએ દેવભુમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કયા સરકારી દવાખાનાઓમાં પોસ્ટમોર્ટમની સુવિધા નથી,

(૨) ઉકત સુવિધા ન હોવાના શા કારણો છે, અને

(૩) ઉકત સુવિધાઓ કેટલા સમયમાં ઉભી કરવામાં આવશે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૬-૧-૨૦૧૭)

(૧) તા. ૩૧-૩-૨૦૧૬ ની સ્થિતિએ ૯ (નવ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે પોસ્ટમોર્ટમની સુવિધા ઉપલબ્ધ નથી. પત્રક-(અ) મુજબ

(૨) પત્રક-અ મુજબ

(૩) પત્રક-અ મુજબ

પત્રક-અ

| અ.નં. | પ્રા. આ. કેન્દ્રનું નામ | તાલુકાનું નામ | પોસ્ટમોર્ટમની સુવિધા નથી તેના કારણો શું છે ? | પોસ્ટમોર્ટમની સુવિધા નથી તેવા કેન્દ્રો પર કયા સુધીમાં આ સુવિધા ઉભી કરવામાં આવશે. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | સુરજકરાડી | ઓખામંડળ | પોસ્ટ મોર્ટમ રૂમ બનાવવાની કામગીરી ચાલુ છે. | પોસ્ટ મોર્ટમ રૂમ તૈયાર થયેથી આ સુવિધા ઉપલબ્ધ થશે. | દ્વારકા સબડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં પી.એમ. કરવામાં આવે છે. |
| ૨ | ટુંપણી | ઓખામંડળ | પોસ્ટ મોર્ટમ રૂમ ન હોવાથી | પોસ્ટ મોર્ટમ રૂમ તૈયાર થયેથી આ સુવિધા ઉપલબ્ધ થશે. | દ્વારકા સબડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં પી.એમ. કરવામાં આવે છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | દેવળીયા | કલ્યાણપુર | પોસ્ટ મોર્ટમ રૂમ બનાવવાની કામગીરી ચાલુ છે. | પોસ્ટ મોર્ટમ રૂમ તૈયાર થયેથી આ સુવિધા ઉપલબ્ધ થશે. | નજીકના સી.એચ.સી. કલ્યાણપુર અને જામરાવળમાં પી.એમ. કરવામાં આવે છે. |
| ૪ | વેરાડ | ભાણવડ | પોસ્ટ મોર્ટમ રૂમ બનાવવાની કામગીરી ચાલુ છે. | પોસ્ટ મોર્ટમ રૂમ તૈયાર થયેથી આ સુવિધા ઉપલબ્ધ થશે. | નજીકના સી.એચ.સી. ભાણવાડ અને જામરાવળમાં પી.એમ. કરવામાં આવે છે. |
| ૫ | ગુંદા | ભાણવડ | પોસ્ટ મોર્ટમ રૂમ ન હોવાથી | પોસ્ટ મોર્ટમ રૂમ તૈયાર થયેથી આ સુવિધા ઉપલબ્ધ થશે. | નજીકના સી.એચ.સી. ભાણવાડમાં પી.એમ. કરવામાં આવે છે. |
| ૬ | ગઢડા | કલ્યાણપુર | પોસ્ટ મોર્ટમ રૂમ બનાવવાની કામગીરી ચાલુ છે. | પોસ્ટ મોર્ટમ રૂમ તૈયાર થયેથી આ સુવિધા ઉપલબ્ધ થશે. | નજીકના સી.એચ.સી. ભાણવાડમાં પી.એમ. કરવામાં આવે છે. |
| ૭ | ભીંડા | ખંભાળીયા | પોસ્ટ મોર્ટમ રૂમ બનાવવાની કામગીરી ચાલુ છે. | દાતાશ્રી દ્વારા નવા બિલ્ડીંગની કામગીરી પ્રગતિમાં છે. | નજીકના સી.એચ.સી. સલાયામાં પી.એમ. કરવામાં આવે છે. |
| ૮ | અસોટા મોટા | કલ્યાણપુર | પોસ્ટ મોર્ટમ રૂમ બનાવવાની કામગીરી ચાલુ છે. | પોસ્ટ મોર્ટમ રૂમ તૈયાર થયેથી આ સુવિધા ઉપલબ્ધ થશે. | નજીકના સી.એચ.સી. કલ્યાણપુર અને જામરાવળમાં પી.એમ. કરવામાં આવે છે. |
| ૯ | ભોગાત | કલ્યાણપુર | પોસ્ટ મોર્ટમ રૂમ બનાવવાની કામગીરી ચાલુ છે. | પોસ્ટ મોર્ટમ રૂમ તૈયાર થયેથી આ સુવિધા ઉપલબ્ધ થશે. | નજીકના સી.એચ.સી. કલ્યાણપુર અને જામરાવળમાં પી.એમ. કરવામાં આવે છે. |

---------

રાજ્યની જનરલ હોસ્પીટલોમાં ચક્ષુદાન સ્વીકારવા માટેની વ્યવસ્થા

અતારાંકિતઃ ૧૦૪૩૨ (૨૯–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં જિલ્લા કક્ષાની કઈ જનરલ હોસ્પીટલોમાં, "ચક્ષુદાન "સ્વીકારવા માટેની વ્યવસ્થા તા. ૩૦મી જૂન,૨૦૧૬ની સ્થિતિએ ઉપલબ્ધ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલી જનરલ હોસ્પીટલોમાં ઉક્ત સુવિધા ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૬–૧–૨૦૧૭)

(૧) તા. ૩૦મી જૂન, ૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના બોટાદ, છોટાઉદેપુર, દેવભૂમિ દ્વારકા અને મહિસાગર જિલ્લાઓ સિવાયના તમામ જિલ્લા કક્ષાની જનરલ હોસ્પીટલોમાં ચક્ષુદાન સ્વીકારવાની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

(૨) બાકી રહેલ ઉક્ત જનરલ હોસ્પીટલોમાં આ સુવિધા બનતી ત્વરાએ ઉપલબ્ધ કરવામાં આવશે.

---------

મોરબી ખાતે આવેલી આયુર્વેદિક હોસ્પિટલનો વર્ગ–૧ થી વર્ગ–૪ની જગ્યાઓ બાબત

અતારાંકિતઃ ૧૦૬૩૧ (૨૪–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) મોરબી જિલ્લા ખાતે આવેલી આયુર્વેદિક હોસ્પિટલમાં તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૬ની સ્થિતિએ વર્ગ–૧ થી વર્ગ–૪ની કઈ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૬–૧–૨૦૧૭)

(૧) તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૬ની સ્થિતિએ વર્ગ – ૧ થી ૪ની ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | જગ્યાનું નામ | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | વૈદ્ય પંચકર્મ | ૧–૭–૨૦૦૯ |
| ૨ | વર્ગ–૩ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૩–૫–૨૦૧૧ |
| ૩ | | સ્ટાફનર્સ | ૪–૨–૨૦૦૫, ૧–૬–૨૦૧૨, ૧૯–૨–૨૦૧૬ |
| ૪ | | કમ્પાઉન્ડર | ૧–૭–૨૦૧૫ ૧–૯–૨૦૧૬ |
| ૫ | | સ્વીપર | ૧–૮–૨૦૧૬ |

(૨) ઉક્ત જગ્યાઓ વયનિવૃત્તિ અને અન્યત્ર બદલી થવાના કારણોસર ખાલી છે.

(૩) વૈદ્ય પંચકર્મ વર્ગ–૧ તથા સ્ટાફનર્સ વર્ગ–૩ની જગ્યાના સુધારેલ ભરતી નિયમો આખરી થયેથી જગ્યા ભરવાની કાર્યવાહી કરવામાં આવશે. કમ્પાઉન્ડર વર્ગ–૩ની જગ્યાઓના માંગણાપત્રકો જરૂરી મંજૂરી બાદ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોકલવામાં આવશે.

---------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની જેલોમાં સી.સી.ટી.વી કેમેરા મૂકવા બાબત

અતારાંકિતઃ ૯૮૭૫ (૧૫–૧૧–૨૦૧૬) શ્રી મેરામણભાઇ આહીર (ખંભાલિયા):માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સુપ્રીમકોર્ટે દિલીપ કે. બાસુ વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલના કેસમાં રાજ્યની તમામ જેલોમાં સી.સી.ટી.વી કેમેરા એક વર્ષમાં મૂકી દેવા તા.૨૪–૦૭–૨૦૧૫ના રોજ આદેશ આપ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની કઇ જેલોમાં કેટલા સી.સી.ટી.વી કેમેરા મૂકવામાં આવ્યા છે અને કેટલી જેલોમાં મૂકવાના બાકી છે ?

જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૧૨–૧–૨૦૧૭)

(૧) હા, જી, એક વર્ષમાં, પરંતુ બે વર્ષથી મોડું નહીં તે રીતે આદેશ છે.

(૨) દેવભૂમિ દ્વારકામાં એકપણ જેલ આવેલ નથી. સુરત જિલ્લાની લાજપોર મધ્યસ્થ જેલ ખાતે ૮૦૬ સી.સી.ટી.વી. કેમેરા મૂકવામાં આવેલ છે. તાપી જિલ્લાની ઉચ્છલ સબ જેલ ખાતે ૦૩ તથા નિઝર સબ જેલ ખાતે ૦૫ સી.સી.ટી.વી. કેમેરા મૂકવામાં આવેલ છે. જ્યારે સુરત જિલ્લાની ૦૫ જેલ તથા તાપી જિલ્લાની ૦૨ જેલો ખાતે સી.સી.ટી.વી. કેમેરા મૂકવાના બાકી છે.

---------

જૂનાગઢ અને પોરબંદર જિલ્લાની જેલોમાં સી.સી.ટી.વી કેમેરા મૂકવા બાબત

અતારાંકિતઃ ૯૯૩૮ (૨૯–૧૦–૨૦૧૬) શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર):માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સુપ્રીમકોર્ટે દિલીપ કે. બાસુ વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલના કેસમાં રાજ્યની તમામ જેલોમાં સી.સી.ટી.વી કેમેરા એક વર્ષમાં મૂકી દેવા તા.૨૪–૦૭–૨૦૧૫ના રોજ આદેશ આપ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો જૂનાગઢ અને પોરબંદર જિલ્લાની કઇ જેલોમાં કેટલા સી.સી.ટી.વી કેમેરા મૂકવામાં આવ્યા છે અને કેટલી જેલોમાં મૂકવાની બાકી છે ?

જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૧૨–૧–૨૦૧૭)

(૧) હા, જી

(૨) જૂનાગઢ જિલ્લા જેલમાં ૧૦૦ તથા પોરબંદર જિલ્લાની પોરબંદર ખાસ જેલમાં ૪૮ સી.સી.ટી.વી કેમેરા મૂકવામાં આવેલ છે અને હવે કોઇ કેમેરા મૂકવાના બાકી નથી.

---------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની જેલોમાં સેસન્સ કોર્ટ દ્વારા ફરીયાદ પેટી બાબત

અતારાંકિતઃ ૧૦૪૦૩ (૦૭–૧૧–૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ):માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની જેલોમાં સ્થાનિક સેશન્સ કોર્ટ દ્વારા કેદીઓ માટે વહીવટી પ્રશ્નો તથા શારીરીક હેરાનગતિ માટે અલગ અલગ ફરિયાદ પેટીઓ મુકાઇ છે જેમાં કેદીઓ પોતાની ફરિયાદો મૂકી શકે છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો તા.૩૦–૮–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ બંને પ્રકારની ફરિયાદ પેટીઓમાં કેદીઓ દ્વારા કેટલી ફરિયાદો મૂકાઇ હતી, અને

(૩) તે પૈકી કેટલી ફરિયાદોના ઉકેલ થયો ?

જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૧૨–૧–૨૦૧૭)

(૧) ના, જી

(૨) એકપણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૦૯ અન્વયે ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગો

અતારાંકિતઃ ૧૦૭૧૯(૨–૧૨–૨૦૧૬)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ):માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ–૨૦૦૯ અંતર્ગત કેટલી કંપનીઓએ કુલ કેટલી રકમના એમ.ઓ.યુ કર્યા, અને

(૨) એમ.ઓ.યુ. પૈકી તા. ૩૦–૦૯–૨૦૧૬ સુધીમાં કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) :(૯–૧–૨૦૧૭)

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ માં રૂ ૧૨૩૪૮૯૮ કરોડના સુચિત મુડી રોકાણની સાથે ૩૫૭૪ પ્રોજેકટસ માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

(૨) તા. ૩૦–૦૯–૨૦૦૯ ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯માં થયેલ એમ.ઓ.યુ. પૈકી કુલ ૨૧૪૦ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે તથા ૨૭૩ પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે.

---------------

### વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૫ અન્વયે ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગો

અતારાંકિતઃ ૧૦૭૨૦(૨–૧૨–૨૦૧૬)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ):માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૫ અંતર્ગત કેટલી કંપનીઓએ કુલ કેટલી રકમના એમ.ઓ.યુ કર્યા, અને

(૨) એમ.ઓ.યુ. પૈકી તા. ૩૦–૦૯–૨૦૧૬ સુધીમાં કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) :(૯–૧–૨૦૧૭)

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ માં રૂ ૨૧,૩૦૪ પ્રોજેકટસ માટે ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા હતા. જેમાં રૂ ૨૫ લાખ કરોડનું મૂડી રોકાણ અપેક્ષિત હતું.

(૨) તા. ૩૦–૦૯–૨૦૧૬ ની સ્થિતિએ, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫માં મંજુર થયેલ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન પૈકી કુલ ૧૨૧૬૦ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે તેમજ ૩૧૬૩ પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે.

-------------

### વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૩ અન્વયે ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગો

અતારાંકિતઃ ૧૦૭૨૧(૨–૧૨–૨૦૧૬)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ):માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૩ અંતર્ગત કેટલી કંપનીઓએ કુલ કેટલી રકમના એમ.ઓ.યુ કર્યા, અને

(૨) આ એમ.ઓ.યુ. પૈકી તા. ૩૦–૦૯–૨૦૧૬ સુધીમાં કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) :(૯–૧–૨૦૧૭)

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩ માં રૂ ૧૭,૭૧૯ પ્રોજેકટ માટે ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા હતા. જેમાં સુચિત મૂડી રોકાણની વિગતો ધ્યાને લેવામાં આવેલ નથી.

(૨) તા. ૩૦–૦૯–૨૦૧૬ ની સ્થિતિએ, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩માં મંજુર થયેલ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન પૈકી કુલ ૧૦૬૮૪ પ્રોજેકટસ ઉત્પાદનમાં ગયેલ છે તેમજ ૭૪૮ પ્રોજેકટ અમલી કરણ હેઠળ છે.

---------

### વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૧ અન્વયે ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગો

અતારાંકિતઃ ૧૦૭૨૨(૨–૧૨–૨૦૧૬)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ):માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૧ અંતર્ગત કેટલી કંપનીઓએ કુલ કેટલી રકમના એમ.ઓ.યુ કર્યા, અને

(૨) આ એમ.ઓ.યુ. પૈકી તા. ૩૦–૦૯–૨૦૧૬ સુધીમાં કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) :(૯–૧–૨૦૧૭)

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ માં રૂ ૨૦૮૩૧૮૩ કરોડના સુચિત મુડી રોકાણની સાથે ૮૩૮૦ પ્રોજેકટસ માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

(૨) તા. ૩૦–૦૯–૨૦૧૬ ની સ્થિતિએ, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧માં થયેલ એમ.ઓ.યુ. પૈકી કુલ ૪૧૧૭ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે તેમજ ૩૧૯ પ્રોજેકટ અમલી કરણ હેઠળ છે.

------------

### બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં નાની/મધ્યમ સિંચાઇ કેનાલમાં કામ

અતારાંકિતઃ ૮૭૧૧ (૯–૯–૨૦૧૬)શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## ૨૭મી માર્ચ, ૨૦૧૯

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ કઇ નાની અને મધ્યમ સિંચાઇ યોજનાના કેનાલના કામ અધૂરા છે, અને

(૨) તે કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૧૧–૧–૨૦૧૭)

(૧) (૧) બનાસકાંઠા જિલ્લામાં બાલારામ નાની સિંચાઇ યોજનાની નહેર અને (૨૭ સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકાની ખેડવા જળાશય યોજનાની માઇનોર કેનાલનાં કામો અધૂરા છે.

(૨) અનુક્રમે (૧) બનાસકાંઠા જિલ્લામાં બાલારામ નાની સિંચાઇ યોજનાની નહેર, વન વિભાગના આરક્ષિત વિસ્તારમાંથી પસાર થતી હોવાથી વન વિભાગની જરૂરી એવી મંજૂરી મળ્યેથી અને (૨) સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકાની ખેડવા જળાશય યોજનાના માઇનોર કેનાલના અધૂરા કામો જૂન–૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------------

### કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીના કૂવા

અતારાંકિતઃ ૯૭૮૧ (૧૫–૧૧–૨૦૧૬)શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં આવેલ પીવાના પાણીના કેટલા કૂવાઓનું પાણી તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ પીવા યોગ્ય રહ્યું નથી, અને

(૨) ઉકત કૂવાઓના પાણીને ફરીથી પીવા યોગ્ય બનાવવા શા પગલાં લેવામાં આવ્યાં છે ?

પાણી પુરવઠા મંત્રીશ્રી :(૧૦–૧–૨૦૧૭)

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ

કચ્છ જિલ્લામાં ૦૮ જૂથ પા.પુ. યોજનાઓના કુલ ૩૭ કુવાઓ પૈકી પુરક સોર્સ તરીકે ૨૪ કુવાઓના પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. ૬ કુવાઓ લાંબા સમયથી ઉપયોગમાં નથી અને ૭ કુવાઓનું પાણી પીવા યોગ્ય ગુણવત્તાવાળું રહેલ નથી.

ભાવનગર જિલ્લામાં ૪ જૂથ યોજનાઓમાં પુરક સોર્સ તરીકે ૪ કુવાઓનાં પાણીનો ઉપયોગ કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લાનાં ગામોમાં કુવાનું પાણી પીવા યોગ્ય રહ્યું ન હોય તેની વિગત શૂન્ય છે.

(૨) કચ્છ જિલ્લામાં પાણી પીવા યોગ્ય ગુણવત્તાવાળું ન રહેલ ૭ કુવાઓ નર્મદા કેનાલનાં ફીડીંગ તેમજ સારો વરસાદ થતા રીચાર્જ થવાથી પાણીની ગુણવત્તા સુધરતા હાલમાં ફરીથી ઉપયોગમાં લેવામાં આવી રહ્યા છે.

ભાવનગર અને ગાંધીનગર જિલ્લા માટે જૂથ યોજનાઓના કુવાઓનાં પાણી પીવાલાયક હોવાથી પીવા યોગ્ય બનાવવાનો પ્રશ્ન રહેતો નથી.

------------

### દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં પીવાના પાણીના કૂવા

અતારાંકિતઃ ૯૯૩૩ (૧૫–૧૧–૨૦૧૬)શ્રી મેરામણભાઇ આહીર (ખંભાલીયા):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં આવેલા કેટલા ગામના પીવાના પાણીના કેટલા કૂવાઓનું પાણી તા. ૩૧ ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ પીવા યોગ્ય રહ્યું નથી, અને

(૨) ઉકત કૂવાઓના પાણીને ફરીથી પીવા યોગ્ય બનાવવા શા પગલાં લેવામાં આવ્યાં છે ?

પાણી પુરવઠા મંત્રીશ્રી :(૧૦–૧–૨૦૧૭)

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ જિલ્લામાં આવેલા પાણી પુરવઠા બોર્ડ હસ્તકના કોઇપણ કૂવાનું પાણી બિનપીવાલાયક થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### રાજ્યમાં નર્મદા યોજના અંતર્ગત બાકી બનાવવાની શાખા, પ્ર–શાખા અને પ્ર.પ્ર.શાખાઓ

અતારાંકિતઃ ૧૦૧૩૬ (૦૫–૧૨–૨૦૧૬)શ્રી રાઘવજીભાઇ પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા)જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં તા. ૩૦મી જૂન–૨૦૧૬ ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત કેટલા કિ.મી. શાખા, પ્રશાખા તથા પ્ર.પ્ર. શાખાઓ બનાવવાની બાકી છે.

(૨) તે બાકી રહેવાના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) બાકી રહેલ ઉકત તમામ શાખાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) :(૧૨–૧–૨૦૧૭)

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલ નેટવર્કની અંદાજીત બાકી લંબાઇ નીચે મુજબ છે.

- શાખા નહેર–૨૦૭.૧૯ કી.મી.
- વિશાખા નહેરો–૫૭૬.૪૧ કી.મી.
- પ્રશાખા (માઇનોર) નહેરો–૪૦૩૫.૧૪ કી.મી.
- પ્રપ્રશાખા (સબ માઇનોર) નહેરો–૨૩૧૫૬.૦૮ કી.મી.

(૨) નર્મદા યોજનાની પ્રશાખા સુધીની બાકી નહેરોના કામો આયોજન મુજબ હાલ પ્રગિતમાં છે. અમુક કામો જમીન સંપાદન, જંગલ અને અભ્યારણ્યમાંથી પસાર થતી નહેરો માટેની મંજૂરી અને અન્ય યુટીલીટી ક્રોસીંગ્સમાં જેવા કે રેલવે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઇપ લાઇન, ટેલીફોન/ઇલેકટ્રીક લાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળવામાં વિલંબ જેવા કારણોસર બાકી રહેલ છે.

(૩) નર્મદા યોજનાની પ્રશાખા સુધીની બાકી નહેરોના કામો જમીન સંપાદન, જંગલ અને અભ્યારણમાંથી પસાર થતી નહેરો માટેની અને અન્ય યુટીલીટી ક્રોસીંગ્સ જેવા કે રેલવે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઇપ લાઇન, ટેલિફોન/ઇલેક્ટ્રીક લાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.
નર્મદા યોજનાની પ્રપ્રશાખા નહેરોના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, પ્રશાખા નહેરોની કામગીરી પૂર્ણ થયેથી, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ તથા ફાળો મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

વિજાપુર તાલુકામાં સાબરમતી નદી પર ચેકડેમો બનાવવાની મંજૂરી

અતારાંકિતઃ ૧૦૬૭૪ (૨૨–૧૧–૨૦૧૬)શ્રી પ્રહલાદભાઇ પટેલ (વિજાપુર):માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૯–૨૦૧૬ ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં સાબરમતી નદી ઉપર છેલ્લા ચાર વર્ષમાં કેટલા ચેકડેમો બનાવવા મંજૂરી આપી.
(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલા ચેકડેમોના કામો પૂર્ણ થયા, અને
(૩) ઉકત સ્થિતિએ કેટલાના કામો પ્રગતિમાં છે અને કેટલા કામો શરૂ થયા નથી ?

જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૦૭–૦૧–૨૦૧૭)

(૧) રાજ્યમાં મોટી નદી ઉપર ચેકડેમો બનાવવાના બદલે વિજાપુર તાલુકાના હીરપુરા ગામ પાસે સાબરમતી નદી ઉપર બેરેજ બનાવવાનું આયોજન હાલ વહીવટી મંજૂરી અને જમીન સંપાદનના તબક્કે છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વિજાપુર તાલુકામાં ધરોઇની કેનાલના પ્રશાખાના અધુરા કામો

અતારાંકિતઃ ૧૦૬૭૫ (૨૨–૧૧–૨૦૧૬) શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર):માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૧૬ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં ધરોઇની કેનાલ લાડોલ–ભાવસોર કેનાલના પ્રશાખાના કામો અધુરા છે તે હકીકત સાચી છે, અને
(૨) જો હા તો ઉક્ત કામો કેટલા સમયમાં શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે ?

જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૦૭–૦૧–૨૦૧૭)

(૧) હા.
(૨) જમીન સંપાદન પૂર્ણ થયેથી નિયમોનુસાર પૂર્ણ કરવામાં આવશે.

---------

વિજાપુર તાલુકામાં ધનપુરા ગામે વરસાદી પાણીના નિકાલ માટે મંજૂર થયેલ કામો

અતારાંકિતઃ ૧૦૬૭૬ (૨૨–૧૧–૨૦૧૬) શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર):માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૧૬ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં ધનપુરા ગામે વરસાદી પાણીના નિકાલ માટે મંજૂર થયેલ કામો કયા તબક્કે છે,
(૨) ઉક્ત સ્થિતિએ જો આ કામો શરૂ થયા ન હોય તો તેના કારણો શા છે, અને
(૩) કેટલા સમયમાં આ કામો હાથ ધરવામાં આવશે ?

જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૦૭–૦૧–૨૦૧૭)

(૧) કુલ અંદાજીત ખર્ચના ૪૦ ટકા હિસ્સો જિલ્લા આયોજન મંડળ અને ૧૦ ટકા હિસ્સો લોકફાળા તરીકે આપવાની સંમતિ ગ્રામ પંચાયત તરફથી મળ્યેથી કામગીરી હાથ ધરવા નિર્ણય થયેલ છે.

(૨) ઉપર મુજબની બંને સંમતિ ન મળવાથી.

(૩) બંને સંસ્થાઓ તરફથી સંમતિ મળ્યા બાદ છ માસમાં કામગીરી હાથ ધરવામાં આવશે.

---------

જામનગર જિલ્લામાં ડેમો બનાવવાનું આયોજન

અતારાંકિતઃ ૧૦૮૫૨ (૦૭-૧૨-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૦મી જૂન ૨૦૧૬ની સ્થિતિએ કઈ જગ્યાએ મોટા અને મધ્યમ કક્ષાના ડેમો બનાવવાનું આયોજન છે.

(૨) ઉપરોક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે, અને

(૩) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૧૩-૦૧-૨૦૧૭)

(૧) મોટા અને મધ્યમ કક્ષાના ડેમો માટે યોગ્ય સાઈટ ઉપલબ્ધ ન હોવાથી હાલમાં કોઈ આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા બાબત

અતારાંકિતઃ ૮૧૮૫ (૨૮-૭-૨૦૧૬) શ્રી ભોળાભાઈ ગોહિલ (જસદણ):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવાનો બાકી રહી ગયો હોય તેવી સન ૨૦૧૪ અને ૨૦૧૫માં કેટલી ફરિયાદો મળી,

(૨) ઉક્ત ફરિયાદોને આધારે કેટલા પરિવારોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત પૈકી બાકી રહેલા પરિવારોનો સમાવેશ ક્યારે કરવામાં આવશે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૧૦-૦૧-૨૦૧૭)

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવાનો બાકી રહી ગયા હોય તેવી સને ૨૦૧૪ અને ૨૦૧૫માં નીચેની વિગતે જિલ્લાવાર ફરીયાદો મળેલ છે.

| ક્રમ નં. | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
| ૧ | રાજકોટ | ૧૨૪ | ૧૧૨ | ૨૩૬ |
| ૨ | મોરબી | ૦૦ | ૦૬ | ૦૬ |
| ૩ | સુરેન્દ્રનગર | ૬૬ | ૦૪ | ૭૦ |
| | કુલ | ૧૯૦ | ૧૨૨ | ૩૧૨ |

(૨) ઉક્ત ફરિયાદોને આધારે નીચે મુજબના પરિવારોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

| ક્રમ નં. | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદો પૈકી બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરેલ પરિવારોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
| ૧ | રાજકોટ | ૧૨૪ | ૧૧૨ | ૨૩૬ |
| ૨ | મોરબી | ૦૦ | ૦૬ | ૦૬ |
| ૩ | સુરેન્દ્રનગર | ૪૭ | ૦૩ | ૫૦ |
| | કુલ | ૧૭૧ | ૧૨૧ | ૨૯૨ |

(૩) ઉક્ત પૈકી સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪માં ૧૯ તથા વર્ષ ૨૦૧૫માં ૧ મળી કુલ ૨૦ લાભાર્થીઓનો ૨૧ થી ઉપરના સ્કોરમાં સમાવેશ થયેલ હોઈ બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા બાબત

અતારાંકિતઃ ૮૨૨૨ (૨૮-૭-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવાનો બાકી રહી ગયો હોય તેવી સન ૨૦૧૪ અને ૨૦૧૫માં કેટલી ફરિયાદો મળી,

(૨) ઉક્ત ફરિયાદોને આધારે કેટલા પરિવારોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત પૈકી બાકી રહેલા પરિવારોનો સમાવેશ ક્યારે કરવામાં આવશે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૧૦-૦૧-૨૦૧૭)

(૧) અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવાનો બાકી રહી ગયા હોય તેવી સને ૨૦૧૪ અને ૨૦૧૫માં નીચેની વિગતે જિલ્લાવાર ફરીયાદો મળેલ છે.

| ક્રમ નં. | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
| ૧ | અરવલ્લી | ૩૬ | ૩૫ | ૭૧ |
| ૨ | મહીસાગર | ૦૨ | ૦૨ | ૦૪ |
| | કુલ | ૩૮ | ૩૭ | ૭૫ |

(૨) ઉક્ત ફરિયાદોને આધારે નીચે મુજબના પરિવારોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

| ક્રમ નં. | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદો પૈકી બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરેલ પરિવારોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
| ૧ | અરવલ્લી | ૩૬ | ૩૫ | ૭૧ |
| ૨ | મહીસાગર | ૦૨ | ૦૨ | ૦૪ |
| | કુલ | ૩૮ | ૩૭ | ૭૫ |

(૩) કોઈ પરિવાર સમાવેશ કરવાનો બાકી રહેતો ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં મનરેગામાં ગેરરીતિની ફરિયાદો

અતારાંકિતઃ ૯૫૮૭ (૯-૯-૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં મનરેગામાં નિયુક્ત થયેલા લોકાયુક્ત સમક્ષ સન – ૨૦૧૩ ના વર્ષમાં મુખ્યત્વે કયા પ્રકારની કેટલી ફરિયાદો આવી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો તા. ૩૧મી માર્ચ-૨૦૧૬ સુધીમાં નિકાલ થયો, અને

(૩) તે અન્વયે કેટલા કસુરવારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૧૩-૦૧-૨૦૧૭)

(૧) આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં મનરેગામાં નિયુક્ત થયેલા લોકાયુક્ત સમક્ષ સન – ૨૦૧૩ ના વર્ષમાં ગેરરીતિની એકપણ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### નર્મદા અને ભરૂચ જિલ્લામાં મનરેગા ગેરરીતિની ફરિયાદો

અતારાંકિતઃ ૯૭૦૯ (૯-૯-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં મનરેગામાં નિયુક્ત થયેલા લોકાયુક્ત સમક્ષ સન – ૨૦૧૩ ના વર્ષમાં મુખ્યત્વે કયા પ્રકારની કેટલી ફરિયાદો આવી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો તા. ૩૧મી માર્ચ-૨૦૧૬ સુધીમાં નિકાલ થયો, અને

(૩) તે અન્વયે કેટલા કસુરવારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૧૩-૦૧-૨૦૧૭)

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં મનરેગામાં નિયુક્ત થયેલા લોકાયુક્ત સમક્ષ સન – ૨૦૧૩ ના વર્ષમાં ગેરરીતિની એકપણ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ૨૪મી માર્ચ, ૨૦૧૯

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં મનરેગા લોકાયુક્ત સમક્ષ ફરિયાદો

અતારાંકિતઃ ૧૦૦૧૨ (૨૧–૧૦–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં મનરેગાના નિયુક્ત થયેલા લોકાયુક્ત સમક્ષ સન – ૨૦૧૪ માં મુખ્યત્વે કયા પ્રકારની કેટલી ફરિયાદો આવી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો તા. ૩૧મી માર્ચ–૨૦૧૬ સુધીમાં નિકાલ થયો, અને

(૩) તે અન્વયે કેટલા કસુરવારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૧૩–૦૧–૨૦૧૭)

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં મનરેગાના નિયુક્ત થયેલા લોકાયુક્ત સમક્ષ સન – ૨૦૧૪ ના વર્ષમાં એકપણ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં મનરેગા યોજનામાં ફરિયાદો

અતારાંકિતઃ ૧૦૦૧૩ (૨૧–૧૦–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં મનરેગામાં નિયુક્ત થયેલા લોકાયુક્ત સમક્ષ સન – ૨૦૧૩ના વર્ષમાં મુખ્યત્વે કયા પ્રકારની કેટલી ફરિયાદો આવી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો તા. ૩૧મી માર્ચ–૨૦૧૬ ની સ્થિતિએ નિકાલ થયો, અને

(૩) તે અન્વયે કેટલા કસુરવારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :(૧૩–૦૧–૨૦૧૭)

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં મનરેગાનાં નિયુક્ત થયેલા લોકાયુક્ત સમક્ષ સન – ૨૦૧૩ ના વર્ષમાં એકપણ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### અમદાવાદ જિલ્લામાં નોન એગ્રીકલ્ચરલ (એન.એ.) કરેલ ખેતીની જમીન

અતારાંકિતઃ ૭૯૩૧ (૨૮–૦૭–૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહીલ (અબડાસા):માનનીય મહેસૂલ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ખેતીની જમીનોને એન.એ. (નોન એગ્રીકલ્ચરલ) માં ફેરવવામાં આવી,

(૨) ઉક્ત જમીનો એન.એ કરવાથી ખેતી માટેની કેટલી જમીનો ઓછી થઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં ખેતીની જમીનોને મૂળ સ્વરૂપે જાળવી રાખવા શી વ્યવસ્થા થઈ છે ?

મહેસૂલ મંત્રીશ્રી:(૧૨–૦૧–૨૦૧૭)

(૧)

| ક્રમ | વર્ષ | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૨,૦૨,૦૩,૯૪૪ |
| ૨ | ૨૦૧૪ | ૧,૨૫,૧૫,૦૪૪ |
| ૩ | ૨૦૧૫ | ૧,૫૯,૭૪,૧૭૯ |

(૨) ૪,૮૬,૯૩,૧૬૭ ચો.મી.

(૩) ખેતીને ઉત્તેજન મળે તથા ખેતીની પ્રવૃત્તિને વેગ મળે તે માટે સરકારશ્રીના કૃષિ વિભાગ દ્વારા પૂરતા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

---------

### મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નવી શરતની જમીન જૂની શરતમાં મંજૂર કરવા બાબત

અતારાંકિતઃ ૧૦૬૮૩ (૨૩–૧૧–૨૦૧૬) શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર):માનનીય મહેસૂલ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સીમના સર્વે નંબરની નવી શરતની જમીન જૂની શરતમાં મંજૂર કરવા કેટલી દરખાસ્તો મળી, અને

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર થઈ અને કેટલી પડતરમાં છે ?

મહેસૂલ મંત્રીશ્રી:(૫–૧–૨૦૧૭)

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ દરખાસ્તો |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૨૯ |
| ૨ | કડી | ૧૮૯ |
| ૩ | બેચરાજી | ૨૯ |
| ૪ | ઉંઝા | ૫૭ |
| ૫ | વિસનગર | ૨૮ |
| ૬ | વિજાપુર | ૭૦ |
| ૭ | ખેરાલુ | ૬ |
| ૮ | વડનગર | ૧૭ |
| ૯ | સતલાસણા | ૫ |
| ૧૦ | જોટાણા | ૧ |
| | કુલ | ૫૩૧ |

(૨)

| અ. નં. | તાલુકાનું નામ | મંજૂર દરખાસ્ત | પડતર દરખાસ્ત |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૭૮ | ૬ |
| ૨ | કડી | ૧૦૬ | ૫ |
| ૩ | બેચરાજી | ૨૦ | ૧ |
| ૪ | ઉંઝા | ૩૯ | ૩ |
| ૫ | વિસનગર | ૨૦ | ૧ |
| ૬ | વિજાપુર | ૪૨ | ૩ |
| ૭ | ખેરાલુ | ૪ | ૧ |
| ૮ | વડનગર | ૧૪ | ૧ |
| ૯ | સતલાસણા | ૩ | ૧ |
| ૧૦ | જોટાણા | ૧ | - |
| | કુલ | ૩૨૭ | ૨૨ |

----------

### રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકોની હિજરતની ઘટનાઓ

અતારાંકિતઃ ૮૦૬૭ (૨૮–૦૭ –૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહીલ (અબડાસા):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકોની હિજરતની કેટલી ઘટના સન ૨૦૧૫ના વર્ષમાં કઈ જગ્યાએ બનવા પામી,

(૨) ઉક્ત બાબતે સરકારે શા પગલાં ભર્યા,

(૩) તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ કેટલા હિજરતીઓ હજુ પોતાની મૂળ જગ્યાએ પરત ફરી શક્યા નથી, અને

(૪) ઉક્ત બાકી તમામ હિજરતીઓ પોતાની મૂળ જગ્યાએ પરત ફરી શકે તે માટે ઉક્ત સ્થિતિએ શા પગલાં ભર્યા છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:(૬–૧–૨૦૧૭)

(૧) કુલ ૧ ઘટના મુ. આંકોલાળી, તા. ગીર–ગઢડા, જિ. ગીર સોમનાથ.

(૨) આંકોલાળીના બનાવ અન્વયે લીધેલ પગલાં

- આંકોલાળીના ગામે અનુસૂચિત જાતિના કુટુંબ ઉપર ગંભીર રીતે હુમલો કરી સવારે ૮:૦૦ વાગ્યાના સુમારે અગિયાર કોળી ઈસમોએ ટોળામાં આવી પોતાની પુત્રીના અપહરણની શંકા કરી ફરીયાદીના એક કાચા મકાનમાં ફરીયાદીના પુત્ર શ્રી લાલજીભાઈ કાળાભાઈ સરવૈયાને પુરી દઈ મકાનમાં કેરોસીન છાંટી મકાન અને લાલજીભાઈને સળગાવી નાંખેલ. જેથી લાલજીભાઈનું મૃત્યુ ઘટના સ્થળે જ થયેલ છે. કાળાભાઈ તેમના પુત્ર જયંતિભાઈ તથા પુત્ર જીણાભાઈને પણ નાની મોટી ઈજાઓ પહોંચાડેલ હતી.

- સદર બનાવ સંબંધે ગીર–ગઢડા પો. સ્ટે. ફ. ગુ. ર. નં. ૪૭ /૧૨ આઈપીસી કલમ– ૩૦૨, ૩૨૪, ૪૩૬, ૩૨૩, ૩૪૨, ૪૪૯, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦, બી, બીપીએ ૧૩૫ એટ્રોસીટી ક: ૩ (૨) (૫), ૧૫ (૧) (૩) મુજબ ફરીયાદી કાળાભાઈ જેઠાભાઈ સરવૈયાએ આ કામના આરોપીઓ (૧) ભાણા કાના વાજા કોળી, (૨) લાલજી વશરામ કોળી, (૩) બાબુ દાના વાજા કોળી, (૪) ધીરૂ વીરા વાજા કોળી, (૫) ભીખા વીરા વાજા કોળી, (૬) રામ ભીખા વાજા કોળી, (૭) પાંચા લાખા વાજા કોળી, (૮) પ્રવીણ ધીરૂ વાજા કોળી, (૯) અરજણ બાબુ મકવાણા કોળી, (૧૦) હમીર અરજણ વાજા કોળી, (૧૧) હભરૂ કાના વાજા કોળી રહે બધા આંકોલાળી, તા. ઉના વિરૂદ્ધતા. ૧૩–૦૯–૨૦૧૨ના રોજ ૧૩ : ૧૫ કલાકે ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.
- તમામ આરોપી અટક થઈ ગયેલ છે. આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ નં. ૫૬/૧૨, તા. ૧૧–૧૦–૨૦૧૨થી કરેલ છે.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરના તા. ૦૪–૦૭–૨૦૧૫ના આદેશથી ભોગ બનનાર કુટુંબને હિજરતી જાહેર કરવામાં આવેલ છે.
- મરણજનારના વારસદાર પિતા તથા માતાના સંયુક્ત નામે રૂ ૧,૫૦,૦૦૦/– રોકડાનો ચેક તથા રૂ ૨,૨૫,૦૦૦/– પોસ્ટ ઓફીસ માસિક વ્યાજ યોજના હેઠળનો ચેક મળી કુલ રૂ ૩,૭૫,૦૦૦/- સહાય આપેલ છે.
- થયેલ ઈજાઓને ધ્યાને લઈ ત્રણ ઈસમો પિતા તથા બે ભાઈ એમ ત્રણેયને રૂ ૧૫,૦૦૦/– લેખે કુલ રૂ ૪૫,૦૦૦/– નો ચેક તેમજ અનાજ કઠોળ પેટે રૂ ૨૧,૦૦૦/– આર્થિક સહાય આપેલ છે.
- ખાનગી વકીલ રાખવાની યોજના હેઠળ ખાનગી વકીલાત ફી પેટે રૂ ૫૦,૦૦૦/– મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી પ્રથમ ૫૦% મુજબ રૂ ૨૫,૦૦૦/– વકીલશ્રીને મંજૂર કરી ચુકવેલ છે.
- ડૉ. આંબેડકર ફાઉન્ડેશન નવી દિલ્હી સહાય રૂ ૫,૦૦,૦૦૦/–
- કેસ ડૉલ્સ રૂ ૪૨,૮૯૭/–
- ઉના તાલુકાના દેલવાડા ગામે રહેણાંકના હેતુસર ૨ (બે) પ્લોટ ફાળવવા હુકમ કરવામાં આવેલ છે.
- મામલતદાર અને એકઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ઊનાના તા. ૧૧–૦૮–૨૦૧૬ના પત્રમાં જણાવ્યા મુજબ સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના તા. ૫–૮–૨૦૧૬ના ફેકસ પત્ર ક્ર: જમન/૩૪૧૪/૨૧૮૭/અ થી ઊના તાલુકાના દેલવાડા ગામના સ. નં. ૩૬૧/૧ પૈકી જમીનમાંથી એ. ૫ –૩૩ ગુઠા (હે. ૨–૩૫–૭૩ચો.મી.) જમીન ખેતીના હેતુ માટે ખાસ કિસ્સામાં મંજૂર કરવામાં આવેલ છે.
- અરજદારશ્રીના દીકરાને સળગાવી દેવાના બનાવ બાદ અરજદારશ્રીને પોલીસ રક્ષણ પુરૂ પાડવામાં આવેલ હતું. પરંતુ ત્યારબાદ અરજદારશ્રી આંકોલાળીથી ઊના ખાતે રહેવા ચાલી ગયેલ અને હાલ ઊના ખાતે રહે છે.

(૩) ૧ કુટુંબ, ૧૪ વ્યકિત

(૪)
- ભોગ બનનાર કુટુંબને હિજરતી જાહેર કરેલ હોઈ, ઊના તાલુકાના દેલવાડા ગામે પ્લોટ અને ખેતીની જમીન ફાળવેલ હોઈ મૂળ જગ્યાએ પરત ફરવાનો પ્રશ્ન રહેતો નથી.
- ચાર અસરગ્રસ્ત હિજરતીઓને ૧૦૦ ચો.મી. લેખે કુલ ૪૦૦ ચો.મી. જમીન પુન: વસન માટે રહેણાંકના હેતુસર ખાસ કિસ્સામાં વિના મૂલ્યે ફાળવી આપેલ છે.

----------

નર્મદા અને ભરૂચ જિલ્લામાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસો

અતારાંકિતઃ ૯૭૪૧ (૧૬–૦૯ –૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય ):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને

(૨) ઉક્ત પડતર કેસોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:(૦૬–૦૧–૨૦૧૭)

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પડતર કેસ |
|---|---|---|
| (૧) | નર્મદા | ૪૨ |
| (૨) | ભરૂચ | ૩૧૮ |

(૨) બનતી ત્વરાએ.

----------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસો

અતારાંકિતઃ ૯૯૧૩ (૨૯–૧૦–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસો તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને

(૨) ઉક્ત પડતર કેસો છેલ્લા કેટલા વર્ષોથી પડતર છે, અને

(૩) ઉક્ત પડતર કેસોના નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:(૬-૧-૨૦૧૭)

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પડતર કેસ |
|---|---|---|
| (૧) | દેવભૂમિ દ્વારકા | શૂન્ય |
| (૨) | સુરત | ૧૫૮૦ |
| (૩) | તાપી | ૮૯ |

(૨) પત્રક મુજબ

(૩) બનતી ત્વરાએ.

પત્રક

| વર્ષ | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસ | |
|---|---|---|
| | જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ, સુરત | જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ, તાપી |
| ૧૯૯૨ | ૧૬ | ૧ |
| ૧૯૯૩ | ૩ | ૧ |
| ૧૯૯૪ | ૨ | ૦ |
| ૧૯૯૫ | ૩ | ૦ |
| ૧૯૯૬ | ૩ | ૦ |
| ૧૯૯૭ | ૩ | ૦ |
| ૧૯૯૮ | ૦ | ૦ |
| ૧૯૯૯ | ૦ | ૦ |
| ૨૦૦૦ | ૪ | ૦ |
| ૨૦૦૧ | ૩ | ૦ |
| ૨૦૦૨ | ૧૪ | ૦ |
| વર્ષ | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસ | |
| | જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ, સુરત | જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ, તાપી |
| ૨૦૦૩ | ૨૪ | ૨ |
| ૨૦૦૪ | ૩૯ | ૨ |
| ૨૦૦૫ | ૪૭ | ૧ |
| ૨૦૦૬ | ૮૨ | ૧ |
| ૨૦૦૭ | ૫૨ | ૪ |
| ૨૦૦૮ | ૬૧ | ૨ |
| ૨૦૦૯ | ૮૨ | ૧ |
| ૨૦૧૦ | ૯૯ | ૪ |
| ૨૦૧૧ | ૧૦૩ | ૧૩ |
| ૨૦૧૨ | ૨૧૯ | ૧૯ |
| ૨૦૧૩ | ૨૫૩ | ૧૫ |
| ૨૦૧૪ | ૧૮૬ | ૧૪ |
| ૨૦૧૫ | ૨૮૨ | ૯ |
| કુલ | ૧૫૮૦ | ૮૯ |

----------

### જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસો

અતારાંકિતઃ ૧૦૦૨૫ (૨૯-૧૦-૨૦૧૬): શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર):માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસો તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે.

(૨) ઉકત પડતર કેસો છેલ્લા કેટલા વર્ષોથી પડતર છે, અને
(૩) ઉકત પડતર કેસોના નિકાલ કયાં સુધીમાં કરવામાં આવનાર છે ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી : (૦૬–૦૧–૨૦૧૭)

(૧) ક્રમ જિલ્લાનું નામ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પડતર કેસ

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પડતર કેસ |
|---|---|---|
| (૧) | જુનાગઢ | ૫૬૬ |
| (૨) | પોરબંદર | ૭૬ |

(૨) પત્રક મુજબ
(૩) બનતી ત્વરાએ

પત્રક

| વર્ષ | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતીએ જુનેવાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસ | |
|---|---|---|
| | જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ, જુનાગઢ | જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ, પોરબંદર |
| ૧૯૭૬ | ૧ | ૦ |
| ૧૯૮૬ | ૧ | ૦ |
| ૧૯૮૭ | ૧ | ૦ |
| ૧૯૯૦ | ૧ | ૦ |
| ૧૯૯૧ | ૦ | ૦ |
| ૧૯૯૨ | ૩ | ૦ |
| ૧૯૯૩ | ૧ | ૦ |
| વર્ષ | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતીએ જુનેવાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસ | |
| | જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ, જુનાગઢ | જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ, પોરબંદર |
| ૧૯૯૪ | ૨ | ૦ |
| ૧૯૯૫ | ૧ | ૦ |
| ૧૯૯૬ | ૧ | ૦ |
| ૧૯૯૭ | ૧ | ૦ |
| ૨૦૦૦ | ૩ | ૦ |
| ૨૦૦૧ | ૨ | ૨ |
| ૨૦૦૨ | ૪ | ૦ |
| ૨૦૦૩ | ૧૪ | ૧ |
| ૨૦૦૪ | ૧૭ | ૦ |
| ૨૦૦૫ | ૮ | ૧ |
| ૨૦૦૬ | ૧૪ | ૧ |
| ૨૦૦૭ | ૨૨ | ૧ |
| ૨૦૦૮ | ૨૭ | ૨ |
| ૨૦૦૯ | ૪૭ | ૬ |
| ૨૦૧૦ | ૩૩ | ૪ |
| ૨૦૧૧ | ૪૧ | ૩ |
| ૨૦૧૨ | ૫૨ | ૫ |
| ૨૦૧૩ | ૫૮ | ૫ |
| ૨૦૧૪ | ૧૦૩ | ૧૬ |
| ૨૦૧૫ | ૧૦૮ | ૨૯ |
| કુલ | ૫૬૬ | ૭૬ |

----------

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસો

અતારાંકિતઃ ૧૦૦૭૦ (૨૯–૧૦–૨૦૧૬): શ્રી સી. કે. રાઉલજી (ગોધરા):માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગરજિલ્લામાં જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસો તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે.

(૨) ઉક્ત પડતર કેસો છેલ્લા કેટલા વર્ષોથી પડતર છે, અને
(૩) ઉક્ત પડતર કેસોના નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી : (૦૬-૦૧-૨૦૧૭)

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પડતર કેસ |
|---|---|---|
| (૧) | પંચમહાલ | ૩૮૬ |
| (૨) | દાહોદ | ૨૯૭ |
| (૩) | મહીસાગર | શૂન્ય |

(૨) પત્રક મુજબ
(૩) બનતી ત્વરાએ

પત્રક

| વર્ષ | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતીએ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસ | |
|---|---|---|
| | જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ, પંચમહાલ | જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ, દાહોદ |
| ૨૦૦૦ | ૫ | ૦ |
| ૨૦૦૧ | ૧ | ૦ |
| ૨૦૦૨ | ૧૩ | ૦ |
| ૨૦૦૩ | ૭ | ૦ |
| ૨૦૦૪ | ૮ | ૦ |
| ૨૦૦૫ | ૯ | ૧ |
| ૨૦૦૬ | ૯ | ૦ |
| ૨૦૦૭ | ૨૬ | ૪ |
| ૨૦૦૮ | ૨૪ | ૩ |
| ૨૦૦૯ | ૨૫ | ૮ |
| ૨૦૧૦ | ૩૦ | ૧ |
| ૨૦૧૧ | ૪૫ | ૫ |
| ૨૦૧૨ | ૬૧ | ૧૮ |
| ૨૦૧૩ | ૩૨ | ૧૪૩ |
| ૨૦૧૪ | ૪૩ | ૬૩ |
| ૨૦૧૫ | ૪૮ | ૫૧ |
| કુલ | ૩૮૬ | ૨૯૭ |

----------

હળવદ તાલુકાના મિયાણી ગામમાંથી હિજરત થયેલ દલીતો

અતારાંકિતઃ ૧૦૧૩૮ (૦૫-૧૨-૨૦૧૬) શ્રી પૂંજાભાઇ વંશ (ઉના):માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) હળવદ તાલુકાના મિયાણી ગામમાં ઓગસ્ટ-૨૦૧૬માં દલિતવાસમાં રહેતા દલિતોના આશરે પંદર જેટલા મકાનોમાં કેટલાંક શખ્સોએ તોડફોડ કરી હતી તથા મકાનો તોડી પાડવાનો પ્રયાસ ર્ક્યો હતો જેને કારણે આ ગામમાં વસતા દલિતો હિજરત કરવા મજબુર બન્યા છે તે હકીકત સાચી છે કે કેમ,
(૨) જો હા, તો ઉક્ત ઘટનામાં કેટલા આરોપીઓ સામે ભારત સરકારના અનુસૂચિત જાતિ જનજાતિ અત્યાચાર પ્રતિબંધ (સુધારા) અધિનિયમ-૨૦૧૫ અન્વયે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે,
(૩) ઉક્ત ઘટનાના કેટલા પીડીતદલિતોને શી આર્થિક મદદ પૂરી પાડવામાં આવી છે, અને
(૪) સંબંધિત દલિતો તેમના ગામમાં પુનઃવસવાટ કરી શકે તે માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી : (૧૧-૦૧-૨૦૧૭)

(૧) ના

- હળદરપો.સ્ટે. સેકન્ડ ગુ.ર. નં. ૩૧૨૫/૧૬ આઈપીસી કલમ-૫૦૪, ૫૦૬ (૨), ૪૨૭, ૧૧૪ એટ્રો એક્ટ કલમ-૩(૧) આરએસ ૩(૨)(૫-એ) મુજબનો ગુન્હો તા. ૧૮-૦૮-૨૦૧૬ના કલાક ૧૨-૦૦ વાગ્યાના અરસામાં હળવદ તાલુકાના મીયાણી ગામે બનવા પામેલ છે. જેમાં તપાસ દરમ્યાન આ કામના આરોપીઓ તેમના વાહનો લઇને શેરીમાંથી નીકળતા હોય અને ફરીયાદી તથા શાહેદો શેરીમાં પાણી ઢોળતા હોઇ તે

આરોપીઓને નહીં ગમતા લોડર ટ્રેક્ટર લઇ આવી ફરીયાદી તથા સાહેદોના કુલ ૫ મકાનોના બહારના ઓટલા તથા પાણીની ટાંકી તથા દિવાલમાં નુકશાન કરી ફરીયાદી તથા શાહેદો અનુ. જાતિના હોવાનુ જાણતા હોવા છતા જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી કરી ફરિયાદ કરવા જશો તો બધાને જીવતા સળગાવી દઇ જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હામાં એકબીજાને મદદગારી કરતા ગુન્હો બનેલ છે.

- હાલે ફરિયાદી તથા સાહેદો તેમના ગામમાં જ રહે છે.

(૨) આ બનાવના અનુસંધાને આ કામના તમામ આરોપીઓ પૈકી ૪ આરોપીઓને ધોરણસર અટક કરી આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટનં.૧૪૪/૧૬, તા. ૨૬–૦૯–૨૦૧૬ થી ચાર્જશીટ કરવામાં આવેલ છે અને ૧ આરોપી (માઇનોર) ઘનશ્યામભાઇ ચતુરભાઇ રંભાણીને તા. ૧૯–૦૮–૨૦૧૬ નારોજ ધરપકડ કરી ચા. નં. ૧૪૪એ/૨૦૧૬, તા. ૨૬–૦૯–૨૦૧૬ થી ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) કુલ–૭ ભોગ બનનાર ઇસમોને રૂ ૧,૦૦,૦૦૦/– લેખે મળવાપાત્ર સહાય મંજુર કરી તે પૈકી એફઆઇઆર તેમજ ચાર્જશીટ સમયે ચુકવવા પાત્ર મળી કુલ રકમ રૂ ૭૫,૦૦૦/– લેખે રૂ ૫,૨૫,૦૦૦/- સહાય ચુકવી આપવામાં આવેલ છે.

(૪) હાલે આ કામના ફરીયાદી તથા સાહેદો તેમના ગામમાં જ તેમના ઘરે રહે છે. તેમજ મિયાણી ગામે દલિતવાસમાં પોલીસ બંદોબસ્ત ચાલુ છે.

––––––––––

જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ (અત્યાચાર નિવારણ) સુધારા નિયમો અન્વયે વળતર

અતારાંકિતઃ ૧૦૬૪૮ (૦૫–૧૨–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

(૧) અનૂ. જાતિ (અત્યાચાર નિવારણ) સુધારા નિયમો–૨૦૧૪ તથા ૨૦૧૬ અનુસાર જામનગર જિલ્લામાં અનુ. જાતિના ખુન, મૃત્યુ / નરસંહાર, રેપ, ગેન્ગરેપ, કાયમી અક્ષમતા અને લૂંટની ઘટનાઓમાં મૃતકની વિધવા અથવા આશ્રિતોને મળવાપાત્ર ખેતીની જમીન અથવા રોજગાર તા. ૩૧મી ઓગસ્ટ–૨૦૧૬ની સ્થિતિએ આપવાના બાકી છે, કે કેમ

(૨) જો હા, તો તેના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉક્ત બાબતે જિલ્લાના મૃતકની વિધવા અથવા તેના આશ્રિતોને મળવાપાત્ર ખેતીની જમીન અથવા રોજગાર ક્યાં સુધીમાં પૂરા પાડવામાં આવનાર છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:(૧૧–૦૧–૨૦૧૭)

(૧) ના

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

––––––––––

જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ (અત્યાચાર નિવારણ) સુધારા નિયમો અન્વયે પેન્શન

અતારાંકિતઃ ૧૦૬૪૯ (૦૫–૧૨–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.–

(૧) અનૂ. જાતિ (અત્યાચાર નિવારણ) સુધારા નિયમો–૨૦૧૪ તથા ૨૦૧૬ અનુસાર જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના ખુન / મૃત્યુ / નરસંહાર / રેપ / ગેન્ગરેપ / કાયમી અક્ષમતા અને લૂંટના કેટલા કિસ્સામાં તા. ૩૧મી ઓગસ્ટ–૨૦૧૬ની સ્થિતિએ મળવાપાત્ર પેન્શન ચૂકવવાના બાકી છે.

(૨) તેના મુખ્યત્વે શા કારણે છે, અને

(૩) ઉક્ત બાબતે જિલ્લાના મૃતકની વિધવા અથવા તેના આશ્રિતોને મળવાપાત્ર પેન્શન ક્યાં સુધીમાં ચૂકવી દેવામાં આવનાર છે ?

એચ–૨૦૯૭–

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:(૦૬–૦૧–૨૦૧૭)

(૧) એકપણ નહિ

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

––––––––––

મહેસાણા જિલ્લામાં આંબેડકર આવાસ યોજના

અતારાંકિતઃ ૧૦૬૮૬ (૦૨–૧૨–૨૦૧૬) શ્રી પ્રહલાદભાઇ પટેલ (વિજાપુર):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી
જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૦-૦૯-૨૦૧૬ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં ડૉ. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરી આવાસો ફાળવ્યા અને ઉક્ત સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:(૦૭-૦૧-૨૦૧૭)

| (૧) | તા. ૩૦-૯-૨૦૧૬ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના અન્વયે મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે. | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાઓનાનામ | તા. ૦૧-૧૦-૨૦૧૩ થી તા. ૩૦-૦૯-૨૦૧૪ | તા. ૦૧-૧૦-૨૦૧૪ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ | તા. ૦૧-૧૦-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૬ | તા. ૦૧-૧૦-૨૦૧૩ થી તા. ૩૦-૦૯-૨૦૧૬ સુધીની મળેલ કુલ અરજીઓ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મહેસાણા | ૬ | ૮ | ૨૭ | ૪૧ |
| ૨ | કડી | ૭ | ૨૧ | ૬૫ | ૯૩ |
| ૩ | વિજાપુર | ૮ | ૧૦ | ૧૩ | ૩૧ |
| ૪ | ઉંઝા | ૫ | ૧૮ | ૨૩ | ૪૬ |
| ૫ | વિસનગર | ૮ | ૪ | ૨૮ | ૪૦ |
| ૬ | ખેરાલુ | ૫ | ૨૫ | ૨૮ | ૫૮ |
| ૭ | વડનગર | ૩ | ૧ | ૭ | ૧૧ |
| ૮ | સતલાસણા | ૨ | ૮ | ૧૨ | ૨૨ |
| ૯ | બેચરાજી | ૪ | ૧૦ | ૩૧ | ૪૫ |
| ૧૦ | જોટાણા | ૦ | ૦ | ૧૪ | ૧૪ |
| | કુલ | ૪૮ | ૧૦૫ | ૨૪૮ | ૪૦૧ |

| (૨) | ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મંજુર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે. | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાઓનાનામ | તા. ૦૧-૧૦-૨૦૧૩ થી તા. ૩૦-૦૯-૨૦૧૪ | તા. ૦૧-૧૦-૨૦૧૪ થી તા. ૩૦-૦૯-૨૦૧૫ | તા. ૦૧-૧૦-૨૦૧૫ થી તા. ૩૦-૦૯-૨૦૧૬ | તા. ૦૧-૧૦-૨૦૧૩ થી તા. ૩૦-૦૯-૨૦૧૬ સુધીની મળેલ કુલ અરજીઓ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મહેસાણા | ૬ | ૮ | ૨૫ | ૩૯ |
| ૨ | કડી | ૬ | ૨૧ | ૫૭ | ૮૪ |
| ૩ | વિજાપુર | ૮ | ૧૦ | ૧૩ | ૩૧ |
| ૪ | ઉંઝા | ૫ | ૧૮ | ૨૨ | ૪૫ |
| ૫ | વિસનગર | ૭ | ૪ | ૨૦ | ૩૧ |
| ૬ | ખેરાલુ | ૪ | ૨૪ | ૨૬ | ૫૪ |
| ૭ | વડનગર | ૩ | ૧ | ૭ | ૧૧ |
| ૮ | સતલાસણા | ૨ | ૮ | ૯ | ૧૯ |
| ૯ | બેચરાજી | ૪ | ૧૦ | ૨૯ | ૪૩ |
| ૧૦ | જોટાણા | ૦ | ૦ | ૧૪ | ૧૪ |
| | કુલ | ૪૫ | ૧૦૪ | ૨૨૨ | ૩૭૧ |
| ઉક્તસ્થિતિએ બાકી રહેતી ૨૬ અરજીઓ ટૂંક સમયમાં નિકાલ કરવામાં આવશે. | | | | | |

----------

### રાજયમાં આવેલા વૃદ્ધાશ્રમો

અતારાંકિતઃ ૧૦૯૫૭ (૨૦-૧૨-૨૦૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ રાજયમાં કયા જિલ્લામાં કેટલા સરકારી અને કેટલા અનુદાનિત વૃદ્ધાશ્રમ કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ કયા જિલ્લામાં એક પણ સકરારી કે અનુદાનિત વૃદ્ધાશ્રમ નથી, અને

(૩) રાજયમાં કોઇ જિલ્લામાં એક પણ વૃદ્ધાશ્રમ સરકારી કે અનુદાનિત વૃધ્ધાશ્રમ ન હોય તે જિલ્લામાં સરકારી દ્વારા વૃદ્ધાશ્રમ શરૂ કરવાનું શું આયોજન છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:(૧૧-૦૧-૨૦૧૭)

૨૪મી માર્ચ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૬ ની સ્થિતિએ રાજયમાં એકપણ જિલ્લામાં સરકારી વૃદ્ધાશ્રમ નથી. ૩૩ જિલ્લામાં કુલ ૨૫ અનુદાનિત વૃદ્ધાશ્રમ કાર્યરત છે.

| અ. નં. | જિલ્લાનું નામ | વૃદ્ધાશ્રમની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૨ |
| ૨ | વડોદરા | ૨ |
| ૩. | બનાસકાંઠા | ૧ |
| ૪. | દાહોદ | ૧ |
| ૫ | સુરત | ૧ |
| અ. નં. | જિલ્લાનું નામ | વૃદ્ધાશ્રમની સંખ્યા |
| ૬. | પાટણ | ૧ |
| ૭ | નર્મદા | ૧ |
| ૮. | સાબરકાંઠા | ૧ |
| ૯ | ભાવનગર | ૧ |
| ૧૦. | રાજકોટ | ૧ |
| ૧૧. | કચ્છ–ભુજ | ૨ |
| ૧૨. | સુરેન્દ્રનગર | ૧ |
| ૧૩. | જામનગર | ૧ |
| ૧૪. | જુનાગઢ | ૧ |
| ૧૫. | મહેસાણા | ૧ |
| ૧૬. | ખેડા | ૧ |
| ૧૭. | પંચમહાલ | ૧ |
| ૧૮. | આણંદ | ૧ |
| ૧૯. | ગાંધીનગર | ૧ |
| ૨૦. | ભરૂચ | ૧ |
| ૨૧. | નવસારી | ૧ |
| ૨૨. | મોરબી | ૧ |
| | કુલ | ૨૫ |

(૨) નીચે મુજબના જિલ્લાઓમાં સરકારી કે અનુદાનિત વૃદ્ધાશ્રમ નથી.

| અ. નં. | જિલ્લાનું નામ | વૃદ્ધાશ્રમની સંખ્યા |
|---|---|---|
| ૧. | પોરબંદર | – |
| ૨ | અમરેલી | – |
| ૩. | તાપી | – |
| ૪. | ડાંગ | – |
| ૫ | વલસાડ | – |
| ૬. | ગીર–સોમનાથ | – |
| ૭ | દેવભૂમિ–દ્વારકા | – |
| ૮. | બોટાદ | – |
| ૯ | અરવલ્લી–મોડાસા | – |
| ૧૦. | છોટાઉદેપુર | – |
| ૧૧. | મહિસાગર | – |

(૩) હાલ આવુ કોઇ આયોજન નથી.

––––––––––

રાજયમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે કુમાર/કન્યા છાત્રાલયો

અતારાંકિતઃ ૧૦૯૫૯(૨૦–૧૨–૨૦૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર):માનનીયસામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે કેટલા કુમાર/કન્યા છાત્રાલયો કાર્યરત છે,અને

(૨) રાજ્યમાં જિલ્લાવાર કેટલા તાલુકાઓમાં ઉકત છાત્રાલયો આવેલા છે અને જિલ્લાવાર કેટલા તાલુકાઓમાં છાત્રાલયો નથી ?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી:(૧૩–૦૧–૨૦૧૭)

(૧) પત્રક – અ મુજબ

(૨) પત્રક – બ મુજબ

પત્રક – અ

| જિલ્લાનું નામ | છાત્રાલયોની સંખ્યા | | |
|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ |
| અમદાવાદ | ૩૧ | ૦૫ | ૩૬ |
| અમરેલી | ૧૦ | ૦૩ | ૧૩ |
| આણંદ | ૨૧ | ૧૧ | ૩૨ |
| અરવલ્લી | ૩૦ | ૦૬ | ૩૬ |
| બનાસકાંઠા | ૪૬ | ૦૫ | ૫૧ |
| ભાવનગર | ૨૭ | ૦૮ | ૩૫ |
| દાહોદ | ૩૫ | ૧૮ | ૫૩ |
| દેવભુમિ દ્વારકા | ૧૬ | ૦૬ | ૨૨ |
| ગાંધીનગર | ૩૦ | ૦૯ | ૩૯ |
| ગીર સોમનાથ | ૧૭ | ૦૭ | ૨૪ |
| જામનગર | ૧૩ | ૦૪ | ૧૭ |
| જુનાગઢ | ૩૯ | ૧૮ | ૫૭ |
| ખેડા | ૩૨ | ૦૮ | ૪૦ |
| કચ્છ | ૨૩ | ૦૪ | ૨૭ |
| મહેસાણા | ૨૨ | ૦૩ | ૨૫ |
| મોરબી | ૦૪ | ૦૧ | ૦૫ |
| પાટણ | ૪૩ | ૦૪ | ૪૭ |
| પોરબંદર | ૦૬ | ૦૩ | ૦૯ |
| રાજકોટ | ૧૩ | ૦૮ | ૨૧ |
| સાબરકાંઠા | ૪૭ | ૦૩ | ૫૦ |
| સુરત | ૦૨ | ૦૨ | ૦૪ |
| સુરેન્દ્રનગર | ૨૬ | ૦૫ | ૩૧ |
| વડોદરા | ૦૫ | ૦૧ | ૦૬ |
| વલસાડ | ૦૨ | ૦૧ | ૦૩ |
| બોટાદ | ૦૪ | ૦૦ | ૦૪ |
| પંચમહાલ | ૩૪ | ૦૭ | ૪૧ |
| મહિસાગર | ૫૬ | ૦૭ | ૬૩ |
| છોટા ઉદેપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| નર્મદા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ભરૂચ | ૦૫ | ૦૪ | ૦૯ |
| ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ |
| નવસારી | ૦૫ | ૦૨ | ૦૭ |
| તાપી | ૦૧ | ૦૦ | ૦૧ |
| કુલ | ૬૪૫ | ૧૬૩ | ૮૦૮ |

પત્રક –બ

| જિલ્લો | છાત્રાલય ધરાવતા તાલુકાની સંખ્યા | છાત્રાલય વગરના તાલુકાની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | ૯ | ૧ |
| અમરેલી | ૬ | ૫ |
| આણંદ | ૭ | ૧ |

| | | |
|---|---|---|
| અરવલ્લી | ૬ | ૦ |
| બનાસકાંઠા | ૧૪ | ૦ |
| ભાવનગર | ૮ | ૨ |
| દાહોદ | ૭ | ૧ |
| દેવભુમિ દ્વારકા | ૪ | ૦ |
| ગાંધીનગર | ૪ | ૦ |
| ગીર સોમનાથ | ૫ | ૧ |
| જામનગર | ૫ | ૧ |
| જુનાગઢ | ૯ | ૧ |
| ખેડા | ૯ | ૧ |
| કચ્છ | ૯ | ૧ |
| મહેસાણા | ૯ | ૨ |
| મોરબી | ૪ | ૧ |
| પાટણ | ૮ | ૧ |
| પોરબંદર | ૩ | ૦ |
| રાજકોટ | ૫ | ૬ |
| સાબરકાંઠા | ૭ | ૧ |
| સુરત | ૩ | ૭ |
| સુરેન્દ્રનગર | ૯ | ૧ |
| વડોદરા | ૪ | ૪ |
| વલસાડ | ૧ | ૫ |
| બોટાદ | ૨ | ૨ |
| પંચમહાલ | ૭ | ૦ |
| મહિસાગર | ૬ | ૦ |
| છોટાઉદેપુર | ૦ | ૬ |
| નર્મદા | ૦ | ૫ |
| ભરૂચ | ૩ | ૬ |
| ડાંગ | ૦ | ૩ |
| નવસારી | ૫ | ૧ |
| તાપી | ૧ | ૪ |
| કુલ | ૧૭૯ | ૭૦ |

----------

શહેરી વિકાસ પ્રભાગ અને તાબાની કચેરીઓનું મહેકમ

અતારાંકિતઃ ૭૮૮૭(૦૧-૦૭-૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી):માનનીયનાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૩-૨૦૧૬ની સ્થિતિએ શહેરી વિકાસ પ્રભાગ અને તાબા હેઠળની કચેરીઓમાં વર્ગ ૧ થી ૪ નું મંજૂર મહેકમ કેટલું છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાનાં અને સમયસર ન ભરવાના શા કારણો છે, અને

(૪) ઉક્ત જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ):(૧૩-૦૧-૨૦૧૭)

(૧) તા. ૩૧-૩-૨૦૧૬ની સ્થિતિએ શહેરી વિકાસ પ્રભાગ અને તાબા હેઠળની કચેરીઓમાં વર્ગ ૧ થી ૪ નું મંજૂર મહેકમની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ (ખુદ) - | *પત્રક - ૧ ના કોલમ ૨ મુજબ |
| (૨)ખાતાના વડા<br>(અ) નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી, ગાંધીનગર | *પત્રક - ૨ ના કોલમ ૨ મુજબ |
| (બ) નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગાંધીનગર | કુલ-૧૫૯૮ જગ્યા *પત્રક - ૩ ના કોલમ ૨ મુજબ |
| (ક) નિયામકશ્રી રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ | કુલ-૪ જગ્યાઓ *પત્રક - ૪ ના કોલમ ૨ મુજબ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ (ખુદ) – | *પત્રક – ૧ ના કોલમ ૩ અને ૪ મુજબ |
| (૨)ખાતાના વડા<br>(અ) નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી, ગાંધીનગર | *પત્રક – ૨ ના કોલમ ૩ અને ૪ મુજબ |
| (બ) નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગાંધીનગર | કુલ–૮૯૦ જગ્યા ખાલી *પત્રક – ૩ ના કોલમ ૩ અને ૪ મુજબ |
| (ક) નિયામકશ્રી રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ | કુલ–૩ જગ્યાઓ *પત્રક – ૪ ના કોલમ ૩ અને ૪ મુજબ |

(૩) ઉકત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાનાં અને સમયસર ન ભરવાના શા કારણો છે તેની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ (ખુદ) – | સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૮–૦૭–૧૬ ના પત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૧૬/અ.તા.પ્ર–૨ ખ–૧ થી આપેલ જવાબ મુજબ વહીવટી કારણોસર જગ્યાઓ ભરાયેલ નથી. (પરીશિષ્ટ ૧ મુજબ) |
| (૨)ખાતાના વડા<br>(અ) નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી, ગાંધીનગર | વહીવટી કારણોસર સદર જગ્યા ખાલી રહેલ છે. |
| (બ) નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગાંધીનગર | *પત્રક – ૩ ના કોલમ ૫ મુજબ |
| (ક) નિયામકશ્રી રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ | *પત્રક – ૪ ના કોલમ ૫ મુજબ |

(૪) ઉક્ત જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે તેની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ (ખુદ) – | સામાન્ય વહીવટ વિભાગનાતા. ૨૮–૦૭–૧૬ ના પત્રક્રમાંક:પરચ/૧૦૨૦૧૬/અ.તા.પ્ર–૨ખ–૧ થી આપેલ જવાબ મુજબ –સીધી ભરતી અને બઢતીથી ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહીહાથ ધરવામાં આવી છે. અને બાકીનીજગ્યાઓ સંબંધિત વહીવટી પ્રક્રિયા પૂર્ણથયેથી ભરવામાં આવશે.(પરીશિષ્ટ ૧ મુજબ) |
| (૨)ખાતાના વડા<br>(અ) નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી, ગાંધીનગર | પ્રતિનિયુક્તિથી જગા ભરવા માટે આયોજન કરવામાં આવી રહેલ છે. |
| (બ) નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગાંધીનગર | *પત્રક – ૩ ના કોલમ ૬ મુજબ |
| (ક) નિયામકશ્રી રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ | *પત્રક – ૪ ના કોલમ ૬ મુજબ |

*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

----------------

રાજ્યમાં ઉપેક્ષિત હાલતની વાવોની સાર સંભાળ રાખવા

અતારાંકિતઃ ૯૭૯૮(૫–૧૨–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીયરમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા.૩૧ મી જુલાઇ ૨૦૧૬ ની સ્થિતિએ કઇ વાવ સારસંભાળ અને મરામતના અભાવે ખરાબ અને બિસ્માર હાલતમાં છે,

(૨) વાવ ખરાબ અને બિસ્માર હાલતમાં હોવાના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉક્ત ઉપેક્ષિત હાલતની વાવોની સંભાળ રાખવા તથા તેને લોકભાગ્ય બનાવવા શી વ્યવસ્થા થઇ છે ?

## ૨૪મી માર્ચ, ૨૦૧૯
## અતારાંકિત પ્રશ્નોત્તરી

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) :(૬–૧–૨૦૧૭)

(૧) રાજ્યમાં રાજ્ય રક્ષિત સ્મારક વાવ પૈકીની કોઇ જ વાવ તા. ૩૧ મી જુલાઇ–૨૦૧૬ ની સ્થિતિએ સારસંભાળ અને મરામતના અભાવે ખરાબ અને બિસ્માર હાલતમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) રાજ્યરક્ષિત સ્મારકો,વાવોની દેખરેખ ખાતા સ્મારક ચોકીદાર દ્ધારા કરવામાં આવે છે. તથા સ્થાનિક સંસ્થા જાળવણી કરે તે માટે તેમને સહાય પુરી પાડવામાં આવે છે.

--------------

રાજ્યમાં જિલ્લાવાર ઘોડિયાઘર યોજના

અતારાંકિતઃ ૮૬૪૭(૨૦–૦૮–૨૦૧૬)શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૬/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આ વિભાગ હસ્તકની ઘોડિયાઘર યોજના ક્યારથી અમલમાં છે.

(૨) ઉક્ત યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી નાણાંકિય મંજૂરી આપી અને તે પૈકી કેટલી રકમની ફાળવણી કરી, અને

(૩) તે પૈકી કુલ કેટલી રકમ ઉક્ત વર્ષવાર ખર્ચ કરવામાં આવી ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :(૦૬–૧–૨૦૧૭)

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આ વિભાગ હસ્તકની ઘોડિયાઘર યોજના વર્ષ ૧૯૭૭ થી અમલમાં છે. વધુમાં મહાનગર પાલીકા વિસ્તારોના ૧૦૦ આંગણવાડી કેન્દ્રોને ઘોડિયાઘરમાં વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂપાંતર કરવામાં આવ્યા.

(૨) *પત્રક આ સાથે સામેલ છે. પત્રક–અ. અને

(૩) *પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

-------------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૯૭૮૪, ૧૦૨૮૫, ૧૦૫૦૮, ૧૦૬૨૫ | ૦૪ |
| ૨ | નાણા વિભાગ | ૯૩૭૨ | ૦૧ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૯૮૨૮, ૧૦૧૩૨, ૧૦૪૨૨, ૧૦૪૪૦, ૧૦૫૧૯ | ૦૫ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૯૧૬૧, ૧૦૪૩૨, ૧૦૬૩૧ | ૦૩ |
| ૫ | ગૃહ વિભાગ | ૯૮૭૫, ૯૯૩૮, ૧૦૪૦૩ | ૦૩ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૦૭૧૯, ૧૦૭૨૦, ૧૦૭૨૧, ૧૦૭૨૨ | ૦૪ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૮૭૧૧, ૯૭૮૧,૯૯૩૩,૧૦૧૩૬,૧૦૬૭૪,૧૦૬૭૫,૧૦૬૭૬,૧૦૮૫૨ | ૦૮ |
| ૮ | પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૧૮૫,૮૨૨૨,૯૫૮૭,૯૭૦૯,૧૦૦૧૨,૧૦૦૧૩ | ૦૬ |
| ૯ | મહેસુલ વિભાગ | ૭૯૩૧,૧૦૬૮૩ | ૦૨ |
| ૧૦ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૮૦૬૭, ૯૭૪૧ ૯૯૧૩,૧૦૦૨૫,૧૦૦૭૦,૧૦૧૩૮,૧૦૬૪૮,૧૦૬૪૯,૧૦૬૮૬,૧૦૯૫૭,૧૦૯૫૯ | ૧૧ |
| ૧૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૭૮૮૭ | ૦૧ |
| ૧૨ | રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ | ૯૭૯૮ | ૦૧ |
| ૧૩ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૮૬૪૭ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

----------

પચ્ચીસમી અતારાંકિત યાદી

પચ્ચીસમી અતારાંકિત યાદી

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### સંખેડા મામલતદાર કચેરીના મેદાનમાં મળેલ ચૂંટણી કાર્ડ

અતારાંકિતઃ ૧૦૬૩૮ (૨૪–૧૧–૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સંખેડા ખાતે આવેલી મામલતદાર કચેરીના મેદાનમાં આવેલા ગેરેજમાંથી સપ્ટેમ્બર–૨૦૧૬ માં ખૂબ મોટી સંખ્યામાં બિનવારસી હાલતમાં ચૂંટણી કાર્ડ ધુળ ખાતી હાલતમાં મળી આવ્યા હતા તે હકિકત સાચી છે કે કેમ ?

(૨) જો હા, તો ઉકત બનાવ સંબંધે અને સરકારે કેટલા જવાબદારો સામે શા કાનૂની અને શિક્ષાત્મક પગલા લીધા ?

મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) : (૧૮–૦૧–૨૦૧૭)

(૧) અરજદારો તરફથી સુધારા–વધારા, ડુપ્લીકેટ/નવા મેળવવા માટે રજૂ કરવામાં આવેલ ૨૮ જૂના ચૂંટણી કાર્ડ, જુની મામલતદાર કચેરીના મેદાનમાં આવેલા ગેરેજમાંથી મળી આવેલા છે. આ ચૂંટણી કાર્ડ ૧૯૯૫ અને ૨૦૦૩ના વર્ષના છે અને રદબાતલ હતા.

(૨) આ ૨૮ ચૂંટણી ફોટો ઓળખપત્રો રદબાતલ અને નાશ કરવા પાત્ર હતા. જેથી મતદાર નોંધણી અધિકારીની રૂબરૂ તેનો નાશ કરેલ છે. અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

–––––––

### રાજયમાં સ્ટેટ એનિમલ વેલફેર બોર્ડ તથા એસ. પી. સી. સી. એ. નાં નોંડલ ઓફિસરની નિમણૂંક

અતારાંકિતઃ ૧૦૧૩૧ (૧૫–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં રાજય કક્ષાએ રચાયેલ સ્ટેટ એનિમલ વેલફેર બોર્ડ તથા સોસાયટી ફોર પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ ના નોડલ ઓફિસરની નિમણુંક તા. ૩૧–૮–૨૦૧૬ ની સ્થિતીએ નિમણૂંક કરવામાં આવી નથી તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા તો આ નિમણુંક ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

પશુપાલન મંત્રીશ્રી : (તા. ૧૬–૧–૨૦૧૭)

(૧) હા,

(૨) રાજય કક્ષાએ રચાયેલ સ્ટેટ એનિમલ વેલફેર બોર્ડ ના અધ્યક્ષ તથા સભ્યોની નિમણુંક કરવાની કાર્યવાહી સરકારશ્રી કક્ષાએ ચાલુ કરેલ છે.

સોસાયટી ફોર સોસાયટી ફોર પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એ જિલ્લા કક્ષાની સંસ્થા છે. જેના ચેરમેન કલેકટરશ્રી છે.

–––––––

### રાજયમાં જિલ્લાવાર ખેડૂતોના આપઘાત

અતારાંકિતઃ ૧૦૪૩૯ (૮–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) રાજયમાં તા. ૩૦ જૂન–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર કેટલા ખેડુતોને મુખ્યત્વે કયા કારણે આપઘાત કર્યો,

(૨) તે પૈકી આપઘાત કરનારા કેટલા ખેડુતોના પરિવારોને રાજય સરકારે શી આર્થિક સહાય કરી, અને

(૩) ઉકત સ્થિતિએ જો સહાય કરી ન હોય તો તેના શા કારણો છે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૬–૦૧–૨૦૧૭)

(૧) રાજ્યમાં છેલ્લાં એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં એક, જુનાગઢ જિલ્લામાં એક, ગીર સોમનાથ જિલ્લામાં એક, અમરેલી જિલ્લામાં એક, ભાવનગર જિલ્લામાં એક અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એક એમ કૂલ છ ખેડૂતોએ આપઘાત કરેલ છે.

આપઘાત કરેલ કૂલ છ ખેડૂતો પૈકી બે ખેડૂતે પાક નિષ્ફળ જવાના કારણે, એક ખેડૂતે દેવું વધી જવાના કારણે તથા ત્રણ ખેડૂતોએ અન્ય કારણોસર આપઘાત કરેલ છે.

(૨) રાજય સરકારશ્રી તરફથી આપઘાત કરનાર ખેડૂતોને આર્થિક સહાય આપવાની કોઈ યોજના અમલમાં નથી.

(૩) સરકારશ્રી તરફી આપઘાત કરનાર ખેડૂતોને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં નથી. પરંતુ સરકારશ્રી દ્વારા વિષમ પરિસ્થિતિમાં કૃષિ ક્ષેત્રે સહાય મળે તે માટે ખેડૂતો માટે નીચે જણાવેલ કૃષિ સહાયક યોજનાઓ અમલમાં છે.

(૧) પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના.

(૨) ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના .

(૩) ભાવ સમધારણ યોજના.

(૪) રાજ્યમાં અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ, કમોસમી વરસાદ, અને કરા પડવા જેવી કુદરતી આપત્તિમાં સહાય

આપવાની યોજના.

-------

રાજ્યમાં પશુ વસ્તી ગણતરી/અહેવાલ

અતારાંકિતઃ ૧૦૭૪૬ (૨-૧૨-૨૦૧૬) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લે પશુ વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવેલ છે,

(૨) ઉકત પશુ વસ્તી ગણતરીનો આખરી અહેવાલ ક્યારે જાહેર કરવામાં આવ્યો, અને

(૩) ઉકત સ્થિતિએ પશુ વસ્તી ગણતરીનો આખરી અહેવાલ જો જાહેર કરવામાં આવ્યો ન હોય તો તેના કારણો શા છે ?

પશુપાલન મંત્રીશ્રી : (૧૬-૧-૨૦૧૭)

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતીએ રાજ્યમાં છેલ્લે પશુ વસ્તી ગણતરી સને ૨૦૧૨ માં કરવામાં આવેલ છે.

(૨) ઉકત પશુ વસ્તી ગણતરીનો આખરી અહેવાલ પ્રસિધ્ધ થઈ શકયો નથી.

(૩) તેના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

ભારત સરકારશ્રીના કૃષિ મંત્રાલયના પશુપાલન, ડેરી, ફિશરીઝ વિભાગ, નવી દિલ્હી દ્વારા પશુ વસ્તી ગણતરી-૨૦૧૨ના રાજ્યકક્ષાના પરિણામો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પશુ વસ્તી ગણતરી-૨૦૧૨ના રાજ્યકક્ષાના આ પરિણામોમાં ગાય અને ભેંસની સંખ્યામાં વિસંગતતા આવેલ છે. તેથી આ પરિણામો વાસ્તવિક જણાતા નથી. પશુ વસ્તી ગણતરી-૨૦૧૨ના રાજ્યકક્ષાના પરિણામોમાં ગાય અને ભેંસની પરિણામોમાં સુધારો થયેથી આ રીપોર્ટ પ્રસિધ્ધ કરવામાં આવશે.

-------

રાજ્યમાં જિલ્લાવાર ખેડૂતોના આપઘાતના નોંધાયેલ કિસ્સા

અતારાંકિતઃ ૧૦૭૪૯ (૦૨-૧૨-૨૦૧૬) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ખેડૂતોના આપઘાતના કેટલા કિસ્સાઓ નોંધાયા, અને

(૨) તે અન્વયે રાજ્યમાં ખેડૂતોના આપઘાતનું પ્રમાણ ઘટાડવા સરકારે શું પગલાં લીધા ?

કૃષિ મંત્રીશ્રી : (૧૬-૦૧-૨૦૧૭)

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં પાક નિષ્ફળ જવાના કારણે ૩, ખેતીમાં દેવુ વધી જવાથી ૪, અને ખેતી સિવાય દેવુ વધી જવાથી ૫, અને અન્ય કારણોસર ૭૯, મળી કુલ ૯૧ ખેડૂતોનાં આપઘાતના કિસ્સા નોંધાયા છે. જેની જિલ્લાવાર વિગતો પત્રક-૧માં સામેલ છે.

(૨) સરકારશ્રી દ્વારા ખેડૂતોને વિષમ પરિસ્થિતિમાં કૃષિ ક્ષેત્રે સહાય મળે તે માટે ખેડૂતો માટે નીચે જણાવેલ કૃષિ સહાયક યોજનાઓ અમલમાં છે.

(૧) પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના.

(૨) ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના .

(૩) ભાવ સમધારણ યોજના.

(૪) રાજ્યમાં અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ, કમોસમી વરસાદ, અને કરા પડવા જેવી કુદરતી આપત્તિમાં સહાય

આપવાની યોજના.

-------

પત્રક-૧

તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ખેડૂતોએ આપઘાત કર્યાની વિગતો

| અ. નં. | જિલ્લાનું નામ | વર્ષ | | | | | જિલ્લાનો સરવાળો |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ (૩૧-૧૦-૨૦૧૬ અંતિત) | |
| ૧ | અમદાવાદ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | ગાંધીનગર | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૩ |
| ૪ | જામનગર | ૧૩ | ૨૮ | ૩ | ૩ | ૧ | ૪૮ |
| ૫ | રાજકોટ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૬ |
| ૬ | સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૨ |
| ૭ | અમરેલી | ૫ | ૦ | ૨ | ૧ | ૦ | ૮ |
| ૮ | ભાવનગર | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૪ |
| ૯ | જુનાગઢ | ૧૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૧૩ |
| ૧૦ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૨ | પોરબંદર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩ | વડોદરા | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૪ | સુરત | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| | કુલ | ૩૬ | ૩૩ | ૮ | ૮ | ૬ | ૯૧ |

નોંધ ઃ જે જિલ્લાઓમાં ખેડૂતે આપઘાત કરેલ છે. તેની માહિતી આપેલ છે.

-------

રાજયમાં શિક્ષણાધિકારીની કચેરીમાં એજ્યુકેશન ઈન્સપેકટરોની મંજુર થયેલ જગ્યા

અતારાંકિતઃ ૧૦૭૮૩ (૦૨-૧૨-૨૦૧૬) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

તારીખ ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજયમાં જિલ્લાવાર શિક્ષણાધિકારીની કચેરીમાં એજ્યુકેશન ઈન્સપેકટરોની મંજુર થયેલ કેટલી જગ્યાઓ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૬-૦૧-૨૦૧૭)

તારીખ ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજયમાં જિલ્લાવાર શિક્ષણાધિકારીની કચેરીમાં એજ્યુકેશન ઈન્સપેકટરોની મંજુર થયેલ કેટલી જગ્યાઓ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો નીચે મુજબ છે.

| જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | કેટલા સમયથી ખાલી છે. તેની વિગતો | |
|---|---|---|---|---|
| | | | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે |
| એજ્યુકેશન ઈન્સપેકટર | ૯૨ | ૧૩ | ૭૯ | પત્રક અ મુજબ |

પત્રક અ

તારીખ ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજયમાં જિલ્લાવાર શિક્ષણાધિકારીની કચેરીમાં એજ્યુકેશન ઈન્સપેકટરોની મંજુર થયેલ જગ્યાઓ સામે ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો

| ક્રમ નંબર | જિલ્લાનું નામ | એજ્યુકેશન ઈન્સ્પેકટરોની મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાઓની સંખ્યા | એજ્યુકેશન ઈન્સ્પેકટરોની જગ્યા ક્યારથી ખાલી છે. | |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ (શહેર) | ૦૯ | ૦૨ | ૦૭ | ૧ | તા. ૧૩-૦૭-૨૦૦૯ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૦૧-૦૧-૨૦૧૧ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૨૫-૦૫-૨૦૧૧ થી જગ્યા ખાલી |
| | | | | | ૪ | તા. ૧૫-૦૭-૨૦૧૧ થી જગ્યા ખાલી |
| | | | | | ૫ | તા. ૦૪-૦૩-૨૦૧૪ થી જગ્યા ખાલી |
| | | | | | ૬ | તા. ૦૪-૦૩-૨૦૧૪ થી જગ્યા ખાલી |
| | | | | | ૭ | તા. ૦૧-૦૭-૨૦૧૬ થી જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ખાલી |
| ૨ | અમદાવાદ (ગ્રામ્ય) | ૦૫ | ૦૨ | ૦૩ | ૧ | તા. ૩૧–૦૫–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૨૨–૦૩–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૧૦–૧૧–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૩ | અમરેલી | ૦૨ | ૦૧ | ૦૧ | | તા. ૨૨–૦૩–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| ૪ | ગાંધીનગર | ૦૩ | ૦૧ | ૦૨ | ૧ | તા. ૦૧–૦૭–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૧૦–૧૧–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૫ | આણંદ | ૦૩ | ૦૦ | ૦૩ | ૧ | તા. ૦૧–૦૯–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૨૫–૧૦–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૦૫–૦૩–૨૦૧૪ થી જગ્યા ખાલી |
| ૬ | બનાસકાંઠા | ૦૩ | ૦૧ | ૦૨ | ૧ | તા. ૦૧–૦૧–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૧૦–૧૧–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૭ | ભાવનગર | ૦૩ | ૦૧ | ૦૨ | ૧ | તા. ૦૧–૦૭–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૦૧–૦૭–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| ૮ | ભરૂચ | ૦૩ | ૦૦ | ૦૩ | ૧ | તા. ૦૧–૦૬–૨૦૧૧ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૦૧–૦૪–૨૦૧૪ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૨૨–૦૩–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| ૯ | દાહોદ | ૦૨ | ૦૦ | ૦૨ | ૧ | તા. ૧૨–૧૧–૨૦૧૪ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૨૨–૦૩–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| ક્રમ નંબર | જિલ્લાનું નામ | એજ્યુકેશન ઈન્સ્પેકટરોની મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાઓની સંખ્યા | એજ્યુકેશન ઈન્સ્પેકટરોની જગ્યા ક્યારથી ખાલી છે. | |
| ૧૦ | ડાંગ–આહવા | ૦૧ | ૦૦ | ૦૧ | ૧ | તા. ૧૦–૧૧–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૧૧ | જામનગર | ૦૩ | ૦૦ | ૦૩ | ૧ | તા. ૩૧–૦૧–૨૦૧૧ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૩૧–૦૮–૨૦૧૨ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૨૨–૦૩–૨૦૧૩ થી જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ખાલી |
| ૧૨ | જુનાગઢ | ૦૩ | ૦૧ | ૦૨ | ૧ | તા. ૦૧–૦૧–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૨૨–૦૩–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| ૧૩ | ખેડા (નડિયાદ) | ૦૪ | ૦૦ | ૦૪ | ૧ | તા. ૦૬–૦૪–૨૦૧૧ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૨૭–૦૯–૨૦૧૨ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૨૮–૦૨–૨૦૧૨ થી જગ્યા ખાલી |
| | | | | | ૪ | તા. ૩૧–૦૭–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૧૪ | કચ્છ–ભૂજ | ૦૩ | ૦૦ | ૦૩ | ૧ | તા. ૨૫–૦૬–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૧૫–૦૭–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૧૫–૦૭–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| ૧૫ | મહેસાણા | ૦૩ | ૦૦ | ૦૩ | ૧ | તા. ૨૮–૦૩–૨૦૧૧ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૩૧–૦૧–૨૦૧૪ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૨૨–૦૩–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| ૧૬ | નર્મદા–રાજપીપળા | ૦૧ | ૦૦ | ૦૧ | ૧ | તા. ૧૦–૧૧–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૧૭ | નવસારી | ૦૧ | ૦૧ | ૦૦ | | જગ્યા ભરાયેલ છે. |
| ૧૮ | પંચમહાલ | ૦૩ | ૦૦ | ૦૩ | ૧ | તા. ૨૯–૧૦–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૦૬–૦૪–૨૦૧૪ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૨૨–૦૩–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| ૧૯ | પાટણ | ૦૩ | ૦૦ | ૦૩ | ૧ | તા. ૦૧ –૦૭–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૦૧–૧૨–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૧૦–૧૧–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૨૦ | પોરબંદર | ૦૧ | ૦૦ | ૦૧ | ૧ | તા. ૦૧–૦૪–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| ૨૧ | રાજકોટ | ૦૬ | ૦૦ | ૦૬ | ૧ | તા. ૦૧–૦૫–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૦૧–૦૯–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૦૭–૦૨–૨૦૧૨ થી જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ખાલી |
| | | | | | ૪ | તા. ૦૧–૦૯–૨૦૧૨ થી જગ્યા ખાલી |
| | | | | | ૫ | તા. ૦૧–૧૦–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| | | | | | ૬ | તા. ૧૦–૧૧–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૦૨ | ૦૦ | ૦૨ | ૧ | તા. ૩૦–૦૯–૨૦૧૬ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૨૨–૦૩–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| ૨૩ | સાબરકાંઠા | ૦૩ | ૦૧ | ૦૨ | ૧ | તા. ૦૪–૦૩–૨૦૧૪ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૦૪–૦૩–૨૦૧૪ થી જગ્યા ખાલી |
| ૨૪ | સુરત | ૦૪ | ૦૦ | ૦૪ | ૧ | તા. ૩૧–૧૨–૨૦૧૨ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૩૧–૦૩–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૨૨–૦૩–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| | | | | | ૪ | તા. ૧૦–૧૧–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૨૫ | વડોદરા | ૦૬ | ૦૧ | ૦૫ | ૧ | તા. ૨૦–૦૭–૨૦૧૨ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૧૪–૦૨–૨૦૧૧ થી જગ્યા ખાલી |
| | | | | | ૩ | તા. ૨૩–૦૫–૨૦૧૧ થી જગ્યા ખાલી |
| | | | | | ૪ | તા. ૩૧–૦૭–૨૦૧૧ થી જગ્યા ખાલી |
| | | | | | ૫ | તા. ૦૪–૦૩–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ક્રમ નંબર | જિલ્લાનું નામ | એજ્યુકેશન ઈન્સ્પેકટરોની મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાઓની સંખ્યા | એજ્યુકેશન ઈન્સ્પેકેટરોની જગ્યા ક્યારથી ખાલી છે. | |
| ૨૬ | વલસાડ | ૦૨ | ૦૧ | ૦૧ | ૧ | તા. ૦૧–૦૬–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૨૭ | તાપી–વ્યારા | ૦૧ | ૦૦ | ૦૧ | ૧ | તા. ૦૧–૧૦–૨૦૧૨ થી જગ્યા ખાલી |
| ૨૮ | દેવભૂમિ–દ્વારકા | ૦૧ | ૦૦ | ૦૧ | ૧ | તા. ૨૩–૦૯–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| ૨૯ | બોટાદ | ૦૧ | ૦૦ | ૦૧ | ૧ | તા. ૧૬–૦૬–૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૩૦ | મોરબી | ૦૧ | ૦૦ | ૦૧ | ૧ | તા. ૨૩–૦૯–૨૦૧૩ થી જગ્યા ખાલી |
| ૩૧ | ગીર–સોમનાથ | ૦૨ | ૦૦ | ૦૨ | ૧ | તા. ૧૦–૧૧–૨૦૧૫ થી જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ખાલી |
| | | | | | ૨ | તા. ૩૧-૦૮-૨૦૧૬ થી જગ્યા ખાલી |
| ૩૨ | છોટા ઉદેપુર | ૦૧ | ૦૦ | ૦૧ | ૧ | તા. ૨૩-૦૯-૨૦૧૩ થી જગ્યા ખાલી |
| ૩૩ | અરવલ્લી | ૦૨ | ૦૦ | ૦૨ | ૧ | તા. ૨૯-૦૬-૨૦૧૬ થી જગ્યા ખાલી |
| | | | | | ૨ | તા. ૧૦-૧૧-૨૦૧૫ થી જગ્યા ખાલી |
| ૩૪ | મહીસાગર | ૦૧ | ૦૦ | ૦૧ | ૧ | તા. ૨૩-૦૬-૨૦૧૩ થી જગ્યા ખાલી |
| | કુલ જગ્યાઓ | ૯૨ | ૧૩ | ૭૯ | | |

-------

અમદાવાદના શાહીબાગ ખાતેના સરકારી ગોડાઉનમાં અનાજનું કાળાબજાર

અતારાંકિતઃ ૧૦૩૩૭ (૨૩-૧૧-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય અન્ન અને નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદના શાહીબાગ ખાતેના નાગરીક પુરવઠા ખાતાના સરકારી ગોડાઉનમાંથી ઓગસ્ટ ૨૦૧૬ માં બે ટ્રકોમાં આશરે ૬૦૦ બોરી ઘઉં/ચોખા સહીત આશરે રૂ઼. ૧૫ લાખનો પુરવઠો જી.આઈ.ડી.સી. માં લઈ જવાતા પકડી પાડવામાં આવ્યો હતો તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત કેસના કેટલા જવાબદારો સામે શી કાનુની અને ખાતાકીય પગલાં લેવાયા છે, અને

(૩) સસ્તા અનાજના પુરવઠાને કાળાબજારમાં જતા રોકવા સરકાર કક્ષાએ શી વ્યાવસ્થા ગોઠવવામાં આવી છે ?

અન્ન અને નાગરીક પુરવઠા મંત્રીશ્રી : (૧૯-૦૧-૧૭)

(૧) હા જી

(૨) તા. ૬-૮-૧૬ના રોજ આસી. પોલીસ કમિશ્નર દ્બારા માસુમ ફુડ પ્રા. લિ. G.I.D.C. નરોડા ખાતે સરકારી ગોડાઉનેથી વ્યાજબી ભાવની દુકાન માટે ઈસ્યુ થયેલ રેશન જથ્થો ધરાવતી બે ટ્રક પકડવામાં આવેલ હતી. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ટ્રક નં. GJ-1 DJ-4795

(૨) ટ્રક નં. GJ-9 V-5399 ઉક્ત

કેસ અન્વયે જવાબદારો સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) માસુમ ફુડ એગ્રો પ્રા. લિ. G.I.D.C. નરોડાની કરવામાં આવેલ તપાસમાં ઘઉં-ચોખાનો રૂ઼. ૬૨,૩૫ /- લાખનો જથ્થો કબજે કરવામાં આવેલ છે જે કેસ હાલમાં ચાલુમાં છે.

(૨) વટવા ઝોનની કુત્બી કં.કો.ઓ. સોસાયટી લી. સંચાલીત વ્યાજબી ભાવની દુકાનની કરવામાં આવેલ તપાસ અન્વયે ખાતારાહે પગલાં લઈ દુકાનનો પરવાનો/અધિકારપત્ર કાયમી ધોરણે રદ કરી પરવાના પેટે મુકેલ પરવાના અનામત

રૂ઼. ૫000/-ની પુરેપુરી રકમ રાજ્યસાત કરવામાં આવેલ છે.

(૩) આ કેસમાં સંડોવાયેલ ભૈરવનાથ ટ્રાન્સપોર્ટ કંપની, નરોડા, અમદાવાદ, ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટ સામે પગલા લેવાની કાર્યવાહી ચાલુમાં છે.

(૪) દસક્રોઈ તાલુકાના હરણીયાવ ગામની પરમાર કાળીદાસ મકનદાસ સંચાલિત વ્યાજબી ભાવની દુકાનનની કરવામાં આવેલ તપાસ અન્વયે તા. ૧૦-૮-૨૦૧૬ના હુકમથી પ્રથમ ૬૦ દિવસ માટે ત્યારબાદ તા. ૫-૧૦-૨૦૧૬ના હુકમથી વધુ ૩૦ દિવસ માટે પરવાનો મોકુફ રાખવામાં આવેલ, ત્યારબાદ તા. ૮-૧૧-૨૦૧૬ના હુકમથી પરવાનો ચાલુ કરવામાં આવેલ છે.

(૫) આ કેસમાં સંડોવાયેલ દસક્રોઈ તાલુકાના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર અપેક્ષા એન્ટરપ્રાઈઝ વિરૂધ્ધ ખાતારાહે પગલાં લેવાની કાર્યવાહી ચાલુમાં છે.

(૬) સદર પ્રકરણમાં સંડોવાયેલ નીચે મુજબના વ્યકિત/વેપારી સામે પોલીસ કેસ નોંધવવામાં આવેલ છે. જેમાં ગુ. રજી. નં.–૯૮/૧૬ તા. ૮–૮–૨૦૧૬ છે.

૧. જગદીશ માલાજી મારવાડી–ડ્રાઈવરશ્રી ટ્રક નં.–જીજે–૯–વી–૫૩૯૯, છારાનગર, બકરામંડી, રાણીપ, અમદાવાદ છે.

૨. શિવકુમાર પુરણસિંગ તોમર ડ્રાઈવરશ્રી ટ્રક નં. જીજે–૧–ડીયુ–૪૭૯૫, મુળવતન–વિજયનગર, તા. પોરસા,
જિ. મોરેના.

૩. જીતેન્દ્ર ભગવાનદાસ ગેહલોત–માસુમ એગ્રો ફુડ પ્રા. લી., G.I.D.C. નરોડાના માલિક છે. ઉક્ત વ્યકિતઓ/વેપારીઓની સામે અટકાયત પગલાં લઈ નામદાર કોર્ટમાં રજુ થતાં નામદાર કોર્ટમાં જામીન પર મુક્ત કરેલ છે.

(૩) સરકારી ગોડાઉનેથી વ્યાજબી ભાવની દુકાનોએ રેશનનો જથ્થો પહોંચે તે માટે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.

(૧) ડોરસ્ટેપ ડીલીવરીના માધ્યમથી રેશનનો જથ્થો પહોંચાડવાની પ્રથા અમલમાં મુકવામાં આવેલ છે.

(૨) રેશન જથ્થો ઉપાડવા માટે દર માસે એડવાન્સ પ્રોગ્રામ નક્કી કરવામાં આવે છે.

(૩) ગોડાઉન ઉપરથી વ્યાજબી ભાવના દુકાનદારને જથ્થાની ડીલીવરી કરવામાં આવે છે તે સમયે દુકાનદારને તથા તે દુકાન સાથે નોંધાયેલ કાર્ડધારકોને તથા તકેદારી સમિતિના સભ્યોને SMS થી જાણ કરવામાં આવે છે.

(૪) વ્યાજબી ભાવની દુકાનના સંચાલકને ત્યાં રેશનીંગનો જથ્થો તકેદારી સમિતિના બે સભ્યોની રૂબરૂમાં સહી લઈને જથ્થો ઉતારવામાં આવે છે.

–––––––

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં 'સેરીબલ પાલ્સી' રોગના દર્દીઓ

અતારાંકિતઃ ૯૫૧૪ (૧૯–૦૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં 'સેરીબલ પાલ્સી' રોગથી તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ કેટલી વ્યકિતઓ/બાળકો પીડાઈ રહ્યા નોંધાયેલ છે, અને

(૨) આ રોગથી પીડાતી વ્યકિત/બાળકોને સરકાર તરફથી શી આરોગ્ય વિષયક સારવાર–સુવિધા વર્ષ ૨૦૧૫માં પૂરી પાડવામાં આવી ?

આરોગ્ય મંત્રીશ્રી : (રાજ્ય કક્ષા) (૨૦–૦૧–૧૭)

(૧) તા. ૩૧ મી ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ 'સેરીબલ પાલ્સી' રોગથી પીડાઈ રહેલ વ્યકિતઓ/બાળકોની નોંધાયેલ સંખ્યા રાજકોટ, જિલ્લામાં ૦૮ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૦૭ છે. જ્યારે મોરબી જિલ્લાની માહિતી શૂન્ય છે.

(૨) વર્ષ ૨૦૧૫ માં આ રોગથી પિડાતા દર્દીઓને સરકાર તરફથી ફિઝિયોથેરાપીની સારવાર જેવી કે, પેસીવ મુવમેન્ટ, ગેટ ટ્રેનિંગ સાઈટ સીટીંગ, સ્ટેર્ચીંગ સ્પાસટીચ મલમ બેલેન્સ એકસરસાઈઝ, તેમજ બાળ રોગ નિષ્ણાંત દ્વારા તપાસ કરવી જરૂરી કસરત તથા તેની સાથેની બીમારીઓની દવાઓ તેમજ આ રોગ સાથે અન્ય બિમારી હોય તો જુદા જુદા નિષ્ણાંત દ્વારા સુચવવામાં આવતી સારવાર (સ્ટીમ્યુલેશન થેરાપી, દવાઓ, ઈંજેકશન, એમ.આર.આઈ. તપાસ, માયનોર કે મેજર સર્જરી, એપીલેપ્સીની સારવાર, સાયકોલોજીકલ થેરાપી, કાઉન્સીલીંગ અને રિહેબીલીટિશનની સારવાર) આપવામાં આવે છે.

–––––––

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં 'સેરીબલ' પાલ્સી રોગના દર્દીઓ

અતારાંકિતઃ ૯૯૮૧ (૦૮–૧૧–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે :–

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં 'સેરીબલ પાલ્સી' રોગથી તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ ની સ્થિતિએ કેટલાં દર્દીઓ પીડાઈરહ્યા છે, અને

(૨) આ રોગથી પીડાતાં દર્દીઓને સરકાર તરફથી શી આરોગ્ય વિષયક સારવાર–સુવિધા ૨૦૧૫માં પૂરી પાડવામાં આવી ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૨૧–૧–૨૦૧૭)

(૧) જુનાગઢ જિલ્લામાં સેરીબલ પાલ્સી રોગથી ૩૧ મી ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ ૫૬ દર્દીઓ પીડાઈ રહ્યા છે. પોરબંદર જિલ્લામાં જનરલ હોસ્પિટલ પોરબંદર ખાતે ૪૫ અને જિલ્લા પંચાયત હસ્તકનાં ૧૩ એમ મળી કૂલ–૫૮ દર્દીઓ આ રોગથી પીડાઈ રહ્યા છે.

(૨) આ રોગથી પીડાતા દર્દીઓને ફિઝિયોથેરાપીની સારવાર જેવી કે પેસીવ મુવમેન્ટ, ગેટ ટ્રેનિંગ સાઈટ સીટીંગ, સ્ટેર્ચીંગ સ્પાસટીચ મલમ બેલેન્સ એકસરસાઈઝ, તેમજ બાળ રોગ નિષ્ણાંત દ્વારા તપાસ કરાવી જરૂરી

કસરત તથા તેની સાથેની બીમારીઓની દવાઓ તેમજ આ રોગ સાથે અન્ય બિમારી હોય તો જુદા જુદા નિષ્ણાંત દ્વારા તપાસ કરાવી જરૂરી કસરત તથા તેની સાથેની બીમારીઓની દવાઓ તેમજ આ રોગ સાથે અન્ય બીમારી હોય તો જુદા જુદા નિષ્ણાંત દ્વારા સુચવવામાં આવતી સારવાર (સ્ટીમ્યુલેશન થેરાપી, દવાઓ, ઇંજેકશન, એમ.આર.આઈ. તપાસ, માયનોર કે મેજર સર્જરી, એપીલેપ્સીની સારવાર, સાયકોલોજી થેરાપી, કાઉન્સીલીંગ અને રિહેબીલીટેશનની સારવાર) આપવામાં આવે છે.

-------

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની તાલુકા કક્ષાની હોસ્પીટલમાં પોસ્ટમોર્ટમની સુવિધા

અતારાંકિતઃ ૧૦૦૭૪ (૨૬-૧૦-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની તાલુકા કક્ષાની કઈ હોસ્પીટલોમાં તા. ૩૧ મી ડીસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ પોસ્ટમોર્ટમની સુવિધા નથી.

(૨) તેના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉકત હોસ્પીટલોમાં આ સુવિધા ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૨૦-૧-૨૦૧૭)

(૧) તા. ૩૧ મી ડિસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની તાલુકા કક્ષાની દેવગઢબારીયા અને સંતરામપુર ખાતેની જનરલ હોસ્પીટલ ખાતે પોસ્ટમોર્ટમની સુવિધા ઉપલબ્ધ છે. જ્યારે પંચમહાલ અને મહીસાગર જિલ્લાની તાલુકા કક્ષાએ જનરલ હોસ્પીટલ આવેલી ન હોઈ, પોસ્ટમોર્ટમની સુવિધાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ બાબત

અતારાંકિતઃ ૮૮૮૧ (૨૯-૭-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુપ્રિમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવા જુલાઈ-૨૦૧૫માં આદેશ આપ્યો છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં ઉકત ચુકાદાનો અમલ કરવામાં આવ્યો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૧-૨૦૧૭)

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં, તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવાની વિચારણા કરવા રાજ્ય સરકારોને જણાવેલ છે.

(૨) જામનગર તથા વલસાડ જિલ્લામાં-૮ મહિલા પોલીસના મહેકમ સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત અનુક્રમે ૩ પોલીસ સ્ટેશનોમાં અને ૧૨ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. નવસારી જિલ્લાના દરેક ૧૦ પોલીસ સ્ટેશનમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. જામનગર અને વલસાડ જિલ્લાનાં બાકી રહેતા અનુક્રમે ૧૨ (બાર) અને ૨ (બે) પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલોની ખુટતી સંખ્યા પુર્ણ કરવાની વિચારણા, હાલમાં તાલીમ લઈ રહેલ મહિલા પોલીસ કોન્સ્ટેબલોની તાલીમ પુર્ણ થયે કરવામાં આવનાર છે.

-------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લા પોલીસ સ્ટેશનમાં મહિલા કોન્સ્ટેબલ બાબત

અતારાંકિતઃ ૯૦૦૩ (૦૭-૦૯-૨૦૧૬) શ્રી પુંજાભાઈ વંશ (ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવા જુલાઈ-૨૦૧૫માં આદેશ આપ્યો છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતીએ ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં ઉકત ચુકાદાનો અમલ કરવામાં આવ્યો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં, તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવાની વિચારણા કરવા રાજ્ય સરકારોને જણાવેલ છે.

(૨) ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તમામ–૯ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધારે મહિલા પોલીસ કર્મચારીની નિમણુંક થયેલ છે. અમરેલી જિલ્લામાં અમરેલી મહિલા પોલીસ સ્ટેશનમાં ૧૨ મહિલા પોલીસના મહેકમ સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત કુલ ૨૧ પોલીસ સ્ટેશનો પૈકી ૧૩ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. બોટાદ જિલ્લાના ૭ પોલીસ સ્ટેશનો પૈકી ૨ પોલીસ સ્ટેશવમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. અમરેલી જિલ્લાના ૮(આઠ) અને બોટાદ જિલ્લાના ૫ (પાંચ) પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલોની ખુટતી સંખ્યા પુર્ણ કરવાની વિચારણા, હાલમાં તાલીમ લઈ રહેલ મહિલા પોલીસ કોન્સ્ટેબલોની તાલીમ પુર્ણ થયે કરવામાં આવનાર છે.

–––––––

રાજ્યમાં પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા

અતારાંકિતઃ ૯૩૫૨ (૦૭–૦૯–૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના તમામ પોલીસ મથકોમાં સીસીટીવી કેમેરા લગાવવા સરકારને હાઈકોર્ટે કોઈસુચના છેલ્લા પાંચ વર્ષમાં આપેલ છે તે હકીકત સાચી છે

(૨) જો હા, તો ઉકત સુચના ક્યારે આપવામાં આવેલ છે. અને ઉકત સુચના અન્વયે રાજ્યમાં તા. ૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ જિલ્લાવાર કેટલા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા અને જિલ્લાવાર કેટલા પોલીસ સ્ટેશનમાં કેમેરા લગાવવાની કામગીરી બાકી છે, અને ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૦૧–૨૦૧૭)

(૧) હા, જી.

(૨) નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ પી.આઈ.એલ. નં.૨૦૦/૨૦૧૨ અન્વયે તા. ૨૪–૦૯–૨૦૧૪ના રોજ નામ. હાઈકોર્ટએ સુચના આપેલ હતી. રાજ્યમાં તા. ૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ પોલીસ સ્ટેશન સીસીટીવી પ્રોજેક્ટ અંતર્ગત ૫૫૮–પોલીસ સ્ટેશનોમાં (અમદાવાદ શહેરના ૪૮ પોલીસ સ્ટેશનો સિવાય) સીસીટીવી કેમેરા લગાડવામાં આવેલ હતા. જ્યારે ૧૩–પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાડવામાં બાકી હતા. જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

–––––––

| નં. | જીલ્લાનું નામ | કુલ પોલીસ સ્ટેશનો | તા. ૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિ જીલ્લાવાર સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ પોલીસ સ્ટેશનોની સંખ્યા | તા. ૩૦–૦૬–૨૦૧૬ ની સ્થિતિ જીલ્લાવાર સીસીટીવી કેમેરા લગાવવામાં બાકી રહેતા પોલીસ સ્ટેશનોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૨૦ | ૧૯ | ૦૧ |
| ૨ | આણંદ | ૨૦ | ૨૦ | ૦ |
| ૩ | ખેડા | ૧૮ | ૧૮ | ૦ |
| ૪ | ગાંધીનગર | ૧૫ | ૧૫ | ૦ |
| ૫ | મહેસાણા | ૨૦ | ૨૦ | ૦ |
| ૬ | સાબરકાંઠા | ૧૪ | ૧૪ | ૦ |
| ૭ | અરવલ્લી | ૧૧ | ૧૦ | ૦૧ |
| ૮ | વડોદરા શહેર | ૨૦ | ૨૦ | ૦ |
| ૯ | વડોદરા ગ્રામ્ય | ૧૩ | ૧૩ | ૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૧૦ | ૦૯ | ૦૧ |
| ૧૧ | ભરૂચ | ૨૩ | ૨૩ | ૦ |
| ૧૨ | નર્મદા | ૦૮ | ૦૭ | ૦૧ |
| ૧૩ | પંચમહાલ | ૧૩ | ૧૨ | ૦૧ |
| ૧૪ | મહિસાગર | ૦૮ | ૦૮ | ૦ |
| ૧૫ | દાહોદ | ૧૫ | ૧૫ | ૦ |
| ૧૬ | સુરત શહેર | ૨૭ | ૨૬ | ૦૧ |
| ૧૭ | સુરત ગ્રામ્ય | ૧૨ | ૦ | ૦ |
| ૧૮ | વલસાડ | ૧૪ | ૧૪ | ૦ |
| ૧૯ | ડાંગ | ૦૪ | ૦૪ | ૦ |
| ૨૦ | નવસારી | ૧૧ | ૧૧ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | તાપી | ૦૯ | ૦૮ | ૦૧ |
| ૨૨ | વેસ્ટર્ન રેલ્વે | ૧૨ | ૧૧ | ૦૧ |
| ૨૩ | રાજકોટ શહેર | ૧૨ | ૧૦ | ૦૨ |
| ૨૪ | રાજકોટ ગ્રામ્ય | ૧૭ | ૧૬ | ૦૧ |
| ૨૫ | મોરબી | ૦૯ | ૦૯ | ૦ |
| ૨૬ | જામનગર | ૧૫ | ૧૫ | ૦ |
| ૨૭ | સુરેન્દ્રનગર | ૧૮ | ૧૭ | ૦૧ |
| ૨૮ | જુનાગઢ | ૧૯ | ૧૯ | ૦ |
| ૨૯ | ગીર સોમનાથ | ૦૯ | ૦૯ | ૦ |
| ૩૦ | દેવભુમિ દ્વારકા | ૦૮ | ૦૮ | ૦ |
| ૩૧ | અરવલ્લી | ૨૧ | ૨૧ | ૦ |
| ૩૨ | પોરબંદર | ૧૧ | ૧૧ | ૦ |
| ૩૩ | ભાવનગર | ૨૪ | ૨૩ | ૦૧ |
| ૩૪ | બોટાદ | ૦૭ | ૦૭ | ૦ |
| ૩૫ | કચ્છ–પૂર્વ–ગાંધીધામ | ૧૩ | ૧૩ | ૦ |
| ૩૬ | કચ્છ–પશ્ચિમ–ભુજ | ૧૯ | ૧૯ | ૦ |
| ૩૭ | પાટણ | ૧૫ | ૧૫ | ૦ |
| ૩૮ | બનાસકાંઠા | ૨૭ | ૨૭ | ૦ |
| ૩૯ | વેસ્ટર્ન રેલ્વે | ૧૦ | ૧૦ | ૦ |
| | કુલ | ૫૭૧ | ૫૫૮ | ૧૩ |

(૩) અંદાજીત ખર્ચ રૂપિયા ૫૬.૪૭ કરોડ

–––––––

અમદાવાદ શહેરમાં વાહન ઉંચકવાનાં કરાર બાબત

અતારાંકિતઃ ૯૪૫૧ (૦૭–૦૯–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) અમદાવાદ શહેરમાં રસ્તા પરના વાહનો ઉંચકવા માટે તા. ૩૦ જુન–૨૦૧૬ની સ્થિતિએ કઈ સંસ્થા/એજન્સી સાથે કેટલી કિંમતે કરાર કરવામાં આવ્યા છે, અને

(૨) સરકારી ક્રેઈનને બદલે કરાર પધ્ધતિ સ્વીકારવાના શા કારણો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૦૧–૨૦૧૭)

(૧) તા. ૩૦ જુન–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં રસ્તા પરના વાહનો ઉંચકવા માટે કોઈ સંસ્થા/એજન્સી સાથે કરાર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

રાજ્યમાં, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ સ્ટેશનમાં મહિલા કોન્સ્ટેબલ બાબત

અતારાંકિતઃ ૯૪૯૩ (૦૧–૧૦–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુપ્રિમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવા જુલાઈ–૨૦૧૫માં આદેશ આપ્યો છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ઉક્ત ચુકાદાનો અમલ કરવામાં આવ્યો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૦૧–૨૦૧૭)

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં, તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવાની વિચારણા કરવા રાજ્ય સરકારોને જણાવેલ છે.

(૨) તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ગોંડલ મહિલા પોલીસ સ્ટેશનમાં ૧૦ મહિલા પોલીસના મહેકમ સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત કુલ ૧૮ પોલીસ સ્ટેશનો પૈકી ૧૩ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. મોરબી જિલ્લાના ૮ પોલીસ સ્ટેશનો પૈકી ૫ પોલીસ સ્ટેશનમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૫ મહિલા પોલીસના મહેકમ

સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત કુલ ૨૦ પોલીસ સ્ટેશનો પૈકી ૧૩ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. બાકી રહેતા અનુક્રમે ૫ (પાંચ), ૩ (ત્રણ) અને ૭(સાત) પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલોની ખુટતી સંખ્યા પુર્ણ કરવાની વિચારણા, હાલમાં તાલીમ લઈ રહેલ મહિલા પોલીસ કોન્સ્ટેબલોની તાલીમ પુર્ણ થયે કરવામાં આવનાર છે.

-------

આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લા પોલીસ સ્ટેશનમાં મહિલા કોન્સ્ટેબલ બાબત

અતારાંકિતઃ ૯૬૨૪ (૦૧-૧૦-૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવા જુલાઈ-૨૦૧૫માં આદેશ આપ્યે છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ઉક્ત ચુકાદાનો અમલ કરવામાં આવ્યો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં, તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવાની વિચારણા કરવા રાજ્ય સરકારોને જણાવેલ છે.

(૨) તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ ૨૦ પોલીસ સ્ટેશનો પૈકી ૧૪ મહિલા પોલીસના મહેકમ સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત કુલ ૮ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. ખેડા જિલ્લાનાં કુલ ૧૯ પોલીસ સ્ટેશન પૈકી ૧૭ મહિલા પોલીસના મહેકમ સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત કુલ ૧૮ પોલીસ સ્ટેશનમાં બે કે તેથી વધુ પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. વડોદરા ગ્રામ્ય જિલ્લાનાં ૧૩ પોલીસ સ્ટેશનો પૈકી ૨૨ મહિલા પોલીસના મહેકમ સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત ૧૨ પોલીસ સ્ટેશનમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્માચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે અને છોટાઉદેપુર જિલ્લામાં કુલ ૧૧ પોલીસ સ્ટેશનો પૈકી ૨ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. બાકી રહેતા અનુક્રમે ૧૨ (બાર), ૧ (એક), ૧(એક) અને ૯(નવ) પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલોની ખુટતી સંખ્યા પુર્ણ કરવાની વિચારણા, હાલમાં તાલીમ લઈ રહેલ મહિલા પોલીસ કોન્સ્ટેબલોની તાલીમ પૂર્ણ થયે કરવામાં આવનાર છે.

-------

નર્મદા અને ભરૂચ જિલ્લા પોલીસ સ્ટેશનોમાં મહિલા કોન્સ્ટેબલ બાબત

અતારાંકિતઃ ૯૬૮૭ (૦૭-૦૯-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુપ્રિમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવા જુલાઈ-૨૦૧૫માં આદેશ આપ્યો છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં ઉક્ત ચુકાદાનો અમલ કરવામાં આવ્યો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં, તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવાની વિચારણા કરવા રાજ્ય સરકારોને જણાવેલ છે.

(૨) તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ નર્મદા જિલ્લાના તમામ ૮ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્માચારીઓની નિમણુપંક કરવામાં આવેલ છે. ભરૂચ જિલ્લાના ૨૪ પોલીસ સ્ટેશનો પૈકી ૧૮ મહિલા પોલીસના મહેકમ સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત કુલ ૮ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. ભરૂચ જિલ્લાના બાકી રહેતા ૧૬ પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલોની ખુટતી સંખ્યા પુર્ણ કરવાની વિચારણા, હાલમાં તાલીમ લઈ રહેલ મહિલા પોલીસ કોન્સ્ટેબલોની તાલીમ પુર્ણ થયે કરવામાં આવનાર છે.

-------

અમદાવાદ શહેરમાં વાહન ઉઠાવવા ક્રેઈનના કરાર બાબત

અતારાંકિતઃ ૯૭૪૯ : (૦૭-૧૧-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ શહેરમાં ૩૦ જુન-૨૦૧૬ની સ્થિતિએ રસ્તા પરથી અડચણરૂપ વાહનોને ઉઠાવી લેવા કેટલી સરકારી ક્રેઈન ઉપલબ્ધ છે, કેટલી કરારપદ્ધતિથી લેવામાં આવી છે, અને

(૨) તા. ૩૦ જુન-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કરાર પદ્ધતિથી ક્રેઈન માલિકોને કેટલી રકમ ચૂકવાઈ તથા તે સામે કેટલી આવક થઈ ?

## અતારાંકિત પ્રશ્નોત્તરી

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૦૧–૨૦૧૭)

(૧) અમદાવાદ શહેરમાં ૩૦ જુન–૨૦૧૬ની સ્થિતિએ રસ્તા પરથી અડચણરૂપ વાહનોને ઉઠાવી લેવા કુલ–૧૪ સરકારી ક્રેઈન ઉપલબ્ધ છે. કરાર પદ્ધતિથી ક્રેઈન લેવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

દારૂ સેવન કરેલ વાહન ચાલકોને શોધવા રાજ્યમાં બ્રેથ એનેલાઈઝર ઉપલબ્ધતા

અતારાંકિતઃ ૯૭૫૬ : (૦૭–૧૧–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :–

દારૂ સેવન કરીને વાહન ચલાવનારા લોકોને શોધી કાઢવા પોલીસતંત્ર પાસે તા. ૩૦–જુન–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલાં બ્રેથ એનેલાઈઝર મશીનો ઉપલબ્ધ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૦૧–૨૦૧૭)

તા. ૩૦–જુન–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કુલ–૪૪૦ ''બ્રેથ એનેલાઈઝર'' મશીનો ઉપલબ્ધ છે.

–––––––

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લાનાં પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ બાબત

અતારાંકિતઃ ૯૭૬૧ : (૨૧–૧૧–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :–

(૧) સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવા જુલાઈ–૨૦૧૫માં આદેશ આપ્યો છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ઉકત ચુકાદાનો અમલ કરવામાં આવ્યો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૦૧–૨૦૧૭)

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં, તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવાની વિચારણા કરવા રાજ્ય સરકારોને જણાવેલ છે.

(૨) કચ્છ જિલ્લામાં – ૩૨ મહિલા પોલીસના મહેકમ સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત કુલ ૧૯ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. ભાવનગર જિલ્લામાં ૧૨ મહિલા પોલીસના મહેકમ સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત કુલ ૧૧ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથીવધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. ગાંધીનગર જિલ્લામાં તમામ ૧૪ પોલીસ સ્ટેશનમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. કચ્છ જિલ્લાનાં બાકી રહેતા ૧૨ (બાર) પોલીસ સ્ટેશનોમાં અને ભાવનગર જિલ્લાનાં બાકી રહેતા ૧૫ પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલોની ખુટતી સંખ્યા પુર્ણ કરવાની વિચારણા, હાલમાં તાલીમ લઈ રહેલ મહિલા પોલીસ કોન્સ્ટેબલોની તાલીમ પુર્ણ થયે કરવામાં આવનાર છે.

–––––––

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં બ્રેથ એનલાઈઝર મારફત પકડાયેલ ગુનાઓ

અતારાંકિતઃ ૯૭૬૫ : (૧૭–૧૧–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સન ૨૦૧૫માં દારૂ પીને વાહન ચલાવતા કેટલા ઈસમોને શોધી કાઢવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૦૧–૨૦૧૭)

(૧) સન ૨૦૧૫માં કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લા પૈકી કચ્છ–પશ્ચિમ જિલ્લામાં–૦૫, ગાંધીનગર જિલ્લામાં–૦૨ દારૂ પીને વાહન ચલાવતા ઈસમોને બ્રેથ એનલાઈઝર મારફતે શોધી કાઢવામાં આવેલ છે. જયારે કચ્છ–પૂર્વ અને ભાવનગર જિલ્લાઓમાં બ્રેથ એનલાઈઝર મારફતે શોધી કાઢવામાં આવેલ ઈસમોની સંખ્યા ''શૂન્ય'' છે.

(૨) સન ૨૦૧૫માં કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લા પૈકી કચ્છ–પશ્ચિમ જિલ્લામાં–૦૫, અને ગાંધીનગર જિલ્લામાં – ૦૨ આરોપીઓ સામે મોટર વ્હીકલ એકટ કલમ–૧૮૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જયારે કચ્છ–પૂર્વ અને ભાવનગર જિલ્લાઓમાં બ્રેથ એનલાઈઝર મારફતે શોધી કાઢવામાં આવેલ ઈસમોની સંખ્યા ''શૂન્ય'' હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

૨૭મી માર્ચ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નોત્તરી

"કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં મહિલા પોલીસ સ્ટેશનો"

અતારાંકિતઃ ૯૭૬૮ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ૩૧ ડીસેમ્બર ૨૦૧૫ સ્થિતિએ ક્યા ક્યા શહેરોમાં કેટલા મહિલા પોલીસ સ્ટેશનો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ગાંધીધામ શહેરમાં ૧(એક) તથા ભુજ શહેરમાં ૧(એક) એમ કુલ-૨(બે) મહિલા પોલીસ સ્ટેશન છે તથા ભાવનગર જિલ્લામાં ભાવનગર શહેરમાં-૧ (એક) મહિલા પોલીસ સ્ટેશન છે તથા ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર શહેરમાં-૧ (એક) મહિલા પોલીસ સ્ટેશન છે.

-------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં એફ.આઈ.આર. ન નોંધવાની ફરીયાદ

અતારાંકિતઃ ૯૮૪૭ (૨૯-૧૦-૨૦૧૬) શ્રી મેરામણભાઈ અહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરવાની કેટલી ફરિયાદો જિલ્લા પોલિસ વડાને મળી, અને

(૨) તે અન્વયે કસુરવાન કેટલા પોલીસ કર્મચારી સામે સુપ્રિમકોર્ટના લલિતાદેવી વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશના ચુકાદા અન્વયે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧)

| | દેવભૂમિ દ્વારકા | સુરત | તાપી |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦૧૫ | ૦૦ | ૦૨ | ૦૦ |

(૨) ૦૧ વુમન હેડ કોન્સ્ટેબલને એક ઈજાફો ૬ માસ માટે અટકાવવાની શિક્ષા કરેલ અને ૦૧ વુમન હેડ કોન્સ્ટેબલને 'ઠપકા' ની શિક્ષા કરવામાં આવેલ છે.

-------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સાયબર ક્રાઈમ

અતારાંકિતઃ ૯૮૫૩ (૨૧-૨૧-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સન ૨૦૧૫માં સાઈબર ક્રાઈમ અંગેના કેટલા ગુના નોંધાયા, અને

(૨) તે પૈકી કેટલા ગુનાઓ ઉકેલી કેટલા આરોપીઓને પકડી પાડવામાં આવ્યા અને કેટલા આરોપીઓ પકડાવાના બાકી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧)

| જિલ્લો | નોંધાયેલ ગુના |
|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૦૦ |
| સુરત શહેર | ૯૨ |
| સુરત ગ્રામ્ય | ૦૪ |
| તાપી | ૦૨ |

(૨)

| જિલ્લો | ઉકેલેલ ગુના | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપી |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ |
| સુરત શહેર | ૪૪ | ૧૬૩ | ૨૨ |
| સુરત ગ્રામ્ય | ૦૧ | ૦૧ | ૦૩ |
| તાપી | ૦૧ | ૦૨ | ૦૧ |

અતારાંકિત પ્રશ્નોત્તરી

-------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં બ્રેથ એનલાઈઝર મારફત પકડાયેલ ગુનાઓ

અતારાંકિતઃ ૯૮૬૦ (૧૭-૧૧-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સન ૨૦૧૫માં દારૂ પીને વાહન ચલાવતા કેટલા ઈસમોને શોધી કાઢવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સન ૨૦૧૫માં દારૂ પીને વાહન ચલાવતા ઈસમોને બ્રેથ એનલાઈઝર મારફતે શોધી કાઢવામાં આવેલ ઈસમોની સંખ્યા ''શૂન્ય'' છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાનાં પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ બાબત

અતારાંકિતઃ ૯૮૬૧ : (૨૧-૧૧-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવા જુલાઈ-૨૦૧૫માં આદેશ આપ્યો છે, તે હકીકત સાચી છે અને

(૨) જો હા, તો તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં ઉકત ચુકાદાનો અમલ કરવામાં આવ્યો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં, તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવાની વિચારણા કરવા રાજ્ય સરકારોને જણાવેલ છે.

(૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૦૫ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. સુરત જિલ્લાના તમામ ૧૨ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. તાપી જિલ્લામાં તમામ ૦૯ પોલીસ સ્ટેશનમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં બાકી રહેતા ૦૩ પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલોની ખુટતી સંખ્યા પુર્ણ કરવાની વિચારણા, હાલમાં તાલીમ લઈ રહેલ મહિલા પોલીસ કોન્સ્ટેબલોની તાલીમ પુર્ણ થયે કરવામાં આવનાર છે.

-------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં આપઘાતનાં કેસો

અતારાંકિતઃ ૯૮૬૪ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સન ૨૦૧૫માં આપઘાતના કેટલા કેસો નોંધાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

૧૦૬૨

-------

''દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં મહિલા પોલીસ સ્ટેશનો''

અતારાંકિતઃ ૯૮૬૫ (૨૨-૧૧-૨૦૧૬) મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ કયા શહેરોમાં કેટલા મહિલા પોલીસ સ્ટેશનો છે ?

માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સુરત ગ્રામ્ય જિલ્લામાં સુરતમાં-૧ (એક) મહિલા પોલીસ સ્ટેશન તથા સુરત શહેરમાં-૧(એક) મહિલા પોલીસ સ્ટેશન મળી કુલ-૨ મહિલા પોલીસ સ્ટેશન છે તથા તાપી જિલ્લામાં વ્યારા શહેરમાં - ૧(એક) મહિલા પોલીસ સ્ટેશન છે પરંતુ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઉકત સ્થિતિએ મહિલા પોલીસ સ્ટેશન મંજૂર થયેલ નથી.

-------

જુનાગઢ અને પોરબંદર જિલ્લાનાં પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ બાબત

અતારાંકિતઃ ૯૯૫૨ (૨૧-૧૧-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવા જુલાઈ–૨૦૧૫માં આદેશ આપ્યો છે, તે હકીકત સાચી છે અને

(૨) જો હા, તો તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં ઉકત ચુકાદાનો અમલ કરવામાં આવ્યો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૦૧–૨૦૧૭)

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં, તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવાની વિચારણા કરવા રાજય સરકારોને જણાવેલ છે.

(૨) જુનાગઢ જિલ્લાનાં તમામ ૧૯ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. પોરબંદર જિલ્લાનાં ૮ મહિલા પોલીસના મહેકમ સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત કુલ ૧૦ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. પોરબંદર જિલ્લાનાં બાકી રહેતા ૧ પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલની ખુટતી સંખ્યા પુર્ણ કરવાની વિચારણા, હાલમાં તાલીમ લઈ રહેલ મહિલા પોલીસ કોન્સ્ટેબલોની તાલીમ પુર્ણ થયે કરવામાં આવનાર છે.

–––––––

### જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં બ્રેથ એનલાઈઝર મારફત પકડાયેલ ગુનાઓ

અતારાંકિતઃ ૯૯૫૭ (૧૭–૧૧–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં સન ૨૦૧૫માં દારૂ પીને વાહન ચલાવતા કેટલા ઈસમોને શોધી કાઢવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૦૧–૨૦૧૭)

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં સન ૨૦૧૫માં દારૂ પીને વાહન ચલાવતા ઈસમોને બ્રેથ એનલાઈઝર મારફતે શોધી કાઢવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

### જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલ પોલીસ

અતારાંકિતઃ ૯૯૬૩ (૧૭–૧૧–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર), માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં સન ૨૦૧૫માં પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા જવાબદારો સામે મુખ્યત્વે શી કાર્યવાહી થઈ ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૦૧–૨૦૧૭)

(૧) ૦૭

(૨) કુલ ૦૬ની વિરૂઘ્ધ ગુનો દાખલ કરી ખાતાકીય તપાસ સોંપવામા આવેલ છે જયારે ૦૧ની સામે ગુનો દાખલ કરી ફરજ મોકુફ કરી ખાતાકીય તપાસ સોંપવામાં આવેલ છે.

–––––––

### જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં સાઈબર ક્રાઈમ

અતારાંકિતઃ ૯૯૬૪ (૨૧–૧૧–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર), માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં સન ૨૦૧૫માં સાઈબર ક્રાઈમ અંગેના કેટલા ગુના નોંધાયા, અને

(૨) તે પૈકી કેટલા ગુનાઓ ઉકેલી કેટલા આરોપીઓને પકડી પાડવામાં આવ્યા અને કેટલા આરોપીઓ પકડાવાના બાકી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧–૦૧–૨૦૧૭)

(૧)

| જિલ્લો | નોંધાયેલા ગુના |
|---|---|
| જુનાગઢ | ૦૭ |
| પોરબંદર | ૦૦ |

(૨)

અતારાંકિત પ્રશ્નોત્તરી

| જિલ્લો | ઉકેલેલ ગુના | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપી |
|---|---|---|---|
| જુનાગઢ | ૦૭ | ૦૭ | ૦૦ |
| પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ |

-------

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં આપઘાતનાં કેસો

અતારાંકિતઃ ૯૮૬૮ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર), માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં સન ૨૦૧૫માં આપઘાતના કેટલા કેસો નોંધાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

૪૧૦

-------

'જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં મહિલા પોલીસ સ્ટેશનો'

અતારાંકિતઃ ૯૯૬૯ (૨૨-૧૧-૨૦૧૬) જવાહરભાઈ ચવાડા (માણાવદર), માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ કયા શહેરોમાં કેટલા મહિલા પોલીસ સ્ટેશનો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં જુનાગઢ શહેરમાં-૧(એક) મહિલા પોલીસ સ્ટેશન તથા પોરબંદર જિલ્લામાં પોરબંદર શહેરમાં-૧(એક) મહિલા પોલીસ સ્ટેશન છે.

-------

પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં સાયબર ક્રાઈમ

અતારાંકિતઃ ૧૦૦૪૫ (૨૧-૧૧-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા), માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં સન ૨૦૧૫માં સાઈબર ક્રાઈમ અંગેના કેટલા ગુના નોંધાયા, અને

(૨) તે પૈકી કેટલા ગુનાઓ ઉકેલી કેટલા આરોપીઓને પકડી પાડવામાં આવ્યા અને કેટલા આરોપીઓ પકડાવાના બાકી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧)

| જિલ્લો | નોંધાયેલા ગુના |
|---|---|
| પંચમહાલ | ૦૪ |
| દાહોદ | ૦૧ |
| મહિસાગર | ૦૧ |

(૨)

| જિલ્લો | ઉકેલેલ ગુના | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપી |
|---|---|---|---|
| પંચમહાલ | ૦૨ | ૦૧ | ૦૬ |
| દાહોદ | ૦૧ | ૦૩ | ૦૦ |
| મહિસાગર | ૦૧ | ૦૧ | ૦૦ |

-------

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ બાબત

અતારાંકિતઃ ૧૦૦૫૮ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા), માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવા જુલાઈ-૨૦૧૫માં આદેશ આપ્યો છે, તે હકીકત સાચી છે અને

(૨) જો હા, તો તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ઉકત ચુકાદાનો અમલ કરવામાં આવ્યો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં, તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવાની વિચારણા કરવા રાજ્ય સરકારોને જણાવેલ છે.

(૨) પંચમહાલ જિલ્લામાં તમામ ૧૨ પોલીસ સ્ટેશનોમાં અને દાહોદ જિલ્લામાં તમામ ૧૫ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. મહીસાગર જિલ્લામાં ૦૫ પોલીસ સ્ટેશનમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. મહીસાગર જિલ્લાનાં બાકી રહેતા ૦૩ પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલોની ખુટતી સંખ્યા પુર્ણ કરવાની વિચારણા, હાલમાં તાલીમ લઈ રહેલ મહિલા પોલીસ કોન્સ્ટેબલોની તાલીમ પુર્ણ થયે કરવામાં આવનાર છે.

-------

પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં બ્રેથ એનલાઈઝર મારફત પકડાયેલ ગુનાઓ

અતારાંકિતઃ ૧૦૦૬૩ (૧૭-૧૧-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં સન ૨૦૧૫માં દારૂ પીને વાહન ચલાવતા કેટલા ઈસમોને શોધી કાઢવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં સન ૨૦૧૫માં દારૂ પીને વાહન ચલાવતા ઈસમોને બ્રેથ એનલાઈઝર મારફતે શોધી કાઢવામાં આવેલ ઈસમોની સંખ્યા ''શૂન્ય'' છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

કચ્છ જિલ્લામાં દારૂની ભઠ્ઠીઓ પકડાયા બાબત

અતારાંકિતઃ ૧૦૨૯૭ (૧૭-૧૧-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જે પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂની ભઠ્ઠી પકડાય તો સંબંધિત પી.એસ.આઈ. થી ડી.વાયએસ.પી.ની જવાબદારી નક્કી કરી તેમની સામે શિસ્ત વિષયક પગલાં લેવા રાજ્ય સરકારે ઓગષ્ટ-૨૦૧૫માં આદેશ કર્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કચ્છ જિલ્લામાં ઉક્ત આદેશ થયા પછી તા. ૩૦ જુન-૨૦૧૬ સુધીમાં કેટલી દારૂની ભઠ્ઠી પકડાઈ અને કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં બ્રેથ એનલાઈઝર મારફત પકડાયેલ ગુનાઓ

અતારાંકિતઃ ૧૦૪૧૨ (૧૭-૧૧-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સન ૨૦૧૫માં દારૂ પીને વાહન ચલાવતા કેટલા ઈસમોને શોધી કાઢવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સન ૨૦૧૫માં દારૂ પીને વાહન ચલાવતા ઈસમોને બ્રેથ એનલાઈઝર મારફત શોધી કાઢવામાં આવેલ ઈસમોની સંખ્યા ''શૂન્ય'' છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ બાબત

અતારાંકિતઃ ૧૦૪૧૭ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવા જુલાઈ-૨૦૧૫માં આદેશ આપ્યો છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૦૮-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઉકત ચુકાદાનો અમલ કરવામાં આવ્યો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) નામદાર સુપ્રીમ કોર્ટે દિલીપ બાસુના જાહેર હિતના કેસમાં, તમામ પોલીસ સ્ટેશનોમાં ઓછામાં ઓછા બે મહિલા પોલીસ કોન્સ્ટેબલોની નિમણુંક કરવાની વિચારણા કરવા રાજ્ય સરકારોને જણાવેલ છે.

(૨) બનાસકાંઠા જિલ્લામાં તમામ ૨૭ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. સાબરકાંઠા જિલ્લામાં ૧૭ મહિલા પોલીસના મહેકમ સાથેના મહિલા પોલીસ સ્ટેશન સહિત કુલ ૧૩ પોલીસ સ્ટેશનોમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. અરવલ્લી જિલ્લામાં ૫ પોલીસ સ્ટેશનમાં બે કે તેથી વધુ મહિલા પોલીસ કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. સાબરકાંઠા જિલ્લાનાં બાકી રહેતા ૨ (બે) પોલીસ સ્ટેશનોમાં અને અરવલ્લી જિલ્લાના બાકી રહેતા ૬ પોલીસ સ્ટેશનોમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલોની ખુટતી સંખ્યા પુર્ણ કરવાની વિચારણા, હાલમાં તાલીમ લઈ રહેલ મહિલા પોલીસ કોન્સ્ટેબલોની તાલીમ પુર્ણ થયે કરવામાં આવનાર છે.

-------

સુરત જિલ્લામાં પલસાણાના તાંતીથૈયા ખાતે ગેરકાયદે મોબાઈલ સીમકાર્ડ વેચવા બાબત

અતારાંકિતઃ ૧૦૬૫૫ (૨૩-૧૧-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુરત જિલ્લામાં પલસાણાના તાંતીથૈયા ખાતે કોઈપણ આધાર પુરાવા વિના જુદી જુદી મોબાઈલ કંપનીનો સીમકાર્ડ વેચવાનું નેટવર્ક તા. ૨૦-૧૦-૨૦૧૬ના રોજ પોલીસ પકડી પાડ્યું હતું તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત ગુનાહિત પ્રવૃત્તિ કરનાર કેટલા આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) ના, જી.

(૨) ૨ આરોપીઓ સામે ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------

બનાસકાંઠા જિલ્લામાં થરાદની ઉચપા ચુવા માઈનોર નહેરમાં પડેલ ગાબડું

અતારાંકિતઃ ૧૦૪૨૯ (૨૪-૧૧-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) બનાસકાંઠા જિલ્લામાં થરાદની ઉચપા ચુવા માઈનોર નહેરમાં તા. ૨૧-૦૯-૨૦૧૬ના રોજ ગાબડું પડ્યું હતું તેથી પાણી મળતું બંધ થયું હતું વિભાગમાં તાત્કાલિક રીપેરીંગ કરી આપવા માંગણી કરી હતી જેનો તંત્ર દ્વારા ઈન્કાર કરાયો હતો તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા તો, તંત્રએ રીપેરીંગનો ઈન્કાર કરતાં સ્થાનિક ખેડુતોએ જાતે જ ઉકત કેનાલ રીપેરીંગ કરી હતી તે હકીકત સાચી છે કે કેમ,

(૩) ઉપરોકત તુટી ગયેલ માઈનોર કેનાલ તાત્કાલિક રીપેર કરી આપવા ઈન્કાર કરનારા સંબંધીતો સામે શા પગલાં લેવાયા છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) : (૧૯-૦૧-૨૦૧૭)

(૧) ના, જી.

(૨) ના, જી. રીપેરીંગની કામગીરી કામની સંબંધિત એજન્સી દ્વારા કરવામાં આવેલ હતી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ, રાજકોટ

અતારાંકિતઃ ૧૦૭૬૦ (૦૨-૧૨-૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય જળસંપતિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ સૌની યોજના અંતર્ગત મુખ્યત્વે ક્યા કામો માટે કેટલો ખર્ચ છેલ્લાં પાંચ વર્ષમાં કરવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જળસંપતિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૬-૦૧-૨૦૧૭)

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ સૌની યોજના અંતર્ગત મુખ્યત્વે પાઈપલાઈન અને પંમ્પીંગ સ્ટેશનના કામો છે. તે માટે છેલ્લા પાંચ વર્ષમાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૦.૦૦ |
| ૨૦૧૨-૧૩ | ૦.૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૨૪૦.૭૬ |
| ૨૦૧૪-૧૫ | ૨૦૪૩.૧૦ |
| ૨૦૧૫-૧૬ | ૨૮૨૧.૨૯ |
| ૨૦૧૬-૧૭ (૩૧-૧૦-૨૦૧૬) | ૮૩૮.૮૧ |
| કુલ | ૫૯૪૩.૯૬ |

(૨) સૌની યોજનાની પ્રથમ તબક્કાના કામો મહદ અંશે પૂર્ણ થવામાં છે. બીજા તબક્કાના ટેન્ડરો માંગવામાં આવેલ છે.

(૩) નાણાકીય ઉપલબ્ધી અનુસાર કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

-------

વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા બાબત

અતારાંકિતઃ ૮૨૩૯ (૨૮-૦૭-૨૦૧૬) રામસિંહ પરમાર (ઠાસરા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવાનો બાકી રહી ગયો હોય તેવી સન ૨૦૧૪ અને ૨૦૧૫માં કેટલી ફરીયાદો મળી,

(૨) ઉક્ત ફરિયાદોને આધારે કેટલા પરિવારોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત પૈકી બાકી રહેલા પરિવારોનો સમાવેશ ક્યારે કરવામાં આવશે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૧૬-૦૧-૨૦૧૭)

(૧) વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવાનો બાકી રહી ગયો હોય તેવી સન ૨૦૧૫ અને ૨૦૧૫માં નીચેની વિગતે જિલ્લાવાર ફરીયાદો મળેલ છે.

| ક્રમ નં. | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
| ૧ | વડોદરા | ૩૪૬ | ૪૬ | ૩૯૨ |
| ૨ | છોટાઉદેપુર | ૨૭૧ | ૦૩ | ૨૭૪ |
| | કુલ | ૬૧૭ | ૪૯ | ૬૬૬ |

(૨) ઉક્ત ફરિયાદોને આધારે નીચે મુજબના પરિવારોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

| ક્રમ નં. | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદોની પૈકી બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરેલ પરિવારોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
| ૧ | વડોદરા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | છોટાઉદેપુર | ૨૭૧ | ૦૩ | ૨૭૪ |
| | કુલ | ૨૭૧ | ૦૩ | ૨૭૪ |

(૩) (૧) ઉક્ત પૈકી વડોદરા જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં વર્ષ ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૫માં કુલ-૩૯૨ પરિવારનો સમાવેશ કરવામાં આવેલ નથી કારણ કે તમામ ફરીયાદો ક્ષતિયુક્ત હોવાથી અરજીઓ ગ્રામ પંચાયત કક્ષાએથી પરત ન આવવાના કારણે આવી તમામ અરજીઓ તાલુકા કક્ષાએથી રદ કરવામાં આવેલ છે. જેથી ઉક્ત અરજીઓ પૈકી એક પણ અરજીનો સમાવેશ કરવાનો બાકી રહેતો નથી.

(૧) ઉક્ત પૈકી વડોદરા જિલ્લાના બાકી પરિવારોની અરજીઓ ગ્રામ પંચાયત દ્વારા જરૂરી પૂર્તતા સાથે રજૂ થયેથી ચકાસણી કરી નિયત થયેલ સમય-મર્યાદામાં સમાવેશ કરવા/નહી કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

-------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### રાજ્યમાં જિલ્લાવાર સમરસ ગામ યોજના

અતારાંકિતઃ ૮૮૫૨ (૦૪–૦૮–૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૬–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આ વિભાગ હસ્તકની સમરસ ગામ યોજના ક્યારથી અમલમાં છે,

(૨) ઉક્ત યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી નાણાંકીય મંજુરી આપી અને તે પૈકી કેટલી રકમની ફાળવણી કરી, અને

(૩) તે પૈકી કુલ કેટલી રકમ ઉક્ત વર્ષવાર ખર્ચ કરવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૮–૦૧–૨૦૧૭)

(૧) સને: ૨૦૦૧ થી,

(૨) અને (૩) } સામેલ પત્રક મુજબ

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૧-૧૨ | | | વર્ષ ૨૦૧૨-૧૩ | | | વર્ષ ૨૦૧૩-૧૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નાણાકીય મંજુરી આપી | નાણાકીય ફાળવણી | કરેલ ખર્ચ | નાણાકીય મંજુરી આપી | નાણાકીય ફાળવણી | કરેલ ખર્ચ | નાણાકીય મંજુરી આપી | નાણાકીય ફાળવણી | કરેલ ખર્ચ |
| ૧ | અમદાવાદ | ૨૧૨૯૦૦૦ | ૨૧૨૯૦૦૦ | ૨૧૨૯૦૦૦ | ૧૯૨૫૦૦૦ | ૧૯૨૫૦૦૦ | ૧૯૨૫૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ |
| ૨ | અમરેલી | ૩૮૪૬૯૦૦૦ | ૩૮૪૬૯૦૦૦ | ૩૮૪૬૯૦૦૦ | ૫૫૦૦૦૦૦ | ૫૫૦૦૦૦૦ | ૫૫૦૦૦૦૦ | ૨૦૭૦૦૦૦૦ | ૨૦૭૦૦૦૦૦ | ૨૦૭૦૦૦૦૦ |
| ૩ | આણંદ | ૫૦૦૦૦૦૦ | ૫૦૦૦૦૦૦ | ૫૦૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૫૭૧૨૫૦૦ | ૫૭૧૨૫૦૦ | ૪૫૧૨૫૦૦ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૩૪૩૭૫૦૦ | ૩૪૩૭૫૦૦ | ૩૪૩૭૫૦૦ | ૯૮૧૨૫૦૦ | ૯૮૧૨૫૦૦ | ૯૭૧૨૫૦૦ | ૧૧૫૦૦૦૦ | ૧૧૫૦૦૦૦ | ૧૨૫૦૦૦૦ |
| ૬ | ભરૂચ | ૪૯૬૩૭૫૦ | ૪૯૬૩૭૫૦ | ૪૯૬૩૭૫૦ | ૧૩૯૬૬૮૭૦ | ૧૩૯૬૬૮૭૦ | ૪૯૮૮૩૭૦ | ૯૨૬૮૩૮૦ | ૯૨૬૮૩૮૦ | ૮૬૦૩૬૫૦ |
| ૭ | ભાવનગર | ૪૧૯૬૨૫૦૦ | ૪૧૯૬૨૫૦૦ | ૪૧૯૬૨૫૦૦ | ૧૮૬૩૧૨૫૦ | ૧૮૬૩૧૨૫૦ | ૧૮૬૩૧૨૫૦ | ૬૦૫૦૬૨૫૦ | ૬૦૫૦૬૨૫૦ | ૬૦૫૦૬૨૫૦ |
| ૮ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | છોટાઉછદેપુર | ૮૦૦૦૦૦ | ૮૦૦૦૦૦ | ૮૦૦૦૦૦ | ૩૩૦૦૦૦૦ | ૩૩૦૦૦૦૦ | ૩૧૦૦૦૦૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ડાંગ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | દે.દ્વારકા | ૩૮૫૨૦૦૦ | ૩૮૫૨૦૦૦ | ૩૮૫૨૦૦૦ | ૭૨૨૦૦૦૦ | ૭૨૨૦૦૦૦ | ૬૭૨૦૦૦૦ | ૩૨૫૯૦૦૦ | ૩૨૫૯૦૦૦ | ૨૬૭૮૦૦૦ |
| ૧૨ | દાહોદ | ૮૪૫૦૦૦૦ | ૮૪૫૦૦૦૦ | ૮૪૫૦૦૦૦ | ૧૫૦૦૦૦૦ | ૧૫૦૦૦૦૦ | ૧૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ |
| ૧૩ | ગાંધીનગર | ૧૩૬૫૦૦૦૦ | ૧૩૬૫૦૦૦૦ | ૧૩૬૫૦૦૦૦ | ૭૭૩૭૫૦૦ | ૭૭૩૭૫૦૦ | ૭૭૩૭૫૦૦ | ૨૩૬૨૫૦૦ | ૨૩૬૨૫૦૦ | ૨૩૬૨૫૦૦ |
| ૧૪ | ગીરસોમનાથ | ૦ | ૦ | ૦ | ૧૦૪૧૨૫૦૦ | ૧૦૪૧૨૫૦૦ | ૧૦૪૧૨૫૦૦ | ૬૬૦૦૦૦૦ | ૬૬૦૦૦૦૦ | ૬૬૦૦૦૦૦ |
| ૧૫ | જામનગર | ૧૫૯૩૭૫૦૦ | ૦ | ૦ | ૨૦૨૫૦૦૦૦ | ૨૦૨૫૦૦૦૦ | ૨૧૦૦૯૫૭ | ૨૩૭૭૫૦૦૦ | ૨૩૭૭૫૦૦૦ | ૧૮૧૪૦૭૦ |
| ૧૬ | જુનાગઢ | ૨૧૮૩૭૫૦૦ | ૨૧૮૩૭૫૦૦ | ૨૧૮૩૭૫૦૦ | ૯૩૦૦૦૦૦ | ૯૩૦૦૦૦૦ | ૯૩૦૦૦૦૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કચ્છ | ૪૦૫૬૯૦૦૦ | ૪૦૫૬૯૦૦૦ | ૪૦૫૬૯૦૦૦ | ૪૩૨૫૦૦૦ | ૪૩૨૫૦૦૦ | ૪૩૨૫૦૦૦ | ૪૬૦૦૦૦૦ | ૪૬૦૦૦૦૦ | ૪૬૦૦૦૦૦ |
| ૧૮ | ખેડા | ૧૦૨૮૭૫૦૦ | ૧૦૨૮૭૫૦૦ | ૧૦૨૮૭૫૦૦ | ૧૮૭૫૦૦૦ | ૧૮૭૫૦૦૦ | ૧૮૭૫૦૦૦ | ૪૯૦૦૦૦૦ | ૪૯૦૦૦૦૦ | ૪૯૦૦૦૦૦ |
| ૧૯ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | મહેસાણા | ૬૯૦૦૦૦૦ | ૬૯૦૦૦૦૦ | ૫૬૭૫૦૦૦ | ૨૫૭૬૦૭૦૦ | ૨૫૭૬૦૭૦૦ | ૨૧૮૩૫૦૦૦ | ૫૭૬૨૦૦૦ | ૫૭૬૨૦૦૦ | ૬૨૮૭૦૦૦ |
| ૨૧ | મોરબી | ૦ | ૦ | ૦ | ૬૨૨૩૦૦૦ | ૬૨૨૩૦૦૦ | ૬૨૨૩૦૦૦ | ૨૨૫૦૦૦ | ૨૨૫૦૦૦ | ૨૨૫૦૦૦ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૨૭૧૨૫૦૦ | ૨૭૧૨૫૦૦ | ૨૭૦૭૬૪૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | નવસારી | ૪૮૯૩૭૫૦ | ૪૮૯૩૭૫૦ | ૩૬૭૬૨૫૦ | ૪૭૫૦૦૦૦ | ૪૭૫૦૦૦૦ | ૩૬૯૬૧૦૦ | ૩૧૧૨૫૦૦ | ૩૧૧૨૫૦૦ | ૨૫૯૮૦૦૦ |
| ૨૪ | પંચમહાલ | ૯૯૬૨૦૦૦ | ૯૯૬૨૦૦૦ | ૯૯૬૨૦૦૦ | ૭૧૨૫૦૦ | ૭૧૨૫૦૦ | ૭૧૨૫૦૦ | ૫૦૦૦૦૦૦ | ૫૦૦૦૦૦૦ | ૪૪૦૦૦૦૦ |
| ૨૫ | પાટણ | ૯૮૮૭૫૦૦ | ૯૮૮૭૫૦૦ | ૯૮૮૭૫૦૦ | ૨૧૯૩૭૫૦૦ | ૨૧૯૩૭૫૦૦ | ૨૧૯૩૭૫૦૦ | ૨૪૪૦૦૦૦૦ | ૨૪૪૦૦૦૦૦ | ૨૪૪૦૦૦૦૦ |
| ૨૬ | પોરબંદર | ૧૧૨૩૭૫૦૦ | ૧૧૨૩૭૫૦૦ | ૧૧૨૩૭૫૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ |
| ૨૭ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૧૪૨૭૫૩૪૨ | ૧૩૮૯૪૦૯૨ | ૩૮૧૨૫૦ | ૬૫૬૭૫૧૬ | ૩૮૭૬૭૦૦ | ૨૬૯૦૮૧૬ | ૧૦૦૮૦૦૧૬ | ૯૧૪૬૫૦૭ | ૯૩૩૫૦૯ |
| ૨૯ | સાબરકાંઠા | ૧૨૦૨૫૦૦૦ | ૧૨૦૨૫૦૦૦ | ૧૨૦૨૫૦૦૦ | ૧૬૭૫૦૦૦ | ૧૬૭૫૦૦૦ | ૧૬૭૫૦૦૦ | ૭૬૭૪૯૦૦ | ૭૬૭૪૯૦૦ | ૭૬૭૪૯૦૦ |
| ૩૦ | સુરત | ૩૯૨૨૫૦૦૦ | ૩૯૨૨૫૦૦૦ | ૩૯૨૨૫૦૦૦ | ૨૨૫૦૦૦૦૦ | ૨૨૫૦૦૦૦૦ | ૨૨૫૦૦૦૦૦ | ૧૨૭૫૦૦૦ | ૧૨૭૫૦૦૦ | ૧૨૭૫૦૦૦ |
| ૩૧ | તાપી | ૧૨૩૭૬૭૫૦ | ૧૨૩૭૬૭૫૦ | ૧૨૩૭૬૭૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | વડોરા | ૭૪૦૦૦૦૦ | ૭૪૦૦૦૦૦ | ૭૪૦૦૦૦૦ | ૧૩૭૦૦૦૦૦ | ૧૩૭૦૦૦૦૦ | ૧૩૭૦૦૦૦૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | વલસાડ | ૪૨૬૨૫૦૦ | ૪૨૬૨૫૦૦ | ૪૨૬૨૫૦૦ | ૫૫૩૭૫૦૦ | ૫૫૩૭૫૦૦ | ૫૫૩૭૫૦૦ | ૧૧૦૦૦૦૦ | ૧૧૦૦૦૦૦ | ૧૧૦૦૦૦૦ |
| કુલ | | ૩૪૪૧૯૦૫૯૨ | ૩૨૭૮૭૧૮૪૨ | ૩૧૧૯૧૬૫૦૦ | ૨૨૮૨૩૧૮૩૬ | ૨૨૫૫૪૧૦૨૦ | ૧૯૧૪૪૩૧૩૩ | ૨૦૩૨૬૩૦૪૬ | ૨૦૨૩૨૯૫૩૭ | ૧૬૯૨૨૦૩૭૯ |

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૪-૧૫ | | | વર્ષ ૨૦૧૫-૧૬ | | | પાંચ વર્ષનું કુલ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નાણાકીય મંજુરી આપી | નાણાકીય ફાળવણી | કરેલ ખર્ચ | નાણાકીય મંજુરી આપી | નાણાકીય ફાળવણી | કરેલ ખર્ચ | કુલ નાણાકીય મંજુરી આપી | કુલ નાણાકીય ફાળવણી | |
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૦૫૪૦૦૦ | ૫૦૫૪૦૦૦ | ૫૦૫૪૦૦૦ |
| ૨ | અમરેલી | ૭૬૧૨૫૦૦ | ૭૬૧૨૫૦૦ | ૭૬૧૨૫૦૦ | ૧૩૭૫૦૦૦ | ૧૩૭૫૦૦૦ | ૧૩૭૫૦૦૦ | ૭૩૬૫૬૫૦૦ | ૭૩૬૫૬૫૦૦ | ૭૩૬૫૬૫૦૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૧૨૦૦૦૦૦ | ૧૨૦૦૦૦૦ | ૦ | ૧૨૧૧૨૫૦૦ | ૧૨૧૧૨૫૦૦ | ૯૭૧૨૫૦૦ |
| ૪ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૫૧૦૦૦૦૦ | ૫૧૦૦૦૦૦ | ૫૧૦૦૦૦૦ | ૧૯૫૦૦૦૦૦ | ૧૯૫૦૦૦૦૦ | ૧૯૫૦૦૦૦૦ |
| ૬ | ભરૂચ | ૧૩૯૬૮૦૦ | ૧૩૯૬૮૦૦ | ૪૧૦૪૫૦૦ | ૨૭૩૭૯૫૦ | ૨૭૩૭૯૫૦ | ૪૭૧૮૩૮૦ | ૩૨૩૩૩૭૫૦ | ૩૨૩૩૩૭૫૦ | ૨૭૩૭૮૬૫૦ |
| ૭ | ભાવનગર | ૮૦૩૭૫૦૦ | ૮૦૩૭૫૦૦ | ૮૦૩૭૫૦૦ | ૦ | ૦ | ૦ | ૧૨૯૧૩૭૫૦૦ | ૧૨૯૧૩૭૫૦૦ | ૧૨૯૧૩૭૫૦૦ |
| ૮ | બોટાદ | ૪૦૦૦૦૦ | ૦ | ૦ | ૪૦૦૦૦૦ | ૮૦૦૦૦૦ | ૮૦૦૦૦૦ | ૮૦૦૦૦૦ | ૮૦૦૦૦૦ | ૮૦૦૦૦૦ |
| ૯ | છોટાઉછદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૧૦૦૦૦૦ | ૪૧૦૦૦૦૦ | ૩૯૦૦૦૦૦ |
| ૧૦ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| ૧૧ | દે.દ્વારકા | ૧૬૧૨૦૦૦ | ૧૬૧૨૦૦૦ | ૧૬૧૨૦૦૦ | ૦ | ૦ | ૦ | ૧૫૯૪૩૦૦૦ | ૧૫૯૪૩૦૦૦ | ૧૪૮૬૨૦૦૦ |
| ૧૨ | દાહોદ | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ | ૦ | ૦ | ૦ | ૧૧૧૫૦૦૦૦ | ૧૧૧૫૦૦૦૦ | ૧૧૧૫૦૦૦૦ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૫૭૫૦૦૦ | ૫૭૫૦૦૦ | ૫૭૫૦૦૦ | ૨૪૩૨૫૦૦૦ | ૨૪૩૨૫૦૦૦ | ૨૪૩૨૫૦૦૦ |
| ૧૪ | ગીરસોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭૦૧૨૫૦૦ | ૧૭૦૧૨૫૦૦ | ૧૭૦૧૨૫૦૦ |
| ૧૫ | જામનગર | ૦ | ૦ | ૦ | ૩૨૨૫૦૦૦ | ૩૨૨૫૦૦૦ | ૭૭૨૫૦ | ૬૩૧૮૭૫૦૦ | ૪૭૨૫૦૦૦૦ | ૩૯૯૨૨૭૭ |
| ૧૬ | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૧૧૩૭૫૦૦ | ૩૧૧૩૭૫૦૦ | ૩૧૧૩૭૫૦૦ |
| ૧૭ | કચ્છ | ૫૭૫૦૦૦ | ૫૭૫૦૦૦ | ૫૭૫૦૦૦ | ૦ | ૦ | ૦ | ૫૦૦૬૯૦૦૦ | ૫૦૦૬૯૦૦૦ | ૫૦૦૬૯૦૦૦ |
| ૧૮ | ખેડા | ૦ | ૦ | ૦ | ૨૨૫૦૦૦ | ૨૨૫૦૦૦ | ૨૨૫૦૦૦ | ૧૭૨૮૭૫૦૦ | ૧૭૨૮૭૫૦૦ | ૧૭૨૮૭૫૦૦ |
| ૧૯ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ |
| ૨૦ | મહેસાણા | ૯૫૮૫૦૦૦ | ૯૫૮૫૦૦૦ | ૯૫૪૦૦૦૦ | ૧૩૧૨૫૦૦ | ૧૩૧૨૫૦૦ | ૧૫૫૯૫૦૦ | ૪૯૩૨૦૨૦૦ | ૪૯૩૨૦૨૦૦ | ૪૪૮૯૬૫૦૦ |
| ૨૧ | મોરબી | ૨૦૫૦૦૦૦૦ | ૨૦૫૦૦૦૦૦ | ૨૦૧૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૨૭૧૪૮૦૦૦ | ૨૭૧૪૮૦૦૦ | ૨૬૭૪૮૦૦૦ |
| ૨૨ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૨૮૧૨૫૦૦ | ૨૮૧૨૫૦૦ | ૨૮૦૭૬૪૦ |
| ૨૩ | નવસારી | ૨૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૯૫૬૨૫૦ | ૧૨૯૫૬૨૫૦ | ૯૯૭૦૩૫૦ |
| ૨૪ | પંચમહાલ | ૦ | ૦ | ૬૦૦૦૦૦ | ૦ | ૦ | ૦ | ૧૫૬૭૪૫૦૦ | ૧૫૬૭૪૫૦૦ | ૧૫૬૭૪૫૦૦ |
| ૨૫ | પાટણ | ૦ | ૦ | ૦ | ૬૫૦૦૦૦ | ૬૫૦૦૦૦ | ૬૫૦૦૦૦ | ૫૬૮૭૫૦૦૦ | ૫૬૮૭૫૦૦૦ | ૫૬૮૭૫૦૦૦ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૭૩૭૫૦૦ | ૧૧૭૩૭૫૦૦ | ૧૧૭૩૭૫૦૦ |
| ૨૭ | રાજકોટ | ૫૬૪૦૦૦૦૦ | ૫૬૪૦૦૦૦૦ | ૫૬૪૦૦૦૦૦ | ૦ | ૦ | ૦ | ૫૬૪૦૦૦૦૦ | ૫૬૪૦૦૦૦૦ | ૫૬૪૦૦૦૦૦ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૨૩૫૧૮૨૬ | ૨૧૬૫૮૨૬ | ૧૮૬૦૦૦ | ૪૬૪૪૪૯૯ | ૪૨૪૯૪૯૯ | ૩૯૫૦૦૦ | ૩૭૯૧૯૧૯૯ | ૩૩૩૩૨૬૨૪ | ૪૫૮૬૫૭૫ |
| ૨૯ | સાબરકાંઠા | ૩૩૨૫૦૦૦ | ૩૩૨૫૦૦૦ | ૩૩૨૫૦૦૦ | ૨૧૮૭૩૦૦ | ૨૧૮૭૩૦૦ | ૨૧૮૭૩૦૦ | ૨૬૮૮૭૨૦૦ | ૨૬૮૮૭૨૦૦ | ૨૬૮૮૭૨૦૦ |
| ૩૦ | સુરત | ૧૨૩૭૫૦૦ | ૧૨૩૭૫૦૦ | ૧૨૩૭૫૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૩૦૦૦૦૦ | ૬૪૫૩૭૫૦૦ | ૬૪૫૩૭૫૦૦ | ૬૪૫૩૭૫૦૦ |
| ૩૧ | તાપી | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૦ | ૦ | ૦ | ૧૨૭૭૬૭૫૦ | ૧૨૭૭૬૭૫૦ | ૧૨૭૭૬૭૫૦ |
| ૩૨ | વડોરા | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ | ૭૦૦૦૦૦ | ૦ | ૦ | ૦ | ૨૧૮૦૦૦૦૦ | ૨૧૮૦૦૦૦૦ | ૨૧૮૦૦૦૦૦ |
| ૩૩ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૯૦૦૦૦૦ | ૧૦૯૦૦૦૦૦ | ૧૦૯૦૦૦૦૦ |
| કુલ | | ૧૧૫૦૩૩૧૨૬ | ૧૧૪૪૪૭૧૨૬ | ૧૧૫૧૩૦૦૦૦ | ૨૫૧૩૨૨૪૯ | ૨૫૧૩૭૨૪૯ | ૧૯૧૬૨૪૩૦ | ૯૧૫૮૫૦૮૪૯ | ૮૯૫૩૨૬૭૭૪ | ૮૦૬૮૭૨૪૪૨ |

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં મનરેગા યોજનામાં ફરિયાદો

અતારાંકિતઃ ૯૮૨૦ (૨૧-૧૦-૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં મનરેગામાં નિયુક્ત થયેલા લોકાયુક્ત સમક્ષ સન-૨૦૧૩ ના વર્ષમાં મુખ્યત્વે ક્યા પ્રકારની કેટલી ફરિયાદો આવી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદોનો તા. ૩૧ માર્ચ-૨૦૧૬ની સ્થિતિએ નિકાલ થયો, અને

(૩) તે અન્વયે કેટલા કસુરવારો સામે શુ કાર્યવાહી કરવામાં આવી ?

ગ્રામવિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૯-૦૧-૨૦૧૭)

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં મનરેગા નિયુકત થયેલા લોકાયુક્ત સમક્ષ સન-૨૦૧૩ ના વર્ષમાં

એક પણ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લા કલેક્ટર/તાબાની કચેરીમાં ફરિયાદ પેટી મૂકવા બાબત

અતારાંકિતઃ ૧૦૧૦૪ (૨૭-૧૦-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યની તમામ સરકારી કચેરીમાં ફરજિયાત ફરિયાદ પેટીઓ મુકવા સરકારે ૨૦૧૨માં આદેશ કર્યો હતો તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લા કલેક્ટરની તથા તેમના તાબાની કચેરીઓમાં તા. ૩૧ માર્ચ-૨૦૧૬ની સ્થિતિએ ફરિયાદ પેટીઓ મૂકવામાં આવી છે કે કેમ ?

(૩) જો ના, તો તેના મુખ્યત્વે શા કારણો છે, અને

(૪) તે ક્યાં સુધીમાં મૂકવામાં આવનાર છે ?

મહેસૂલ મંત્રીશ્રી : (૧૮-૦૨-૨૦૧૭)

(૧) હા

(૨) હા

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

રાજ્યે કરેલ વીજળી ઉત્પાદન

અતારાંકિતઃ ૯૩૮૫ (૦૯-૦૯-૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કેટલી વીજળી ઉત્પાદન કરી ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૧-૦૧-૨૦૧૭)

તા. ૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર હસ્તકની કંપની જી.યુ.વી.એન.એલ. દ્વારા રાજ્યની ૪ વીજ કંપનીઓની વીજમાંગ પુરી કરવા હેતુ રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકોમાંથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| નાણાંકીય વર્ષ | મીલીયન યુનીટસ |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૩૧૦૨૧ |
| ૨૦૧૨-૧૩ | ૨૬૫૭૦ |
| ૨૦૧૩-૧૪ | ૧૮૫૧૮ |
| ૨૦૧૪-૧૫ | ૨૨૯૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૨૧૮૪૫ |
| ૨૦૧૬-૧૭<br>(૩૦-૦૬-૨૦૧૬ સુધી) | ૬૦૨૪ |

-------

રાજ્યમાં વીજ કંપનીઓ વીજદરમાં કરેલ વધારો

અતારાંકિતઃ ૯૩૮૬ (૦૯-૦૯-૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલી વીજળીનું ઉત્પાદન થયું ?

(૨) ઉત્પાદન થયેલ વીજળી પૈકી વર્ષવાર સરકાર હસ્તકના વીજ મથકો અને ખાનગી વીજ મથકોમાંથી કેટલી વીજળી ઉત્પન્ન થઈ ?

(૩) જો સરકારી કરતાં ખાનગી ઉત્પાદન વધ્યું હોય તો તેના કારણો શા છે અને સરકાર હસ્તકના વીજ મથકોમાં ઉત્પાદન વધારવા સરકારે શા પગલાં લીધા ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૧-૦૧-૨૦૧૭)

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન જી.યુ.વી.એન.એલ. દ્વારા રાજ્યની ૪ વીજ કંપનીઓની વીજમાંગ પુરી કરવા હેતુ મેળવવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| નાણાંકીય વર્ષ | મીલીયન યુનીટસ |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૬૫૮૨૭ |

| | |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૭૩૨૫૩ |
| ૨૦૧૩-૧૪ | ૭૦૫૪૯ |
| ૨૦૧૪-૧૫ | ૮૧૩૩૦ |
| ૨૦૧૫-૧૬ | ૮૧૧૨૫ |
| ૨૦૧૬-૧૭ (૩૦-૦૬-૨૦૧૬ સુધી) | ૨૨૦૫૬ |

(૨) તા. ૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ ઉપરોક્ત વિજળી પૈકી સરકાર હસ્તકના વિજ મથકો અને ખાનગી વીજ મથકો પાસેથી મેળવવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| | વર્ષ ૨૦૧૧-૧૨ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ | વર્ષ ૨૦૧૬-૧૭ (૩૦-૬-૨૦૧૬ સુધી) |
|---|---|---|---|---|---|---|
| (મીલીયન યુનીટસ) | | | | | | |
| સરકાર હસ્તકના મથકો | ૪૯૧૯૩ | ૪૫૯૭૦ | ૩૭૦૭૬ | ૪૩૪૩૫ | ૪૨૮૫૦ | ૧૨૨૬૧ |
| ખાનગી વીજ મથકો | ૧૪૦૫૮ | ૨૨૬૩૬ | ૨૮૬૩૯ | ૩૨૭૬૫ | ૩૨૫૮૧ | ૭૭૭૯ |
| બિન પરંપરાગત સ્ત્રોત | ૨૫૭૬ | ૪૬૪૭ | ૪૮૩૪ | ૫૧૩૦ | ૫૬૯૪ | ૨૦૧૬ |

(૩) રાજ્યમાં વીજ ખરીદી મેરીટ ઓર્ડર મુજબ કરવાની રહે છે, જે મુજબ, પ્રથમ સસ્તા વીજ મથકોમાંથી, તેના બળતણ ખર્ચના ભાવના ક્રમ (સસ્તાથી મોંઘા) મુજબ, વીજ પુરવઠો મેળવવામાં આવે છે. આમ, વીજ ખરીદી માટે વીજ મથકોની માલીકીને નહી પરંતુ તેના બળતણ ખર્ચના ભાવોને (સસ્તાથી મોંઘા) ધ્યાનમાં રાખીને વીજ ખરીદી કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે સરકાર હસ્તકની વીજ કંપનીઓના વિજમથકો જુના સમયના છે જ્યારે ખાનગી કંપનીઓના વિજમથકો અદ્યતન ટેકનોલોજી આધારિત હોવાથી તેમનો પ્રતિ યુનીટ વિજદર, સરકારી વિજ મથકોના વિજ દર કરતા ઓછો હોય છે. આમ, મેરીટ ઓર્ડરની પ્રક્રિયા અંતર્ગત ખાનગી ઉત્પાદનને પ્રાધન્ય મળે છે.

ઉપરોક્ત પ્રશ્ન ૨ના જવાબમાં જણાવ્યા અનુસાર છેલ્લા પાંચ દરમ્યાન રાજ્ય દ્વારા સરકારી વીજ મથકોમાંથી મેળવાયેલ કુલ ઉત્પાદન ખાનગી ઉત્પાદનની સરખામણીએ વધારે છે.

-------

મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો આપવાનું આયોજન

અતારાંકિતઃ ૧૦૬૭૩ (૨૪-૧૧-૨૦૧૬) શ્રી પ્રહલાદભાઈ પટેલ (વીજાપુર): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૯-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણો આપવાના બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા વીજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે ?

ઉર્જા મંત્રીશ્રી : (૧૬-૦૧-૨૦૧૭)

(૧) તા. ૩૧-૦૯-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ૪૧૯૩ કૃષિ વિષયક વીજ જોડાણ આપવાનાં બાકી છે, જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | બાકી રહેલ કૃષિ વિષયક વીજ જોડાણો |
|---|---|
| બેચરાજી | ૧૩૩ |
| ગોજારીયા | ૭૮ |
| જોટાણા | ૬૦ |
| કડી | ૨૦૯ |
| ખેરાલુ | ૧૦૪૮ |
| મહેસાણા | ૨૧૫ |
| સતલાસણા | ૮૩૧ |
| ઉંઝા | ૩૦૧ |
| વીજાપુર | ૫૦૭ |
| વીસનગર | ૬૫૦ |
| વડનગર | ૧૬૧ |

અતારાંકિત પ્રશ્નોત્તરી

| કુલ | ૪૧૯૩ |
|---|---|

(૨) કૃષિ વીજ જોડાણો, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. રાજ્યમાં પ્રતિ વર્ષ વધુ ને વધુ કૃષિ વીજ જોડાણો આપવા છતાં તેની સાપેક્ષમાં કૃષિ વીજ જોડાણોની માંગણી પણ નોંધપાત્ર રીતે વધતી રહે છે. કૃષિ વીજ જોડાણો માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકાય તેટલાં વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

-------

આતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૦૬૩૮ | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૦૧૩૧, ૧૦૪૩૯, ૧૦૭૪૬, ૧૦૭૪૯ | ૦૪ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૧૦૭૮૩ | ૦૧ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ નાણાં વિભાગ | ૧૦૩૩૭ | ૦૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૯૫૧૪, ૯૯૮૧, ૧૦૦૭૪ | ૦૩ |
| ૬ | ગૃહ વિભાગ | ૮૮૮૧, ૯૦૦૩, ૯૩૫૨, ૯૪૫૧, ૯૪૯૩, ૯૬૨૪, ૯૬૮૭, ૯૭૪૯, ૯૭૫૬, ૯૭૬૧, ૯૭૬૫, ૯૭૬૮, ૯૮૪૭, ૯૮૫૩, ૯૮૬૦, ૯૮૬૧, ૯૮૬૪, ૯૮૬૫, ૯૯૫૨, ૯૯૫૭, ૯૯૬૩, ૯૯૬૪, ૯૯૬૮, ૯૯૬૯, ૧૦૦૪૫, ૧૦૦૫૮, ૧૦૦૬૩, ૧૦૨૯૭, ૧૦૪૧૨, ૧૦૪૧૭, ૧૦૬૫૫ | ૩૧ |
| ૭ | નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૦૪૨૯, ૧૦૭૬૦ | ૦૨ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૨૩૯, ૮૮૫૨, ૯૮૨૦ | ૦૩ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૧૦૧૦૪, | ૦૧ |
| ૧૦ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૯૩૮૫, ૯૩૮૬, ૧૦૬૭૩ | ૦૩ |
| | | કુલ | ૫૦ |

-------

સોળમી, સત્તરમી, અઢારમી, ઓગણીસમી, વીસમી, એકવીસમી, બાવીસમી, ત્રેવીસમી, ચોવીસમી અને પચ્ચીસમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અમારે રોલ પ્લે કરવો પડશે. કારણ કે આ વિધાનસભાનો છેલ્લો દિવસ ૩૧મીના રોજ છે. તે કદાચ કેબિનેટ બોલાવીને ભંગ કરીને વિધાનસભા ફરી ન પણ મળે. ફરી ન મળે તો અમારે ફરી અહીં તે રિપોર્ટ અમારે મૂકવો પડે તેના કરતાં તમે મૂકી દો તો સારું. એટલા માટે...

અધ્યક્ષશ્રી : નેકસ્ટ. પૂરતી વાત થઇ ગઇ છે. ખુલાસાબંધ વાત થઇ ગઇ છે. સારી વાત થઇ છે. હવે કશું કહેવાનું રહેતું નથી. પ્લીઝ માનનીય મંત્રીશ્રી.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૫-૧૬નો ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી જશાભાઇ ભા.બારડ :(રાજયકક્ષાના પાણી પુરવઠા મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવી.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, પૂરેપૂરી વિગતસર વાત થઇ છે પ્લીઝ ડીસ્ટર્બ નહીં કરો, પ્લીઝ. નેક્સ્ટ. અહીં પૂછવાવાળા બેઠા છે. પૂછવાવાળા બે મહાનુભાવો બેઠા છે. તમે કારણ વગર બોલો છો. નેક્સ્ટ.

સન ૨૦૧૫-૧૬નો આલ્કોક એશડાઉન(ગુજરાત) લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : (ઉદ્યોગ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવી.

સન ૨૦૧૫-૧૬નો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ.

ચૈત્ર ૩, ૧૯૩૯ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : (રાજયકક્ષાના ઉર્જા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તેમજ હિસાબો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૭-૧૮ના વર્ષનું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : (રાજયકક્ષાના ગૃહ નિર્માણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૭-૧૮ના વર્ષનું અંદાજપત્ર તથા સન ૨૦૧૬-૧૭ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૫-૧૬નો ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ.

શ્રી જશાભાઇ ભા.બારડ :(રાજયકક્ષાના પાણી પુરવઠા મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ, વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ, વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૨-૧૩ તથા સન ૨૦૧૩-૧૪નો ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી કેશાજી શિ. ચૌહાણ : (રાજયકક્ષાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના સન ૨૦૧૨-૧૩ અને સન ૨૦૧૩-૧૪ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલો તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૫-૧૬નો ગુજરાત રાજય મહિલા આયોગનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી :(રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય મહિલા આયોગનો વાર્ષિક વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચારી, ભ્રષ્ટાચારી કોંગ્રેસ-કોંગ્રેસ(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું માંડલ-સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીના સન ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ના વાર્ષિક અહેવાલો અને હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલો, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

શહેરી વિધાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ બાબત ક્રમાંક ૨ની પેટા બાબત ૧૦માં દર્શાવેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેના જાહેરનામા,

(૧) તા. ૧૪-૮-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૧૫નો ૨૪૭-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ

(૨) તા. ૨૦-૮-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૧૫નો ૨૪૯-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ

(૩) તા. ૭-૧૧-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૧૫નો ૨૮૪-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ

(૪) તા. ૭-૧૧-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૧૫નો ૨૮૫-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ

(૫) તા. ૭-૧૧-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૧૫નો ૨૮૬-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ

(૬) તા. ૭-૧૧-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૧૫નો ૨૮૭-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ

(૭) તા. ૫-૧૧-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવ-૨૦૧૫નો ૨૮૩-એનપીએલ-૪૫૧૦-૫૮૧૮-એમ

(૮) તા. ૨૧-૮-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવ-૨૦૧૫નો ૨૫૦-એનપીએલ-૪૫૧૧-૨૨૨૮-એમ

(૯) તા. ૨૯-૧૨-૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવ-૨૦૧૫નો ૩૪૦-એનપીએલ-૪૫૧૧-૧૦૩-એમ

(૧૦) તા. ૨-૬-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ કેવ-૨૦૧૬નો ૧૨૦-એનપીએલ-૧૦૦૩-૨૫૬૮-એમ

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

૨૪મી માર્ચ, ૨૦૧૭

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

નાણા વિભાગ

માગણી ક્રમાંક–૧૫

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯૭,૬૦,૪૯,૦૦૦ની માગણી ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.

( આ તબક્કે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓ સુત્રોચાર કરતા વેલમાં આવી ગયા)

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ થી ૧૬ : માનનીય સભ્યશ્રીઓ તરફથી રજૂ કરવામાં આવી નહીં.

(આ તબક્કે સભ્યશ્રી, મણીલાલ વાઘેલા, શ્રી ગૌતમભાઇ ચૌહાણ, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી વજેસિંહ પણદા, ડો. તેજશ્રીબહેન તેમજ કોંગ્રેસ પક્ષના બધા ધારાસભ્યશ્રીઓ વેલમાં આવી ગયા)

અધ્યક્ષશ્રી : સાર્જન્ટ, વેલમાં આવેલા સભ્યશ્રીઓને ગૃહની બહાર કાઢો. (અંતરાય)

(આ તબક્કે સભ્યશ્રી, મણીલાલ વાઘેલા, શ્રી ગૌતમભાઇ ચૌહાણ, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી વજેસિંહ પણદા, ડો. તેજશ્રીબહેન પટેલ વગેરે તથા એ સાથે કોંગ્રેસ પક્ષના વેલમાં આવેલા બધા ધારાસભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા ગૃહની બહાર લઇ જવામાં આવ્યા)

અધ્યક્ષશ્રી : એમની ટીંગાટોળી કરવાની જરૂર નથી, એમને જાતે પકડીને જ લઇ જવાના હોય, જવું હોય એ જાય. •(×××), આવી રીતે ન હોય કાયમી આવું થોડું ચાલે. *(×××) (અંતરાય) ભાઇ, *(×××) સાર્જન્ટ સામે જે લોકો બળજબરી કરે એમને *(×××) સમજાવો. માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે, સાર્જન્ટો સાથે કોઇ પણ પ્રકારની હાથચાલાકી નહીં કરવી જોઇએ. માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ કર્મચારીઓની સામે કોઇ પણ પ્રકારનું બેહૂદું વર્તન નહીં થવું જોઇએ અને નહીં તો એની જવાબદારી તમારી પોતાની રહેશે. *(×××) શાંતિ રાખો પ્લીઝ, અરે એક કામ પૂરું ન થતું હોયને ક્યાં તમે પાછું નવું શરૂ કરો છો,

નાણા વિભાગ

માગણી ક્રમાંક–૧૭

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટ સેવાને લગતી નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૮૬,૪૮,૪૪,૦૦૦/– ની માગણી ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.

નાણા વિભાગ

માગણી ક્રમાંક–૧૮

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ સેવાને લગતી નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૦૩,૧૧,૨૦,૦૫, ૦૦૦/– ની માગણી ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૭–૧૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા.૨૪–૦૩–૨૦૧૭ (બારમો અને છેલ્લો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | નાણા વિભાગ<br>માગણી નં ૧૫ | | |
| *૧ | ૨૦૫૨–સચિવાલય..સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧– નાણા વિભાગ<br>રૂ. ૯૭,૫૫,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પના નં. ૬૭ અને ૬૮ | ૧૦૦ | બજેટમાં ફળવાયેલા નાણાં વર્ષના અંતે વાપરતા વિભાગો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (ધર્મેન્દ્રસિંહ જાડેજા, હર્ષદકુમાર રીબડીયા) |
| *૨ | ‘‘ | ૧૦૦ | સરકારની વિવિધ સ્વાયત્ત સંસ્થાઓના નાણાકીય હિસાબો સમયસર રજૂ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા (ભોળાભાઇ ગોહેલ, મહેન્દ્રસિંહ બારૈયા ) |

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

| | | | | |
|---|---|---|---|---|
| *૩ | '' | ૧૦૦ | કેન્દ્ર સરકારની સમકક્ષ રાજયના કર્મચારીઓને સાતમા પગારપંચના લાભો સમયસર આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત (કામીનીબા રાઠોડ, પ્રવિણભાઈ રાઠોડ) |
| *૪ | '' | ૧૦૦ | નાણા વિભાગની ખાલી જગ્યાઓ પર કાયમી નિમણૂંકો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (અમીત ચૌધરી, રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| *૫ | '' | ૧૦૦ | સરકારી કર્મચારીઓને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાની ચૂકવવાની થતી બાકી રકમની જાહેરાત કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ (મોહનસિંહ રાઠવા, ઈશ્વરભાઈ પટેલ) |
| *૬ | '' | ૧૦૦ | રાજય સરકાર હસ્તકના બોર્ડ-નિગમો-સહકારી સંસ્થાઓમાંથી સરકારને વળતર મળે તેવું ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ (મણીલાલ વાઘેલા, જોઈતાભાઈ પટેલ ) |
| *૭ | ૨૦૫૨-સચિવાલય..સેવાઓ<br>૦૯૦ - સચિવાલય<br>૦૧- નાણા વિભાગ<br>રૂ. ૯૭,૫૫,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પના નં.. ૬૭ અને ૬૮ | ૧૦૦ | રાજયના બોર્ડ-નિગમો તથા બિન શૈક્ષણિક સ્ટાફને સાતમા પગારપંચનો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ (કાંતિભાઈ ખરાડી, બાબુભાઈ વાજા) |
| *૮ | '' | ૧૦૦ | સચિવાલયના નાયબ સેકશન અધિકારી-સેકશન અધિકારીના પગારધોરણો કેન્દ્ર સરકારને સમકક્ષ રાખી સમાનતા જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી (નટવરસિંહ ઠાકોર, પૂનમભાઈ પરમાર) |
| *૯ | '' | ૧૦૦ | રાજય મંત્રીમંડળમાં ફરજ બજાવતા કર્મચારીઓને મળતા ખાસ પગારમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઈ ડામોર (જીતુભાઈ ચૌધરી, રાઘવજી પટેલ) |
| *૧૦ | '' | ૧૦૦ | રાજય સરકાર દ્વારા કર્મચારીઓને ૩૦ % એચ.આર.એ. આપવા માટે નિમાયેલ સમિતિની મુદત પૂરી થવા છતાં આ બાબતમાં યોગ્ય નિર્ણય કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા (ધારશીભાઈ ખાનપૂરા, પ્રહલાદભાઈ પટેલ) |
| *૧૧ | '' | ૧૦૦ | સચિવાલયના વિભાગો દ્વારા થતા બિન- ઉત્પાદક ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણભાઈ આહીર (કરમશીભાઈ પટેલ, ઈન્દ્રનીલ રાજ્યગુરૂ) |
| *૧૨ | '' | ૧૦૦ | સરકારને મોટું દેવું થયું હોવાથી રોકડની પુરાંત જોવા મળે છે અને બજેટમાં મહેસૂલી પુરાંત દર્શાવવા મહેસૂલ ખર્ચ ઓછો દર્શાવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઈ પટેલ (અશ્વિન કોટવાલ, ગ્યાસુદ્દીન શેખ) |
| *૧૩ | '' | ૧૦૦ | વેચાણવેરા પંચને વધુ સ્ટાફ ફાળવી પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત (વજેસિંગભાઈ પણદા, રામસિંહ પરમાર) |
| *૧૪ | '' | ૧૦૦ | ડબા ટ્રેડીંગની મદદથી કરોડો રૂપિયાના વેરાની ચોરીઓ થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રા ઠવા (આનંદભાઈ ચૌધરી, ચંદ્રિકાબેન બારીયા) |
| *૧૫ | '' | ૧૦૦ | વેચાણ વેરાની બાકી રકમો વસૂલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ (રમેશભાઈ ચાવડા) |

| | | | | |
|---|---|---|---|---|
| *૧૬ | ૨૦૫૨–સચિવાલય..સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>૦૧– નાણા વિભાગ<br>રૂ. ૯૭,૫૫,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પના નં.. ૬૭ અને ૬૮ | ૧૦૦ | વેપારીઓને વેટમાં પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (જવાહરભાઈ ચાવડા, પરેશ ધાનાણી) |
| માગણી નં ૧૭ | | | | |
| *૧૭ | ૨૦૫૪– તિજોરી.....વહીવટ<br>૦૯૫ – હિસાબ.....કચેરી<br>૦૧– GES–૧ નિયામકની કચેરી<br>રૂ. ૧૨,૦૨,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના નં. ૭૧ અને ૭૨ | ૧૦૦ | વિભાગો કે અન્ય કચેરીઓમાં ટેલિફોન બિલોને સમયસર મંજૂરી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા (મહેશકુમાર પટેલ) |
| માગણી નં ૧૮ | | | | |
| *૧૮ | ૨૦૭૧– પેન્શન ....લાભો<br>૦૧ – મુલ્કી<br>૧૦૧ – વયનિવૃત્તિ અને નિવૃત્તિ ભથ્થા<br>રૂ. ૫૧,૫૩,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના નં. ૮૪ | ૧૦૦ | પેન્શન કચેરીમાં પેન્શન કેસોના નિકાલમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઈ ગાવિત (ગૌતમભાઈ ચૌહાણ રાજેન્દ્રસિંહ પરમાર) |

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર

ડી. એમ. પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટેનો આજે છેલ્લો દિવસ છે, સભાગૃહની આજની બેઠકનો સમય સવારના ૮–૩૦ વાગ્યથી બપોરના ૧–૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવ્યો છે, વિધાનસભાના નિયમોના નિયમ–૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. આ જોગવાઇ અનુસાર આજે બપોરના ૧૨ વાગ્યે અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે માગણી ઉપર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકી રહેલી તમામ માગણીઓ એકીસાથે સભાગૃહના મત માટે મૂકવામાં આવશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : (સંસદીય બાબતોના મંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સભ્યો હાજર હોય અને કાપ દરખાસ્તમાં ભાગ ન લે એવો પહેલો પ્રસંગ છે, એનો મતલબ એ થયો કે, મારા સાથી મંત્રીશ્રીની કામગીરી એટલી સારી છે કે, હાજર હોવા છતાં પણ કાપ દરખાસ્ત રજૂ કરી શક્યા નથી.

અધ્યક્ષશ્રી : એમને અભિનંદન.

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, અહીં ઉપસ્થિત સૌ જાણે છે કે, તારીખ ૨૮મી માર્ચ, ૨૦૧૭ને મંગળવારના દિવસે સિંધી સમાજના નૂતન વર્ષ તરીકે ઉજવાય છે તે ચેટીચાંદના તહેવારની રજા હતી જે મારા અને સિંધી સમાજના આગેવાનો દ્વારા અમારા ફાસ્ટટ્રેક માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કર્યા બાદ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે તારીખ ૨૯મી માર્ચ, ૨૦૧૭ બુધવારના રોજ ચેટીચાંદની રજા જાહેર કરેલ છે, જેના માટે હું અને મારો સમગ્ર સિંધી સમુદાય ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હવે પછી વિધાનસભા ગૃહ તારીખ ૩૦મી માર્ચ, ૨૦૧૭ના રોજ મળવાનું હોવાથી અમારા ઈષ્ટદેવ સાંઇ ઝૂલેલાલના જન્મ દિવસ નિમિત્તે હું અગાઉથી આપશ્રીના માધ્યમથી મારા સમગ્ર સિંધી સમાજ અને ગુજરાતની સમગ્ર પ્રજાને શુભેચ્છાસહ શુભકામના પાઠવું છું અને સાંઇ ઝૂલેલાલની કૃપાથી ભારતીય જનતા પાર્ટી ૨૦૧૭માં માનનીય વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં ૧૫૦ પ્લસથી વિજય હાંસલ કરશે એવી મને પૂરી શ્રદ્ધા છે જય ઝૂલેલાલ, જય સિંધી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : ખાલી ખાલી શુભેચ્છાઓ ના હોય પછી પણ કંઇક હોય.

શ્રીદુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યાં છે તેને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર અને દેશ અને દુનિયામાં ગુજરાતના વિકાસે એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે અને ગુજરાતે આ વિકાસ માટે જે સાનુકૂળ વાતાવરણ સાથે તમામ ક્ષેત્રે પર્યાપ્ત તકો ઉપલબ્ધ કરાવવા શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ વિકાસની વાત હોય કે ગમે તે યોજનાનો ભાગ હોય સરકારે હંમેશા પોઝિટીવ એટીટયુટ રાખ્યો છે. વિકાસ એક પ્રક્રિયા છે અને એટલે એક યોજનાના કાર્યક્રમની સફળતા પછી તેને જનકલ્યાણની દિશામાં વધુ આગળ કેવી રીતે ધપાવવો તે બાબત ખૂબ મહત્વની છે. માનનીય નાણામંત્રી અને ઉપમુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જે અંદાજપત્ર અસરકારક અને પારદર્શક શાસન દ્વારા માનવ સંશાધન અને માળખાગત સુવિધાઓ અને મહત્તમ વિકાસને સર્વ સમાવેશ બનાવવા રાજય સરકારનો અભિગમ બજેટમાં સ્પષ્ટ રીતે ઉભરી આવ્યો છે. સમાજના તમામ વર્ગો, તમામ ભાવિ પેઢીને રાજયના ઉત્કર્ષમાં ભાગીદારી બનાવવા ઉચ્ચ ધ્યેય સાથે ગુજરાત આગળ વધી રહ્યું છે. રાજય સરકારનું આ બજેટ પૂરાંતવાળુ બજેટ છે અને વિકાસ માટે વધુ નાણા ફાળવ્યા છે તે દર્શાવે છે કે નાણાંકીય સ્થિતિ સરકારે જાળવી રાખી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વચેટિયા, દલાલ નાબૂદી થઇ છે ત્યારે આ સરકાર આજે સદ્ધર છે અને પ્રજાને આનો સીધો લાભ મળે છે. પૈસા કયાંથી આવે છે અને કયાં વપરાય છે તેનો હિસાબ આ સરકાર પ્રજાને આપે છે. અને આજે મને જણાવતાં આનંદ થાય છે કે, સેન્ટ્રલ ગવર્નમેન્ટ ડિપેન્ડસી આજે જો કહી શકાય તે ૧૬ ટકા થી ૨૦ ટકા છે અને મહત્વની બાબત એ પણ છે કે, ગુજરાત સરકારે પોતાની રેવન્યુ એ જાતે જનરેટ કરે છે. એ ચાહે ઔદ્યોગિક પ્રગતિ હોય, એ ખેતી પ્રગતિ હોય કે સોશ્યલ સેકટરની હોય અને સૌથી મહત્વની વાત એ છે કે, આ સરકારે કયારેય પણ ઓવર ડ્રાફટ લીધો નથી એટલે એમ કહી શકાય સરકારની જે ફાયનાન્સિયલ સ્ટેબિલીટી છે તે ખૂબ સરસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર એક ઉદેશ્ય સાથે કામ કરે છે ન્યાય સાથેનો વિકાસ, સમાનતા સાથે વૃદ્ધિ અને સંવેદનશીલતા સાથે ટેકનોલોજી આ સરકારનો ઉદેશ્ય રહ્યો છે.નાણા વિભાગ નિયંત્રણ હેઠળ નિયામક, હિસાબ અને તિજોરી ખાતાના વડા તરીકે કામગીરી બજાવે છે. રાજય સરકારના નાણાંકીય વ્યવહારો જેવા કે, રાજયની કરની આવક તેમજ અન્ય આવકો તેમજ રાજય સરકારના ચૂકવણાંની જે કામગીરી છે તે કુલ મળીને આપણે જોઇએ તો ૧૭૮ નાની મોટી કચેરીઓ કાર્યભારણ સંભાળે છે. રાજયની તિજોરી કચેરી દ્વારા રાજય જયારે સરકાર સામેના હક્ક દાવાઓનું સમયસર ચૂકવણીની કામગીરી કરવામાં આવે છે સાથે સાથે રાજય સરકાર નાણાંકીય વ્યવહારોનો હિસાબ તિજોરી કચેરી દ્વારા તૈયાર કરી દર માસે એકાઉન્ટન્ટ જનરલ કચેરીને સમયસર મોકલી આપવામાં આવે છે. રાજય સરકારે નિવૃત્ત કર્મચારીઓને પેન્શનના ચૂકવણાં દર માસે સમયસર અને નિયમિત રીતે તિજોરી કચેરીઓ અને પેન્શનના ચૂકવણાં કચેરીઓ દ્વારા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારના માંગણા હોય, ભરણાં હોય કે કરની આવકો હોય કે સરકારી હિસાબમાં સમયસર જમા થાય તે માટેની કામગીરી પણ આ વિભાગ કરે છે. સ્ટેમ્પ વેન્ડર અને સ્ટેમ્પ ખરીદવા માંગતી વ્યકિતઓને સરળતાથી સ્ટેમ્પ મળી રહે તે માટેની કાર્યવાહી તિજોરી કચેરી દ્વારા કરવામાં આવે છે. રાજય સરકારની મૂલ્યવાન વસ્તુઓ તથા દસ્તાવેજોની સુરક્ષિત રીતે જાળવણી થઇ શકે તે માટે જિલ્લા, તાલુકા કક્ષાએ સ્ટ્રોંગ રૂમની પણ વ્યવસ્થા આ સરકાર દ્વારા કરવામાં આવે છે. પર્સનલ ડિપોઝીટ તથા પી.એલ.એ.ના હિસાબી કામગીરી પણ આ તંત્ર દ્વારા જોવામાં આવે છે. વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન રાજય સરકાર તથા પંચાયત સેવા કર્મચારી/અધિકારીઓના પગાર બાંધણીના ૬૧,૬૭૬ કેસોની ચૂકવણીની કામગીરી કરવામાં આવેલ છે આ નોંધપાત્ર બાબત છે. નવરચિત સાત જિલ્લાઓની અંદર તા.૧/૮/૧૪થી જિલ્લા તિજોરી કચેરીઓ કાર્યરત કરવામાં આવેલ છે. જે તાલુકાઓમાં પેટા તિજોરી કચેરી કાર્યરત નથી તેવી ૭૯ તાલુકા સંબંધિત રાષ્ટ્રીયકૃત બેંકોને સરકારના ચૂકવણા અને ભરણા અધિકૃત કરવામાં આવ્યા છે. રાજ્યની તિજોરી કચેરીને વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ૬૦ લાખ ચલણો દ્વારા કુલ ૧ લાખ ૩૯ હજાર કરોડની આવક થયેલ છે. રાજ્યના પેન્શનરોને સમયસર તથા સુચારૂ રીતે ચૂકવણી થાય તે માટે જે જિલ્લામાં પેન્શનરોની સંખ્યા વધુ હોય તે જિલ્લાઓમાં અલગ પેન્શન ચૂકવણી કચેરી અમદાવાદ, વડોદરા, સૂરત, રાજકોટ તથા ગાંધીનગર ખાતે કાર્યરત થયેલ છે. તા. ૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ જિલ્લા તિજોરી કચેરી ખાતે પેન્શનરોની કુલ સંખ્યા ૪,૨૬,૪૧૮ હતી તેઓને નિયમિત રીતે દર માસે સમયસર પેન્શનની ચૂકવણી કરવામાં આવે છે. પેન્શનરોની હયાતીની વાર્ષિક ખરાઇ દર વર્ષે મે, જૂન, જુલાઇ સુધી ચૂકવણી કરી બેંક દ્વારા હાથ ધરવામાં આવે છે. વયોવૃદ્ધ શારીરિક, માનસિક અશકત પેન્શનરોને ઘરે બેઠા હયાતીની ખરાઇ કરાવવા ઇચ્છતા હોય તેમને અગાઉથી જાણ કરતાં પેન્શનરોના રહેઠાણ ઉપર રૂબરૂ હયાતીની ખરાઇ કરવાની સુવિધા જ્યારે રાજ્ય સરકાર પૂરી પાડે છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા દુઃખ થાય છે કે ૧૯૭૯માં મોરબી હોનારત આવી હતી એમાં કોંગ્રેસનો ૧૦૦ ટકા વાંક હતો. ડેમનું કામ નબળું હતું અને દરવાજા ઊંચા કરવાની ખામીના કારણે સૌરાષ્ટ્રમાં બધે વરસાદ હતો છતાં આખા સૌરાષ્ટ્રમાં એક પણ ડેમ ન તૂટ્યો અને મોરબીનો જ ડેમ તૂટ્યો. એના કારણે મારા વિસ્તારના ૪,૦૦૦ ભાઇ-બહેનો મૃત્યુ પામ્યા. એનું તપાસપંચ નીમી અને એને ન્યાય મળવો જોઇએ. બીજું કોંગ્રેસ સમિતિ

રફાળેશ્વર કેટલ કેમ્પ ચલાવતી હતી, અછત હતી અને ૧૯૮૫માં આ કેટલ કેમ્પમાં ૨૦૦ ઢોર મૃત્યુ પામ્યા હતા. એની પણ તપાસ થવી જોઇએ. સરકાર તપાસ કરે કે ન કરે ભગવાને તપાસ કરી દીધી છે. ૧૯૮૫ પછી એનો વારો જ નથી આવ્યો. હું ભગવાનને પ્રાર્થના કરું કે સરકાર સારી તપાસ કરે નહિ તો ભગવાન તપાસ કરે અને હજી ૨૦ વર્ષ સુધી એનો વારો ના આવે.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી આજે નાણા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપવા અને સમર્થનને લગતી હકીકતલક્ષી વાત કરવા ઉપસ્થિત થયો છું. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને ખૂબ ધન્યવાદ આપું કે, સમગ્ર દેશમાં પ્રથમ ગુજરાત રાજ્ય એવું છે કે જેણે સાતમા પગારપંચનો અમલ કરાવ્યો. જેની ભલામણ કરી અને જે રાજ્ય સરકારના કર્મચારી અને પંચાયતના કર્મચારીઓ છે તેમને સાતમા પગારપંચનો લાભ આપ્યો. રાજ્ય સરકાર ઉપર લગભગ ૫૫૦૦ કરોડ કરતાં પણ વધારે બોજો આવ્યો છે. ત્યારે હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આની સાથે એવું પણ છે કે જે ફીક્સ પગારદાર કર્મચારીઓ હતા તેમના પગારમાં પણ વધારો કર્યો અને એમાં પણ લગભગ ૧,૧૮,૦૦૦ કરતા વધારે કર્મચારીઓને એનો ફાયદો થવાનો છે. એનાથી આગળ વધીએ તો પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ, બઢતી અને નિવૃત્તિ સમયે નિવૃત્તિના મળવાપાત્ર લાભો અંગે પણ જે ફીક્સ પગારના સમયગાળાને ગણનાપાત્ર બનાવતા ૨,૧૨,૦૦૦ કર્મચારીઓને એનો ફાયદો થવાનો છે. આ પણ રાજય સરકારે સ્વીકાર્યું છે સાથે સાથે નાણા વિભાગની માગણીઓ લઇને માનનીય નાણા મંત્રીશ્રી આવ્યા છે ત્યારે આપણે જોઇએ છીએ કે, સમગ્ર રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી તમામ ક્ષેત્રમાં જયારે સમતુલિત વિકાસ થાય ત્યારે આ રાજયનો ખેડૂત, રાજયનો ગરીબ, રાજયના છેવાડાના માનવીને લક્ષમાં રાખીને, નાના ઉદ્યોગકારો, વેપારીઓ અને કર્મયોગીઓ બધાનું હિત આ સરકારે જોયું છે અને એ રીતે બજેટમાં ફાળવણી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ખેડૂત સુખી હોય, ગામડું સુખી હોય તો જ બધા પ્રજાજનો સુખી થાય. જયારે ખેડૂત અને ગામડું સુખી હોય તો ગામડામાં મંદિરનો પુજારી હોય, ખેતી વગરનો ખેતમજૂર હોય, ગ્રામ કારીગર હોય, તમામ પ્રજાજનો સુખી થાય અને એવી રીતે આ રાજય સરકારે આયોજન કર્યું છે અને સમગ્ર દેશનો જે રીતે વહીવટ ચાલે છે અને આ રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના વડાપ્રધાને જે ચીલો ચાતર્યો છે એ ચીલા ઉપર અત્યારે જયારે માનનીય વિજયભાઇ રૂપાણીની સરકાર અને અમારા માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ જે ઝડપથી આગળ વધી રહ્યા છે ત્યારે આ રાજયમાં વહીવટી તંત્ર જે કર્મયોગીઓના માધ્યમથી કર્મચારીઓ કામ કરી રહ્યા છે જે કર્મચારીઓને પેન્શન અને નિવૃત્તિના લાભો આપવા માટે અને એમની નિવૃત્તિ પછી પણ આ રાજય સરકાર એમની કાળજી રાખે છે અને આના માટે આ રાજય સરકારે પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી ગાંધીનગર મારફત આ બધું કરવામાં આવે છે. પેન્શન અને પ્રોવિડન્ટની કચેરી દ્વારા જે કંઇ કામગીરી કરવામાં આવે છે એમાં પેન્શન અને ગ્રેજ્યુઇટી જેવા નિવૃત્તિના લાભો અધિકૃત કરે છે. મકાન બાંધકામ પેશગી અને વાહન પેશગીના હિસાબો રાખે છે. જનરલ પ્રોવિડન્ટ ફંડના હિસાબો રાખે છે અને નવી વર્ધિત પેન્શન યોજનાના હિસાબો રાખે છે અને આ બધામાં જે કંઇ અધિકૃત કર્યું છે પેન્શન અને ગ્રેજ્યુઇટી એમાં અખિલ ભારતીય સેવાના અધિકારીઓ, નામદાર ગુજરાતની વડી અદાલતના ન્યાયમૂર્તિશ્રીઓ, ગુજરાત જાહેર સેવા આયોગના સભ્યશ્રીઓ, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળના સભ્યશ્રીઓ, રાજય સરકારના તમામ કર્મચારીઓ અને અધિકારીઓ, પંચાયત સેવાના કર્મચારીઓ, પંચાયત હસ્તકના પ્રાથમિક શિક્ષકો, સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ કે સ્કુલ, કોલેજ અને યુનિવર્સિટીના કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી માન્ય પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓ, આવા અનેક અને સાથે સાથે પેન્શન મેળવવામાં પહેલાં સાહેબ એટલી બધી મુશ્કેલી થતી કે કર્મચારી નિવૃત્ત થઇ જાય પણ લગભગ બાર મહિના સુધી એને પેન્શન મળે કે નહીં ત્યારે આ રાજયની સરકારે એમાં ખૂબ સરળ પ્રક્રિયા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારીની વય નિવૃત્તિના ૨૪ માસ પહેલાં સંબંધિત કચેરી દ્વારા પેન્શન કેસ તૈયાર કરવા માટેની સૂચના આપી છે. સાથે સાથે કર્મચારી પાસે પેન્શન અંગેની અરજી, કુટુંબ અંગેની માહિતી, ફોટા બધુ લઇને એની કાર્યવાહી ચાલુ કરવાની અને કર્મચારીના પેન્શન પેપર્સ સંપૂર્ણપણે ચકાસી પેન્શન ગણતરી ચકાસી તથા પેન્શન મંજૂર કરી, નિવૃત્તિના બાસ માસ પહેલા નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરીને આ કાગળો મોકલી આપવામાં આવે છે અને એના પછી આ કચેરીના મારફતે કંઇક અધુરાશ રહી ગઇ હોય તો પણ એને ચકાસીને છ માસ પહેલાં જે કોઇ સંબંધિત કચેરીમાં ડાયરેક્ટ ચૂકવણુ કરવા માટે આ કાગળો મોકલી આપવામાં આવે છે. આ બધામાં કોમ્પ્યુટરાઇઝ પધ્ધતિ કરેલ છે અને કોમ્પ્યુટરાઇઝ પદ્ધતિને લીધે કર્મચારી પેન્શન કેસની લગતી માહિતી ઓન લાઇન ઘેર બેઠાં મેળવી શકે છે. પેન્શન કેસ ઇન્વર્ડ કરવો, ચકાસણી કરવી, પેન્શન ગ્રેજ્યુઇટીના હુકમો તૈયાર કરવા તથા પેન્શન ઓર્ડર આઉટવર્ડ કરવાની કામગીરી કોમ્પ્યુટર મારફત કરવામાં આવે છે. પેન્શનરના ફોટા અને સહીના નમૂનાનું સ્કેનીંગ કરી પેન્શન પેમેન્ટ હુકમો કરવાના કરવામાં આવે છે અને સાથે સાથે મંજૂર થતા કેસ ઇલેક્ટોનીકલી ટ્રાન્સફરથી સંબંધિત તિજોરી કચેરીને મોકલવામાં આવે છે જેના કારણે નિવૃત્તિ લાભોનું પ્રથમ ચૂકવણુ ખૂખ ઝડપથી થાય છે.

આ સાથે સાથે જેમ જન સુવિધા કેન્દ્ર અંતર્ગત કિયોસ્કની કામગીરી કરવામાં આવે છે તેમ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી ખાતે કિયોસ્ક કાર્યરત કરવામાં આવેલ છે. જેના લીધે પેન્શનર કર્મચારીઓ પેન્શન કેસની સ્થિતિ કઇ કક્ષાએ છે એ જાણી શકે છે સાથે સાથે પેન્શન પ્રક્રિયાની સુધારણા કરી છે. પેન્શન મંજૂર કરવાની તથા ચૂકવણાની પ્રક્રિયાઓ સરળ થાય તે માટે રાજય સરકાર દ્વારા વિવિધ સુધારાત્મક પગલાંઓ લેવામાં આવેલ છે. જેમાં કર્મચારીઓએ ભરવાના પેન્શનનું જે

ફોર્મ હતું એમાં ખૂબ સરળીકરણ કરવામાં આવ્યું છે. આ સાતમા પગાર પંચની ભલામણોનો સ્વીકાર કર્યો તેથી તા. ૧-૧-૨૦૧૬ પહેલા નિવૃત્તિ -અવસાન પામેલા કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબ પેન્શનના લાભોનું રિવિઝન કરવામાં આવેલ છે. સાતમા પગારપંચની ભલામણો ૧-૧-૨૦૧૬ની સ્વીકારી એટલે મૃત્યુ સહાય નિવૃત્તિ ગ્રેજ્યુઇટીની મહત્તમ રકમની મર્યાદા રૂપિયા દસ લાખથી વધારીને રૂપિયા ૨૦ લાખ કરવામાં આવી છે. એ જ રીત સાતમા પગાર પંચ અન્વયે તા. ૧-૧-૨૦૧૬થી લઘુત્તમ પેન્શન રૂપિયા ૩૫૦૦ થી વધારીને રૂપિયા નવ હજાર કરવામાં આવેલ છે. તા.૧-૧-૨૦૧૬ પહેલાના અંદાજીત ચાર લાખ જેટલા પેન્શનરોના પેન્શનનું રીવીઝન કરવામાં આવેલ છે. વય નિવૃત્ત થયેલા પેન્શનરો હોય એમાં જો કોઇ વયોવૃદ્ધ, શારીરિક કે માનસિક અશકત પેન્શનર હોય તો ઘેર બેઠા હયાતીની ખરાઇ કરવામાં આવે છે. જે પહેલા તિજોરી કચેરીએ જઇને કરાવવી પડતી હતી. પેન્શનના લાભોની પતિ પત્નીના સંયુકત ખાતામાં ચુકવણી કરવામાં આવે છે. અગાઉ પેન્શનરને જિલ્લા તિજોરી કચેરી ખાતે પેન્શન લેવા રૂબરૂ હાજર રહેવુ પડતુ હતુ એના બદલે હવે પેન્શનરના બેંકના બચત ખાતામાં પેન્શનની રકમ જિલ્લા તિજોરી કચેરી દ્વારા દર માસે બારોબાર જમા કરવામાં આવે છે. ચાલુ નોકરીમાં અવસાન પામતા કર્મચારીઓના કુટુંબને દસ વર્ષ સુધી ઉંચા દરે એટલે કે ૫૦ ટકા પેન્શન કુટુંબ પેન્શન ચૂકવવામાં આવે છે. ૮૦ વર્ષથી ૮૫ વર્ષથી ઓછી ઉંમર સુધી મૂળ પેન્શન/ કુટુંબ પેન્શનના ૨૦ ટકા વધારાનું પેન્શન મળે છે. એ જ રીતે પડતર રહેલા પેન્શન કેસોના નિકાલ માટે પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં ઓન લાઇન માહિતી એકત્રિત કરવાની વ્યવસ્થા ઉભી કરાયેલ છે. પડતર કેસોના ઝડપી નિકાલ માટે જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીની સંકલન મિટિંગમાં રીવ્યુ કરવામાં આવે છે. એ જ રીતે રાજય કક્ષાએ સચિવશ્રીની બેઠકમાં પણ ત્રિમાસિક ધોરણે આ માટેની પ્રગતિની સમીક્ષા કરવામાં આવે છે. સન ૨૦૧૨-૧૩માં પેન્શનરોની સંખ્યા ૩૭૭૦૫૨ હતી એ સન ૨૦૧૬-૧૭માં વધીને ૪૨૧૩૭૦ થયેલ છે. જેમાં રાજય સરકારના પેન્શનરોની સંખ્યા ૨,૯૬,૭૪૬ છે જયારે પંચાયતના કર્મચારી તથા પ્રાથમિક શિક્ષક પેન્શનરોની સંખ્યા૧,૨૪,૬૨૪ છે. જેમને નિયમિત દર માસે તેમના બેંક એકાઉન્ટમાં પેન્શન સીધુ જ જમા કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૫-૧૬માં પેન્શન અંગેનો ખર્ચ ૯૬૪૪ કરોડ થયેલ હતો જયારે વર્ષ ૨૦૧૬-૧૭માં તે ખર્ચ વધીને ૧૧૫૯૭ કરોડ થવાનો અંદાજ છે. એ જ રીતે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં ૨૭,૬૪૪ પેન્શન કેસો અધિકૃત કરવામાં આવેલ છે. તેમજ ૪૮૦૪ પેન્શન કેસોનું રીવીઝન કરવામાં આવેલ છે. રાજય સરકારના કર્મચારીઓને મકાન બાંધવા તથા ખરીદવા માટે મળવાપાત્ર પેશગીની મહત્તમ રકમ ૭,૫૦,૦૦૦થી વધારીને ૧૫,૦૦,૦૦૦ કરેલ છે. એ જ રીતે રાજય સરકારના કર્મચારીઓને મોટરકાર ખરીદવા માટે મળવાપાત્ર પેશગીની મહત્તમ રકમ ૨,૫૦,૦૦૦ થી વધારીને ૫,૦૦,૦૦૦ કરવામાં આવેલ છે. રાજય સરકારના કર્મચારીઓને મોટર સાયકલ ખરીદવા માટે મળવાપાત્ર પેશગીની મહત્તમ રકમ ૩૦,૦૦૦ હતી એ વધારીને ૬૦,૦૦૦ કરવામાં આવેલ છે. આ પેશગીના હિસાબો અગાઉ એકાઉન્ટન્ટ જનરલ કચેરી દ્વારા નિભાવવામાં આવતો હતો પરંતુ તા. ૧-૪-૧૯૮૯થી આ કામગીરી રાજય સરકાર દ્વારા કરવામાં આવે છે. આ રીતે હાલમાં ૧૪૫૬૧ મકાન પેશગીના ખાતા અને ૧૫૧૮ વાહન પેશગીના ખાતાઓના હિસાબો નિભાવવામાં આવે છે. મકાન પેશગી મેળવનાર કર્મચારી ચાલુ નોકરી દરમિયાન અવસાન પામે તો અવસાનની તારીખે તેની મકાન પેશગીની મુદલ કે વ્યાજની જે કંઇ રકમ બાકી હોય તો તે માંડવાળ કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન રૂપિયા ૯૦.૫૭ લાખ માંડવાળ કરવામાં આવેલ છે. એ જ રીતે નાણાકીય વર્ષ પૂરું થતાં વાર્ષિક હિસાબી સ્લીપો ઓનલાઇન ઉપાડ અધિકારી કક્ષાએ ઇસ્યુ કરવામાં આવે છે. મકાન તથા વાહન પેશગી પૂર્ણ થતાં વ્યાજ સમર્થન તથા ના-લેણાં પ્રમાણપત્ર આપવા અંગેની કામગીરી કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં મકાન પેશગીના ૨૮૧૦ ના-લેણાં પ્રમાણપત્ર ઇસ્યુ કરવામાં આવેલ છે તેમજ વાહન પેશગીના ૭૭૮ ના-લેણાં પ્રમાણપત્ર ઇસ્યુ કરવામાં આવેલ છે. મકાન-વાહન પેશગીના હિસાબો નિભાવવા, વાર્ષિક સ્લીપો, ના-લેણાં પ્રમાણપત્ર વગેરે કામગીરીનું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે. લોન ધારક કર્મચારી કોમ્પ્યુટર મારફતે પોતાના ખાતાનું બેલેન્સ જાતે ચેક કરી શકે છે. તેમજ વ્યાજ સમર્થન અને ના-લેણાં પ્રમાણપત્ર અંગે મોકલેલ અરજીનું સ્ટેટસ ચેક કરી શકે છે. આ બધું ચાલુ નોકરી દરમિયાન તો આપીએ છીએ પરંતુ નોકરી પછી પણ રેગ્યુલર બારે મહિના નિયમિત પેન્શન મળે અને પેન્શનરને કોઇ તકલીફ ન પડે એટલા માટે મેડીકલ બિલોના નાણાં પણ સીધા ખાતામાં ચૂકવવામાં આવે છે.

સાથે સાથે માનનીય નાણામંત્રીશ્રીને ધન્યવાદ આપીશ કે ચાલુ વર્ષે બજેટ હેઠળ ૩.૫ ટકા ટ્રેકટર ઉપર ટેકસ લેવામાં આવતો હતો એમાં અડધા ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે એટલે કે એક ખેડૂત દીઠ ત્રણ હજાર રૂપિયા ઓછો કર્યો છે ત્યારે હું તમામ ખેડૂતભાઇઓ વતી માનનીય નાણામંત્રીશ્રીને ધન્યવાદ અને અભિનંદન પાઠવુ છું. આવું તો તમામ ક્ષેત્રે એક પણ પૈસાનો વેરો નાખ્યા વગર ટેક્સ નાખ્યા વગર તમામ સમાજ તમામ વર્ગ માટે કોઇ એમ ન કહે કે આમાં ચૂક રહી છે. એવું જયારે રાજયના વિકાસને લગતું બજેટ આવ્યું છે તેમાં ધન્યવાદ અને અભિનંદન આપું અને મંત્રીશ્રીને નમ્ર સૂચન કરું છું. સૂચન એવું છે, આમ તો આપણી રાજય સરકાર ફ્રી ગ્રાન્ટથી જમીન દવાખાના માટે અને પ્રાથમિક શાળાઓ માટે આપે છે. એમાં જિલ્લા પંચાયતની છે એવું ગણીને સ્ટેમ્પ ડયૂટી અને રૂપાંતર કર ભરવો પડે છે. મારો અંગત અભિપ્રાય છે. લગભગ બધાને, સમગ્ર રાજયમાં લાગુ પડે. રાજય સરકાર ફ્રી ગ્રાન્ટથી આ જમીન આપતી હોય આમાં પ્રાથમિક શાળા અને પ્રાયમરી હેલ્થ સેન્ટર માટે જે રૂપાંતર કર અને સ્ટેમ્પ ડ્યૂટી લેવાય છે તેનું કંઇક કરવામાં આવે આ જ અપેક્ષા સાથે નાણામંત્રીશ્રી નાણા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું. આભાર.

## ૨૪મી માર્ચ, ૨૦૧૭

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા (સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાયબ મુખ્ય મંત્રી અને નાણામંત્રી માનનીય શ્રી નીતિનભાઇ પટેલ નાણાં વિભાગની માગણી નં ૧૭. મુખ્ય સદર ૨૦૫૪, તિજોરી અને હિસાબ વહીવટ માટેની રૂ. ૧,૮૬,૪૮,૪૪,૦૦૦ની મહેસૂલી ખર્ચ માટેની માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

મારી આગળ બે વક્તા ઓલરેડી બોલી ચૂક્યા છે. ધ સ્કોપ ઇઝ વેરી લિમિટેડ અને ઓલમોસ્ટ દુષ્યંતભાઇ અને પરબતભાઇ સાહેબે આ બધી વાતો કરી છે. હું ઘણો નાનો છું અને બોલવાવાળા ઘણાં વધારે છે. હું સાહેબ કરું પણ શું?

અધ્યક્ષશ્રી : બે ભાષામાં બોલજો. બે ભાષા સુધી મર્યાદા રાખજો.

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા : હા, સાહેબ બે જ આવશે. ત્રીજી સુરતી નહીં બોલું. એ બોલવા માટે મને વધારે ટાઇમ આપવો પડે એટલે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે તેને અનુમોદન આપું છું. જે રીતે હું બોલતો આવ્યો છું એ પ્રમાણે ૨૦૧૭-૧૮ના બજેટ એસ્ટીમેટ અને ડિમાન્ડ સામે વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૧,૮૫૪.૫૦ લાખનો ખરેખર ખર્ચ અને ૨૦૧૬-૧૭ માટે રૂ. ૧૩,૮૧૧ લાખનો રીવાઇઝ એસ્ટીમેટ મૂકવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮ માટેની ડિમાન્ડ ૧૮,૬૪૮ લાખ છે જયારે વર્ષ ૨૦૧૬-૧૭ની રીવાઇઝ એસ્ટીમેટ કરતા ૪,૮૩૬. ૪૯ લાખનો વધારો એટલે કે ૨૫.૯૩ ટકાના વધારા સાથે આ ડિમાન્ડ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

સાહેબ, મેં કહ્યું તેમ વિષય બહુ લિમિટેડ છે. એટલે હું ફાયનાન્સમાં જે જગ્યા છે મેજરહેડ ૨૦૫૪, પાંચ જેટલા માઇનોર હેડ સાથે તેની વહેંચણી કરવામાં આવી છે. Total demand is divided into 5 minor heads, i.e. ડાયરેકટર ઓફ એકાઉન્ટ્સ એન્ડ ટ્રેઝરી માટે ૧૬૪૭.૬૨, પે એન્ડ એકાઉન્ટ ઓફિસ માટે ૮૩૪.૭૩ લાખ, Treasury establishment માટે ૧૦,૦૪૯.૫૫ લાખ, લોકલ ઓડિટ માટે ૪,૯૧૧.૭૮ અને other expenditure for Director of Pension and Provident Fund ૧૨૦૪.૭૬ લાખ રૂપિયાની માગણી લઇને આવ્યા છે. જે માગણી છે તે આવી રીતે છે. સરકારે કરવો પડતો ખર્ચ છે જેમાં ડિમાન્ડ-૧૭માં હિસાબ અને તિજોરી નિયામકશ્રીના કર્મચારી વર્ગ અંગેના ખર્ચા, પંચાયતના ઓડિટ માટે નિમાયેલા કર્મચારીઓના ખર્ચા, જિલ્લા તિજોરી અને પેટા તિજોરીઓ માટે નિમાયેલા કર્મચારી વર્ગના ખર્ચાનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પેન્શન અને ભવિષ્યનિધિ નિયામકની કચેરીના કર્મચારી વર્ગ અંગેના ખર્ચનો પણ આ જોગવાઇમાં સમાવેશ થયેલો છે. ડાયરેક્ટર ઓફ એકાઉન્ટ એન્ડ ટ્રેઝરીના નિયંત્રણ હેઠળની કચેરીઓની હું વાત કરું. ૩૩ જેટલી તિજોરી કચેરીઓ, ૧૩૭ પેટા તિજોરી, બે પગાર અને હિસાબની કચેરી, એક વિભાગીય તિજોરી કચેરી અને પાંચ પેન્શન મેટરની કચેરીઓ કાર્યરત છે. હિસાબ અને તિજોરી નિયામક કચેરી રાજયની આવક અને ખર્ચના પ્રાથમિક હિસાબો તૈયાર કરીને ઓડિટર જનરલની કચેરીમાં રજૂ કરવાનું કામ પણ આ વિભાગ માટે કરવામાં આવે છે.

વિરામ સવારના ૧૦-૩૦થી ૧૧-૦૦

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું કહેતો હતો કે વાણિજ્ય વેરા કમિશ્નરની વેટ, એમ.એસ.ટી. અને એન્ટ્રી ટેક્સ, શ્રમ અને રોજગારની આવકો, મનોરંજન કર કમિશ્નરની એન્ટરટેઇનમેન્ટ ટેક્સ, લકઝરી ટેક્સ અને એપ્લીકેશન ફી જેવી આવકો ઓન લાઇન મેળવવા માટે જાહેર અને ખાનગી ક્ષેત્રની ૨૧ જેટલી બેંકોને અલગ અલગ હેતુઓ માટે મંજૂરી આપવામાં આવી છે. આવી જુદા જુદા કરની આવકનું બાયફરગેશન કરીને એ પ્રમાણે જુદી જુદી બેંકોને આપી દેવામાં આવે છે એટલે કામમાં પણ અનુકૂળતા રહે, હિસાબમાં પણ અનુકૂળતા રહે અને સરકારના હિસાબમાં પણ અનુકૂળતા રહે એવી લાગણી સાથે આ કામ ચાલે છે. રાજ્યના ૭૯ તાલુકા ત્યાં પેટા તિજોરીની વ્યવસ્થા હજુ સુધી થઇ શકી નથી. તો આ તાલુકા માટે આ કામગીરી માટે સરકાર તરફથી સરકારી ભરણાની ચૂકવણીમાં સરળતા રહે તે માટે ત્રણ રાષ્ટ્રીયકૃત બેંકોને ઓથોરાઇઝ કરવામાં આવી છે. આપણા રાજ્યમાં ૪,૨૧,૩૭૦ જેટલા પેન્શનરો છે. એ લોકોને પેન્શન સમયસર મળી રહે તે માટે તિજોરી કચેરીઓ દ્વારા ઇ-પેમેન્ટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. એટલે એમનું પેમેન્ટ એમના એકાઉન્ટમાં જમા થઇ જાય એવી વ્યવસ્થા રાજ્ય સરકારે ગોઠવેલી છે. આ બધી વાતો થઇ ગઇ છે. શહેરોમાં સામાન્યતઃ પેન્શનરોની સંખ્યા વધારે હોય છે. જેમ કે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર અહીંયાં પેન્શનરોની સંખ્યા વધુ હોય છે. મારા પૂર્વ વક્તાઓ બોલી ગયા છે. મારા આગળના ભાષણ વખતે સુરતની વાતો કરતા કરતા અમુક વાતો કરવાની રહી ગયેલ અને તે વખતે મને વધારે સમય આપવામાં આવેલ ન હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આઇ એમ ફ્રોમ સુરત. હું કહેવા માગું છું કે સુરતનું જમણ અને કાશીનું મરણ કહેવાય છે. સુરત સોનાની મુરત કહેવાય છે. કાશી ગલા, બમ્બઇ ગલે કા હાર, સુરત કભી ન છોડીયે જબ તક મિલે ઉધાર. આવો, સુરતની અંદર આવો, આપણને જીંદગીભર ઉધાર મળશે. દેશ અને દુનિયામાંથી સુરતમાં આવીને વસે છે. જે વસે છે એ પાછા જતા નથી. કારણ કે જબ તક મિલે ઉધાર. ધન્યવાદ, આભાર.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી માગણી ક્રમાંક- ૧૫, ૧૭ અને ૧૮ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે અને મારા વિચાર રજૂ કરવા માટે ઉભો થયો છું. ગુજરાતની પ્રગતિનો મુખ્ય આધારસ્તંભ અને સમૃદ્ધિનું કારણ હોય તો એ નાણા વિભાગ છે. માનવ શરીરમાં હ્રદયનું જેમ મહત્વ છે, જો શરીર ચાલુ હોય અને હ્રદય કામ કરે નહીં તો આપ સૌ જાણીએ છીએ શું થાય? સરકારના દરેક વિભાગમાં નાણા મહત્વનો ભાગ ભજવે છે.

નાણા ના હોય તો કશું જ થાય નહીં. ગુજરાતમાં ભૂતકાળમાં નાણાકીય પરિસ્થિતિ શું હતી એ સૌ જાણે છે પણ આજે કંઈક અલગ જ પરિસ્થિતિ છે, આપણા ગુજરાતની નિશાની એ જ બતાવે છે. રાજયના કર્મચારીઓના પગાર કરવા માટે ભૂતકાળમાં અંબાજી જેવા ટ્રસ્ટો કે બીજા ટ્રસ્ટો પાસેથી પૈસા લેવા પડતા હતા, લોન લેવી પડતી હતી એવા દિવસો આ ગુજરાતે જોયા છે અને આજે આપણે ગર્વથી એવું કહી શકીએ, દુઃખ ભરે દીન બિતે રે ભૈયા, અબ સુખ આયો રે, નિવૃત્ત કર્મચારીને પગાર કે એના પેન્શનના નાણા લેવા માટે ગાંધીનગર સુધી આવવું પડતું હતું. મંત્રીશ્રીઓની ભલામણ કરાવવી પડતી હતી. પગાર કે પ્રોવિડન્ડ ફંડના પૈસા એને મળતા નહોતા એવી પરિસ્થિતિની અંદર આ ગુજરાત હતું. આજે આપણે નિવૃત્ત થતા કર્મચારીના ખાતામાં એને ગાંધીનગર ના આવવું પડે, નિવૃત્ત થયા પછી ટૂંકા સમયની અંદર માત્ર એના બેંકના ખાતામાં જમા થઇ જાય એવી વ્યવસ્થા આ ગુજરાતની સરકારે કરી છે. મારે કહેવું પડે આને જ કહેવાય સમૃદ્ધ ગુજરાત. દુઃખ વેઠીને પણ સુખ આપવાનું કામ આ સરકારે કર્યું છે ત્યારે પરિશ્રમ બાદ આજે ગૌરવવંતા પૂર્ણ કરી છે, અનેક વર્ષોથી ગુજરાતને ઓવરડ્રાફ્ટ લેવાની જરૂર પડી નથી એ આ ગુજરાતની સમૃદ્ધિ અને એના આધારસ્તંભનો પાયો છે. ગુજરાત સરકારના કર્મચારીને કેન્દ્રીય કર્મચારીની જેમ સાતમા પગાર પંચનો લાભ મળ્યો છે. સમગ્ર દેશમાં પહેલું રાજય એવું બન્યું છે કે ગુજરાતની અંદર એકે એક કર્મચારીને સાતમા પગાર પંચનો લાભ આપવાની શરૂઆત કરી છે. નાણાના અભાવે કોઇ યોજનાઓ પડતી મૂકવામાં આવતી નથી અને તે જ બતાવે છે સરકારનું સુચારું આયોજન. ભૂતકાળમાં અનેક યોજનાઓ નાણાના અભાવે અધૂરી મૂકાઇ તેના દાખલા આપણે જોયા છે. સરદાર સરોવર યોજના હોય કે અમદાવાદથી વડોદરા એકસપ્રેસ હાઇવે હોય, યોજના મૂકાઇ હોય, આટલા વર્ષો સુધી એ ના થયું હોય, ૧૯૮૪માં એકસપ્રેસ હાઇવેનું ભૂમિપૂજન થયું હોય અને એ રોડ પૂરું કરવાનું સૂચારું આયોજન જો કોઇ કરી શક્યું હોય તો આ નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકારે કર્યું છે. આવા અનેક દાખલાઓ જોયા છે. મારે આજે કહેવું પડે કે વાણિજય વિભાગ દ્વારા રાજયના વિકાસ માટે સૌથી અગત્યની આવક અંગેની કામગીરી કરવામાં આવી છે આમ આ વિભાગ દ્વારા અનેકવિધ કામગીરી કરવામાં આવે છે. આ કહેવાનું મન એટલા માટે થાય કે ગુડસ સેલ્સટેકસ પોર્ટલ ઉપર પ્રસિદ્ધ થયેલી માહિતી અનુસાર જી.એસ.ટી.ના માઇગ્રેશનની કામગીરી ૧૫-૩-૧૭ સુધીમાં ૭૦ ટકા જેટલી પૂર્ણ કરી, ગુજરાત રાજયે ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જી.એસ.ટી. માઇગ્રેશનની કામગીરીમાં પ્રથમ રહેવા બદલ એના સી.ઇ.ઓ. પ્રકાશ કુમારે રાજય સરકારને ઇ.મેલ.થી અભિનંદન પાઠવવા પડયા એ પણ એક ગૌરવવંતી બાબત છે. આવનારા દિવસની અંદર જી.એસ.ટી.ના અમલ તરફ જયારે આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે વાણિજયવેરા વિભાગે ૯૭ ટકા અધિકારી અને કર્મચારીઓને જી.એસ.ટી. આવે એ અનુસંધાને ટેકનોલોજીપૂર્વક તાલીમ આપવાની કામગીરી પૂર્ણ કરી છે. જી.એસ.ટી.ના નેટવર્ક માટે ૪ર અધિકારીઓને માસ્ટર ટ્રેનર તરીકે તાલીમ આપવાની કામગીરી કરેલ છે. હાર્ડવેર અને સોફ્ટવેર તથા કનેક્ટિવિટીની કામગીરી પણ પૂર્ણ કરેલ છે. જી.એસ.ટી.ના અમલ તરફ આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે ૧૧ માસ્ટર ટ્રેનર તથા ૭૦ ટ્રેનરને તાલીમ આપવાની કામગીરી મળીને કુલ ૧૫૧૭ અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે. જી.એસ.ટી.ના અમલ માટે જનજાગૃતિ લાવવા માટે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં પણ જી.એસ.ટી. કોન્ફરન્સ, જી.એસ.ટી. સેમિનાર અને બાર કાઉન્સિલ દ્વારા પણ આનું આયોજન કરેલ છે. મારે કહેવું પડે કે દેશમાં આગામી જુલાઇ ર૦૧૭થી ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સનું અમલીકરણ થનાર છે ત્યારે સેલ્સ ટેક્સના કાયદા હેઠળ જે માગણીઓ લઇને આવ્યા છે એ ખૂબ અગત્યની બાબતો છે એટલે માનનીય મંત્રીશ્રી નાણા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે નાણા વિભાગના અમારા અંદાજપત્રની ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ, માનનીય સભ્યશ્રી પરબતભાઇ પટેલ, માનનીય સભ્યશ્રી રણજીતભાઇ ગીલીટવાલા અને માનનીય સભ્યશ્રી ભૂષણભાઇ ભટ્ટ દ્વારા ખૂબ વિસ્તૃત રીતે ચર્ચા વિચારણા કરવામાં આવી છે અને ચારેય સભ્યશ્રીઓને અમારા નાણા વિભાગ અને સરકારની કામગીરીને બધા જ ધારાસભ્યો વતી બિરદાવી છે એ બદલ હું અમારા નાણા વિભાગની સમગ્ર ટીમને એની યશભાગી ગણું છું. મંત્રી તરીકે આપણે નિર્ણયો કરીએ પણ જે કામગીરી કરવાની હોય છે એ અધિકારીઓ અને કર્મચારીઓના તંત્ર દ્વારા કરવાની હોય છે. જેટલું તંત્ર સારું હોય એ પ્રમાણે રાજયને ફાયદો થતો હોય છે. ભુષણભાઇએ ખૂબ સારું કહ્યું કે કોઇપણ શરીર માટે હૃદય અગત્યનું છે એમ સરકાર માટે નાણા વિભાગ એ હૃદયરૂપ કામગીરી કરે છે. નાણા વિભાગ જેટલું નાણા રૂપે લોહી શરીરના વિવિધ ભાગો એટલે કે સરકારના જુદા જુદા વિભાગો તરફ મોકલે એટલું શરીરના જુદા જુદા અંગો સારી રીતે કામ કરી શકે છે. અમારા સાથી સિનિયર મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીએ આ કામગીરી બદલ મને નાણામંત્રી તરીકે અભિનંદન આપ્યા. પણ હું કહી શકું કે આ મારી એકલાની સફળતા નથી. આમાં હું એકલો જ કામગીરીમાં હિસ્સેદાર છું એમ નથી, મંત્રીમંડળની અમારી સમગ્ર ટીમ અને વિધાનસભાના ભારતીય જનતા પાર્ટીના સરકારના ધારાસભ્યો અમને આમાં હંમેશા ખૂબ ઉપયોગી અને મદદરૂપ થયા છે. આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં અમે આ વખતે જે બજેટ રજૂ કર્યું એ વિકાસ માટેનું એક સારામાં સારું કહી શકાય એવું બજેટ છે અને સમગ્ર ગુજરાતે એને આવકાર્યું છે. મિડિયા હોય, વિશ્લેષકો હોય, નાણા નિષ્ણાતો હોય કે આમ નાગરિક એવી જનતા હોય એ દરેક વર્ગમાં આ બજેટને આવકાર આપવામાં આવ્યો છે. મારે તો વિપક્ષના મિત્રો અહીંયા નથી પણ એમનો પણ આભાર માનવો છે કે એમણે પણ આ બજેટ સત્ર દરમિયાન જે સૂચનો કર્યા એમાં કોઇ જગ્યાએ સરકારની કોઇ ખોટી રીતની ટીકા મોટાભાગે કોઇ સભ્યશ્રીએ કરી નથી. સરકારની અમારી આ કામગીરી છે એમા એમણે પણ અમારા વિસ્તારમાં, આજે જ રસ્તાઓ અંગેની માર્ગ અને મકાન વિભાગની પ્રશ્નોત્તરી હતી તો વિપક્ષના ધારાસભ્યોએ અમારો રસ્તો વધુ પહોળો કરો, આપ અમને વધુ ગ્રામ્ય માર્ગો આપો, નદીઓ ઉપર

પુલો બનાવી આપો એવી માગણી કરી એ માગણીઓ કેમ આવે છે? જે કરતો હોય એની પાસે બધા અપેક્ષા રાખે. ભૂતકાળમાં કોંગ્રેસની સરકારે કશું કર્યું ન હતું એટલે લોકો માગણી કરતા ન હતા. કરે એની પાસે લોકો અપેક્ષા રાખે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મોદી સાહેબના નેતૃત્વથી માંડીને આજ સુધી અમે કામગીરી કરીએ છીએ. કોઇપણ વિભાગ હોય અમને નવી કોલેજો આપો, અમને નવી શાળાઓ આપો, અમને નવા રસ્તા આપો, અમને સિંચાઇની નવી વ્યવસ્થાઓ આપો, નર્મદાનું કામ આગળ વધારો, અમને આ લાભ આપો આ બધું કેમ થાય? સાહેબ, એ ત્યારે થાય કે રાજ્યની સરકારને નાણાકીય રીતે સદ્ધરતા પ્રાપ્ત થયેલી હોય. ઇચ્છા તો બધાની હોય પણ કમાવાની તાકાત જોઇએ. કમાવાની તાકાત ભૂતકાળની કોંગ્રેસની સરકારોની ન હતી અને થોડી ઘણી હતી સાહેબ, એ વખતે રાજ્યની તિજોરી ઉપર કોંગ્રેસનો પંજો પડતો હતો. એટલે તિજોરીમાંથી કોઇ આગળથી લઇ જાય અને કોઇ પાછળથી લઇ જાય તિજોરી સાફ કરી દેતા હતા. એટલે પ્રજા પાસે કશું બચતું ન હતું. પણ અમે ટેકનોલોજી ય લાવ્યા. હમણાં શામળાજીની ચેકપોસ્ટ ઉપર ઇલેક્ટ્રોનિક સિસ્ટમ મૂકી, સી.સી.ટી.વી. કેમેરા, ઓન લાઇન સિસ્ટમ અને જે આવક થતી હતી. એનો સીધે સીધો આપણને લાભ મળ્યો, આવક અનેક ગણી વધારે થઇ. સરકારના કામમાં આપણે ઓન લાઇન સિસ્ટમો ઉમેરી તો એનો પણ આપણે ટેકનોલોજી વાપરવાનો ફાયદો થયો. આ બધું જે કરીએ છીએ એ ગુજરાતની આપણી ૬ કરોડની જનતા માટે કરીએ છીએ. મને યાદ છે મોદી સાહેબ જ્યારે મુખ્યમંત્રી હતા અને ૨૦૧૨ની ચૂંટણી આવતી હતી ત્યારે બહારના પત્રકારોએ એમને પ્રશ્ન પૂછેલો કે, તમારા આરાધ્ય દેવ કોણ? તમારા કૂળદેવી કોણ? તમે કયા ભગવાન–માતાજીમાં માનો છો? એ પત્રકાર પરિષદમાં હું જોડે બેઠો હતો. મોદી સાહેબ, આખા દેશના પત્રકારો હતા અને એમણે જે કહેલું એ આપણે બધાએ સાહેબ હંમેશા સ્વીકારવા જેવું અને અપનાવવા જેવું છે. મોદી સાહેબ એ વખતે ગુજરાતના મુખ્યમંત્રી હતા. એમણે કહેલું કે, ગુજરાતની ૫ કરોડની જનતા એ વખતે ૫ કરોડની વસ્તી હતી એ મારા ભગવાન છે, એ મારી કૂળદેવી છે અને એની પૂજા કરવાનો હંમેશા મારો પ્રયત્ન હોય છે. એમ સાહેબ અમારી સરકાર પણ પ્રજાને નજરમાં રાખી દરેક વર્ગ, જ્ઞાતિ–જાતિ, સમાજ, બધા વિસ્તારો તાલુકો, જિલ્લો કોઇ ભેદભાવ રાખ્યા સિવાય સરકાર કામ કરે છે એનો લાભ અમે પ્રજાને આપીએ છીએ. અને આપવાની સદ્ધરતા ફરીથી કહું કે નાણા વિભાગ સક્ષમ હોય, રાજ્યની તિજોરી મજબૂત હોય તો બધું થઇ શકે. અને આ તિજોરી મજબૂત રાખવાનું કામ, સદ્ધર બનાવવાનું કામ સાહેબ, અમારી સરકાર અને અમારું નાણા વિભાગ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં ખૂબ ચર્ચાઓ દરેક વિભાગના બજેટ અંગે આ ગૃહના દરેક માનનીય સભ્યશ્રી અમારા પક્ષના હોય કે વિપક્ષના હોય પૂરેપૂરો સમય આપીને ચર્ચા–વિચારણા કરી છે અને દરેક વિભાગમાં જરૂરિયાત પ્રમાણેનું પૂરેપૂરું બજેટ અમે જ્યારે ફાળવ્યું છે ત્યારે બજેટનો લાભ પણ ગુજરાતની પ્રજાને હવે આજે આપણે ૩૧મી માર્ચે આખું બજેટ મંજૂર થઇ જશે. એટલે ૧લી એપ્રિલથી એની અમલવારી શરૂ થાય એટલે ગુજરાતની જનતા માટે ૧ લાખ ૭૨ હજાર કરોડનું જે બજેટ આ સન્માનનીય ગૃહે મંજૂર કર્યું છે એનો લાભ પ્રજાને મળવાની આપણે શરૂઆત કરી દેશું. સાહેબ, જુદા જુદા પ્રકારની તકલીફો તો કોઇ પણ રાજ્યમાં અને કોઇ પણ પક્ષની સરકારોમાં આવે પણ એનો સામનો કરી, પડકાર ઝીલીને રાજ્યની વીત વ્યવસ્થા અને નાણાકીય અર્થતંત્રને બજબૂત બનાવવાનું કામ કરવું એ જ અગત્યની આવડત, વહીવટ અને કુનેહ છે એવી કામગીરી અમારી સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નોટબંધી પછી કેટલાક લોકો ટીકા કરતા હતા કે, સરકારોની આવક ઘટી જશે, સરકારો આ રીતે થશે, તે રીતે થશે પણ આપણી આવકના જે અંદાજ મૂક્યા છે એ ૨૦૧૭–૧૮ માટે ૧,૭૨,૧૭૯ કરોડનું બજેટ છે. એમાં આપણે ૨૩૯ કરોડની પુરાંત અને ૬,૦૬૬ કરોડની મહેસૂલી પુરાંત છે. આવકના જે અંદાજ છે એમાં રાજ્યની પોતાની કરની આવક ૭૬,૫૫૩ કરોડનો આપણે અંદાજ કર્યો છે અને બિન કરવાળી જે આવક છે એ ૧૮,૪૦૦ કરોડ છે. આમ ૨૦૧૭–૧૮ની અંદર રાજ્યની પોતાની મહેસૂલી આવક ૯૪,૯૫૩ કરોડ આપણે અંદાજી છે. જે ગયા વર્ષે કરતા લગભગ ૨૦% વધારે છે. એટલે ગયા વર્ષે જે આપણે આવક ધારી હતી એ તો પૂરેપૂરી થઇ, વધારે થઇ અને આ વર્ષે પણ આપણે એનો વધારો અંદાજ્યો છે. એવી જ રીતે જે ખર્ચના અંદાજ છે, આવક પક્ષ પણ આપણો મજબૂત છે, આવક પણ જળવાઇ રહેવાની છે અને વધવાની છે, એની સામે જે ખર્ચ પ્રજાલક્ષી વિકાસનો આપણે કરીએ છીએ. ૨૦૧૭–૧૮માં વિકાસલક્ષી ખર્ચ ૧,૦૩,૪૯૮/– કરોડ રૂપીયા ગુજરાતની પ્રજા માટે અમારી ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા અમે વાપરવાના છીએ અને જે બિન–વિકાસલક્ષી ખર્ચ છે એ ૬૬,૯૬૯/– કરોડ છે. એટલે મને ખબર છે ચર્ચા દરમિયાન વિપક્ષના કોઇ ધારાસભ્યશ્રીએ એમ કહેલું કે, વિકાસ ખર્ચ ઓછો છે અને બિન–વિકાસ ખર્ચ વધારે છે પણ એમની વાત સાચી નથી. સાચી વાત એ છે કે, વિકાસ ખર્ચ અન્ય ખર્ચ કરતાં દોઢ ગણો વધારે છે અને એ પ્રજાલક્ષી કામ અમે ચાલુ રાખવાના છીએ.

(અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને)

સાહેબ, બીજી દરેક વિભાગની ચર્ચા તો આપણે કરી છે પણ સામાજિક સેવાઓને પણ આપણે મહત્વ આપ્યું છે. શિક્ષણ, આરોગ્ય, પ્રજાકીય કામો, ગરીબલક્ષી યોજનાઓ, આદિવાસી, દલિત, બક્ષીપંચ, ખેડૂત સમાજ, મધ્યમ વર્ગ એમને અનુલક્ષીને જે સેવાઓ આપણે આપીએ છીએ. હું ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ની થોડી સરખામણી એટલા માટે કરીશ કે, જેથી માનનીય સભ્યશ્રીઓને ખ્યાલ આવે કે, આપણી સરકારે કેટલો વધારો કર્યો છે ખર્ચમાં. ૨૦૧૬–૧૭માં કુલ અંદાજપત્રનું જે કદ હતું એ ૧,૪૮,૦૦૦/– કરોડ હતું એમાંથી સામાજિક સેવાઓ પાછળ ૫૩,૭૮૧/– કરોડ ગયા વર્ષે આપણે ફાળવણી કરેલી અને વિકાસ ખર્ચ પાછળ ૯૩,૪૧૧/–કરોડ, એટલે ૨૦૧૬–૧૭માં પણ ૯૩,૦૦૦/– કરોડ રૂપિયા ગુજરાત સરકારે પ્રજાના વિકાસ માટે વાપરેલા. હવે આ વર્ષનો જે અંદાજ છે, ફાળવણી જ છે હવે અંદાજ ના રહ્યો, હવે તો ફાળવણી થઇ ગઇ

છે, ૧,૪૮,૦૦૦/- કરોડ ગઇ સાલ હતો એની સામે આ વર્ષે ૧,૭૨,૧૭૯/- કરોડનું બજેટ છે અને એમાંથી સામાજિક સેવાઓ મેં કહ્યું એ પ્રમાણે શિક્ષણ, આરોગ્ય, ગરીબ કલ્યાણ, ગરીબ લક્ષી યોજનાઓ અને અમને આનંદ છે કે, અમે જે પક્ષના સભ્ય છીએ ભારતીય જનતા પાર્ટી અને મૂળ જનસંઘ એની સ્થાપના પંડિત દિનદયાળ ઊપાધ્યાયજીની આ વર્ષે સમગ્ર દેશ ૧૦૦મી જન્મતિથિ ઊજવણી કરી રહ્યો છે, શતાબ્દી વર્ષ ઊજવી રહ્યો છે, ત્યારે કેન્દ્રમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નક્કી કર્યું, અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહે પક્ષના સંમેલનમાં જાહેર કર્યું કે, આ વર્ષ ગુજરાતમાં અને ભારતમાં ભારતીય જનતા પક્ષની સરકારો દ્વારા ગરીબ કલ્યાણ વર્ષ તરીકે ઊજવણી કરવામાં આવશે અને આ વર્ષે પણ અમે ગુજરાતમાં પણ ગરીબ કલ્યાણ વર્ષ તરીકે અનેક ગરીબલક્ષી, ગરીબ કલ્યાણને લગતી, ગરીબ સદ્ધરતાને લગતી, ગરીબ ઉત્કર્ષને લગતી એવી યોજનાઓ બજેટમાં ફાળવી છે એનો લાભ પ્રજાને મળવાનો છે. એટલે આ વખતે જે રકમ ફાળવી છે ગઇ સાલ ૫૩,૦૦૦/- કરોડ હતા એની સામે આ સાલ ૫૯,૩૭૫/- કરોડ, એટલે દસ ટકા ગઇ સાલ કરતાં સામાજિક સેવામાં ખર્ચ વધવાનો છે અને વિકાસ ખર્ચ જે ગયા વર્ષે ૯૩,૪૧૧/-કરોડ હતો એની સામે ૧,૦૩,૪૯૮/- કરોડ ગુજરાતના વિકાસ માટે આપણે વાપરવાના છીએ.

સાહેબ, દેવાની વાત અનેક વખત હું કરી ચૂક્યો છું. ગુજરાત સરકાર, ભારત સરકારના રિઝર્વ બેન્કના અને નાણાં પંચના જે પણ નિયમો છે એ નિયમોમાં તો રાજ્ય આપણા જી.એસ.ટી.પી.ના આવકના ધોરણે ૨૭.૧૦ ટકાની મર્યાદામાં દરેક રાજ્યો લ્હેણું લઇ શકે છે, લોનો લઇ શકે છે પણ સાહેબ મને આનંદ છે કે, આપણી ભારતીય જનતા પક્ષની સરકારમાં ૨૦૧૫-૧૬માં એ જી.એસ.ટી.પી.ની સામે ૧૮.૧૮ હતો.

ગયા વર્ષે ૧૭.૪૮ કર્યો છે અને આ વર્ષે એમાં પણ ઘટાડો કરવાનો અમારો લક્ષ્યાંક છે એટલે રાજયનું દેવું ઓછું થાય અને રાજય છે એનાથી વધુ સદ્ધર થાય એ અમારા પ્રયત્ન છે. બીજી બધી વાત તો આપણે જાણીએ છીએ પણ હું ૨૦૦૪-૦૫ થી ખાલી ગયા વર્ષ સુધીની સરખામણી કરું તો ૨૦૦૪-૦૫માં જી.એસ.ડી.પી.ની આવકના પરિપ્રેક્ષ્યમાં જોઇએ તો ગુજરાતનું દેવું ૨૮.૪૮ ટકા હતું. અમારી સરકારે સતત નાણાકીય કરકસર, નાણાકીય આયોજન, રાજયની આવકમાં વધારો, લોનો ઓછી લેવી, દેવું ઓછું કરવું જે ૨૮ ટકા હતું એ ગયા વર્ષે અમે ઘટાડીને ૧૭.૪૮ તો કરી દીધું છે એટલે ૧૧ ટકા જેટલો દેવામાં અમારી ભારતીય જનતા પક્ષની સરકારો દરમિયાન અમે ઘટાડો કરી દીધો છે. હજુ પણ વધુ ઘટાડો થાય એ અમારું લક્ષ્યાંક છે. રાજયની વેટની જે વાણિજય વિભાગની અમારી આવક છે એ ૨૦૧૭ સુધીમાં ૪૧૭૩૨ કરોડ રૂપિયા થઇ છે. જે નોટબંધી અને બીજા બધા પરિણામો જોયા પછી પણ એમાં વધારો થયો છે અને ૫.૭૧ ટકાના દરે ગુજરાત સરકારની ખાલી વેટની આવકમાં વધારો થયો છે. જી.એસ.ટી.નો કાયદો આવે છે. જી.એસ.ટી કાઉન્સીલે તમામ કાયદા મંજૂર કરી દીધા, હમણા જ આપે પેપરોમાં જોયું હશે કે ભારતની કેન્દ્ર કેબિનેટે પણ એ કાયદાને મંજૂરી આપી. ટૂંક સમયમાં આપણે ગુજરાતમાં પણ આપણને લગતો જે કાયદો છે એ કાયદો વિધાનસભામાં લાવીને મંજૂર કરીશું. બીજી સરકારી કર્મચારીઓ માટે પેન્શન યોજના એ ખૂબ અગત્યની છે. અહીંયા આપણા સભ્યશ્રીએ કહ્યું કે સાતમું પગાર પંચ આખા ભારતમાં ગુજરાત જેવા પહેલા નંબરના રાજયે એ આપવાની શરૂઆત કરી દીધી અને એનો લાભ લાખો કર્મચારીઓને મળે છે પણ સાહેબ આપણા કર્મચારીઓ કામ કરે તો દેખાય છે પણ ભૂતકાળમાં જે કામ કરી અને નિવૃત્ત થયા, હું આપને લેટેસ્ટ આંકડો આપું તા. ૩૧-૧૨-૧૬ ની સ્થિતિએ રાજયની અંદર કુલ ૪,૨૧,૩૭૦ પેન્શનર કર્મચારી ભાઇબહેનો, સિનિયર સીટીઝન જે બની ચૂકયા છે એ ૪,૨૧,૩૭૦ કર્મચારીઓ છે. એમને આપણે જે પેન્શન ચૂકવીએ છીએ એની રકમ સાંભળીને તમને આનંદ થશે. ૧૧૫૯૭ કરોડ રૂપિયા તો નિવૃત્ત કર્મચારીઓને ગુજરાતની વિજયભાઇ રૂપાણીના નેતૃત્વવાળી ભારતીય જનતા પક્ષની સરકાર કર્મચારીના ઘેર બેઠા એના ખાતામાં જમા થઇ જાય એ પ્રમાણે ૪,૨૧,૩૭૦ કર્મચારીઓને ૧૧૫૯૭ કરોડ રૂપિયાની માતબર રકમનું પેન્શન આ સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે એટલે સરકાર પગારો કરવા સાતમા નાણાપંચ પ્રમાણે, આટલું મોટું પેન્શન ચૂકવવું, કર્મચારીઓને અનેક પ્રકારના લાભો આપવા, ફીકસ પગારના કર્મચારીઓને સાતમા પગારપંચ પ્રમાણે પગાર આપવાની શરૂઆત કરવી અને બીજી બધી ઘણી જાહેરાતો આ બજેટમાં થઇ, આપણે આંગણવાડી ભાઇ બહેનોના માનદ વેતનમાં વધારો કર્યો એવી જ રીતે એના પહેલા મધ્યાહ્ન ભોજનના કર્મચારીઓના માનદ વેતનમાં વધારો કર્યો. આ બધું જ કરીએ છીએ છતાં પણ ગુજરાતનો વિકાસ વધતો જ જાય છે, વધતો જ જાય છે, વધતો જ જાય છે. એક રૂપિયાનું કોઇ કોન્ટ્રાકટરનું, કોઇ સપ્લાયરનું ગુજરાત સરકારમાં બિલ બાકી નથી, એક રૂપિયાનો પગાર કોઇપણ કર્મચારીનો બાકી નથી. જે સંસ્થાઓ હાઇસ્કૂલો હોય, કોલેજો હોય, હોસ્પિટલો હોય, જે ગ્રાન્ટેબલ છે એને જે કરોડો, અબજો રૂપિયાની ગ્રાન્ટ સરકાર આપે છે એમાં પણ કોઇને સહેજ પણ મોડું અમે કરતા નથી. વેપારીઓનું જે રીફંડ છે એ પણ અમે સમયર ચૂકવી આપીએ છીએ. એ બધું જ આપણે કરીએ છીએ તે ગુજરાતનો સારા પ્રકારનો નાણાકીય વહીવટ, નાણાકીય શિસ્ત, અને ભૂતકાળમાં જે મેં કહ્યું તેમ એક પંજો પ્રજાની તીજોરી ઉપર પડતો હતો અને પ્રજાના પૈસા ચાંઉ કરી જતો હતો. તે પંજો ગયા પછી ગુજરાત સરકારની તીજોરી ઉપર કમળનું કુલ જે લક્ષ્મી માતાનું પ્રતીક કહેવાય એ કમળનું કુલ ખીલ્યું છે, ત્યારથી ગુજરાતે લક્ષ્મી માતાજીના આશીર્વાદથી સતત પ્રગતિ જ કરી છે. એટલે એ લાભ આપણને મળે. છેલ્લી વાત કરી દઉં. વિપક્ષના મિત્રો વારંવાર કહે છે કે કેન્દ્રમાં તમારી સરકાર આવી શું લાવ્યા, શું લાવ્યા? અમારે કહેવાનું છે કે શું લાવ્યા. ૧૦ દિવસની અંદર માનનીય નરેન્દ્રભાઇ મોદીએ અગાઉ કહ્યું છે કે ઓ.એન.જી.સી.ની રોયલ્ટી બાકી હતી. કોંગ્રેસના વખતમાં આપણને અન્યાય કરી અને ફોર્મ્યુલા બદલી હતી. ગુજરાતને ૧૦ હજાર કરોડ રૂપિયા ઓ.એન.જી.સી. પાસેથી તેલની રોયલ્ટી ઓછી થઇ ગયેલ, એ નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા પછી આપણી

સરકારમાંથી આપણે રજૂઆતો કરી. માનનીય અમીતભાઇ શાહ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ આપણા ગુજરાતના ધારાસભ્ય પણ છે એમણે પણ આપણને મદદ કરી. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનજીએ પણ મદદ કરી. નાણા મંત્રી અરૂણ જેટલીજીએ મદદ કરી. કાયદા મંત્રીએ પણ મદદ કરી. આપણા ૧૦,૦૦૦ કરોડનો ક્લેઇમ સુપ્રીમ કોર્ટમાં મંજૂર કર્યો. સુપ્રીમ કોર્ટમાં ઓ.એન.જી.સી. એ એફિડેવિટ કરી દીધી કે ગુજરાત સરકારને ૮૫૦૦ કરોડ રૂપિયા ફાળવી દઇશું. એ પૈકી સુપ્રીમમાં ઓ.એન.જી.સી. એ એફિડેવિટ જે આપી છે એ પ્રમાણે ગયા અઠવાડિયે લગભગ ૧૨૦૦ કરોડ કરતા વધુ રકમ ઓ.એન.જી.સી.એ ગુજરાત સરકારને ચુકવી દીધી અને ગુજરાત સરકારની તીજોરીમાં જમા થઇ ગઇ છે. બીજું ભારત સરકારની ટૅક્સની આવકમાં આપણને ભાગ મળવો જોઇએ. આ કોંગ્રેસવાળા કહેતા હતા કે તમે શું લાવ્યા? તો હમણા ગયા અઠવાડિયે ૧૨૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ભારત સરકારે આપણી તીજોરીમાં જમા કરી. ૧૦ દિવસની અંદર ૨૫૦૦ કરોડ રૂપિયા નરેન્દ્રભાઇ મોદીના સહયોગથી એમના આશીર્વાદથી ગુજરાતની વિજયભાઇ રૂપાણીની ભાજપની સરકાર અને ગુજરાતની પ્રજાના કલ્યાણ માટે ફાળવી આપ્યા છે. મારે કહેવાનું ઘણું છે. સમય મર્યાદા છે.

અધ્યક્ષશ્રી : બોલો, બોલો. તમે કોઇ સમય મર્યાદા નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આપ ઉતાવળ કરાવો છો તેવું મને લાગ્યું. એટલે ઘણું બધું કર્યુ છે. મારે થોડી બીજી જાહેરાતો કરવાની છે. આજે નહિ કરું. છેલ્લા દિવસે અમારું વિનિયોગ વિધેયક બાકી છે. એ દિવસે ગુજરાતની પ્રજાને વધુ આનંદ થાય, તેવી કેટલીક જાહેરાતો આપણી સરકાર તરફથી કરવાના છીએ તેવી ખાતરી સાથે આજની અમારી માગણીઓ કર્મચારીઓ માટે, નાગરિકો માટે અને રાજ્ય માટે છે એ સર્વાનુમતે મંજૂર થાય તેવી સભ્યશ્રીઓને વિનંતી છે.

માગણી નં. ૧૫,૧૭,૧૮ મત માટે મુકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

ગિલોટીન કરેલ માગણીઓ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬, ૧૦૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬, ૧૦૮ મત માટે મુકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.
રાજ્ય વિધાનમંડળને લગતી માગણી ક્રમાંક– ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલી સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કરું છું. સમિતિની બેઠક આજરોજ ૨૪મી માર્ચ ૨૦૧૭ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. જેમાં નીચે મુજબની ભલામણો છે.

(૧) તા.૩૧–૩–૨૦૧૭ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી.
(૨) તા.૩૦–૩–૨૦૧૭ના રોજ બીજી બેઠકમાં હાથ ધરવાના થતા બિન સરકારી સંકલ્પોને તા.૩૦–૩–૨૦૧૭ની પહેલી બેઠકમાં હાથ ધરવા. તા.૩૦–૩–૨૦૧૭ના રોજ પહેલી બેઠકમાં ગુજરાત વિનિયોગ વિધેયક તથા ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક વિચારણા માટે હાથ ધરવું અને તેની વિચારણા પૂરી કરવી.
(૩) તા.૩૦–૩–૨૦૧૭ના રોજ બીજી બેઠકમાં નીચે જણાવેલ ક્રમમાં વિધેયકો વિચારણા માટે હાથ ધરવા.
(૧) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ(દ્વિતીય સુધારા) વિધેયક.
(૨) ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયક
(૩) ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક
(૪) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક

ઉપર જણાવેલ વિધેયકો પૈકી કોઇ વિધેયકોની વિચારણા બાકી રહે તો તે વિધેયકો તા. ૩૧–૩–૧૭ના રોજ પ્રથમ બેઠકમાં વિચારણા માટે હાથ ધરવા.

## કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ

(૩) તા. ૩૧–૩–૧૭ના રોજ પ્રથમ બેઠકમાં પશુ સંરક્ષણ (સુધારા) વિધેયક વિચારણા માટે હાથ ધરવું અને તેની વિચારણા પૂરી થયા બાદ તા. ૩૧–૩–૧૭ના રોજ બીજી બેઠકમાં વિચારણા માટે બાકી રહેલા વિધેયકો હાથ ધરવા. ત્યારબાદ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક વિચારણા હાથ ધરવું.

(૪) તા. ૩૧–૩–૧૭ના રોજ બીજી બેઠકમાં પ્રથમ બેઠકમાં બાકી રહેલ વિધેયકોની વિચારણા હાથ ધરવી અને તેની વિચારણા પૂર્ણ કરવી. ત્યારબાદ નિયમોનુસાર છેલ્લા દિવસનો પ્રસ્તાવ વિચારણા માટે હાથ ધરવો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સભાગૃહનું કામકાજ બપોરના ૧૧.૩૮ વાગ્યે પુરું થતાં સભાગૃહ, માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૧૭ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલ જોષીયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ડામર વગરના નોન પ્લાન રસ્તાઓ | ૪૧ |
| | કે. જી. બેઝિનમાંથી ગેસનું વ્યવસાયીક ઉત્પાદન | ૬૭ |
| | રાજ્યનું કુલ જાહેર દેવું | ૫૮ |
| અમિત ચાવડા | આણંદ અને વડોદરા જિલ્લાના નગરપાલિકાદીઠ શૌચાલયો | ૧૬ |
| | આણંદ જિલ્લામાં હાનિકારક રસાયણોનું ઉત્પાદન | ૪૮ |
| અમિતભાઈ ચૌધરી | માણસા ગામનો રીંગરોડ બનાવવા બાબત | ૪૦ |
| અરવિંદકુમાર પટેલ | પંચમહાલ જિલ્લામાં સી.એન.જી સ્ટેશનો | ૧૩ |
| | પાટણ જિલ્લામાં નવા પેટા આરોગ્ય કેન્દ્રો | ૪૬ |
| અરવિંદભાઈ લાડાણી | કેશોદના સરોડ પાડોદર રોડને પહોળો કરવા બાબત | ૨૩ |
| | જુનાગઢથી ખડીયા માર્ગની ડામરની નવી સપાટી બનાવવા બાબત | ૫૦ |
| અરવિંદસિંહ રાઠોડ | ડાકોર સેવાલીયા રોડને ચાર માર્ગીય કરવા બાબત | ૩૫ |
| | માતર તાલુકાના રસ્તાના મંજૂર કામો | ૫૫ |
| અશોકકુમાર પટેલ | ગાંધીનગર જિલ્લામાં વેટ હેઠળ નોંધાયેલ વેપારીઓ | ૫૬ |
| | વડોદરા અને રાજકોટ જિલ્લામાં કાર્યરત પ્રયોગશાળાઓ | ૩૭ |
| ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરૂ | રાજકોટ મેડિકલ કોલેજમાં હોસ્ટેલનું નવું બિલ્ડીંગ | ૧ |
| ઈશ્વરભાઈ પટેલ | ધરમપુર તાલુકામાં કોર્ટ મકાનનું કામ | ૨૯ |
| | વલસાડ જિલ્લામાં આશાવર્કરોને વેતન | ૬૪ |
| | સ્વર્ગવાહીની નદીના કોઝવે ઉપર સ્લેબ બનાવવા બાબત | ૫૩ |
| ઈશ્વરભાઈ પરમાર | તુરી બારોટ જ્ઞાતિના કલાકારોની કલા જીવંત રાખવાની યોજના | ૫૮ |
| | ભરૂચ જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો | ૪૦ |
| ઋષિકેશ પટેલ | મહેસાણા – વિસનગર રોડ છ માર્ગીય કરવાનું આયોજન | ૩૯ |
| કેતનભાઈ ઈનામદાર | ખેડા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની ઉપલબ્ધ જગ્યાઓ | ૨૨ |
| કનુભાઈ દેસાઈ | કનસાડ શહેરની ભુગર્ભ ગટર યોજના માટે રકમ | ૨૦ |
| કરમશીભાઈ પટેલ | અમદાવાદ જિલ્લાના પલવાળા કોઠા તલાવડી ગામ ખાતે કાર્યરત પીવાના પાણીના બોર | ૯૦ |
| | બગોદરા–તારાપુર–વાસદ–વડોદરા રોડનું બંધ કામ | ૧૪ |
| | બાવળા તાલુકામાં મેટાલથી કેસરડી ગામનું નેળીયું બંધ કરવા બાબત | ૬૨ |
| | સાણંદ બાયપાસ રસ્તો | ૪૭ |
| કેસરીસિંહ સોલંકી | નડિયાદ શહેરની ભુગર્ગ ગટર યોજના માટે ફાળવેલ રકમ | ૪૬ |
| | માતર તાલુકાના રસ્તાના મંજૂર કામો | ૧૪ |
| કાંતિભાઇ ખરાડી | બનાસકાંઠા જિલ્લામાં વેટ અન્વયે એક લાખથી વધુ બાકી રકમ | ૫૫ |
| | ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં હિસાબી અધિકારી વર્ગ–૧ તરીકે ફરજ બજાવતા અધિકારીઓ સામે ગેરરીતિની ફરિયાદો | ૬૫ |
| | બનાસકાંઠા જિલ્લાના રસ્તાઓને ડામર સપાટીથી જોડવા બાબત | ૩૬ |
| કાંતિલાલ અમૃતિયા | પોરબંદર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યાઓ | ૩૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૩૩૯ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| કાંતીલાલભાઈ ગામીત | સોનગઢ–ઓટા રસ્તાને પહોળો કરવા બાબત | ૧૧ |
| કામિનીબા રાઠોડ | ગાંધીનગર જિલ્લામાં દિવેલવાળા મોચેલા ઘઉંથી લકવાની અસર | ૩૦ |
| કિરીટસિંહ રાણા | સુરેન્દ્રનગર જિલ્લામાં ભૂગર્ભ પાઈપ લાઈનથી સબમાઈનોરના કામો | ૫૮ |
| | સાયલા તાલુકામા સુખભાદર નદી પર નાળાનું બાંધકામ | ૪૦ |
| કિશોરસિંહ ચૌહાણ | સુરેન્દ્રનગર જિલ્લામાં ભૂર્ગભ પાઈપ લાઈનથી સબમાઈનોરના કામો | ૨૯ |
| ગેંદાલભાઈ ડામોર | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં સીકલસેલ એનીમીયાથી પીડાતા દર્દીઓ | ૨૬૪ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ શહેર અને જિલ્લામાં વેટ અન્વયે એક લાખથી વધુ બાકી રકમ | ૪૨ |
| | ઈ–ગ્રામ યોજના હેઠળ કનેકટીવીટી ખરીદીનો ચૂકવેલ ચાર્જ | ૨૮૦ |
| | કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ફાળવેલ અનાજનો જથ્થો | ૨૬૩ |
| | કલાઈમેટ ચેન્જ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓનુ મહેકમ | ૨૮૩ |
| | રાજ્યમાં આદર્શ નિવાસી શાળામાં શિક્ષકોની ખાલી જગ્યા | ૨૮૨ |
| | રાજયમાં આવેલા વૃદ્ધાશ્રમો | ૩૦૩ |
| | રાજયમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે કુમાર/કન્યા છાત્રાલયો | ૩૦૪ |
| | રાજીવગાંધી ખેલ અભિયાન હેઠળ રાજ્યને મળેલ રકમ | ૬૭ |
| | રાજ્ય સરકારે બજારમાંથી મેળવેલ લોન | ૫૯ |
| ગોવાભાઈ રબારી | બનાસકાંઠા જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત | ૮૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં રસ્તાઓ અને નાળાઓની મરામત | ૨૭ |
| ગોવિંદભાઈ પટેલ | ભાવનગર જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક | ૨૬ |
| ગોવિંદભાઈ પરમાર | જુનાગઢ તાલુકાના પત્રાપસર–વધાવી નોનપ્લાન રસ્તાનું બાંધકામ | ૨૭ |
| ગૌતમભાઈ ચૌહાણ | રાજ્યમાં વૈદ્યપંચકર્મ વર્ગ–૧ની મંજુર જગ્યાઓ | ૫૪ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં વેપારીઓને લાઈસન્સ | ૩૨ |
| જગદીશભાઈ પંચાલ | નર્મદા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારની લાંબી મુદતની સિંચાઈ ફંડ | ૧૯ |
| જગરૂપસિંહ રાજપૂત | હિંમતનગર–તલોદ–ઉજેડીયા રોડનું મંજૂર કામ | ૩૭ |
| જેઠાભાઈ ભરવાડ | પંચમહાલ જિલ્લામાં યુવાનોને પ્રોત્સાહિત કરવા રકમની ફાળવણી | ૬૨ |
| | ગોધરા અને શહેરા તાલુકાના રસ્તાઓને જોબ નંબરો | 47 |
| | પંચમહાલ જિલ્લામાં સરકારી સહાય મેળવતી ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલો | 14 |
| જવાહરભાઈ ચાવડા | ઘોડિયા ગામમાં રક્ષિત સાગની ગેરકાયદેસર કાપણી | ૧૦૩ |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લાની જેલોમાં સી.સી.ટી.વી કેમેરા મૂકવા બાબત | ૨૯૦ |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કેદીઓ ભાગી છૂટ્યા બાબત | ૨૨૪ |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગૌચર દબાણ સેલ | ૧૮૦ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસો | ૨૯૯ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં પાણીના તળ ઉંડા જવા બાબત | ૧૩૨ |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં બાળમજુરો | ૨૫૪ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોને રોમીંગ રેશનકાર્ડ | ૧૬૬ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં વિકલાંગ બેરોજગારોને રોજગારી | ૨૫૫ |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં શ્રમ કાયદાનો ભંગ | ૨૫૫ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં સરકારી જમીન પર દબાણ બાબત | ૨૦૬ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં હલકા પ્રકારની ગુણવત્તાવાળુ અનાજ | ૧૬૬ |
| | જૂનાગઢ જિલ્લામાં કાચા રસ્તાઓ | ૫૪ |
| | જુનાગઢઅને પોરબંદર જિલ્લામાં દલિતો માટે પીવાના પાણીના કૂવા | ૨૫૮ |
| | નર્મદા અને ભરુચ જિલ્લામાં પાણીના તળ ઉંડા જવા બાબત | ૧૩૩ |
| | મીતીયાળા અભ્યારણમાં ગેરકાયદે લાયન શો | ૧૦૪ |
| | રાજયમાં રીંછની વસ્તી | ૨૪૫ |
| | વડોદરા જિલ્લામાં મગર પાર્ક | ૨૪૬ |
| | ‘જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં મહિલા પોલીસ સ્ટેશનો’ | ૩૨૫ |
| | અમદાવાદ શહેરમાં વાહન ઉંચકવાનાં કરાર બાબત | ૩૧૯ |
| | અમદાવાદના રખિયાલમાંથી પકડાયેલ ગૌવર્ગના પ્રાણીનું કતલખાનું | ૧૯૬ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લાનાં પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ બાબત | ૩૨૩ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એકસ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા | ૨૪૮ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લાની “સ્વાગત ઓનલાઈન” હેઠળ ફરિયાદ | ૨૧૫ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લાની જનરલ હોસ્પીટલોમાં એમ.આર.આઈ.ની સુવિધા | ૨૧૯ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લાની જનરલ હોસ્પીટલોમાં બાયપાસ સર્જરીની સુવિધા | ૨૧૮ |
